શ્રીવલ્લભસ્ય હિતમ્ વચઃ

(શ્રીવલ્લભની હિતકારી વાણી)



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીદ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

શ્રીવલ્લભસ્ય હિતમ્ વચઃ

(શ્રીવલ્લભની હિતકારી વાણી)

* લેખક *

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

* પ્રકાશક *

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Śrī Vallabhasya Hitam Vachaḥ
by Prof. Rameshbhai V. Parikh

© કૉપીરાઈટ - શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  Email : shpct@hotmail.com
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : જૂન-૧૯૯૬
બીજી આવૃત્તિ : ફેબ્રુઆરી-૧૯૯૯
ત્રીજી આવૃત્તિ : સપ્ટેમ્બર-૨૦૦૪
ચોથી આવૃત્તિ : નવેમ્બર-૨૦૧૦
પાંચમી આવૃત્તિ : જુલાઈ-૨૦૧૩
છઠ્ઠી આવૃત્તિ : એપ્રિલ-૨૦૧૭

પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ૮૦/-

મુદ્રક : પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા

સસ્નેહ સમર્પણ

શ્રીગોવર્ધનધર શ્રીનાથ !

તમે બદરોલાની સામગ્રી સ્વીકારવા બરસાના સુધી તમારો શ્રીહસ્ત લંબાવ્યો. તમે માગીને રોજ નરોનું દૂધ આરોગ્યું.

તમે ગાંઠોલીની પાથો ગુજરને રસ્તે રોકી, તેનો દહીંભાત આરોગ્યા.

તમે રામાનંદ પંડિતે માનસીમાં ધરેલી જલેબી સાક્ષાત્ આરોગ્યા.

શ્રીમહાપ્રભુજીની કાનિ દઇ, જે પુષ્ટિજીવ તમને જે અંગીકાર કરાવે, તે તમે સસ્મિત વદને સ્વીકારો છો.

એ હકીકત જાણીને આપનાં ચરણકમળોમાં થોડાંક વાક્પુષ્પો ધરું છું. શ્રીમહાપ્રભુજીની કાનિથી એ અંગીકાર કરવા કૃપા કરજો, નાથ!

દાસાનુદાસ

રમેશનાં સદૈન્ય સાષ્ટાંગ

દંડવતપ્રણામ

અનુક્રમણિકા

પ્રકરણ ક્રમાંક	પ્રકરણનું શીર્ષક	પૃષ્ઠ ક્રમાંક
૧	જાતને જાણીએ	૧
૨	સરનામા વિના કેમ પહોંચાય?	૧૭
૩.	સુખનું સાચું સરનામું	૩૫
૪.	સુખની સફરનું પહેલું સ્ટેશન	૫૮
૫.	હજી યે ન જાગ્યો આતમરામ	૮૧
૬.	શ્રીઠાકોરજી સાથે લગ્ન કરીએ	૯૧
૭.	લગ્નમંગલનો રાજમાર્ગ	૧૦૨
૮.	નિશ્ચયનો મહેલ	૧૧૨
૯.	માર્ગમાં આવતી અડચણો દૂર કરીએ	૧૨૮
૧૦.	ભક્તિ કૃપાથી મળે અને ફળે	૧૪૨
૧૧.	આંબે આવ્યા મ્હોર	૧૬૯
૧૨.	પ્રસાદને અનુરૂપ પાત્ર જોઈએ	૧૮૨
૧૩.	સુખસાગરના મરજીવા	૧૮૯
૧૪.	વેશ ટેક છે આડી ગલી	૨૦૨
૧૫.	સુખનું એવરેસ્ટ	૨૧૩
૧૬.	સુખની સફરનું છેલ્લું સ્ટેશન	૨૩૯

***

પ્રસ્તાવના
વાત શ્રીવલ્લભની

પુરાણનો પ્રસંગ છે.

સીતાના પિતા રાજા જનક. એમના કુલગુરુ મહર્ષિ યાજ્ઞવલ્કય

રાજા જનક જીવનની ઉત્તર અવસ્થામાં રાજ્ય છોડી, વાનપ્રસ્થ સ્વીકારી, વનમાં જઇને રહ્યા. રાજર્ષિ બન્યા. એમને યજ્ઞ કરવાની ભાવના થઇ. મહર્ષિ યાજ્ઞવલ્કયનું માર્ગદર્શન માગ્યું.

"ગુરુદેવ! મારે યજ્ઞ કરવો છે."

"અવશ્ય કરો."

"યજ્ઞ માટે કઇ કઇ સામગ્રી જોઇએ?"

"સમિધ, યજ્ઞપાત્રો, ઘી, તલ, જવ, અક્ષત, કંકુ, ચંદન, પુષ્પો, દર્ભ, તુલસી."

"હું વનવાસી છું. ઘી કયાંથી લાવું?"

"એના વિના ચાલશે. બાકીનાં દ્રવ્યોની આહુતિ આપીશું."

"તલ, જવ, અક્ષત પણ ન મળે તો?"

"વાંધો નહીં. કંકુ, ચંદન પુષ્પોથી યજ્ઞ કરીશું."

"વનમાં એ પણ ન મળે તો?"

"ચિંતા ન કર મંત્રોથી આહુતિ આપીશું હું બોલાવું તેમ તું મંત્ર બોલજે."

"હું શુદ્ધ ઉચ્ચારથી એ મંત્રો ન બોલી શકું તો?

"હું બોલીશ. તું માત્ર સ્વાહા બોલજે."

"એ પણ મારાથી ન બોલાય તો?

"ફિકર ન કર બધું હું કરીશ. તું માત્ર હાથ જોડીને બેસજે."

ગુરુકૃપાથી રાજર્ષિ જનકનો યજ્ઞ સિદ્ધ થયો.

આપણી સ્થિતિ રાજર્ષિ જનકથી ખાસ જુદી નથી. રાજર્ષિ જનક વાનપ્રસ્થ - વનવાસી હતા, નિઃસાધન હતા. આપણે ગૃહસ્થ છીએ, અસાધન છીએ. શ્રીમહાપ્રભુજીને આપણે પૂછીએ છીએ કે - તમે અમને વૈષ્ણવ કર્યા છે, તો શ્રીઠાકોરજી સાક્ષાત મળે, તે માટે અમારે શું કરવાનું? શ્રીમહાપ્રભુજી જવાબ આપે છે. :

"તમારા ઘરમાં શ્રીઠાકોરજી પધરાવી, તેમની અષ્ટયામ સેવા કરો."

"અષ્ટયામ સેવા ન બને તો?

“માત્ર સવારે કરો. મંગળાથી શયન સુધીની સેવા સવારે જ પહોંચી લો,”

“સખડી ધરવાનું ન બને તો?”

“અનસખડી ધરો.”

“એ પણ ન બને તો?”

“દૂધઘર - નાગરી ધરો.”

“એ ય ન બને તો?”

“મિસરી ધરી મંગળાથી શયન સુધીની ભાવના કરો.”

“એ ન બને તો?”

“શ્રીઠાકોરજીની સામે બેસી શ્રીયમુનાષ્ટક, કૃષ્ણાશ્રયના પાઠ કરો.”

“એ પણ ન બને તો?”

“અષ્ટાક્ષરની એક માળા ફેરવો.”

“એ પણ ન બને તો?”

શ્રીમહાપ્રભુજી હવે મૌન છે.

ચાવવાની તૈયારી ન હોય તો, પીવાની તૈયારી રાખવી પડે. હોઠ ખોલવાની તૈયારી ન હોય તો નાકથી પાઇપ દ્વારા પ્રવાહી પેટમાં ઉતારવું પડે. એની પણ તૈયારી ન હોય તો મરવા તૈયાર રહેવું પડે !

શ્રીમહાપ્રભુજીએ આપણા જેવા દુષ્ટસાધન જીવો પર ઘણી કૃપા કરી છે. ષોડશગ્રંથોમાં અનેક સ્થળે ભગવદ્સેવાની ભારપૂર્વક વારંવાર આજ્ઞાઓ કરી ભગવદ્સેવાનો સરલતમ, સહજ, સુગમ પ્રકાર બતાવ્યો. શ્રીગોપીનાથજીએ આજ્ઞા કરી કે શ્યામ ઠાડા સ્વરૂપની સેવા કરવા સમય નથી, તો ગૌર બાલ સ્વરૂપની સેવા કરો. એ માટે સમય નથી, તો ચિત્રજીની સેવા કરો. એટલો સમય પણ નથી તો વસ્ત્રસેવા કરો.

જેમને આ પૈકી કોઇ પ્રકારે સેવાની અનુકૂળતા નથી, તેમને માટે શ્રીમહાપ્રભુજીએ કથાશ્રવણ અને કીર્તનનો માર્ગ બતાવ્યો. જેમનાથી તે બની શકે તેમ નથી, તેમના માટે અષ્ટાક્ષર મંત્રના રટણની રીત બતાવી.

શ્રીમહાપ્રભુજી બધાને એક લાકડીએ હાંકનારા નથી. દરેકની અનુકૂળતા - પ્રતિકૂળતા જાણી, એને સુગમ માર્ગ બતાવે છે. અનેક વિકલ્પો આપે છે. પરંતુ આપણે એક પણ વિકલ્પ સ્વીકારવા તૈયાર જ ન થઇએ તો?

આવું કેમ થાય છે? જે જે કરવાની આપણને રુચિ છે, તે બધું કરીએ

છીએ. તે માટે કષ્ટ વેઠીએ છીએ, સમય ફાળવીએ છીએ, ફરિયાદ નથી કરતા. બહાનાંબાજી સેવા-સ્મરણમાં જ કેમ? બે કારણો સંભવે છે. (૧) સેવા સ્મરણ શા માટે કરવાં? શ્રીમહાપ્રભુજીના હૃદયને આપણે સમજ્યા નથી. (૨) સેવા - સ્મરણની આવશ્યકતા આપણને મહેસુસ થઇ નથી.

આ બંને કારણોનો ઉપાય એક જ છે. - શ્રીમહાપ્રભુજીની વાત સર્વ પૂર્વગ્રહ છોડી સમજવી. વાત સમજવાના બે માર્ગ (૧) હૃદય દ્વારા વાતને મગજ સુધી પહોંચતી કરવી (૨) મગજ દ્વારા વાતને હૃદય સુધી લાવવી. બીજો રસ્તો સરળ નથી. આપણી જાતને આપણે ઘણા બુદ્ધિશાળી માની બેઠા છીએ. એટલે શ્રીમહાપ્રભુજીની વાત આપણું મગજ સ્વીકારતું નથી. તે હૃદય સુધી પહોંચે જ કેમ? અર્જુનને પણ આવું જ થયું હતું. શ્રીકૃષ્ણનો ઉપદેશ એના મગજને સ્વીકાર્ય બનતો જ ન હતો. આખરે શ્રીકૃષ્ણે બીજો રસ્તો અપનાવ્યો, પોતાનો અધિકાર વાપરી તેમણે અર્જુનને પ્રેમથી આજ્ઞા કરી - એના હૃદયને ઢંઢોળ્યું, જગાડ્યું. તેમ શ્રીમહાપ્રભુજી પણ આપણા હૃદયને પ્રેમથી 'ષોડશગ્રંથો દ્વારા ઢંઢોળી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી મારા છે. મારા હિતની વાત કરી રહ્યા છે. એમાં એમનો કોઇ સ્વાર્થ નથી. મારા ઉપર કૃપા કરવા આજ્ઞા કરે છે. આવું હૃદયથી વિચારીએ તો શ્રીમહાપ્રભુજીની વાત મગજ સ્વીકારશે.

''ષોડશગ્રંથો'' વિષે સરળ ગુજરાતી ભાષામાં ખાસ પુસ્તકો ન હતાં તેથી શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી ''ષોડશગ્રંથનું આચમન'ના ચાર ભાગ લખ્યા. કેટલાકે ફરિયાદ કરી - આટલાં બધાં પાન વાંચવા-પચાવવા સમય અને શક્તિ નથી. થોડાં પાનામાં ન સમજાવી દો? શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી આ પુસ્તક લખાવાની માંડ શરૂઆત થઇ હતી. શ્રીમહાપ્રભુજી અને શ્રીગોવર્ધનધરને તે વહેલું અંગીકાર કરવાનું મન થઇ ગયું હશે, એટલે એમણે એક લીલા કરી.

હ્યુસ્ટન (અમેરિકા)થી અમારાં સ્વજન શ્રીપ્રકાશભાઇ પરીખ અને અ.સૌ. ડૉ. કોકિલાબેન પરીખનો ફોન આવ્યો. અમ્માની અને અમ્મા સાથે રોજ કોન્ફરન્સ ફોન પર કલાક સત્સંગ કરનાર ડાહીબા અને પુષ્પાબેનની સ્મૃતિમાં ત્રણે પરિવારોનો સંયુક્ત મનોરથ ''ષોડશગ્રંથનું આચમન'' ભા. ૪ના મનોરથી બનવાનો છે. મેં કહ્યું: ''એ શક્ય નથી. એ પુસ્તકના મનોરથી તો વર્ષ પહેલાં નક્કી થઇ ગયા છે.'' બીજા દિવસે ત્યાંથી અ.સૌ. સરલાબેન પટેલનો ફોન આવ્યો -'' ષોડશગ્રંથ પૂરો સરળ ભાષામાં સમજાય એવા એક પુસ્તકના મનોરથી અમને ત્રણ પરિવારને બનાવો.'' મેં કહ્યું : ''એ શક્ય છે. હમણાં જ એવું પુસ્તક લખવાની શરૂઆત કરી છે.''

તેઓ બોલ્યાં : "અમારે જુલાઈમાં અહીં શ્રીગોવધનાથજીના છપ્પનભોગનો મહોત્સવ છે. તે પ્રસંગે તે પુસ્તક વૈષ્ણવોને વાંટવું છે. હું જૂનના ત્રીજા વીકમાં તમને મળવા આવું છું. ત્યારે પુસ્તક તૈયાર કરાવી આપો. હું સાથે લઈ જઈ શકું."

શ્રીમહાપ્રભુજીએ હા પડાવી દીધી પહેલી જ વાર એવું બન્યું કે પુસ્તક લખાવાનું પૂરું થાય, તે પહેલાં છપાવા ગયું કૃપાળુ શ્રીવલ્લભ લખાવતા રહ્યા સાથે સાથે છપાતું રહ્યું આજે તે શ્રીગોવર્ધનનાથજીના ચરણે ધરાય છે.

જેમનાં સ્મરણમાં આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે, તે ત્રણે વૈષ્ણવોનાં દર્શન મને થયાં છે. વિદેશની ધરતી પર એકબીજાથી માઈલો દૂર રહે. બુઝર્ગ - રોગગ્રસ્ત શરીર. સત્સંગ માટે મળવું અશક્ય પણ સત્સંગનો આગ્રહ એટલો ભારે કે રોજ બપોરે ત્રણના ટકોરે ત્રણે વૈષ્ણવોના કોન્ફરન્સ ફોન જોડાય ઘંટડી વાગે ક્રમ પ્રમાણે એક વૈષ્ણવ શિક્ષાપત્ર, વાર્તા વાંચે - બીજાં બે તેમના ફોન પર સાંભળે આ ક્રમ વર્ષો સુધી - તેઓ ભૂતળ પર રહ્યાં ત્યાં સુધી ચાલ્યો. આવાં સત્સંગાનુરાગી અને આગ્રહી ભગવદીયોની આડીથી આ પુસ્તક આપણને સત્સંગ માટે પ્રાપ્ત થયું છે. એ ત્રણે ભગવદીયોનાં પરિવારજનોની ભાવનાને બિરદાવું છું. એમનો મનોરથ શ્રીપ્રભુ અને શ્રીમહાપ્રભુએ અંગીકાર કર્યો છે, તેમ નિશ્ચિતરૂપે કહી શકું છું.

સમયસર પુસ્તક સુંદર રીતે છાપી આપવા માટે પપ્પુ પ્રિન્ટર્સવાળા વૈષ્ણવ શ્રી સનતભાઈ ગાંધીનો પણ ઘણો આભારી છું.

દાસાનુદાસ
રમેશના સદૈન્ય
ભગવદ્સ્મરણ

૧. જાતને જાણીએ..

('પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'ના આધારે)

જાતને શા માટે જાણવી ?

સંસ્કૃત સાહિત્યનો એક પ્રસંગ છે.

પ્રાચીન સમયમાં એક રાજા હતા. રાજા વિદ્વાન, સંસ્કારી, ધર્મમાં પ્રેમવાળા. એમને ચાર પુત્રો. ચારેને માટે ભણવાની રાજાએ વ્યવસ્થા કરી. પરંતુ એકે ભણે નહીં. ભણવામાં દિલ જ ન લાગે. રાજાએ પુત્રોને ભણાવવા ઘણા પ્રયત્નો કર્યા, પણ પરિણામ શૂન્ય. રાજા ભારે નિરાશ થઈ ગયા.

આખરે રાજાએ વિદ્વાનોની સભા ભરી. દૂરદૂરથી નામી વિદ્વાનોને બોલાવ્યા. રાજાએ સભામાં કહ્યું : ''શું આ જગતમાં એવો કોઈ વિદ્વાન નથી, જે મારા ચારે પુત્રોને ભણાવે?''

રાજાનો પડકાર ઉપાડવા કોઈ વિદ્વાન ઊભા ન થયા. રાજાના મોં પર નિરાશા છવાઈ ગઈ. ધીમેથી વિષ્ણુદેવ શર્મા નામના એક વિદ્વાન ઊભા થયા. તેમણે કહ્યું : ''રાજન્, તમે વિદ્વાન છો. તમારા પુત્રોમાં તમારું જ બીજ છે, તેથી મને શ્રદ્ધા છે કે હું તમારા પુત્રોને તમારા જેવા વિદ્વાન બનાવી શકીશ. તમારા પુત્રો છ માસ માટે મને સોંપો.''

રાજા રાજી થઈ ગયા. વિષ્ણુદેવ શર્માને પુત્રો સોંપ્યા.

પહેલા દિવસે ગુરુજીએ વિદ્યાર્થીઓને એક વાત કહી

એક જંગલમાં સિંહ-સિંહણનું જોડું રહે. એક દિવસ સિંહણે બે બચ્ચાંને જન્મ આપ્યો. તે એટલી અશક્ત બની ગઇ કે તેના માટે ખોરાક શોધવા જઇ શકી નહીં. સિંહ સિંહણ માટે ખોરાક શોધવા ગયો. સાંજ ઢળી, પણ ખોરાક ન મળ્યો. નિરાશ થઇ તે પાછો આવતો હતો, રસ્તામાં તાજું જન્મેલું શિયાળનું બચ્ચું જોયું. સવારે તેના ત્યાં જન્મેલાં બચ્ચાં યાદ આવ્યાં. દયા આવી. શિયાળના બચ્ચાને જીવતું સિંહણ પાસે લઇ આવ્યો. સિંહણે પણ તેને ન માર્યું, પોતાનું દૂધ પાઇ ઉછેર્યું.

ત્રણે બચ્ચાં સાથે મોટાં થયાં. શિયાળનું બચ્ચું પોતાને સિંહનું બચ્ચું માનવા લાગ્યું. એક દિવસ જંગલમાં એક હાથી સામે મળ્યો. સિંહ અને હાથીને બારમો ચંદ્ર. સિંહનાં બે બચ્ચાં હાથીની સામે થયાં. શિયાળનું બચ્ચું બોલ્યું - ભાગો હાથી મારી નાખશે.

ત્રણે ભાગ્યાં. ઘેર આવી સિંહનાં બચ્ચાંઓએ માતાને આ વાત કહી. ચતુર સિંહણે શિયાળના બચ્ચાને એકાંતમાં લઇ જઇને કહ્યું: ‘‘તું શિયાળનું બચ્ચું છે, એટલે તને હાથીની બીક લાગી. મારાં બચ્ચાં જાણશે કે તું શિયાળ છે, તો તને ખાઇ જશે, માટે તું જંગલમાં દૂર ભાગી જા. તું જે કુળમાં જન્મ્યું છે, તે કુળમાં હાથી મારી શકાતા નથી.’’

રાજપુત્રોએ ધ્યાનથી આ વાત સાંભળી.

બીજા દિવસે ગુરુજીએ રાજપુત્રોને એક બીજી વાત કહી:

જંગલનો રાજા સિંહ મરણ પામ્યો. નવો રાજા નક્કી કરવા પશુઓની સભા મળી. એક લુચ્ચા શિયાળને રાજા બનવાનું મન થયું, પણ બીકણ શિયાળને રાજા કોણ બનાવે?

શિયાળે યુક્તિ કરી. સ્વભાવે લુચ્ચું તો હતું જ. નદી કિનારે ધોબીઘાટ. કપડાંને ગળી કરવા એક કુંડી બનાવેલી, તેમાં ગળીનું પાણી ભરેલું. શિયાળ તેમાં પડ્યું. તેના શરીરનો રંગ બદલાઇ ગયો. તે નવી જાતના પશુના રૂપમાં સભામાં ગયો. બધાં પશુઓએ આ નવતર પશુનું સ્વાગત કર્યું. પણ જ્યારે બોલવા લાગ્યું, ત્યારે તેનું અસલી રૂપ ઓળખાઇ ગયું. બધાં પશુઓએ તેને ભગાડી મૂક્યું.

ગુરુજીએ રાજપુત્રોને પૂછ્યું : ‘‘ આ બે વાર્તા તમે સાંભળી. તેમાંથી તમે શું સમજ્યા?’’

એકે કહ્યું: ‘‘ગુરુજી, સિંહના બચ્ચામાં સિંહના ગુણ હોય. શિયાળના બચ્ચામાં શિયાળના.’’

બીજાએ કહ્યું: ‘‘રંગ બદલવાથી પશુના કે માણસના મૂળ ગુણ અને સ્વભાવ ન બદલાઇ જાય.’’

ત્રીજાએ કહ્યું: ‘‘જેમનામાં આપણા જેવા જ ગુણ હોય, એમની જ મિત્રતા કરવી.’’

ચોથાએ કહ્યું: "આપણી જાતને ઓળખીએ, તો આપણે શું બનવું છે અને તે માટે શું કરવું જોઇએ તે નક્કી કરી શકાય."

ગુરુજીએ કહ્યું: " શાબાશ! તમે રાજાના પુત્રો છો, રાજા બનવા જન્મ્યા છો. રાજા બનવાની તાલીમ લો."

વાર્તા વાંચવી ગમીને?

અબુધ રાજપુત્રોએ પણ વાર્તા સાંભળી, સાર તારવ્યો હતો. તો તમે તો વિચારશીલ છો. પૂછો તો ખરા કે આ વાર્તા અમને શા માટે કહી?

જવાબ છે : આપણે પણ એ રાજપુત્રો જેવા જ છીએ. શ્રીમહાપ્રભુજીના સેવક થયા છીએ. જગતના સર્વશ્રેષ્ઠ ગુરુ આપણને મળ્યા છે. જિંદગી સુધારવા એમના ઉપદેશના ગ્રંથો મળ્યા છે. પણ આપણને એ જ્ઞાનમાં રસ જ નથી પડ્યો, ખરુંને? આપણેય એ રાજપુત્રો જેવા જ અબુધ નથી? વિષ્ણુદેવ શર્માએ પહેલું કામ એ રાજપુત્રોને ઢંઢોળી, તેઓ કોણ છે એની યાદ અપાવવાનું કર્યું.

અગ્નિ તો લાકડામાં છૂપાયેલો હોય છે જ. જરૂર પડે છે એક તણખાની અને થોડા પવનની. લાકડાને તણખો લાગે અને પવન તણખાને તેજ કરે એટલે લાકડામાં રહેલો અગ્નિ ભભૂકે.

આપણે સૂકા લાકડા જેવા છીએ. શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ તણખો છે. ભગવદીયો કે પુસ્તકોનો સંગ પવન છે. ભગવદીયો અને પુસ્તકો આપણાં જડ મન-બુદ્ધિને તણખો લગાડે છે :

"ન ભૂલો તમે છો કૃપામાર્ગપંથી!
કૃપાપાત્ર થયા કરો પ્રેમભક્તિ."

શ્રી હરિરાયજીએ "**શિક્ષાપત્ર**"માં તેમના હૃદયનું દર્દ રજૂ કર્યું છે - આપણે શ્રીઠાકોરજીના શ્રીઅંગમાંથી પ્રકટ થયેલા, તેમના ખાસ અંગત કૃપાપાત્ર જીવ છીએ. શ્રીઠાકોરજી જ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે આપણો ઉદ્ધાર કરવા પૃથ્વી પર પધાર્યા છે. શ્રી મહાપ્રભુજીએ આપણને સેવક બનાવ્યા છે. આપણને શ્રીમહાપ્રભુજી સર્વોત્તમ ગુરુ સ્વરૂપે મળ્યા છે. એમણે શ્રીઠાકોરજીને આ જ શરીરથી, આ જ જન્મમાં સાક્ષાત મેળવી આપવા સેવાનો સાવ સરળ માર્ગ બતાવ્યો છે. સેવા માટે પોતાનું સર્વસ્વ એવા શ્રીઠાકોરજી આપણને પધરાવી આપ્યા છે. ઉત્તમ ગ્રંથો

આપ્યા છે. એ ગ્રંથો સમજવા ટીકાઓ લખાઈ છે. ભગવદીયોનો સત્સંગ સુલભ છે. ગ્રંથો ઘરમાં જ છે. આટલી અગવડો હોવા છતાં આપણને કંઈ જ કરવાનું મન જ થતું નથી, એ કેટલી આઘાત આપનારી વાત છે!

એક ગામમાં એક શેઠ રહે. શેઠ ભારે નસીબદાર. પતિવ્રતા, સ્નેહાળ પત્ની મળેલાં. શિયાળામાં શેઠ બપોરે પેઢી પરથી ઘેર જમવા આવે, ત્યારે બે બાજુ સગડી પેટાવી મૂકે. ગરમ રસોઈ, પાસે બેસાડી પ્રેમથી જમાડે. જમતાં જમતાં શેઠના શરીરે પરસેવો છૂટી જાય. શેઠાણી પ્રેમથી પૂછેઃ "આટલી ઠંડીમાં પરસેવો? તાવ તો નથી આવ્યો?" શેઠ બબડ્યાઃ "ચાવે છે કોણ, તારો બાપ?"

શેઠશ્રીને ચાવવામાં ય તકલીફ પડે. તેમ આપણને ય શ્રીમહાપ્રભુજીના માર્ગે ચાલતાં તકલીફ પડી જાય છે ને? એનું કારણ એ છે કે આપણે આપણી જાતને જાણી જ નથી.

શ્રીમહાપ્રભુજી પાસેથી સૌ પહેલાં આપણે આપણી જાતને જાણીએ.

હું કોણ ?

આપણે ખરેખર કોણ છીએ? આપણને જ એની સાચી ખબર છે ખરી? કોઈ પૂછે- "તમે કોણ?" તો આપણે વગર વિચારે બોલીએ છીએ - "હું ફલાણા ભાઈ કે ફલાણી બહેન." અથવા "હું વણિક." "હું પ્રોફેસર." આ ઓળખાણ સાચી છે?

શ્રીમહાપ્રભુજી કહે છે : ના, આ ઓળખાણ તો આપણા શરીરની છે. એ શરીરમાં જીવાત્મા રહેલો છે, શરીર તો એક દિવસ મરી જશે. અગ્નિમાં બળી જશે તે સાથે આપણી ઓળખાણ પણ નાશ પામશે. પરંતુ શરીરમાં રહેલો જીવાત્મા મરી જતો નથી, બળી જતો નથી. તે એક શરીર છોડી, બીજા શરીરને ધારણ કરે છે. આત્મા અમર છે. આત્માથી શરીર જીવે છે, કામ કરે છે.

આપણે પહેલી વાત યાદ રાખીએ કે હું એટલે શરીર નહીં. હું એટલે આત્મા.

બીજી વાત- શરીર એટલે આત્મા નહીં. શરીર અને આત્મા અલગ છે.

ત્રીજી વાત - આત્માનો ઉદ્ધાર થાય છે. શરીર તો નાશવંત છે, બળી જાય છે. શરીરનો ઉદ્ધાર આપણે નથી કરવાનો. આપણે આત્માનો ઉદ્ધાર કરવાનો છે.

શરીરને જોઇ શકાય છે, એટલે આપણે શરીરને તો ઓળખીએ છીએ. આત્માને જોઇ શકાતો નથી, એટલે આપણે આત્માને ઓળખતા નથી. આત્માને ઓળખ્યા વિના ફાંફાં મારીએ છીએ એટલે મહેનત નકામી જાય છે. શ્રીમહાપ્રભુજી **''પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ''** ગ્રંથમાં આત્માને ઓળખાવે છે, આપણી જાતને ઓળખાવે છે. બહુ રસપ્રદ વાત છે. સમજવા જેવી વાત છે.

જીવાત્માની ઉત્પત્તિ

આપણો પુત્ર આપણને પૂછે : ''પપ્પા, આ બંગલો તમે બનાવ્યો?''

''હા.''

''એ પહેલાં અહીં શું હતું?''

''ખેતર. ઉજ્જડ જમીન.''

એમ આપણને પ્રશ્ન થાયઃ ''આ પૃથ્વી પર આટલી મોટી દુનિયા વસી છે. પણ તે પહેલાં શું હશે?''

શાસ્ત્ર જવાબ આપે છેઃ ''પરમાત્મા - પરમેશ્વર.''

''એમણે આ પૃથ્વી બનાવી? એમણે દુનિયા બનાવી?''

''હા''

''આ બધી જીવસૃષ્ટિ એમણે બનાવી?''

''હા.''

''કેવી રીતે બનાવ્યું?''

''સગડી સળગાવીએ. એમાં તણખિયો કોલસો આવી જાય, તેમાંથી એક સાથે સેંકડો ચિનગારીઓ વછૂટે. એ તણખા કહેવાય. વછૂટે ત્યારે અગ્નિ ચમકે પણ એક જ સેકંડમાં અગ્નિ ઓલવાઇ જાય. કોલસાની બારીક કણી રહી જાય. પછી એ તણખો ન કહેવાય. કોલસાની બારીક કણી કહેવાય. પરમાત્મા આવા વિશાળ અગ્નિસ્વરૂપ સમજી લો. એમની ઇચ્છા થઇ. અસંખ્ય તણખા જેવા આત્માઓ પરમાત્મામાંથી છૂટા પડ્યા. પરમાત્મા એટલે સત્, ચિત્, આનંદ. સત્ એટલે અસ્તિત્ત્વ. ચિત્ એટલે ચેતન. આનંદ અગ્નિ જેવો. આત્મા છૂટો પડ્યો તે ક્ષણે તેનામાંથી આનંદ બૂઝાઇ ગયો. હવે તે પરમાત્મા ન રહ્યો. જીવાત્મા બની ગયો.''

"કોલસાની કણીને પાછી અગ્નિમાં નાખીએ, તો તે અગ્નિરૂપ બને ને?"

"હા, એવી જ રીતે આત્મા પરમાત્મા સાથે જ્યારે જોડાય ત્યારે તે પણ પરમાત્મા બને. એવું થાય ત્યારે આત્માનો ઉદ્ધાર થયો કહેવાય. આત્મા પરમાત્માને પામે એ માટે આત્માને શરીર મળ્યું છે. આપણું જીવન આત્માને પરમાત્મા બનાવવા માટે છે. એનો માર્ગ શ્રીમહાપ્રભુએ બતાવ્યો છે. સાવ સહેલો સટ છે."

આત્માનું સ્વરૂપ

શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે દરેક મનુષ્યમાં આત્મા છે. બધા જ આત્મા એક જ પરમાત્મામાંથી છૂટા પડેલા, એક જ પરમાત્માના અંશો છે. અગ્નિની બધી જ ચિનગારીઓ એક સમાન જ હોય, પણ પરમાત્માના બધા અંશરૂપ આત્માઓ એક સમાન નથી.

દુનિયામાં અબજો માણસો છે. છતાં No two persons are identical. બે વ્યક્તિઓ ય આકાર, રંગ, રૂપ, સ્વભાવ ને શક્તિમાં કાર્બન કોપી હોય એવી મળતી નથી. એનું કારણ શ્રીમહાપ્રભુજી બતાવે છે.

આત્માના ભેદ

જીવાત્માઓના ભેદનાં ત્રણ કારણો છે (૧) જન્મ (૨) દેહ (૩) કર્મ

(૧) જન્મ - પરમાત્મા એક - અનાદિ હતા. - પોતાના આનંદ માટે એમને સૃષ્ટિ રચવાની ઇચ્છા થઇ. આ તેમની મૂળ - પ્રથમ - ઇચ્છા. તેથી શ્રીપ્રભુજી તેને 'મૂલેચ્છા' કહે છે. ઇચ્છાની પૂર્તિ માટે પરમાત્માને શ્રમ કરવો પડતો નથી. ઇચ્છા થતાં જ સૃષ્ટિ પ્રકટ થઇ તે તેમની લીલા કહેવાય. સૃષ્ટિ પ્રકટ થતાં જ, તેમના મનમાંથી અગણિત જીવાત્માઓ પણ, સગડીના તણખાની જેમ, સૃષ્ટિમાં પ્રકટ થયા. આ જીવાત્માઓને ગીતાજી અને શ્રીમહાપ્રભુજી **'પ્રવાહી'** જીવો કહે છે.

પરમાત્માના નિઃશ્વાસમાંથી વાણીરૂપે વેદ પ્રકટ થયા. વેદમાં બતાવેલ ધર્મનું અનુસરણ કરનારા જીવાત્માઓને પરમાત્માએ પોતાની વાણીમાંથી પ્રકટ કર્યા. તેમને શ્રીમહાપ્રભુજી 'મર્યાદા' જીવો કહે છે.

સૃષ્ટિમાં વિવિધ નામરૂપોથી લીલા કરનાર પરમાત્માએ પોતાની સેવા

માટે પોતાના શ્રીઅંગમાંથી કેટલાક જીવાત્મા પ્રકટ કર્યા. શ્રીમહાપ્રભુજી તેમને **'પુષ્ટિ'** જીવો કહે છે.

આમ, પરમાત્માનાં ત્રણ અંગોમાંથી, ત્રણ પ્રકારના જીવાત્માઓની સૃષ્ટિ પ્રકટ થઇ.

દુનિયામાં દીકરા ત્રણ પ્રકારના (૧) કહેવાના (૨) દત્તક લીધેલા (૩) પોતાના લોહીના - સગા. પારકાના છોકરાને બેટા કહીએ, પણ એથી તે આપણા કોઇ કામનો નહીં. આપણાં ચોકલેટ બિસ્કિટ ખાઇ જાય. દત્તક દીકરો પણ પૈસાનો જ સગો. એને માબાપનું ઝાઝું દાઝે નહીં. સગો - પેટનો દીકરો માબાપની સેવા કરે.

શ્રીઠાકોરજીના આવા ત્રણ દીકરા જેવા જીવો પ્રવાહી જીવો. કહેવાના દીકરા, ચોકલેટ બિસ્કિટના સગા. મર્યાદા જીવો દત્તક દીકરા, સ્વાર્થના સગા. પુષ્ટિ જીવો પેટના દીકરા, શ્રીઠાકરોજીનું સુખ વિચારી, સેવા કરનારા.

(૨) દેહ - બધા મનુષ્યો એક સરખા દેખાય, પણ સૌની શક્તિ અને રુચિ અલગ. જેવી શક્તિ, તેવી રુચિ. જેમના હાથ પગમાં વધુ શક્તિ ભરી છે તેમને શારીરિક શ્રમમાં રુચિ રહે. જેમનું મગજ શક્તિશાળી છે, તે માનસિક શ્રમ કરે. જેમનું હૃદય વિકસિત છે, તે કલાક્ષેત્રે રુચિ ધરાવે. શરીરનાં અંગોમાં આવી વિવિધ શક્તિઓ રહેલી હોય છે, તેને લઇને મનુષ્યોમાં તફાવત જોવા મળે છે.

જીવાત્માઓનું પણ આવું જ છે. પ્રવાહી જીવોમાં કામ અને તેમાંથી જન્મતા ભોગ ભોગવવાની રુચિ વધારે હોય છે. સારું, ભાવતું ખાવું પીવું, વિહાર - ક્રીડાઓ કરવી, કામવાસના તૃપ્ત કરવી, વિવિધ શોખ પોષવામાં જ તેમનું મન અને દસે ઇન્દ્રિયો તત્પર હોય છે. એમના દેહનું આંતર - બાહ્ય બંધારણ જ પરમાત્માએ આ પ્રકારનું બનાવ્યું છે.

મર્યાદા જીવો શાસ્ત્રો સમજવામાં, જ્ઞાન અને કર્મમાં રુચિવાળા હોય છે. વેદધર્મને અનુસરવામાં તેમની રુચિ હોય છે. જ્ઞાનથી શરીરની નશ્વરતા જાણી, અહંતામમતામાંથી છૂટવા, તેઓ સાંખ્ય કે યોગનો માર્ગ પકડે છે. કર્મમાં રુચિવાળા પૂજા, ઉપાસના, યજ્ઞ, તપ, વ્રત, યાત્રા, જપ, દાન વગેરે કર્મો કરવાના આગ્રહી રહે છે. એમના દેહનું બંધારણ એ પ્રકારનું હોય છે.

પુષ્ટિ જીવોની રુચિ ભગવદ્સેવા - સ્મરણ - સત્સંગમાં હોય છે. શ્રીઠાકોરજીને કેવી રીતે સુખ થાય એના જ સતત વિચાર અને તે સિદ્ધ કરવાના પ્રયત્નોમાં તેઓ તત્પર રહે છે. એમના દેહનું બંધારણ એ પ્રકારનું હોય છે.

આમ, આ ત્રણ પ્રકારના જીવાત્માઓમાં દેહનાં બંધારણથી પણ ભેદ છે.

(૩) **કર્મ** - માણસમાં જેવી શક્તિ અને રુચિ હોય, તેવું કર્મ કરવાનું તે પસંદ કરે તે સિવાયનાં કર્મો કરવાની તેને ફરજ પાડવામાં આવે તો તે ન કરે. કરે તો તેમાં સરખાઇ ન આવે અને તેને આનંદ પણ ન આવે. તેની મહેનત વ્યર્થ જાય. ઉપરના ત્રણે જીવાત્માઓની રુચિ અલગ-અલગ હોવાથી તેમનાં કર્મ પણ અલગ છે.

પ્રવાહી જીવો ઇન્દ્રિયોનાં સ્થૂળ સુખો મળે એ માટે જ મથતા હોય છે. એમનું સૂત્ર હોય છે - ખાવ,પીઓ ને મજા કરો. તેઓ પેટ અને પ્રમોદ ખાતર મજૂરી કરે છે, રાતના ઉજાગરા કરે છે.

મર્યાદા જીવો બે પ્રકારના હોય છે (૧) સકામ (૨) નિષ્કામ. બંને પ્રકારના જીવો વેદભ્યાસ, શાસ્ત્ર સ્વાધ્યાય, યોગ, તપ, પૂજા ઉપાસના, યજ્ઞ, જપ, વ્રત, દાન વગેરે કર્મો કરે છે. સકામ જીવો આ કર્મોનાં પુણ્યોથી આ લોકમાં સુખ અને પરલોકમાં સ્વર્ગ મેળવવાની ઇચ્છાવાળા હોય છે. કર્મ કરવાનો તેમનો હેતુ સ્વાર્થી હોય છે. નિષ્કામ જીવો તો એ જ કરે છે, પરંતુ પરમાત્મા પ્રત્યે આદર રાખીને, પરમાત્મા પ્રીત્યર્થે કરે છે. તેમની ઇચ્છા માત્ર મોક્ષની જ હોય છે.

પુષ્ટિજીવો ભગવદ્સેવા - સ્મરણ અને સત્સંગ કરે છે. તેમનો હેતુ આ લોક કે પરલોકનું કોઇ સુખ કે મોક્ષ પણ મેળવવાનો હોતો નથી. કેવળ શ્રીઠાકોરજીના સુખ માટે જ તેઓ બધું કરે છે.

આમ કર્મથી પણ પ્રવાહી, મર્યાદા અને પુષ્ટિજીવો જુદા તરી આવે છે.

આત્મા પરિવર્તન પામે ?

આપણને પ્રશ્ન થાય : શું આ જીવો દરેક જન્મમાં એ જ રહે? બીજી કક્ષાના ન બની શકે?

શ્રીમહાપ્રભુજીનો જવાબ છે - ના. આપણા સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ લિંગશરીર છે. મૃત્યુ વખતે આત્મા સાથે આ લિંગ- શરીર પણ જાય છે. તેમાં

પાપ-પુણ્યો ભરેલાં હોય છે. એના આધારે બીજો જન્મ મળે છે. પ્રવાહી જીવોનાં આગલા જન્મનાં પાપ-પુણ્ય તેમને પ્રવાહી કક્ષામાં જ રાખે છે. તેવી રીતે મર્યાદા જીવો મર્યાદા કક્ષામાં અને પુષ્ટિજીવો પુષ્ટિ કક્ષામાં રહે છે. પ્રવાહી જીવ મર્યાદા કે પુષ્ટિ બની શકતો નથી, તેમ પુષ્ટિ જીવ મર્યાદા કે પ્રવાહી બની શકતો નથી, તેમ પુષ્ટિજીવ મર્યાદા કે પ્રવાહી બની શકતો નથી.

આત્માના અન્ય બે ભેદ

શ્રીમહાપ્રભુજી આ ત્રણ પ્રકારના જીવોના ભેદ બતાવી, એક **ચોથા પ્રકારના** જીવો તરફ આપણું ધ્યાન ખેંચે છે. તેમને તેઓ **'ચર્ષણી'** જીવ કહે છે. દુનિયાની ભાષામાં તેમને અડુકિયા-દડુકિયા અથવા પાટલીબદલુ કહેવાય.

આવા જીવોનો કોઈ એક નિશ્ચિત સ્વભાવ કે કર્મની રુચિ હોતી નથી. મૂળમાં પ્રવાહી હોય. મર્યાદા જીવનો સંગ થાય. એની વાતો સાંભળે. સ્વર્ગની લાલચ થાય. પૂજા શરૂ કરે, જાત્રાએ જાય, જપ કરે, યજ્ઞ કરાવે. પણ લાભ ન થાય. પૂજા શરૂ કરે, પણ સેવાનો સ્વભાવ અને રુચિ નહીં. માફક ન આવે. પરિણામે બીજે ભટકે. વાંદરાની જેમ એક ડાળથી બીજી ડાળે કૂદકા મારે. કોઈ ધર્મમાં, કર્મમાં સ્થિરતા, પાકી શ્રદ્ધા નહીં. 'ગંગા ગયે ગંગાદાસ, જમુના ગયે જમુનાદાસ.' કાચંડાની જેમ રંગ બદલતા રહે. "Rolling stones gather no moss" (રગડતા પથ્થરો પર ધૂળ ન બાઝે.) ચર્ષણી જીવો રગડતા પથ્થર જેવા.

શ્રીમહાપ્રભુજીએ જીવોનો એક **પાંચમો પ્રકાર** બતાવ્યો. **અજ્ઞ જીવો.** તેઓ મૂળમાં મર્યાદા કે પુષ્ટિજીવ હોય. પણ પ્રવાહી જીવોના ગાઢ દુ:સંગથી પ્રવાહી બની ગયા હોય. પ્રવાહીની જેમ રહેતા હોય, વિચારતા હોય, પોતાનાં મૂળ ધર્મકર્મ છોડી દીધાં હોય.

જેમ રત્ન પર કાદવ વળગે તો રત્ન કાદવવાળું બની જાય. તે ઓળખાય નહીં. પણ કાદવ સાફ કરતાં પૂર્વવત્ રત્ન બને. તેમ દુ:સંગથી પ્રવાહી કે મર્યાદા આચરણ કરનાર પુષ્ટિજીવને યોગ્ય સત્સંગ મળે તો તે ફરી પુષ્ટિજીવ બની શકે છે.

જીવાત્માઓના પાંચ પ્રકાર જોયા.

આપણો આત્મા કયા પ્રકારનો?

આપણને પ્રશ્ન થાય કે આમાંથી આપણે કયા પ્રકારના? રત્નની પરખ કરવા કેટલીક કસોટીઓ હોય છે. આપણા આત્માની પરખ કરવા પણ આવી કેટલીક કસોટીઓ છે. તેમની મદદથી આપણે જાતે જ આપણા આત્માને ઓળખી શકીએ.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવની કસોટી બતાવી. પુષ્ટિજીવો શ્રીઠાકોરજીની નિત્યલીલાના જીવો છે. ગોલોકના મૂળ વાસીઓ છે. ત્યાં શ્રીઠાકોરજીની સેવામાં પ્રમાદ કે મદવશ કોઈ અપરાધ થતાં, તેના દંડરૂપે તેમનો પૃથ્વી પર જન્મ થયો છે. એમના પુનઃ ઉદ્ધાર માટે શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને પૃથ્વી ઉપર મોકલ્યા હતા. શ્રીમહાપ્રભુજી એમના વંશજો દ્વારા જે જીવને અષ્ટાક્ષર મંત્ર કે બ્રહ્મસંબંધમંત્રની દીક્ષા આપે તે બધા પુષ્ટિજીવો સમજવા. જેમ ઝવેરી રત્નને ઓળખે, તેમ શ્રીમહાપ્રભુજી બધા જીવોમાંથી પુષ્ટિજીવોને ઓળખી લે છે.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવની કસોટી બતાવી. પુષ્ટિજીવો શ્રીઠાકોરજીની નિત્યલીલાના જીવો છે - ગોલોકના મૂળ વાસીઓ છે. ત્યાં શ્રીઠાકોરજીની સેવામાં પ્રમાદ કે મદવશ કોઈ અપરાધ થતાં, તેના દંડરૂપે તેમનો પૃથ્વી પર જન્મ થયો છે. એમના પુનઃ ઉદ્ધાર માટે શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને પૃથ્વી ઉપર મોકલ્યા હતા. શ્રીમહાપ્રભુજી એમના વંશજો દ્વારા જે જીવને અષ્ટાક્ષર મંત્ર કે બ્રહ્મસંબંધમંત્રની દીક્ષા આપે, તે બધા પુષ્ટિજીવો સમજવા. જેમ ઝવેરી રત્નને ઓળખે, તેમ શ્રીમહાપ્રભુજી બધા જીવોમાંથી પુષ્ટિજીવોને ઓળખી લે છે.

આ નિયમ પરથી નક્કી થાય કે જો આપણને શ્રીવલ્લભ વંશ દ્વારા તુલસીની કંઠી કે બ્રહ્મસંબંધ થયાં હોય, તો આપણે પુષ્ટિજીવ છીએ.

એક વાત ખાસ યાદ રાખવા જેવી છે. વૈષ્ણવ કુટુંબમાં પણ પ્રવાહી કે મર્યાદા જીવ જન્મી શકે છે. પંરતુ તેઓને આ દીક્ષા મળતી નથી. એવું થાય ત્યારે સમજવું કે તે પુષ્ટિજીવ નથી.

શ્રીમહાપ્રભુજીએ ચર્ષણી જીવની કસોટી બતાવી. પુષ્ટિદીક્ષા મળ્યા પછી પણ જો આપણી રુચિ સેવા-સ્મરણ સત્સંગમાં ન થતી હોય, પ્રવાહી જીવ જેવું જીવન ગમતું હોય કે કર્મકાંડમાં રસ પડતો હોય, તો સમજવું કે આપણે મૂળભૂત પુષ્ટિજીવ નથી, ચર્ષણી જીવ છીએ.

જુદા જુદા ધર્મોમાં અને કર્મોમાં કૂદકા મારતા રહેતા હોઈએ તો સમજી લેવું કે આપણે ચર્ષણી જીવ છીએ.

દુઃસંગ દોષથી સેવા - સ્મરણ - સત્સંગનો માર્ગ છોડી, પ્રવાહી કે મર્યાદા જીવોનાં કર્મ કરવા લાગીએ, તો આપણે અજ્ઞ જીવ છીએ એમ સમજવું.

કહેવત છે કે 'સવારનો ગયેલો, સાંજે ઘેર આવે. ''માર્ગ ભૂલેલો, ભોમિયો મળતાં સાચા માર્ગે આવે. અજ્ઞ બની અન્ય માર્ગે આપણે વળ્યા હોઈએ તો, શ્રીમહાપ્રભુજી જેવા ભોમિયાની મદદથી આપણે પાછા આપણા મૂળ માર્ગે જરૂર આવી શકીએ.

આ કસોટીની અજમાયશથી આપણને ખાત્રી થઈ કે મૂળમાં આપણે પુષ્ટિજીવ તો છીએ જ, કારણ બ્રહ્મસંબંધ થયું છે તો પ્રશ્ન થાય કે - બ્રહ્મસંબંધ પામેલા બધા વૈષ્ણવો કેમ શ્રીઠાકોરજીની સેવામાં રુચિવાળા નથી ? એનો જવાબ શ્રીમહાપ્રભુજી આપે છે.

પુષ્ટિજીવના પ્રભેદ

બધા પુષ્ટિજીવો એક સમાન નથી, પુષ્ટિજીવો મુખ્ય બે પ્રકારના છે. (૧) શુદ્ધ પુષ્ટિજીવો (૨) મિશ્ર પુષ્ટિજીવો. મિશ્ર પુષ્ટિજીવો ત્રણ પ્રકારના છે. મૂલમાં પુષ્ટિજીવ છે, પણ તેમનામાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહની અસર પણ છે. તેથી (૧) પુષ્ટિપુષ્ટિ (૨) પુષ્ટિમર્યાદા (૩) પુષ્ટિપ્રવાહી એમ ત્રણ પ્રકારના મિશ્ર પુષ્ટિજીવો તથા એક પ્રકારના શુદ્ધ પુષ્ટિજીવ મળી કુલ ચાર પ્રકારના પુષ્ટિજીવો છે. દરેકની રુચિ અને કૃતિ અલગ છે.

(૧) શુધ્ધ પુષ્ટિજીવ - તેમને શરણે આવતાં પહેલાં જ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભવંશમાં સાક્ષાત શ્રીઠાકોરજીનાં દર્શન થઈ ચૂક્યાં હોય છે, અથવા શ્રીઠાકોરજીએ તેમને શરણે લેતાં પહેલાં પોતાનાં સાક્ષાત દર્શન કરાવ્યાં હોય છે. તેથી તેઓ શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને સારી રીતે અનુભવીને શરણે આવ્યા હોય છે. શ્રીઠાકોરજીની લીલાઓનો તેમને સતત અનુભવ રહે છે. શ્રીઠાકોરજીની સર્વ લીલાઓને જાણનારા તેઓ 'સર્વજ્ઞ' હોય છે. શ્રીઠાકોરજીમાં શુદ્ધ અને પૂર્ણ પ્રેમવાળા હોય છે. તેમને માનસી સેવા સિધ્ધ હોય છે. શ્રીઠાકોરજીના ગુણો તેમનામાં પ્રકટ હોવાથી, તેઓ શ્રીઠાકોરજીના જેવા અલૌકિક સામર્થ્યવાળા હોય છે. આવા ભગવદીયોની સંખ્યા અતિ અલ્પ હોય છે.

(૨) **પુષ્ટિપુષ્ટિજીવ** - શરણે આવતાં પહેલાં આ જીવોને શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીના સામર્થ્યનું જ્ઞાન થયું હોય છે. તેઓ બ્રહ્મસંબંધના સિધ્ધાન્તને સમજી, પોતાના કર્તવ્યને સમજી, વૈષ્ણવ થાય છે. સેવા - સ્મરણ - સત્સંગના કર્તવ્યને શ્રધ્ધા અને ભાવથી આજીવન નિભાવે છે. શ્રીઠાકોરજીમાં તેમનો પ્રેમ ક્રમશઃ વધે છે. તેઓ પ્રેમ, આસક્તિ, વ્યસન અવસ્થા સુધી પહોંચી શકે છે. તેમની સવિશિષ રુચિ સેવામાં હોય છે. નિષ્કામ ભાવ જ હોય.

(૩) **પુષ્ટિમર્યાદાજીવ** - સમજણથી કે પરંપરાથી શરણે આવે છે. સેવાને બદલે કથા - કીર્તનમાં, મર્યાદા ભક્તિનાં વ્રત, જપ, યાત્રા જેવાં સાધનોમાં તેમને વિશેષ રુચિ હોય છે. સેવા ઓછી કરે. સ્તોત્રપાઠ જપ વધારે કરે, કથાશ્રવણ વધુ કરે. વારંવાર યાત્રા કરવા જાય. તેમનામાં સકામ અથવા નિષ્કામ ભાવ હોય. સેવા - સત્સંગ દુઃખ દૂર કરવા અને સુખ મેળવવાની કામનાથી કરનારા હોય.

(૪) **પુષ્ટિપ્રવાહી જીવ** - પ્રવાહિતા વધારે, પુષ્ટિધર્મ અલ્પ. સકામભાવ વાળા પોતાના સુખ માટે જ સેવા - સ્મરણ સત્સંગ કરે તેમાં પોતાનો લાભ શોધે. શ્રીઠાકોરજી માટે પ્રેમ ઓછો, પોતાની જાત માટે વધારે. પ્રેમ સેવા સમજીને નહીં, ભાવથી નહીં, દેખાદેખીથી કરે. સેવામાં પાખંડ, કપટ કરે. માત્ર મિસરી ભોગ ધરે અને બહુ મોટી સેવા કર્યાનું અભિમાન કરે.

પુષ્ટિજીવના ગુણભેદ

પુષ્ટિજીવો મનુષ્યદેહધારી હોવાથી તેમનામાં પ્રકૃતિના ત્રણ ગુણો - સત્ત્વ, રજ, તમ રહેલા હોય છે. આ ત્રણે ગુણોનું પણ આપસ આપસમાં મિશ્રણ થઇ નવ ગુણ બને છે. (૧) સાત્ત્વિક સાત્ત્વિક (૨) સાત્ત્વિક રાજસ (૩) સાત્ત્વિક તામસ (૪) રાજસ સાત્ત્વિક (૫) રાજસ રાજસ (૬) રાજસતામસ (૭) તામસ સાત્ત્વિક (૮) તામસરાજસ (૯) તામસતામસ આ નવ મિશ્ર ગુણો અને ત્રણ સાત્ત્વિક, રાજસ, તામસ શુધ્ધ ગુણો મળી કુલ બાર ગુણો થયા. આ બારે ગુણોથી જે પર હોય તે નિર્ગુણ કહેવાય.

પુષ્ટિજીવોમાં આ તેર પ્રકાર પણ જોવા મળે છે. પ્રકૃતિના ગુણો અને ભક્તિના અલૌકિક ગુણો વચ્ચે આસમાન - જમીનનું અંતર છે.

પ્રકૃતિના ગુણો	ભક્તિના ગુણો
(૧) લૌકિક છે, ત્યાજય છે.	(૧) અલૌકિક છે, સ્વીકાર્ય છે.
(૨) જે સ્વભાવે શાંત, સંતોષી, સંયમી, દયાળુ, પવિત્ર ધર્મિષ્ઠ હોય તે સાત્ત્વિક. સાત્ત્વિક ઉત્તમ ગુણ છે.	(૨) જે શ્રીઠાકોરજીનાં કથા કીર્તન, જપપાઠમાં વધારે રુચિવાળા હોય તે સાત્ત્વિક. સાત્ત્વિક કનિષ્ઠ ગુણછે.
(૩) જે ધનસંપત્તિ, ભોગવિલાસમાં રુચિવાળા હોય તે રાજસ. કામ, ક્રોધ, લોભ મદ વધુ હોય. તે મધ્યમ ગુણ છે.	(૩) જે શ્રીઠાકોરજીની સેવામાં વિવિધ રાગ - ભોગ - શૃંગારના મનોરથો કરવામાં તત્પર હોય તે રાજસ્ મધ્યમ ગુણ છે.
(૪) જે ગુસ્સાખોર, હિંસક, ઝઘડાખોર હોય તે તામસ. તે કનિષ્ઠ ગુણ છે.	(૪) જે શ્રીઠાકોરજીના સુખ માટે દઢ આગ્રહી હોય, તે કરીને જ રહે તે તામસ. તામસ ઉત્તમ ગુણ છે.
(૫) જેનામાં ઉપરનો એક પણ ગુણ ન હોય તે નિર્ગુણ.	(૫) જે સાધનોની અપેક્ષાએ ભાવપ્રધાન વધુ હોય, તે નિર્ગુણ. નિર્ગુણ ઉત્તમોત્તમ ગુણ છે.

ઉપર જોયેલા ચાર પ્રકારના પુષ્ટિજીવોમાં આ ચાર પ્રકારના ભાવભેદના ગુણો પણ હોય છે.

(૧) શુદ્ધ પુષ્ટિજીવ - નિર્ગુણ ભક્ત - ૮૪ વૈષ્ણવો

(૨) પુષ્ટિ પુષ્ટિજીવ - સાત્ત્વિક, રાજસ, તામસ ભાવપ્રધાન ભક્ત - ૨૫૨ વૈષ્ણવો.

(૩) પુષ્ટિ મર્યાદા જીવ - સાત્ત્વિક, રાજસ ભાવપ્રધાન ભક્તો. આધુનિક વૈષ્ણવો.

(૪) પુષ્ટિપ્રવાહી જીવ - રાજસભાવ પ્રધાન ભક્ત. આધુનિક જીવ.

આ સમગ્ર વર્ગીકરણને એક નજરમાં સમજીને યાદ રાખવા માટે આપણે નીચે પ્રમાણેના વર્ગીકરણ વૃક્ષનો અભ્યાસ કરીએ.


જીવાત્મા
પુષ્ટિ
મર્યાદા
પ્રવાહી
ચર્ષણી
શુદ્ધ
મિશ્ર
નિર્ગુણ
પુષ્ટિપુષ્ટિ
પુષ્ટિમર્યાદા
પુષ્ટિપ્રવાહી
સાત્ત્વિક
રાજસ
તામસ
સાત્ત્વિક
રાજસ
રાજસ
સાત્ત્વિકસાત્ત્વિક
સાત્ત્વિકરાજસ
સાત્ત્વિકતામસ
રાજસ સાત્ત્વિક
રાજસરાજસ
રાજસતામસ
તામસ સાત્ત્વિક
તામસરાજસ
તામસતામસ
સાત્ત્વિક સાત્ત્વિક
સાત્ત્વિક રાજસ
સાત્ત્વિક તામસ
રાજસ સાત્ત્વિક
રાજસ રાજસ
રાજસ તામસ
રાજસ સાત્ત્વિક
રાજસ રાજસ
રાજસ તામસ

પુષ્ટિમર્યાદા જીવોમાં તામસ પ્રધાન જીવો હોતા નથી, કારણ શ્રીઠાકોરજીના જ સુખનો તેમનામાં દૃઢ આગ્રહ હોતો નથી.

પુષ્ટિપ્રવાહજીવોમાં સાત્ત્વિક અને તામસપ્રધાન ગુણો હોતા નથી.

ઉપર પ્રમાણે પુષ્ટિજીવોના પ્રભેદો અને લક્ષણો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યા. તેમાંથી આપણે કઇ કક્ષા (કેટેગરી)માં આવીએ તે આપણે નક્કી કરવાનું છે.

એવો વિચાર પણ આપણને જાગે કે આપણે પુષ્ટિપ્રવાહી જીવ છીએ, એટલે સાવ હલકા છીએ. આવી લઘુતા ગ્રંથિ (Inferiorily complex) રાખવાનો નથી. શ્રીઠાકોરજીના શ્રીઅંગમાંથી પ્રકટ થયેલા બધા જ પુષ્ટિજીવો સરખા જ પરંતુ નાટકનો ડાયરેક્ટર નાટકને આનંદપ્રદ બનાવવા સરખી શક્તિઓ ધરાવતા અભિનેતાઓ પૈકી એકને રામ બનાવે, તો બીજાને રાવણ બનાવે. રામ બનનાર શ્રેષ્ઠ બની જતો નથી, રાવણ બનનાર હલકો ગણાતો નથી. સૌ પોતાનું પાત્ર ભજવે છે. તેમ શ્રીઠાકોરજીએ તેમના આનંદ માટે આપણને જુદાં જુદાં પાત્રો વહેંચી આપ્યાં છે. એ પાત્રને અનુરૂપ ગુણ આપ્યા છે. આપણે આપણું પાત્ર સારામાં સારી રીતે ભજવી શ્રીઠાકોરજીને પ્રસન્ન કરવાના છે.

જે આમ કરે, તે શ્રીઠાકોરજીને પ્રિય બને. તે શ્રીઠાકોરજીની કૃપા પામે.

ફરીથી યાદ કરી લઈએ

(૧) શ્રીઠાકોરજીએ પોતાના આનંદ માટે જીવાત્મા પ્રકટ કર્યા.

(૨) જીવાત્મા અગ્નિના ઓલવાયેલા તણખા જેવા છે.

(૩) કોલસાની કણી ફરી અગ્નિમાં પડતાં તણખો થાય, તેમ આત્મા પરમાત્માને પામતાં પરમાત્મા સ્વરૂપ બને.

(૪) આત્માના ત્રણ પ્રકાર - પ્રવાહી, મર્યાદા, પુષ્ટિ

(૫)

આત્મા	**જન્મ**	**દેહ**	**કર્મ**	**ગતિ**
પ્રવાહી	પરમાત્માના મનમાંથી	ભોગવિલાસ માટે મથનારો	દુન્યવી કામો	પાપ પુણ્ય પ્રમાણે પુનર્જન્મ
મર્યાદા	પરમાત્માની વાણીમાંથી	ધર્મકાર્યો, જ્ઞાન, કર્મ, યોગ કરનારો	પૂજા ઉપવાસના યજ્ઞ, સ્વાધ્યાય, યોગ, દાન, વ્રત, જપ, યાત્રા	સ્વર્ગ યા મોક્ષ

પુષ્ટિ	પરમાત્માના શ્રીઅંગમાંથી	ભગવત્સેવા, સ્મરણ સત્સંગ કરનારો	સેવા કથા શ્રવણ જપપાઠ સંત્સંગ	ગોલોક ધામની પ્રાપ્તિ

(૬) પુષ્ટિજીવોના ભેદો અને લક્ષણો

શુદ્ધ પુષ્ટિજીવ	નિર્ગુણભક્ત	શુદ્ધપ્રેમપૂર્ણ -શ્રીઠાકોરજીનો સતત સાનુભાવ - સર્વજ્ઞ
પુષ્ટિ પુષ્ટિજીવ	મિશ્રગુણભક્ત	શ્રીઠાકોરજીના સુખાર્થે સેવા - સ્મરણમાં આસકત
પુષ્ટિમર્યાદાજીવ	મિશ્રગુણભક્ત	કથાશ્રવણ - જપપાઠમાં વિશેષરુચિ
પુષ્ટિપ્રવાહીજીવ	મિશ્રગુણભક્ત	સેવા કર્મકાંડ સમજીને કરે શ્રીઠાકોરજીમાં ઓછી રુચિ સ્વાર્થ માટે શ્રીઠાકોરજીનો ઉપયોગ

(૭) પુષ્ટિજીવો વસ્તુતઃ સરખા - લીલા માટે શ્રીઠાકોરજીએ તેમનામાં વિવિધ ગુણોનું કરેલું આરોપણ.



૨. સરનામા વિના કેમ પહોંચાય?

('બાલબોધ'ના આધારે)

ભોમિયા વિનાનું ભટકવું

માધુભાઈનો દીકરો મનીષ મુંબઈ રહે. માધુભાઈ ગામડે. બાપને દીકરાની યાદ સતાવે, દીકરાને મળવા ઉપડયા. સરનામાની ચબરખી લેવી ભૂલાઈ ગઈ. બોમ્બે સેન્ટ્રલ ઉતર્યા. પ્લેટફોર્મની બહાર આવ્યા. ટેક્ષીવાળા મધમાખોની જેમ વીંટળાઈ વળ્યા - "કાકા, ક્યાં જવું?" "કુઠે જાનાર?" "કહાં જાનેકા?" ગામડાના જીવ માધુભાઈ મૂંઝાયા. ખિસ્સાં ફંફોસ્યાં. સરનામાની ચિઠ્ઠી ન મળી

એમણે કહ્યું : "મારો મનીયો દરિયાકાંઠે રહે છે. ચૌદ માળનું મકાન છે. ત્યાં જવું છે."

ટેક્ષીવાળા હસ્યા. "કાકા, મુંબઈ તો આખું દરિયાકાંઠે છે. બધા મકાન ચૌદથી વીસ માળનાં છે. પાકું સરનામું બોલો."

માધુભાઈએ માથું હલાવ્યું. "એ તો નથી."

એમને એક ગઠિયો ભટકાઈ ગયો. "ચાલો, કાકા, બેસી જાવ આ ટેક્ષીમા. પહોંચાડી દઈશ."

ભોળા માધુભાઈ બેસી ગયા. બે કલાક સુધી ટેક્ષી વાલકેશ્વરથી નરીમાન પોઈન્ટ સુધી ફેરવી, નરીમાન પોઈન્ટના છેડે ઉતારી દીધી.

"કાકા, પેલું સામે દેખાય એ પીળું મકાન ચૌદ માળનું. લાવો ભાડાના પાંચસો રૂપિયા."

"એટલા બધા તો નથી!"

"તો ચાલો પોલીસ ચોકીએ."

માધુભાઈએ હતા તેટલા રૂપિયા ને કાંડાનું ઘડિયાળ આપી, છૂટકારો કર્યો. પીળા મકાનની ચૌદ સીડીઓ હાંફતા હાંફતા ચડ્યા. એમનો મનીયો ન મળ્યો! ફૂટપાથ પર માથે હાથ દઈ, ઢીલાઢફ થઈ બેસી ગયા!"

ભગવાન માટે આપણું ભટકવું

આપણે જોઇ ગયા કે આપણે ભગવાનના પેટના દીકરા જેવા પુષ્ટિજીવ છીએ.

એક મેળામાં નાનું બાળક એની માતાથી છૂટું પડી જાય, પછી માતાને ખોળતું ભટકે, રડે કોઇ દયાળુ દયા આવે. નમાયા બાળકને લઇ જઇ, અનાથ આશ્રમમાં મૂકી આવે. વખત જતાં બાળક એની માને ભૂલી જાય.

એવું આપણને - પુષ્ટિજીવોને પણ આ દુનિયાના મેળામાં થયું. ચકડોળ, રમકડાં, મિઠાઇના મોહમાં બાળકે માતાની આંગળી છોડી દીધી, તેમ આપણે દુનિયાનાં સુખના મોહમાં શ્રીઠાકોરજીની આંગળી છોડી દીધી. શ્રીઠાકોરજીથી વિખૂટા પડે ગણી ન શકાય એટલાં હજારો વર્ષો વીતી ગયાં. તે દરમ્યાન આપણે સદંતર શ્રીઠાકોરજીને ભૂલી જ ગયા. નમાયા અનાથ બાળક જેવા બની ગયા.

મોટા થયા એટલે માતા યાદ આવી. કોઇકે કહ્યું : ''ચાલ, તારી માતા મેળવી આપું.'' એની આંગળી પકડી રખડ્યો. માતા ન મળી બીજાની આંગળી પકડી. ત્રીજાની, ચોથાની, પાંચમાની આંગળી પકડી. માતા ન મળી માની લીધું કે માતા છે જ નહીં. એક મહાન ગુરુ મળ્યા, એમણે કહ્યું : ''દીકરા, તારી માતા તો છે. પણ તેનો પત્તો બતાવનારા કોઇને તારી માતાનો પત્તો ન હતો તેથી મહેનત ફોગટ ગઇ. તારાં વર્ષો ફોગટ ગયાં. ચાલ, મારી સાથે.''

આપણે ગયા. માતા મળી. ખાત્રી થઇ ગુરુ વિના જ્ઞાન નહીં.

આવું જ આપણું ભટકવું ભગવાન માટે છે.

ભગવાન મેળવી આપવાનો દાવો ઘણા સંત - મહંત - ગુરુઓ કરે છે. પરંતુ જેમને ભગવાન મળ્યા નથી, તે બીજાને ક્યાંથી મેળવી આપે?

એક ગુરુ શિષ્યને ભગવાન પાસે લઇ જવા નીકળ્યા. એક પછી એક પર્વત ઓળંગતા જાય. શિષ્ય હામ ગુમાવી બેસી ગયો. " બાપજી, મારે નથી જોઇતા ભગવાન,''

ગુરુની વાત સાંભળી, બીજા શિષ્યે હાથ જોડ્યા. ''મારાથી આ બધું ન બને.''

ભગવાનની શોધમાં દુનિયાના જીવો હજારો વર્ષોથી ભટકે છે. ગુરુઓ અનેક રસ્તાઓ બતાવે છે. રખડી રખડી પગ થાકી જાય છે. હૃદય હિંમત હારી, જાય છે. બુદ્ધિ નિરાશ થઇ જાય છે. જિંદગી વેડફાઇ જાય છે.

શ્રીમહાપ્રભુજીએ બતાવેલો માર્ગ.

શ્રીમહાપ્રભુજી કહે છે - તમે મારી પાસે આવ્યા છો, તો હું વચન આપું છું કે હું તમને શ્રીઠાકોરજી સુધી જરૂર પહોંચાડીશ, પરંતુ પહેલાં તમને ભગવાન તરફ લઇ જનારા બીજા રસ્તાઓની ભૂગોળ ભણાવી લઉં. એ રસ્તા કેટલા વિકટ છે, તે જાણીલો તેથી તમને તમારો રસ્તો કેટલો સરળ છે તે સમજાશે. તે રસ્તે જવાનું તમને દિલ થશે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે તમે આત્મા છો. પરમાત્માને પ્રાપ્ત કરવા એ તમારું લક્ષ્ય (Goal) છે., કારણ આત્મામાં આનંદ ખૂટે છે. આત્માને આનંદની ભૂખ છે. પરમાત્મા પરમાનંદનો સાગર છે. આત્મા ઇચ્છે છે કે તેનાં બધાં દુઃખો દૂર થાય અને તેને બધાં સુખો મળે. પરમાત્મા જ દુઃખ કર્તા અને સુખકર્તા છે. આપણા સનાતન હિંદુ ધર્મનાં વેદ વગેરે શાસ્ત્રોએ દુઃખ દૂર કરનારા અને સુખ મેળવવાના અનેક માર્ગો બતાવ્યા છે. માર્ગો અનેક છે, ત્યારે બધા માર્ગોનો પરિચય કરી લેવાથી, આપણને કયો માર્ગ અનુકૂળ આવશે, સરળ અને સુગમ રહેશે તે નક્કી કરી શકાય. બીજા માર્ગોને જાણ્યા વિના, એક માર્ગ સ્વીકારી લીધા પછી, એવું બને કે પારકા ભાણે મોટો લાડુ દેખાય.

આપણે ઉંમરમાં ભલે વયસ્ક (મોટા) હોઇએ, દુનિયાનું જ્ઞાન વધારે હોય, પણ શાસ્ત્રોનું જ્ઞાન તો બાળવર્ગના બાલ વિદ્યાર્થી જેટલું ય કદાચ નથી. શાસ્ત્રોના મહાસાગરમાં આપણી ચાંચ ક્યાં ડૂબે ?

વળી મનુષ્યનું સરેરાશ આયુષ્ય સાઇઠ વર્ષનું. તેમાંથી અડધા ઉપરની જિંદગી તો દુનિયાની રખડપટ્ટીમાં એમ જ વહી ગઇ. હવે ભાન થયું છે. બાકીની અલ્પ જિંદગીમાં ક્યારે શાસ્ત્રો સમજીએ, ક્યારે અનેક માર્ગો જાણીએ અને ક્યારે એક માર્ગ પસંદ કરી, તેના ઉપર ચાલીએ ?

એ સંજોગોમાં કૃપા અને કરુણાના સાગર શ્રીમહાપ્રભુજી સર્વ શાસ્ત્રોના સારરૂપ એક નાનકડો ગ્રંથ 'બાલબોધ' આપણી સામે મૂકે છે. તે સર્વજ્ઞાનની એક નાનીશી મધુર કેપ્સ્યુલ છે.

શાસ્ત્રોનો પરિચય

આપણે વૈષ્ણવ છીએ. વૈષ્ણવ સંપ્રદાયો ઘણા છે. તેમાં આપણે પુષ્ટિમાર્ગના અનુયાયી છીએ. પુષ્ટિમાર્ગના પાયામાં સનાતન વૈદિક હિંદુ ધર્મ જ છે. તેથી આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો પણ હિંદુ છીએ.

હિંદુ ધર્મનો સર્વમાન્ય, મૂળ ગ્રંથ 'વેદ છે. 'વિદ્' પરથી 'વેદ' શબ્દ બન્યો. વિદ્ એટલે જાણવું. દુનિયામાં ખરેખર જાણવા જેવા તો પરમાત્મા અને તેમને મેળવવાના માર્ગ જ છે. તેનું જ્ઞાન વેદમાં છે. વેદ મનુષ્યની રચના નથી. સાક્ષાત્ પરમાત્માની વાણી છે. વાણી કાન દ્વારા સંભળાય, તેથી વેદમંત્રોને 'શ્રુતિ' કહેવામાં આવ્યા છે. વેદસાહિત્યમાં ચાર વેદો, આરણ્યકો, બ્રાહ્મણો અને ઉપનિષદોનો સમાવેશ થાય છે.

આપણા ઋષિમુનિઓએ વેદનું ઘણું મનન - ચિંતન કર્યું પછી તેમની સમજણ મુજબ તેમણે વેદનું રહસ્ય સમજાવતા ગ્રંથો રચ્યા. તેમની જુદી જુદી વિચારસરણી સાંખ્ય, ન્યાય, મીમાંસા, વૈશેષિક, વેદાંત વગેરે નામોથી પ્રસિદ્ધ છે. ઋષિપરંપરામાં લખાયેલા આ ગ્રંથો 'સ્મૃતિ' કહેવાય છે.

શ્રુતિ - સ્મૃતિ ગ્રંથો સિદ્ધાંત સ્વરૂપના છે. તે સિદ્ધાંતોનું ઘણા લોકોએ જીવનમાં આચરણ કરી લક્ષ્ય મેળવ્યું છે. તેમનાં ચરિત્રો વેદવ્યાસજીએ અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણોમાં આપ્યાં તે 'પુરાણ' સાહિત્ય કહેવાય છે.

આ બધા સાહિત્યને શ્રીમહાપ્રભુજી બે વિભાગમાં વહેંચે છે. (૧) ઈશ્વર વિચારિત શાસ્ત્ર - વેદ (૨) જીવવિચારિત શાસ્ત્રો - ષડ્ દર્શન, સ્મૃતિ, પુરાણ. ઈશ્વરવિચારિત વેદશાસ્ત્રો અલૌકિક ગ્રંથ છે. જીવવિચારિત શાસ્ત્રો લૌકિક ગ્રંથ છે.

શાસ્ત્રોએ સમજાવેલા પુરુષાર્થ

શાસ્ત્રો કહે છે કે પ્રત્યેક દેશકાળમાં પ્રત્યેક મનુષ્યનાં બે મુખ્ય લક્ષ્ય હોય છે. (૧) દુઃખ દૂર કરવાં (૨) સુખ મેળવવાં. આ બંને 'પુરુષાર્થ' છે. જે પ્રયત્નો દ્વારા પ્રાપ્ત થાય, તે પુરુષાર્થ.

દુઃખ દૂર કરવા માણસ બે પ્રકારના પ્રયત્નો કરે છે. (૧) પૈસા કમાવવા (૨) ભોગ ભોગવવા. પૈસા મેળવવા માટેના પ્રયત્નોને 'અર્થ' પુરુષાર્થ કહ્યો -

ભોગ ભોગવવાના પ્રયત્નોને 'કામ' પુરુષાર્થ કહ્યો. આ બંને પુરુષાર્થો દ્વારા માણસનાં દુન્યવી દુઃખો દૂર થાય અને લૌકિક સુખો મળે, પરંતુ દુઃખોની નિવૃત્તિ કાયમ માટે થતી નથી. દુઃખ છે. મજૂરી કરી, દસ રૂપિયા મળ્યા ભોજન મેળવ્યું ભૂખ ભાંગી. પણ રાત પડે પેટ ખાલી. ભૂખનું દુઃખ શરૂ. અર્થ દ્વારા દુઃખ કામચલાઉ સમય માટે જ દૂર થાય છે, કાયમ માટે નહીં. એવું જ ભોગનું છે. પૈસા કમાઈ, સારાં કપડાં પહેર્યા. ભોગ કર્યો કપડાં મેલાં થયાં, ફાટી ગયાં. ભોગનું સુખ નાશ પામ્યું. ભોગનું સુખ પણ અલ્પ છે, કાયમી નથી. આવા સુખને શાસ્ત્રો 'પ્રેય' કહે છે. જેના આદિ અને અંતમાં દુઃખ હોય તેવું સુખ પ્રેય કહેવાય છે.

માણસનું એક ત્રીજું લક્ષ્ય પરલોકને સુધારવાનું હોય છે. જન્મ મરણના ચક્કરમાંથી સદાને માટે છૂટવાનું હોય છે. પરમામાત્માનું અલૌકિક સુખ મેળવવાનું હોય છે. તે માટે શાસ્ત્રો બીજા બે પુરુષાર્થો છે. (૧) ધર્મ (૨) મોક્ષ. ધર્મથી દુઃખ દૂર થાય છે. મોક્ષથી શાશ્વત સુખ મળે છે. આ અલૌકિક સુખને શાસ્ત્રો 'શ્રેય' કહે છે. જેના આદિ અને અંતમાં આનંદ હોય, તે શ્રેય.

આમ શાસ્ત્રોએ ચાર પુરુષાર્થ આપ્યા.



આ ચારે પુરુષાર્થો જીવનમાં સિધ્ધ કરવા માટે શાસ્ત્રોએ તેમની સાધનાનો એક વ્યવસ્થિત ક્રમ બનાવી, ચારે પુરુષાર્થોને એકબીજા સાથે સાંકળ્યા છે.

ધર્માચરણથી પુણ્ય કમાઈને, પુણ્યના ફળ રૂપે અર્થ - સંપત્તિ પ્રાપ્ત કરવી. મળેલી સંપત્તિનો ધર્મકાર્યોમાં સદુપયોગ કરી, આત્માસંતોષનું સુખ મેળવવું અર્થથી આત્મસંતોષનો કામ પુરુષાર્થ સિધ્ધ કરવો. તે સિધ્ધ થતાં મોક્ષ પ્રાપ્ત કરવો.

ધર્મ દ્વારા મળેલા અર્થ - દ્રવ્યથી સંયમપૂર્વક, ધર્મમાર્ગે કામેચ્છાઓ ભોગવવી. કામેચ્છાને જ આખરી સુખ માની ન લેતાં મોક્ષ માટેના પુરુષાર્થ તરફ ગતિ કરવી.

આમ, ધર્મ સાથે અર્થ, અર્થ સાથે કામ, કામ સાથે મોક્ષ અને મોક્ષ સાથે ધર્મ જોડાયેલા છે.

શાસ્ત્રો કહે છે કે આપણું પ્રેય - લૌકિક સુખ પણ ધર્મસંમત અને શાસ્ત્ર સંમત હોવું જોઇએ. તે પ્રેય પશુનું કે રાક્ષસનું પ્રેય ન હોય. મનુષ્યે પ્રેયથી અટકી ન જતાં, શ્રેય તરફ ગતિ ચાલુ રાખવી.

આ ચાર પુરુષાર્થોને સમજાવનારાં, તેમની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપનારાં ચાર પ્રકારનાં શાસ્ત્રો છે. (૧) ધર્મ માટે ધર્મશાસ્ત્રો (૨) અર્થ માટે અર્થશાસ્ત્રો (૩) કામ માટે કામશાસ્ત્રો (૪) મોક્ષ માટે મોક્ષશાસ્ત્રો આ શાસ્ત્રો આ શાસ્ત્રો તે તે પુરુષાર્થ પ્રાપ્ત કરવાની પદ્ધતિ, સાધન અને ફળ વિષે જ્ઞાન આપે છે.

મોક્ષ પુરુષાર્થનું સ્વરૂપ

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે મોક્ષ સર્વ પુરુષાર્થોનું અંતિમ ફળ છે. જીવાત્મા ભગવાનના દિવ્યધામ અક્ષરબ્રહ્મમાંથી છૂટો પડ્યો છે. તેમાં તે ફરી મળી જાય, તેનું નામ મોક્ષ. મોક્ષ એટલે મુક્તિ (Liberation) જન્મમરણના ચક્રવ્યૂકમાંથી મુક્ત થવું તેનું નામ મોક્ષ. આ મોક્ષ આ લોક અને પરલોકનાં બધાં દુઃખોમાંથી આપણને મુક્ત કરે છે તેથી ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને આજ્ઞા કરી કે તું બધા ધર્મો છોડી, મારા શરણે આવી જા. હું તને સર્વ દુખોમાંથી મુક્ત કરીશ. શ્રીકૃષ્ણે દુઃખ મુક્ત કરવાની પ્રતિજ્ઞા કરી, સુખ આપવાની પ્રતિજ્ઞા નથી કરી. દુઃખમાંથી મુક્ત થવું તે સુખ નથી. ભૂખના દુઃખમાંથી વાસી રોટલો ખાવાથી કે રાબડી પીવાથી છૂટાય ખરું, પણ ભોજનનું સુખ તો ન જ મળે. તે તો જુદું જ છે. એમ શાસ્ત્રોએ બતાવેલો મોક્ષ દુઃખ દૂર કરે છે. પાણીમાં ખાંડ ઓગળી જાય તેમ જીવાત્મા અક્ષરબ્રહ્મમાં ઓગળી જાય છે. તેનું અલગ અસ્તિત્ત્વ રહેતું નથી. એટલે તેને દુઃખ પણ રહેતું નથી. પરંતુ તેને સુખ પણ મળતું નથી. દુઃખ અને સુખ માટે અસ્તિત્ત્વ જરૂરી છે.

શાસ્ત્રો કહે છે આ મોક્ષ પણ કાયમી તો નથી જ. સૃષ્ટિનો પ્રલય થયા પછી, નવી સૃષ્ટિનું નિર્માણ થાય. ત્યારે ફરી મોક્ષ પામેલા જીવો અક્ષરબ્રહ્મમાંથી છૂટા પડી, કોઈને યોનિમાં જન્મ લે. ફરી તેમની જન્મ મરણની દુઃખની ઘટમાળ શરૂ થઈ જાય.

મર્યાદાના કર્મ, જ્ઞાન અને ભક્તિના માર્ગો આ મોક્ષને જ પરમ ફળ માને છે, તેથી મોક્ષનો વિચાર ઈશ્વરવિચારિત વેદોમાં અને જીવવિચારિત શાસ્ત્રોમાં થયો છે. તે નીચે પ્રમાણે છે.

શાસ્ત્રોએ કરેલો મોક્ષનો વિચાર


મોક્ષ
ઈશ્વરવિચારિત વેદ મુજબ
જીવવિચારિત શાસ્ત્રો મુજબ
સાંખ્યશાસ્ત્ર મુજબ
યોગશાસ્ત્ર મુજબ
વિષ્ણુ શાસ્ત્ર
શિવ શાસ્ત્ર
સ્વપ્રયત્નથી મળે
અન્ય દ્વારા મળે
ત્યાગ દ્વારા મળે
અત્યાગ દ્વારા મળે
વિષ્ણુ ભક્તિથી મળે
શિવા ભક્તિથી મળે

આમ, મોક્ષ મેળવવાના કુલ પાંચ માર્ગો છે. તે વિગતે જાણીએ.

વેદશાસ્ત્ર મુજબ મળતો મોક્ષ

વેદોએ કહ્યું કે જે બ્રહ્મ (પરમાત્મા)ને જાણે છે, તેને પરમ આનંદ પ્રાપ્ત થાય છે. સામાન્ય મનુષ્ય પરમાત્માને જાણી શકતો નથી. કારણકે તેનો આત્મા જ્યારે પરમાત્માથી છૂટો પડ્યો, આત્મામાંથી પરમાત્માનો આનંદ લોપ થયો, ત્યારે તે અવિદ્યામાં ડૂબી ગયો. આત્મા અને પરમાત્માની વચ્ચે અવિદ્યાનો પડદો પડી ગયો.

અવિદ્યા એટલે પરમાત્મા સંબંધી સાચું જ્ઞાન ન હોવું. તેનું કારણ અન્યથાજ્ઞાન છે. અન્યથા જ્ઞાન પાંચ પ્રકારનું છે.

(૧) દેહાધ્યાસ - દેહને જ આત્મા માની, દેહનાં સુખમાં રચ્યાપચ્યા રહેવું.

(૨) ઇન્દ્રિયાધ્યાસ - ઇન્દ્રિયોનાં સુખોને જ પરમ સુખ માની, ઇન્દ્રિયોના ભોગોમાં રચ્યાપચ્યા રહેવું.

(૩) અંતઃકરણાધ્યાસ - મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર વશ થઇ, આત્માને તેમનો ગુલામ બનાવવો.

(૪) પ્રાણાધ્યાસ - શરીરમાં રહેલા પાંચ પ્રકારના પ્રાણ (વાયુ) ને મુખ્ય સમજી, તેમના માટે પ્રયત્નશીલ રહેવું.

(૫) સ્વરૂપ વિસ્મૃતિ - આત્મા પરમાત્માનો અંશ છે, અમર છે એ સત્યને જાણવું. આપણું વાસ્તવિક સ્વરૂપ અને લક્ષ્ય ન જાણવાં.

પાંચ પ્રકારનાં આ અન્યથા જ્ઞાનને લઇને આત્મા અવળે રસ્તે ચડી જાય છે. તેનામાં અહંતા અને મમતા જાગે છે. તેના દેહ, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ આ ચાર દ્વારા તે બધું કરે છે, એવું અભિમાન - અહંતા તેને ઉધાઇની જેમ કોરી ખાય છે. આ અહંતા આત્માને એવું સમજાવી દે છે કે આત્મા પરમાત્મા જ અથવા આત્માનું લક્ષ્ય કામભોગ ભોગવવાનું જ છે.

આપણને આપણા પતિ/પત્ની સંતાનો, સ્વજનો, કુટુંબીજનો, મિત્રો, ઘર, ધન, ધંધો વગેરેમાં મમતા બંધાય છે. તે બધાં મારાં છે, મારા સુખ માટે છે, મેં મેળવેલાં છે એવું આપણે ખોટું સમજીએ છીએ.

આવી અહંતા અને મમતા આપણી અવિદ્યામાંથી જન્મ છે, તેથી તે સત્ય નથી, મિથ્યા છે. આ અહંતા મમતાને વેદ ‘સંસાર’ અથવા ‘જીવપ્રપંચ’ શબ્દથી ઓળખાવે છે. જ્યાં સુધી આપણી અહંતા - મમતા દૂર ન થાય, ત્યાં સુધી આપણને સાચું આત્માજ્ઞાન અને પરમાત્મજ્ઞાન ન થાય આપણે શરીરનિષ્ઠ રહીએ, આત્મનિષ્ઠ ન બની શકીએ આત્મનિષ્ઠ બનવાથી જ મોક્ષ મળે.

આથી અહંતા મમતા દૂર કરવા વેદોએ કર્મ અને જ્ઞાનના બે માર્ગ બતાવ્યા. વેદના પૂર્વકાંડમાં કર્મમાર્ગનો ઉપદેશ છે, જ્યારે તેના ઉત્તરકાંડમાં જ્ઞાનમાર્ગનો ઉપદેશ છે.

બૃહદારણ્યકમાં યાજ્ઞવલ્કય ઋષિ તેમનાં પત્ની મૈત્રેયીને કહે છે : "હું સંન્યાસ લેવા તારી આજ્ઞા માગું છું." ઋષિપત્નીએ કહ્યું : "મને આખી પૃથ્વી ભરાઈ જાય, એટલું દ્રવ્ય આપતા જાવ, જેનાથી હું યજ્ઞો કરીને મોક્ષ મેળવું."

યજ્ઞો દ્વારા અહંતામમતા છોડી, મોક્ષ મેળવવાનો કર્મનો માર્ગ વેદના પૂર્વકાંડમાં બતાવ્યો યજ્ઞથી ધર્મ સિદ્ધ થાય. ધર્મથી મોક્ષ મળે.

યાજ્ઞવલ્કય ઋષિએ મૈત્રેયીને કહ્યું : "દ્રવ્યથી યજ્ઞ કરીને, મોક્ષની આશા રાખીશ નહીં. આપણને પતિ, પુત્ર વગેરે પ્રિય લાગે છે, તે તેમના આપણા પ્રત્યેના ઉપકારોથી પ્રિય લાગતા નથી. પ્રિય લાગવાનું તે સાચું કારણ નથી. પરંતુ તેમના અને આપણા આત્મા એક જ પરમાત્માના અંશ છે. લોખંડ લોહચુંબક તરફ ખેંચાય, તેમ એક જ પરમાત્માના આપણે સૌ આત્માઓ હોવાથી, આપણને સ્વજનો પ્રિય લાગે છે. પ્રિય લાગવાનું કારણ આત્મતત્ત્વ છે. શારીરિક અને દુન્યવી મોહ છોડીને આત્મસ્થ થવું. પરમાત્માનું ધ્યાન કરવું પરમાત્માનું નિશ્ચયપૂર્વક શ્રવણ, મનન, સ્મરણ કરવાથી અહંતા - મમતા નાશ પામતાં, મોક્ષ પ્રાપ્ત થાય છે. આમ, જ્ઞાન દ્વારા મોક્ષ મેળવવાનો માર્ગ વેદના ઉત્તરકાંડમાં બતાવ્યો.

વેદમાં યજ્ઞમાં યજ્ઞથી સ્વર્ગ મળે છે એમ કહ્યું શ્રીમહાપ્રભુજી કહે છે કે વેદમાં 'સ્વર્ગ' શબ્દ સ્વર્ગલોકના અર્થમાં નથી, જ્યાં દેવો અને અપ્સરાઓ રહે છે. સ્વર્ગ એટલે આત્માનું સુખ. આત્માનું સુખ એટલે મોક્ષ. આમ, સ્વર્ગપ્રાપ્તિ એટલે મોક્ષપ્રાપ્તિ.

જીવવિચારિત શાસ્ત્રો મુજબ મોક્ષનો માર્ગ

આ પ્રકારનાં મુખ્ય ચાર શાસ્ત્રો આપણે જોઈ ગયા. (૧) સાંખ્ય (૨) યોગ (૩) વૈષ્ણવીતંત્ર (૪) શૈવતંત્ર

તેમાં સાંખ્ય અને યોગનાં શાસ્ત્રો મોક્ષ મેળવવાનું માર્ગ દર્શન આપે છે. આપણને કામ કરવા કોઈ માર્ગદર્શન આપે : પણ કામ તો જાતે જ કરવું પડે. તેવી રીતે સાંખ્ય અને યોગ શાસ્ત્રોના માર્ગદર્શન મુજબ મમુક્ષુ (મોક્ષ મેળવવાની ઈચ્છા રાખનાર) સ્વપ્રયત્નો કરીને મોક્ષ મેળવી શકે છે. આ પ્રકારના મોક્ષને 'સ્વતઃ મોક્ષ' પોતાના પ્રયત્નોથી મેળવેલો મોક્ષ કહેવાય છે.

વૈષ્ણવીતંત્રી અને શૈવતંત્ર સમજાવે છે કે વિષ્ણુ અને શિવ મોક્ષ આપવા

સમર્થ છે. તેમની કૃપાથી મુમુક્ષુ મોક્ષ પામી શકે. તેમની કૃપા પામવા, મુમુક્ષુએ તેમની ભક્તિ કરવી જોઈએ આ પ્રકારે, મુમુક્ષુ વિષ્ણુ કે શિવની કૃપાથી - પ્રયત્નથી મોક્ષ મેળવે છે, પોતાના પ્રયત્નથી નહીં. તેથી આ બીજા પ્રકારના મોક્ષને 'પરતઃ મોક્ષ' બીજાના પ્રયત્નથી મળતો મોક્ષ કહ્યો છે.

ઋષિઓએ મોક્ષ મેળવવાના આવા બે મુખ્ય માર્ગો બતાવ્યા

સાંખ્યનો માર્ગ

વેદનાં છ દર્શનોમાં 'સાંખ્ય' એક દર્શન છે. સંખ્યા પરથી સાંખ્ય શબ્દ બન્યો છે. તેમાં પ્રકૃતિનાં તત્ત્વોની સંખ્યાનો વિચાર છે. તેથી તેને સાંખ્યશાસ્ત્ર કહ્યું છે. સાંખ્યનો બીજો અર્થ છે નિત્યાનિત્ય વિવેક શુંનિત્ય છે અને શું અનિત્ય - નાશવંત છે તેનું જ્ઞાન મેળવવું. ત્રીજો અર્થ છે. - કર્મવિવેક શું કરવું અને શું ન કરવું ?

સાંખ્યશાસ્ત્રના મૂળ પ્રવર્તક ભગવાન શ્રીકપિલદેવજી છે. તેમણે માતા દેવહુતિજીને સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ આપ્યો, તેથી દેવહુતિજીનો મોક્ષ થયો. શ્રીભાગવતજીના ત્રીજા અધ્યાયમાં 'કપિલગીતા' સાંખ્ય સિદ્ધાંત સમજાવે છે.

આચાર્ય ઈશ્વરકૃષ્ણે 'સાંખ્યતત્ત્વ' નામનો ગ્રંથ લખ્યો છે. તેના પર વાચસ્પતિ મિશ્રે 'કૌમુદી' નામની ટીકા લખી છે.

સાંખ્યદર્શનના બે વિભાગ છે (૧) સેશ્વર સાંખ્ય (૨) નિરીશ્વર સાંખ્ય.

સાંખ્યશાસ્ત્રમાં મુખ્ય ચાર બાબતોનો વિચાર છે.

(૧) **હેય** - ત્યાગ કરવા લાયક બાબતો તેમાં મુખ્યત્ત્વે ત્રણ પ્રકારનાં દુઃખોનો સમાવેશ છે. (૧) આધ્યાત્મિક (૨) આધિદૈવિક (૩) આધિભૌતિક આધ્યાત્મિક દુઃખ બે પ્રકારનાં (૧) શારીરિક (૨) માનસિક. શરીરમાં વાત, પિત્ત અને કફની વિષમતાથી થતા રોગો શારીરિક દુઃખ છે. મનમાં રહેલા કામ, ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સરને લીધે થતાં દુઃખો માનસિક દુઃખો છે. યક્ષ, રાક્ષસ, ભૂતપ્રેતાદિ, મલીન દેવદેવીઓથી થતા ઉપદ્રવો આધિદૈવિક દુઃખ છે. અન્ય મનુષ્યો, પશુપક્ષીઓથી થતાં દુઃખો અધિભૌતિક દુઃખો છે આ ત્રણે પ્રકારનાં દુઃખોનો ત્યાગ કરવો.

(૨) **હાન** - આપણામાં અહંતામમતા છે. તેને લઈને અહંકાર આવે છે. તેમાંથી અભિમાન અને મદ જાગે છે. હું કરું છું, હું મહાન છું તે અભિમાન મારી પાસે ઘણી વિદ્યા છે, અઢળક રૂપ છે, ખૂબ ધન છે એવો ભાવ તે મદ અહંતામમતા, અહંકાર, અભિમાન અને મદનો ત્યાગ કરવો તે હાન.

(૩) **હેય હેતુ** - સાંખ્યશાસ્ત્રયાં હેય (દુઃખ) થવાના હેતુ (કારણો)નો વિચાર કરવામાં આવ્યો છે. પ્રકૃતિ અને પુરુષ મળતાં સૃષ્ટિ બની. પ્રકૃતિમાંથી મહત્ તત્ત્વ પ્રકટ થયું. તેમાંથી અહંકાર જન્મ્યો. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષયો (તન્માત્રા) પ્રકટ થયાં. વળી પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ મહાભૂતો પણ પ્રકટ થયાં. પાંચ જ્ઞાનનેન્દ્રિયો - આંખ, કાન, નાક, જીભ, ચામડી અને પાંચ કર્મેન્દ્રિયો હાથ, પગ, મુખ, ગુદા અને ઉપસ્થ (જનનેન્દ્રિય) પ્રકટ થયાં. મન જન્મ્યું. આ બધાં પ્રકૃતિનાં તત્ત્વોથી દેહ બન્યો. તેમાં પુરુષ (આત્મા) પ્રવેશ્યો. પરંતુ આત્મા નિષ્ક્રય રહ્યો. પ્રકૃતિ સક્રિય રહી. પ્રકૃતિ અને પુરુષનો સંયોગ થયો. માયાને કારણે અવિદ્યા જન્મી. તેને લઈને દુઃખનો અનુભવ થાય છે. અવિદ્યાના અજ્ઞાનને દૂર કરવાથી દુઃખ દૂર થાય છે.

(૪) **હાનોપાય** - અહંતામમતાથી જન્મતા અભિમાન અને મદને દૂર કરવાના ઉપાય તે હાનોપાય.

રંગભૂમિ ઉપર રજૂ થતા નૃત્યને જ્યાં સુધી પ્રેક્ષકો ઉત્સાહપૂર્વક જુએ, ત્યાં સુધી નર્તકી નૃત્ય કરે. પ્રેક્ષકોની ઉત્સુકતા અને ઉત્સાહ શાંત થઈ જાય, એટલે નર્તકી નૃત્ય અટકાવી દે. તેવી રીતે જ્યારે આત્માને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય, અને પરમાત્માનું જ્ઞાન થાય, ત્યારે તેને વિવેક જાગે કે આ શરીર અને ઈન્દ્રિયો હું નથી. હું કર્તા નથી. આ બધું મારું નથી. આ ઈન્દ્રિયો વગેરેનો ભોગ તજવા જેવો છે. આવો વિવેક સિદ્ધ થતાં અભિમાન અને મદ નાશ પામે છે. આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે છે. પ્રવૃત્તિશીલ પ્રકૃતિ થાય છે. તે ભોગ ભોગવવા પુરુષ (આત્મા)ને પ્રેરી શકતી નથી. ત્યારે આત્મા મોક્ષ પામે છે.

સાંખ્યશાસ્ત્રના મતે આત્મા સિવાયની સર્વ અનાત્મ વસ્તુઓનો ત્યાગ જરૂરી છે. ત્યાગને જ મોક્ષનું સાધન માનવમાં આવે છે.

આપણા શરીરમાં અંતઃકરણ છે. તેમાં બુદ્ધિ છે. બુદ્ધિ ધર્મ, અધર્મ, જ્ઞાન, અજ્ઞાન, વૈરાગ્ય, અવૈરાગ્ય,ઐશ્વર્ય, અનૈશ્વર્ય એમ આઠ બાબતોનો વિચાર કરે છે.

બુદ્ધિનો સંબંધ શરીર સાથે છે. બુદ્ધિએ કરેલા વિચારોમાંથી શરીરમાં વાસનાઓ જાગે વાસનાઓની પૂર્તિના પ્રયત્નો દુઃખ આપે છે.

આપણા શરીરની અંદર લિંગદેહ - સૂક્ષ્મ શરીર છે તે આત્માની સાથે રહે છે. આત્માની સાથે નવા દેહમાં પ્રવેશે છે. તેમાં પૂર્વજન્મોની અને આ જન્મની વાસનાઓ સંગ્રહાયેલી રહે છે. એક કપડામાં થોડો સમય સુગંધી ફૂલો બાંધી રાખવામાં આવે, તો તે ફૂલોની સુવાસ કપડાને લાગી જાય છે, તેમ સ્થૂળ શરીરની વાસના, તથા બુદ્ધિના ભાવોની વાસના લિંગશરીરને લાગે છે. તેથી લિંગશરીરને પણ અહંતામમતાની વાસના વળગે છે.

પ્રકૃતિની પરવશતામાંથી જન્મતા અહંતા મંમતાના મિથ્યા ભાવો અનાત્મભાવો છે. તેમનો સંબંધ આત્મા સાથે નથી, દેહ સાથે છે. તે ભાવોથી આપણો લિંગદેહ ભરેલો હોવાથી, આત્માને બીજો જન્મ લેવો પડે છે, મોક્ષ મળતો નથી.

આથી સાંખ્યશાસ્ત્રના અભ્યાસ દ્વારા મુમુક્ષુએ અહંતા મમતાના ભાવોનો નાશ કરવાનો છે. માત્ર વિચાર - જ્ઞાનથી નાશ થશે નહીં. માટે જે જે વ્યક્તિ કે વસ્તુના સંબંધથી અહંતા - મમતા જાગતી હોય, તે સર્વનો ત્યાગ કરવો પડે. ત્યાગ માટે સંન્યાસનો માર્ગ છે. સંન્યાસી થવાથી સંગનો ત્યાગ, ઘરનો ત્યાગ, પ્રવૃત્તિનો ત્યાગ થાય. વનમાં એકાંતવાસ કરી, મન સહિત સર્વ ઇન્દ્રિયોનું દમન કરવું પડે. ઇન્દ્રિયોમાં જાગતી શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ ભોગવવાની વાસનાઓને મારવી પડે - કર્તાપણા અને ભોક્તાપણાનો અહંકાર કચડવો પડે.

આટલું બધું કરવું દરેક મનુષ્યના વશની વાત નથી. ઘણા ઋષિમુનિઓની સાધના પણ સફળ નથી થઈ. વિશ્વામિત્ર મેનકાથી તપોભંગ થયા. ભરતમુનિ હરણના બચ્ચાને કારણે મોક્ષમાર્ગ ચૂકી ગયા.

શ્રીભાગવતજી કહે છે કે કદાચ કોઈક વીરલા ત્યાગ દ્વારા મોક્ષ મેળવે તો પણ તે કાયમનો તો નથી જ હોતો. મહાપ્રલય સુધીનો જ હોય છે. મહાપ્રલય પછી ફરી નવી સૃષ્ટિમાં તે આત્માને જન્મ લેવો પડે છે.

શ્રીમહાપ્રભુજી પૂછે છે - આ સાંખ્યમાર્ગથી આવો મોક્ષ પામવા તમે રાજી છો.?

યોગમાર્ગથી મોક્ષ

ઉપર જે મોક્ષ સાધનાનો પ્રકાર જોયો, તે નિરીશ્વર સાંખ્ય દર્શન બતાવેલો માર્ગ હતો. સેશ્વર સાંખ્યદર્શન મોક્ષ સાધના માટે યોગનો માર્ગ બતાવે છે. તેના મુખ્ય પ્રવર્તક પતંજલિ ઋષિ છે. તેમનો ગ્રંથ "પાતંજલ દર્શન" પ્રસિદ્ધ છે.

'યોગ' શબ્દ સંસ્કૃત 'યુજ્' = જોડવું શબ્દ પરથી બન્યો. આપણા અંતઃકરણમાં જેમ મન, બુદ્ધિ છે તેમ ચિત્ત છે. ચિત્તનો ધર્મ છે સંકલ્પવિકલ્પ કરવાનો. કરવું કે છોડવું? બે વિરોધી વૃત્તિઓ વચ્ચે ચિત્તમાં સતત દ્વન્દ્વયુદ્ધ ચાલે છે. અહંતા મમતા પ્રેરિત આ ચિત્તવૃત્તિઓ સાથે આપણો આત્મા અજ્ઞાનવશ જોડાઇ ગયો છે. તેમાથી આત્માને છૂટો પાડવામાં આવે તો, આત્માનો મોક્ષ થાય. તે માટે ચિત્તની વૃત્તિઓનો નિરોધ (નાશ) કરવો જરૂરી છે. જે માર્ગથી ચિત્તની વૃત્તિઓનો નાશ કરી, આત્માને ચિત્તથી છૂટો પાડી, પરમાત્મા સાથે જોડવામાં આવે તેનું નામ યોગ.

નિરીશ્વર સાંખ્યના માર્ગમાં જોયું કે વસ્તુઓ કે વ્યક્તિઓનો સ્થૂળ ત્યાગ કરવાથી અહંતામમતા સદંતર નાશ પામતી નથી. ઇન્દ્રિયો અને દેહ - મનનું દમન કરવાથી પણ સંપૂર્ણ ત્યાગ સિદ્ધ થતો નથી. જે ક્ષણે સંયમ જાય તે ક્ષણે દમન કરેલી વૃત્તિઓ બેવડા જોરથી ઉછળી, સાધનાને નિષ્ફળ બનાવે છે.

બાહ્ય ત્યાગથી અહંતામમતાનો સો ટકા નાશ થતો ન હોવાથી, મન દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન કરી અહંતામમતાનો નાશ કરવાનો માર્ગ યોગશાસ્ત્રે બતાવ્યો છે. તેથી 'અત્યાગ' નો માર્ગ કહ્યો છે. મનની મદદથી આત્મામાંથી દેહાભિમાન દૂર કરવું. તે દૂર થતાં કર્તૃત્વ અને ભોક્તૃત્વનું અભિમાન નાશ પામે. આત્મા શુદ્ધ બુદ્ધિમાં સ્થિર થાય તેનું નામ ચિત્તવૃત્તિનો નિરોધ.

ચિત્તની કુલ પાંચ પ્રકારની વૃત્તિઓ છે.

(૧) **પ્રમાણવૃત્તિ** - દેખાતી અને વિચારાતી દરેક વસ્તુ માટે પ્રમાણ શોધવું પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન પ્રમાણ અને શાસ્ત્ર પ્રમાણ મુખ્ય પ્રમાણ છે. આવાં પ્રમાણોની મદદથી ચિત્ત વિચાર કરે છે.

(૨) **વિપર્યયવૃત્તિ** - જે નથી, તેનું અસ્તિત્ત્વ માનવું અંધારામાં ઝાડના ઠૂંઠાને માણસ માની લેવો, કાળા દોરડાને સાપ માની લેવો.

(૩) વિકલ્પવૃત્તિ - એક વસ્તુના ગુણધર્મ સમજાવવા માટે, તેમાં બીજી વસ્તુનું આરોપણ કરવું. આ બાળકનું મુખ ચંદ્ર જેવું છે. મુખમાં ચંદ્રનું આરોપણ કર્યું. વાસ્તવમાં મુખ અને ચંદ્રને કોઇ સંબંધ નથી.

(૪) નિદ્રાવૃત્તિ - અભાવનો આશ્રય કરીને રહેવાની વૃત્તિ. તમોગુણ વધતાં ગુસ્સો આવે. ભૂખ લાગી હોય, છતાં ગુસ્સો આવવાથી થાળી પછાડી ઊભા થઇ જાય.

(૫) સ્મૃતિવૃત્તિ - જેનો અગાઉ અનુભવ થયો હોય, તેનો બુદ્ધિમાં વિચાર આવતાં, યાદ આવે.

યોગશાસ્ત્ર કહે છે કે ચિત્તની આ પાંચવૃત્તિઓનો નિરોધ કરવાના બે ઉપાય છે (૧) અભ્યાસ (૨) વૈરાગ્ય

અભ્યાસ એટલે ચિત્તમાંથી આ પાંચે વૃત્તિઓ સદાને માટે હટી જાય, એવું વૃત્તિઓ રહિત ચિત્ત બનાવવું.

વૈરાગ્ય એટલે પદાર્થોના દોષો જોઇને, તેમનાથી ચિત્તને દૂર રાખવું.

અહીં 'ચિત્તનો અર્થ છે ચિન્મય આત્મા.

ચિત્તમાં રહેલો સત્ત્વગુણ અશુદ્ધ હોવાથી, આ બધી વૃત્તિઓ જાગે છે. તેને શુદ્ધ બનાવવા, યોગનાં આઠ અંગોની સાધના જરૂરી છે.

(૧) યમ - પાંચ પ્રકારના છે (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય - ચોરી ન કરવી (૪) બ્રહ્મચર્ય (૫) અપરિગ્રહ - ભોગનાં સાધનોનો અસ્વીકાર આ પાંચ મહાવ્રત પાળવાં જરૂરી છે.

(૨) નિયમ - પાંચ છે (૧) શૌચ - પવિત્રતા (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય (૫) ઈશ્વર - પ્રણિધાન (સ્મરણ) પવિત્રતા બે પ્રકારની - બહારની અને અંદરની શરીરને શુદ્ધ રાખવું તે બહારની પવિત્રતા. અંદરની પવિત્રતા ચાર તત્ત્વોથી થાય. (૧) મૈત્રી (૨) કરુણા (૩) હર્ષ (૪) પાપીની ઉપેક્ષા.

બંને પ્રકારની પવિત્રતાથી પાંચ ફળ મળે (૧) સત્ત્વશુદ્ધિ - રજો ગુણ અને તમોગુણ દૂર થાય (૨) સૌમનસ્ય - મનની પ્રસન્નતા (૩) એકાગ્રતા - ચિત્તની સ્થિરતા (૪) ઇન્દ્રિયો પર સંયમ (૫) આત્મદર્શન માટેની યોગ્યતા.

સંતોષ અને તપના અર્થ જાણીતા છે.

સ્વાધ્યાય એટલે પ્રણવમંત્ર - ઓમકાર સહિત ઈષ્ટદેવના મંત્રનો જપ કરવો.

ઈશ્વર પ્રણિધાન એટલે ફળની કામના રાખ્યા વિના, દરેક ક્રિયા ઈશ્વરને અર્પણ કરવી.

તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન ક્રિયાયોગ છે. તેનાથી પાંચ પ્રકારના કલેશ દૂર થાય છે. (૧) અવિદ્યા - જે આત્મા નથી, તેને આત્મા માની, તેમાં મોહ રાખવો (૨) અસ્મિતા - આત્મા કર્તા અને ભોક્ત ન હોવા છતાં, તેને કર્તા અને ભોક્તા માનવો (૩) રાગ - સુખનાં સ્મરણથી સુખનાં સાધનો મેળવવાનો લોભ (૪) દ્વેષ - શત્રુતા (૫) અભિનિવેશ - શરીર અને ઈન્દ્રિયોનો મૃત્યુથી નાશ થવાનો ભય.

(૩) આસન - પદ્માસન, દંડાસન, સ્વસ્તિકાસન, શવાસન એવા વિવિધ પ્રકારો છે. તેના અભ્યાસથી બાહ્ય તકલીફો - ઠંડી, ગરમી, ભૂખ, તરસ, થાક, ઊંઘ પીડા આપતી નથી. સ્થિર સુખ મળે છે.

(૪) પ્રાણાયામ - શરીરમાં લેવાતા અને બહાર કઢાતા શ્વાસોચ્છ્વાસને રોકવા તેના ત્રણ પ્રકાર (૧) રેચક - શ્વાસ ધીમે ધીમે બહાર કાઢવો (૨) પૂરક - શ્વાસ ધીમેધીમે અંદર લેવો (૩) કુંભક - શ્વાસને રોકી, સ્થિર કરવો.

(૫) પ્રત્યાહાર - ઇન્દ્રિયોને તેમના ભૌતિક વિષયોમાંથી પાછી વાળી, આત્મસ્વરૂપમાં સ્થિર કરવી. ઇન્દ્રિયો વશ થતાં ચિત્ત બાહ્ય વિષયોમાં ભટકતું નથી.

(૬) ધારણા - શરીરમાં રહેલાં વિવિધ ચક્રોને હૃદય, મસ્તકમાં સ્થિર કરવાં.

(૭) ધ્યાન - જે સ્થાનમાં ધારણા કરી હોય, તે જ સ્થાનના જ્ઞાનમાં સ્થિર થવું.

(૮) સમાધિ - બાહ્યજ્ઞાનનું સંપૂર્ણ વિસ્મરણ.

આ આઠ અંગોના અભ્યાસથી યોગ સિદ્ધ થાય. તેથી મનની ચંચળતાનો નિરોધ થાય. મન જ મરી જાય. ત્યારે આત્મા તેની મૂળ સ્વરૂપસ્થિતિનો પામે - તે મોક્ષ.

આ મોક્ષ પણ અતિ અઘરો છે. ફાવશે ?

પરત : મોક્ષ

માણસ જ્યારે સ્વપ્રયત્નોથી ઇચ્છિત વસ્તુ મેળવી શકતો નથી, ત્યારે તે મેળવવા, તે બીજાનો આશરો લે છે.

જ્ઞાનીઓ અને યોગીઓ જ્ઞાનસાધના કે યોગસાધના દ્વારા સ્વપ્રયત્નથી મોક્ષ મેળવે પણ કર્મમાર્ગી શું કરે ? તેમને મોક્ષ મેળવવા બીજાનો આશ્રય લેવો પડે. તે પરતઃ મોક્ષ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ત્રિદેવમાં વિષ્ણુ અને શિવ મોક્ષદાતા છે. તેઓ ચારે પુરુષાર્થ આપનારા અને જગતનું સર્વ રીતે હિત કરનારા છે. શિવનું કાર્ય સંહાક કરવાનું છે. શિવ મોક્ષ આપે, તો તેમના કાર્યમાં ખામી આવે. વિષ્ણુનું કાર્ય પાલન કરવાનું છે, તેથી વિષ્ણુ મોક્ષ આપે તો તેમના કાર્યમાં ખામી આવતી નથી. આથી સામાન્ય રીતે શિવ અર્થ અને કામ આપે છે. વિષ્ણુ ધર્મ અને મોક્ષ આપે છે. શિવ જલ્દી બધાને મોક્ષ આપતા નથી.

વિષ્ણુએ 'પાંચરાત્ર' નામના શાસ્ત્રની રચના કરી. શિવે "પાશુપત" નામનું શાસ્ત્ર રચ્યું.

જે મનુષ્ય શિવની પૂજા - ઉપાસના - ભક્તિ કરે તેને શિવ ભોગ આપે છે. જે મનુષ્ય વિષ્ણુની પૂજા - ઉપાસના - ભક્તિ કરે, તેને વિષ્ણુ મોક્ષ આપે છે. તેનું કારણ એ છે કે જેમને જે વસ્તુ અતિ પ્રિય હોય, તે બીજાને ન આપે. શિવને ભક્તિ પ્રિય છે, ભોગ અપ્રિય છે. તેથી શિવ સૌને ભોગ આપે છે, મોક્ષ આપતા નથી. લક્ષ્મી વિષ્ણુપત્ની છે વિષ્ણુને ભોગ પ્રિય છે. વિષ્ણુ ભોગ નથી આપતા, મોક્ષ આપે છે. છતાં અપવાદ રૂપે શિવ મોક્ષ અને વિષ્ણુ ભોગ આપે છે. વિષ્ણુ અને શિવ બંને ભક્ત વત્સલ હોવાથી તેમના ભક્તોને, તેમના સ્વભાવ વિરુદ્ધ, ભોગ અને મોક્ષ આપે છે.

શિવ કે વિષ્ણુનો ભક્ત, જ્યારે પોતાના ઇષ્ટદેવનો તદીય બની તેમની પૂજા - ઉપાસના - આરાધનામાં લાગેલો રહે અને તેમનો જ આશ્રય કરી, તદાશ્રિત બનીને રહે તેને વિષ્ણુ કે શિવ મોક્ષ આપે.

શ્રીમહાપ્રભુજીનો મત

પુરુષાર્થ ત્રણ પ્રકારના (૧) લૌકિક (૨) વૈદિક (૩) ભક્તિમાર્ગીય. વૈષ્ણવોએ ભક્તિમાર્ગીય પુરુષાર્થ - મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. સાંખ્ય કે યોગ દ્વારા સ્વતઃ મોક્ષની કે શિવ અથવા વિષ્ણુ દ્વારા પરતઃ મોક્ષની કામના ન કરવી.

લૌકિક અને વૈદિક મોક્ષની છણાવટ કર્યા પછી, શ્રીમહાપ્રભુજી સંક્ષેપમાં ભક્તિમાર્ગીય મોક્ષ સમજાવે છે.

ભક્તિમાર્ગમાં પહેલું પગથિયું શરણાગતિનું છે. બીજુ પગથિયું સમર્પણનું છે. શ્રીપૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ શ્રીનંદનંદન જ છે, તેઓ જ મારા એક માત્ર સ્વામી છે, રક્ષક છે, આશ્રયસ્થાન છે, આધાર છે. હું તેમનો દાસ છું. તેઓ સર્વ પરિસ્થિતિઓમાં મારું અવશ્ય રક્ષણ કરશે જ એવો તેમનામાં દઢ વિશ્વાસ રાખવો તેમના અનન્ય બનીને રહેવું તેમને છોડી અન્ય કોઇનો આશ્રય - અન્યાશ્રય ન કરવો. સદા તેમના કથાશ્રવણ, કીર્તન, સ્મરણમાં તત્પર રહેવું તેનું નામ 'તદાશ્રય'. વૈષ્ણવ તરીકે આપણે આવો તદાશ્રય કેળવવો અને સેવવો જરૂરી છે.

શરણાગતિ સિદ્ધ કરવાનાં છ પગથિયાં છે.

(૧) પ્રભુજીને જે પ્રિય - અનુકૂળ હોય તે કરવું.

(૨) પ્રભુને જે અપ્રિય - પ્રતિકૂળ હોય તે છોડવું.

(૩) પ્રભુ મારી રક્ષા ચોક્કસ કરશે, એવો પ્રભુમાં દઢ વિશ્વાસ રાખવો.

(૪) પ્રભુને પતિ - સ્વામી તરીકે સ્વીકારી, તેમના દાસ બનીને રહેવું.

(૫) પ્રભુને આપણું સર્વ કંઇ સોંપી દેવું.

(૬) દીનતા રાખવી કોઇ વાતનું અભિમાન કે મદ ન કરવો.

આમ કરવાથી 'તદાશ્રય' સિદ્ધ થાય છે. તદાશ્રય થતાં પ્રભુમાં પ્રેમ જાગે છે. પછી આપણું જીવન આપણા માટે ન જીવતાં, પ્રભુના સુખ માટે જીવવા - તેમની સેવા કરવા આપણે તત્પર થઇએ છીએ. સેવામાં સમર્પણ છે. તેનાથી 'તદીયતા' - ભગવદીયતા પ્રાપ્ત થાય છે.

આવી તદીયતાની પ્રાપ્તિ થતાં, મૃત્યુ બાદ અલૌકિક દેહથી ગોલોક પ્રાપ્ત થાય છે. આ જીવનમાં પ્રભુનો સાક્ષાત અનુભવ થાય છે. તેનું નામ ભક્તિમાર્ગીય મોક્ષ. આ મોક્ષ કાયમી છે, સુખદ છે, સુગમ છે. આપણે વૈષ્ણવે આ ભક્તિમાર્ગીય મોક્ષને આપણું લક્ષ્ય બનાવી, તદનુસાર જીવન જીવવાનું છે.

ફરીથી યાદ કરી લઇએ

(૧) પુરુષાર્થ ચાર છે - ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

(૨) અર્થ અને કામથી લૌકિક સુખ મળે છે અને દુઃખ જાય છે. તે પ્રેય કહેવાય. ધર્મ મોક્ષથી અલૌકિક સુખ મળે અને દુઃખ જાય તે શ્રેય કહેવાય.

(૩) માનવજીવનમાં ધર્મ, અર્થ, કામ દ્વારા મોક્ષ મેળવવાનું અંતિમ લક્ષ્ય છે.

(૪) ચારે પુરુષાર્થોનાં સાધન, મેળવવાની પદ્ધતિ અને તેમનાં ફળ સમજાવવા શાસ્ત્રોની રચના થઇ છે.

(૫) મોક્ષનો વિચાર ઈશ્વર રચિત વેદોમાં અને ઋષિઓ રચિત શાસ્ત્રોમાં થોય છે.

(૬) મોક્ષનો વિચાર ત્રણ પ્રકારે થયો છે. (૧) વૈદિક (૨) લૌકિક (૩) ભક્તિમાર્ગીય. વેદે બતાયેલો માર્ગ વૈદિક. ઋષિઓએ બતાવેલો માર્ગ લૌકિક. શ્રીમહાપ્રભુજીએ બતાવેલો માર્ગ ભક્તિમાર્ગીય.

(૭) વેદના મતે યજ્ઞ જેવાં કર્મથી કે આત્મા - પરમાત્મા વિષેનું સાચું જ્ઞાન મેળવી, જ્ઞાનથી અહંતા - મમતાને દૂર કરવાથી આત્મા અક્ષરબ્રહ્મ (ભગવદ્ધામ)માં લય પામે છે. તેનું નામ મોક્ષ.

(૮) ઋષિઓએ મોક્ષ માટે સાંખ્ય અને યોગના માર્ગો બતાવ્યા. તેનાં સાધનો આપ્યાં, પદ્ધતિ બતાવી. જ્ઞાનીઓ સાંખ્યથી અને યોગીઓ યોગસાધનાથી મોક્ષ મેળવી શકે છે. સાંખ્યના મતે સર્વ વસ્તુનો ત્યાગ કરવાથી અને યોગના મતે મનથી વિરાગ સેવી, યોગ, સાધવાથી અહંતા મમતા નાશ પામતાં મોક્ષ પ્રાપ્ત થાય છે. આ મોક્ષ સ્વપ્રયત્નથી મળતો હોવાથી, સ્વતઃ મોક્ષ કહેવાય છે.

(૯) દેવોમાં વિષ્ણુ અને શિવ પણ મોક્ષદાતા છે. તેમની પૂજા ઉપાસના કરી, તેમને પ્રસન્ન કરવાથી તેઓ મોક્ષ આપે છે. આ મોક્ષ તેમની કૃપાથી મળે છે, માટે પરતઃ મોક્ષ કહ્યો છે.

(૧૦) શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગીય મોક્ષનો સરળ, સુખદ, ઉત્તમ માર્ગ બતાવે છે. ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી, તેમના અનન્ય દાસ બનવું, તેમને સર્વસમર્પણ કરવું. તેમની સેવા, કથાશ્રવણ, કીર્તન, સ્મરણ કરવાથી તદીય ભગવદીય બનતાં, આ દેહથી શ્રીઠાકોરજીનો સાક્ષાત્ અનુભવ થાય અને મૃત્યુ બાદ ગોલોકમાં દિવ્ય દેહ પ્રાપ્ત થાય, તે ભક્તિમાર્ગીય મોક્ષ છે. આપણે આ ભક્તિમાર્ગીય મોક્ષના માર્ગે ચાલવાનું છે.

● ● ●

૩. સુખનું સાચું સરનામું

("કૃષ્ણાશ્રય"ના આધારે)

૧. સાચા સુખની શોધ

દુનિયામાં ઘણુંબધું છે. ભાવતાં ભોજન, આહ્લાદક પીણાં, કિંમતી રત્નો અને સુવર્ણનાં આભૂષણો, ઝાકઝમાળ વસ્ત્રો, મધુર સંગીત, માદક નૃત્ય, લલિત સાહિત્ય, બેનમૂન કલાઓ, પ્રકૃતિનો અઢળક વૈભવ, મહાકાય મહેલો, વૈભવશાળી વાહનો, સુખ આપતાં સ્વજનો ! અને છતાં એક પણ માણસ સો ટકા સુખી નથી ! દરેકને દુઃખની ફરિયાદ છે. દુઃખના ચક્રવ્યૂહમાંથી છૂટવા સૌ મથે છે. તે માટે માણસ ભણે છે, કમાય છે, કમાવા વતન છોડી સાત સાગર પાર જવાનું સાહસ કરે છે. પરણે છે. દાન કરે છે. લોકસેવા કરે છે. શોખ પાછળ પરસેવાની પૂંજી વાપરે છે. છતાં દુઃખ એના પીછો છોડતું નથી. અસહાય બની તે વ્યસનની આગમાં સુખ માટે ઝાવાં નાખતો સળગી જાય છે.

આ તો છે પ્રવાહી (સંસારી) જીવોના સુખની શોધનો નકશો. જે જ્ઞાની છે, સમજુ છે તે ય સુખ તો શોધે જ છે. અલબત્ત, એમનો શોધનો નકશો જુદો છે. દુન્યવી સુખ મૃગજળ છે એ હકીકત એમને સમજાઇ ગઇ છે, તેથી શોધે છે સ્વર્ગનું સુખ. એ માટે તપનું દમન વેઠે છે, યજ્ઞ - વ્રતની કઠોરતા સહ્ય બનાવે છે. પૂજા - ઉપાસનામાં જિંદગી વીતાવી દે છે. એમના લમણામાંથી યે દુઃખની કુંડળી તો નથી જ ભૂંસાતી.

આખરે માણસ કાયર બને છે. સમુદ્રમાં ડૂબતો તણખલું પણ પકડે, એમ આપણે બધા રસ્તે દોડતા, હાંફતા, પછડાતા, અથડાતા, થાક્યા, હાર્યા અંતિમ શ્વાસ લેતાં પણ દુઃખની ફરિયાદ ચાલુ રાખીએ છીએ.

આ સંજોગોમાં શ્રીમહાપ્રભુજી આપણને સાચા સુખને નકશો બતાવે છે. તે નકશો બીજા કોઇએ બતાવ્યો નથી.

શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને સ્પષ્ટ વાત કહે છે. તમે વૈદિક, લૌકિક

માર્ગથી મોક્ષ મેળવવાની - દુઃખોમાંથી મુક્તિ મેળવવાની કઠિનમાં કઠિન રીતો જાણી તમને ભક્તિમાર્ગ દ્વારા મોક્ષ મેળવવા - સુખ પામવાની ઇચ્છા થાય તે સહજ છે. પરંતુ તે માટે એક પાયાની શરત છે - ભગવાનમાં અનન્યતા અને દૃઢ શરણાગતિ.

આપણે શ્રીમહાપ્રભુજીને પ્રશ્ન કરીએ કે શા માટે તમે શ્રીકૃષ્ણને જ ભગવાન કહો છો ? શા માટે તેમની શરણાગતિનો અમને ઉપદેશ આપો છો? એનો જવાબ શ્રીમહાપ્રભુજી ''કૃષ્ણાશ્રય'' ગ્રંથમાં આપે છે.

આશ્રયની જરૂર

માણસ કેવળ એની જાતે, એની શક્તિથી નથી દુઃખમાંથી મુક્ત થઇ શકતો કે નથી સુખ પામી શકતો. એને કોઇ વધુ શક્તિશાળી માણસના સહારાની જરૂર પડે છે. સહારા માટે સંસ્કૃતમાં 'આશ્રય' શબ્દ છે. તેનો અર્થ શરણ - આશરો સંસ્કૃતમાં 'શરણ' શબ્દના બે અર્થ છે (૧) ઘર (૨) રક્ષક. જગતમાં માણસ બેનો આશરો. લે છે. સલામતી માટે ઘરનો અને પોતાનું રક્ષણ કરનાર રક્ષકનો.

માતાપિતા બાળકનું રક્ષણ કરે છે, તેથી તેઓ રક્ષક છે. બાળક ઘરમાં સુરક્ષિત રહે છે.

દુનિયામાં આવાં અનેક આશ્રયસ્થાનો છે. પરંતુ જ્યાં આખરે દરેક વસ્તુ અને વ્યક્તિ જ નાશવંત હોય, ત્યારે કાયમી આશ્રય તો કોનો મળે? આપનારની શક્તિ પણ દુનિયામાં સીમિત છે. અલ્પ છે. આજે એનામાં એ શક્તિ છે, કાલે એ શક્તિ ન પણ રહે વળી અલ્પ શક્તિવાળા ઉપર ભરોંસો પણ કેટલા મૂકાય?

કોઇ માણસ આશ્રય માટે એક બહુ મોટા શ્રીમંતની ઘણી ખુશામત કરે, ચાકરી કરે, જાત ઘસી નાખે, છતાં વખત આવે તે શ્રીમંત એનું મોં જ ફેરવી લે, હાથ ઊંચા કરી લે ! પેલો માણસ ક્યાંયનો નહીં રહે, હતોત્સાહ થઇ જશે.

કેટલાક લોકોને એવી પ્રકૃતિ હોય છે કે કોઇ એક પર વિશ્વાસ ન રાખે. એમનું દુઃખ દૂર કરવા બધાની મદદ માગતા ફરે. ત્યારે દરેક માણસ એવો વિચાર કરે કે બીજા મદદ કરશે. મારે જ મદદ કરવી એવી કોઇ જરૂર નથી. મદદ માગવા ઘેર ઘેર ફરનાર રખડી પડે, મહેનત વ્યર્થ જાય.

આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે તમને તમારાં દુઃખ દૂર કરવા આશ્રયની જરૂર છે, સુખ - આનંદ પામવા આશ્રયની જરૂર છે. તમે વગર વિચારે ગમે તેનો આશ્રય ન લેશો. અનેકનો આશ્રય પણ ન લેશો આશ્રય એકનો જ લો એવાનો જ લો કે જેમનાથી વધુ શક્તિશાળી બીજું કોઈ જ ન હોય. જેમનાથી વધુ સુખ - આનંદનો ભંડાર બીજા કોઈ પાસે ન હોય.

શ્રીકૃષ્ણનો આશ્રય કેમ?

આવુ આખા જગતમાં એક જ છે અને તે કૃષ્ણ. વેદ કહે છે કૃષ્ણ એટલે સર્વથી વધુ શક્તિ અને સામર્થ્યવાળા તથા પૂર્ણ આનંદના સાગર. એટલો આનંદ કે ગમે તેટલો ઉલેચો, તો યે ઘટે નહીં. કૃષ્ણ પરમાત્માનું નામ છે. કૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે. ગીતાજીમાં પણ શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવી, આ સત્યની ખાત્રી કરાવી અને આજ્ઞા કરી કે તું કેવળ મારા જ શરણે આવ. શ્રીભાગવતજી પણ આ જ સત્ય બતાવે છે કે કૃષ્ણ સ્વયં સાક્ષાત ભગવાન છે. જેમનામાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના છ યે ધર્મો હોય તે 'ભગવાન' કહેવાય. જેમનામાં શ્રી, કાંતિ, ગિરા, પુષ્ટિ, ઈચ્છા આદિ બારે શક્તિઓ હોય તે ભગવાન કહેવાય. જે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર વગેરે દશે લીલાઓ કરી શકે તે ભગવાન. જે જગતનું સર્જન, પાલન અને પ્રલય કરે તે ભગવાન - જેમના અંશ, કલા, વ્યૂહ, ગુણ રૂપ અનેક દેવ દેવીઓ અને અવતારો પ્રકટ થયા છે અને તેઓ જેમની આજ્ઞામાં રહે છે તે ભગવાન. આવા ભગવાન કેવળ કૃષ્ણ જ છે. એમનાથી શક્તિશાળી બીજું કોઈ નથી. એનાથી વધીને કૃપાળુ અને ઉદાર બીજું કોઈ નથી. એમનાથી વધીને સુખકારી પણ બીજું કોઈ નથી.

વળી પરમાત્મા કૃષ્ણના જ આપણે અંશ છીએ. માતા-પિતા સહજ રીતે સંતાનનું રક્ષણ કરે, આશરો બને. માતા-પિતા એને ઉપકાર ન માને, સપાડું ન ચડાવે. માલિક દાસની કાળજી ફરજ સમજીને લે. પુત્ર કુપુત્ર થાય, તો પણ માવતર કમાવતર ન થાય. પરમાત્મા કૃષ્ણ આપણા પિતા છે, સ્વામી છે. આપણે તેમનાં સંતાન છીએ, દાસ છીએ. સંતાન માતાપિતાને પડતાં મૂકી, બીજાની મદદ માગવા જાય તો તે ઉચિત નથી. માતાપિતા અપ્રસન્ન થાય. માતાપિતા જ એવાં છે કે જેઓ સંતાનનું હિત હોય તે બધું વગર માગે આપે. કૃષ્ણ આવા જ પિતા છે. એમનો આક્ષય છોડી, બીજાનો આશ્રય કરવો તેનો અર્થ કૃષ્ણમાં અવિશ્વાસ

કરવો. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વૈષ્ણવે કૃષ્ણનો જ દૃઢ આશ્રય રાખવો. કૃષ્ણને છોડી, અન્ય કોઈનો આશ્રય ન કરવો. કૃષ્ણના આશ્રયથી જેટલું દુઃખ જશે અને સુખ મળશે, એટલું બીજાના આશ્રયથી નહીં મળે. વૈષ્ણવી જીવનની પહેલી શરત છે કૃષ્ણાશ્રય.

કયા અન્ય આશ્રય છોડવા?

એક અપરિણીત યુવક અથવા યુવતી છે. જીવનસાથી નક્કી કરવાની ઘડી આવી ગઈ છે. પાંચ - દસ પાત્રો જોયાં, ફોટા મેળવ્યા. વિચાર કરવા પાકીટ કે પર્સમાં રાખ્યા. કોઈને તેનો વાંધો નથી. આખરે એક પાત્ર નક્કી થયું. સગપણના ગોળધાણા ખવાયા. હવે તે વ્યક્તિના પાકીટ કે પર્સમાં પેલા પાંચ - દસ ફોટા નહીં ચાલે. એક જ ફોટો રાખી, બાકીના તજી દેવા પડે. એકને અનન્ય બનીને રહેવું એ સુખી - સફળ લગ્નજીવનની પહેલી અને મહત્ત્વની શરત છે.

આથી આપણા હિંદુ ધર્મમાં અને ભારતીય સંસ્કૃતિમાં લગ્નને કોન્ટ્રેક્ટ નથી માન્યું, સંસ્કારનો દરજ્જો આપ્યો છે. એકને છોડી, પડતા મૂકી, બીજાની પાછળ ભમવાની ભ્રમરવૃત્તિને નિંદનીય વ્યભિચાર કહ્યો છે.

લૌકિકમાં સ્ત્રીપુરુષ લગ્ન વખતે સપ્તપદીની પ્રતિજ્ઞાથી બંધાય છે, તેમ આપણે જીવાત્મા શ્રીકૃષ્ણ પરમાત્મા સાથે અલૌકિક લગ્નની સપ્તપદીની પ્રતિજ્ઞા - બ્રહ્મસંબંધથી બંધાયા છીએ. શ્રીકૃષ્ણને આપણા સ્વામી તરીકે સ્વીકાર્યા છે - શ્રીકૃષ્ણઃ શરણં મમ. એમ ત્રણવાર શ્રીગુરુદેવ સામે કહ્યું છે. ત્યારે હવે શ્રીકૃષ્ણને છોડી, બીજાનો આશ્રય કરવાનો વ્યભિચાર આપણાથી ન જ થાય.

મનોવિજ્ઞાન શીખવે છે કે કોઈ વસ્તુ કે વ્યક્તિના સ્વીકારનો અસ્વીકારનો નિર્ણય ક્યારેક પોઝીટીવ એપ્રોચથી થાય, તો ક્યારેક નેગેટીવ એપ્રોચથી થાય. જેમકે, બાળકને દૂધ પીતું કરવા અને દૂધ પીવાના ફાયદા બતાવાય તે પોઝીટીવ એપ્રોચ. દૂધ ન પીવાના ગેરફાયદા બતાવાય તે નેગેટીવ એપ્રોચ. માણસને ખબર પડે કે આમ કરવાથી મને ગેરલાભ થશે, તો તે તરત જ તે વાત છોડી દે છે. હાર્ટપેશન્ટને ધૂમ્રપાનથી થતું નુકસાન સમજાવી, ડોકટર તેનું ધ્રૂમપાન છોડાવે છે.

એવી રીતે શ્રીમહાપ્રભુજી અન્યના આશ્રયથી કોઈ લાભ નથી એમ સમજાવી, કૃષ્ણાશ્રય કરવા ઉપદેશ આપે છે.

શ્રીમહાપ્રભુજી ધર્માચાર્ય છે. તેથી ધર્મમાર્ગથી અન્ય અને પોતાનું એવો તફાવત સમજાવે છે. શાસ્ત્રોએ દુઃખ દૂર કરવા અને સુખ પામવા ધર્માચરણનો ઉપદેશ આપ્યો. ધર્માચરણથી લૌકિક અને અલૌકિક બંને દુઃખ જાય અને બંને સુખ મળે એમ શાસ્ત્રો કહે છે. ધર્માચરણ માટેનાં મુખ્ય છ અંગ છે. (૧) દેશ (૨) કાલ (૩) દ્રવ્ય (૪) કર્તા (૫) કર્મ (૬) મંત્ર. આ છ અંગ શુદ્ધ અને પવિત્ર હોવાં જરૂરી છે. હાલ કલિયુગ ચાલે છે. કલિ એટલે કલહ - અધર્મ - અનીતિ. આવા દુષિત યુગમાં આ છ અંગો શુદ્ધ અને પવિત્ર કયાંથી મળે? એ અંગો સો ટકા શુદ્ધ અને પવિત્ર ન મળે તો, ધર્માચરણ વિધિવત્ સંપૂર્ણ થાય નહીં. તેથી દુઃખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિ પણ ન જ થાય.

આ સંજોગોમાં બીજો ઉપાય શો? શ્રીમહાપ્રભુજી આ છ અંગોના દોષ બતાવી, તેમનો આશ્રય છોડી, કૃષ્ણાશ્રય સ્વીકારવા સમજાવે છે.

દુષિત કાલ

હાલ કલિયુગ ચાલી રહ્યો છે. કલિયુગનો સમય દુષ્ટ સમય ગણાય છે. સમયની અસર આપણા મન, વિચાર, વાણી, શરીર અને વર્તન ઉપર થાય છે, તેથી ધર્માચરણમાં શરીરનું ઘણું મહત્વ બતાવવામાં આવ્યું છે.

શ્રીભાગવતજીમાં જણાવ્યા પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે સ્વધામ પધાર્યા, તે જ દિવસે પૃથ્વી ઉપર કલિયુગ શરુ થયો. રાજા પરીક્ષિતનું ત્યારે રાજ્ય હતું. કલિયુગે જનજીવનમાં પગપેસારો કર્યો. કલિયુગનો સ્વભાવ દુષ્ટ, ક્રૂર અને કપટી છે. તેણે ભકતહૃદયના રાજા પરીક્ષિતને ફોસલાવી, તેમના રાજ્યમાં ચાર સ્થાન મેળવ્યાં : (૧) જુગાર (૨) મદિરાપાન (૩) કલહ (૪) વ્યભિચાર - પરસ્ત્રીસંગ. પાછળથી પરીક્ષિતે કલિયુગને એક વધારે સ્થાન આપ્યું, અને તે સોનું. આ પાંચ રહેતાં રહેતાં કલિયુગે આપણા તન, મન ઉપર કબજો જમાવી લીધો. તેને પરિણામે આપણે પાયાની વાત ભૂલી ગયા કે ધર્મ જીવનવૃક્ષનું મૂળ છે. મૂળ મજબૂત હોય તો વૃક્ષ ફૂલેફાલે. ધર્મ મજબૂત હોય તો જીવનવૃક્ષ દુકાળમાં પણ હરિયાળું રહે અને ઝંઝાવાતોમાં અડીખમ રહે. ધર્મરુપી મૂળ કપાઇ જાય તો જીવનરૂપી વૃક્ષનું ભક્તિરૂપી પુષ્પ અને પરમાત્મારૂપી ફળ સાંપડે નહીં.

શ્રીભાગવતજીએ ધર્મના ચાર પાયા બતાવ્યા છ : (૧) સત્ય (૨) દયા (૩) તપ (૪) પવિત્રતા. આજે કલિયુગમાં ધર્મના આ ચારે પાયા લગભગ નાશ

પામ્યા છે. તેને લઈને જે ધર્મ દેખાય છે તે સાચો શુદ્ધ ધર્મ નથી. ધર્મનો આત્મા મરી પરવાર્યો છે, ધર્મનું જડ ખોળીયું રહી ગયું છે. માનવજીનમાં ભોગનું વર્ચસ્વ રહ્યું છે, ઇન્દ્રિયોના સુખોનું સામ્રાજ્ય ફેલાયું છે, જીવનના કેન્દ્રમાં વિષયવાસનાઓ વધી છે, માણસ જીભ અને જનનેન્દ્રિયનો ગુલામ બન્યો છે. આ બધો કલિયુગનો પ્રભાવ છે. માટે કલિયુગને દુષ્ટધર્મવાળો કહ્યો છે.

આપણે રસ્તેથી પસાર થતા હોઈએ, કોઈ વૃદ્ધ માણસ પડી ગયા ત્યારે તેમના તરફ દયા બતાવવાને બદલે ચાલ્યા જઈએ તો તે અધર્મ છે. કલિયુગનો તે પ્રભાવ છે. એવી જ રીતે કોઈક માણસ રસ્તા પર પડીને બેભાન બનેલાને પગથી લાત મારતો જાય તો તે દુષ્ટધર્મ છે. સદા સત્ય બોલવું એ સદ્ધર્મ છે. સત્ય છુપાવી મૌન રહેવું એ અધર્મ છે. જાણી જોઈએ જૂઠું બોલવું એ દુષ્ટધર્મ છે. કલિયુગને કારણે આપણા જીવનમાં અધર્મ અને દુષ્ટધર્મ વધ્યાં છે, પરિણામે સદ્ધર્મ આપણા જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ જવાને બદલે તે પાર્ટ-ટાઈમ પ્રવૃત્તિ બન્યો છે, આપણો સ્વાર્થ સાધવાનું સાધન બન્યો છે. ધર્મ આપણા હૃદયમાંથી ઉગતો નથી, બહારથી - ઉપરથી લદાયેલા બોજા જેવો બની ગયો છે. એટલે કલિયુગના દુષ્ટ પ્રભાવથી આપણે સદ્ધર્મથી દૂર ભાગીએ છીએ.

દુષ્ટધર્મોનું જ બીજું નામ ખલધર્મ છે. જેમાં બહારથી ધર્મનો આભાસ જણાય, પરંતુ અંદર દોષો ભરેલા હોય એવો ધર્મ ખલધર્મ કહેવાય છે. કોઈ માણસ જપ કરવા ગૌમુખી લઈને બેસે, પરંતુ તેના મનમાં બીજાને પીડા પહોંચાડવાનો પ્લાન બનાવે તો તે ખલધર્મ છે. માણસ મંદિરે જાય, પરંતુ શ્રીઠાકોરજીનાં દર્શન કરવાને બદલે પરિચિતો મળી, નિંદા-કૂથલી કરે તો તે ખલધર્મ છે. કથાકાર શ્રીભાગવતજી વગેરેની કથા કરતાં પહેલાં યજમાન સાથે કથાના ભાવ ઠરાવી, શરતો નક્કી કરી, કથા કરવા બેસે તો તે ખલધર્મ છે. આપણને બીજાઓ સાથે ધંધાની હરિફાઈ હોય ત્યારે બીજાઓ આપણા કરતાં આગળ ન નીકળી જાય તે માટે આપણે મનમાં તેમના તરફ ઈર્ષા અને દ્વેષ રાખીએ, તેમને નીચા પાડવા માટે વ્રત, દાન વગેરે ધર્મકાર્યો કરીએ તો તે ખલધર્મ છે. બીજા કરતાં આપણે મોટા છીએ એવું બતાવવા આપણા હરીફ કરતાં વધારે દાન આપીએ તો તે પણ ખલધર્મ છે. આમ કપટ, ઈર્ષા, દ્વેષ, હરિફાઈ જેવા મલીન હેતુઓથી કરવામાં આવેલાં ધર્મકાર્યો દુષ્ટધર્મ યાને ખલધર્મ છે.

આ ખલધર્મનું કારણ કાલનો - વાતાવરણનો પ્રભાવ છે. કેટલાક ઋષિમુનિઓ ગૃહસ્થાશ્રમ છોડી, રાજપાટ છોડી, વનમાં તપ કરવા ગયા. સંન્યાસી બનેલા તે ઋષિમુનિમાં વનમાં પશુ-પક્ષીના યુગલોની રતિક્રીડા જોઇ સંયમ, તપ અને પવિત્રતા ગુમાવી બેઠા. વસંતઋતુના પ્રભાવથી અને અપ્સરાઓના નૃત્યથી પણ એ મહાત્માઓ વિચલિત થઇ ગયા. તેઓ કાલદોષને વશ બન્યા. આમ, કલિયુગનો કાલદોષ મહા ભયંકર છે. મોટા મોટા મહાત્માઓને પણ અધોગતિ તરફ લઇ જનારો છે.

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું કે કાલદોષથી સંગદોષ થાય છે અને સંગદોષથી ધર્મનાશ થાય છે. શ્રીકૃષ્ણે રાજા પરીક્ષિતની રક્ષા પરીક્ષિતના માતાના ગર્ભમાં કરી હતી. પરીક્ષિત શ્રીકૃષ્ણના એવા કૃપાપાત્ર ભગવદ્‌ભક્ત હતા, છતાં કાલદોષ અને સંગદોષથી તેઓ દુષ્ટધર્મી બન્યા સમ્યક્‌ઋષિના તપોવનમાં તેમણે અહંકારથી સમાધિમાં બેઠેલા મુનિના ગળામાં મરેલો સાપ બાણની અણીથી ઊંચકી લટકાવી દીધો. ઋષિનો તિરસ્કાર કર્યો. કાલના ઉપદ્રવનું આ પરિણામ હતું તેથી તેમનો સર્વનાશ થવાની ઘડી આવી, પરંતુ શ્રીભાગવતજીએ તેમનું મૃત્યુ સુધાર્યું.

મહાભારતનો દુર્યોધન પણ કાલદોષથી થતા દુષ્ટધર્મનું જાણીતું પ્રતીક છે. તે કબૂલ કરે છે કે ધર્મ ન જાણવાથી હું અધર્મી નથી. હું ધર્મ તો જાણું છું, પરંતુ તેનું આચરણ કરી શકતો નથી. આપણી સ્થિતિ પણ દુર્યોધનના જેવી જ છે. પુષ્ટિમાર્ગનો ધર્મ આપણે જાણીએ છીએ, પરંતુ કલિયુગના કાલદોષને લઇને પુષ્ટિમાર્ગના સદ્‌ધર્મનું આચરણ આપણે કરી શકતા નથી. તે સદ્‌ધર્મ છોડી, આપણે ખલધર્મોનું આચરણ કરવામાં ગળાડૂબ છીએ. તે જોઇને શ્રીમહાપ્રભુજી પ્રશ્ન કરે છે કે આવી સ્થિતિમાં આપણી આલોક અને પરલોકમાં શી ગતિ થશે?

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ખલધર્મવાળા કલિયુગના દુષ્ટ પ્રભાવને લઈને બે દુઃખદ અને ચિંતાતુર પરિસ્થિતિઓ જન્મી છે. : (૧) પ્રભુની પ્રાપ્તિ માટેના બધા જ રસ્તા નાશ પામ્યા છે, (૨) જગતમાં પાખંડ ને છળકપટ વધી ગયાં છે. સત્યયુગમાં, ત્રેતાયુગમાં અને દ્વાપરયુગમાં જ્ઞાન, કર્મ અને ભક્તિના જે માર્ગો હતા એ બધા માર્ગો કલિયુગમાં નાશ પામ્યા છે. આ ત્રણ પૈકી કોઇપણ માર્ગે ચાલી શકાય એવું રહ્યું જ નથી, ત્યારે આપણે પરમાત્મા સુધી ક્યા માર્ગથી પહોંચીશું ?

જે ધર્મ પરમાત્મા સુધી આપણને પહોંચાડે છે તેને માટે શ્રીમહાપ્રભુજી 'માર્ગ' શબ્દ વાપરે છે. માર્ગ શબ્દ મૃગ્ ધાતુ પરથી બન્યો છે, જેનો અર્થ છે શોધવું. જેમ પેટ ભરવા શિકારની સતત શોધ કરતાં પ્રાણીઓને મૃગ કહેવાય છે, તેમ પરમાત્માને પામવા માટેની શોધને માર્ગ કહેવામાં આવે છે.

આપણે પ્રવાસે જવા નીકળીએ, રસ્તો બ્લોક થઇ ગયો હોય તો બીજો રસ્તો પકડીએ, તે પણ આગળ બ્લોક થઇ ગયો હોય તો ત્રીજો રસ્તો લઇએ,તે પણ બ્લોક થયેલો દેખાય - બધા જ રસ્તા બ્લોક થયા હોય તો આપણે અધવચ્ચે રખડી,પડીએ છીએ અને જ્યાં પહોંચવું છે ત્યાં પહોંચી શકતા નથી. એવું જ આ સર્વ ધર્મમાર્ગોનું થયું છે. આજે દેખાતા ધર્મમાર્ગો માત્ર છેતરામણા જેવા છે. પરમાત્મા સુધી પહોંચાડવાની ક્ષમતા ગુમાવી બેઠેલા છે, ત્યારે એ વિકૃત થયેલા ધર્મોને છોડી દેવા સિવાય બીજો કોઇ વિકલ્પ આપણી પાસે રહેતો નથી.

ધર્મ પાખંડી બનવાથી તે આચરનારો સમાજ પણ પાખંડી બન્યો છે. કેટલાક ઋષિમુનિઓએ પણ વેદનાં જુદા જુદાં અર્થઘટન કર્યાં. તેમાંથી આસ્તિક અને નાસ્તિક એવી બે વિચારધારાઓ પ્રગટી. નાસ્તિક વિચારધારા પાખંડધર્મ છે. વેદમાં યજ્ઞને ભગવાનનું સ્વરૂપ બતાવ્યું. પાછળથી કેટલાક લોકોએ યજ્ઞમાં પશુબલિ અને નરબલિની આહુતિઓ આપી, યજ્ઞધર્મને પાખંડધર્મ બનાવ્યો. શક્તિપૂજકોએ વામમાર્ગ પ્રચલિત કર્યો. તે પણ પાખંડધર્મ છે. વેદનો સ્વીકાર ન કરનારા ધર્મો પણ પાખંડધર્મો છે. કેટલાક લોકો વેદનો સ્વીકાર કરે છે, પંરતુ મૂર્તિપૂજાનો અનાદર કરે છે. તે પણ પાખંડધર્મ છે. ટૂંકમાં, જેઓ વેદને માન્ય રાખતા નથી, વેદને પ્રમાણ તરીકે સ્વીકારતા નથી એવા બધા ધર્મો પાખંડધર્મો છે. કેટલાક આચાર્યોએ વેદના અર્થો પોતાને અનુકૂળ આવે તે પ્રમાણે બદલ્યા. તેના પરિણામે જ્ઞાનમાર્ગ દુષિત અને પાખંડી થયો. કર્મમાર્ગ અને ઉપાસનામાર્ગ પણ પાખંડી બન્યા. આજે યોગના નામે કેટલીક ભૌતિક ચમત્કારિક સિદ્ધિઓ મેળવવાંના પ્રયત્નો થાય છે. યોગનો ઉપયોગ મોક્ષ માટે ન થતાં માત્ર દેહની તંદુરસ્તી વધારવા માટે થાય છે. તેથી યોગધર્મ પણ પાખંડી બન્યો છે.

કલિયુગમાં ભક્તિ પણ દુષિત અને વિકૃત થઇ છે. ભક્તિ દ્વારા પરમાત્માને પામવાનો હેતુ વીસરાઇ ગયો છે. ભક્તિના નામે પૈસાથી ભગવાનને ખરીદવાના પ્રયત્નો થાય છે. ભક્તિનો માર્ગ વેપારીમાર્ગ બની ગયો છે. ભક્તિમાર્ગમાં

પણ આજે ભરપૂર પાખંડ પેસી ગયો છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે પાખંડ વિના જગતમાં બીજું કંઇ બચ્યું નથી.

આ સંજોગમાં કાલદોષના પ્રભાવથી આપણે ધર્માચરણ કરીને પરમાત્માને મેળવી શકવાના નથી. જેમ એક બાળક માતાની આંગળી પકડી ચાલતું હોય પણ તે થાકી જાય એટલે રસ્તા પર બેસી જાય છે. દયાળુ માતા બાળક પર દયા લાવી, તેની અશક્તિને ધ્યાનમાં લઇ તેને તેડી લે છે અને જયાં જવાનું છે ત્યાં લઇ જાય છે, તેમ કૃપાસાગર કૃષ્ણ જ માતા જેવા છે. જ્યારે બધા ધર્મો બ્લોક થઇ જવાથી આપણે થાકી-હારી, મુંઝાઇને એમનું શરણ લઇ, બેસી જઇએ ત્યારે તેઓ સામે પગલે પધારી, બાળક જેવા આપણને ઉંચકીને તેમના ચરણારવિંદમાં મૂકી દે છે. આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીકૃષ્ણ જ મારા રક્ષક હજો, શ્રીકૃષ્ણ જ મારું શરણ હજો.

દુષિત દેશ

જેમ કાલ દુષિત છે, તેમ દેશ પણ દુષિત છે. દુષિત કાલના દુષ્ટ પ્રભાવની અસર દેશ ઉપર પણ થાય છે. કલિયુગ પૂર્વે આપણો ભારત દેશ આર્યાવર્ત તરીકે પ્રસિદ્ધ હતો. આર્ય શબ્દનો અર્થ છે સર્વગુણસંપન્ન - શ્રેષ્ઠ. શ્રેષ્ઠ મનુષ્યોની ભૂમિ એટલે આર્યાવર્ત. ત્યાં વસનારી પ્રજા વેદની આશ્રિત હતી. પરમાત્માની પ્રાપ્તિ માટે જ તત્પર હતી. ભારતીય સંસ્કૃતિ સંયમ અને સાત્વિકતાની સંસ્કૃતિ હતી. તે સંસ્કારોની સંસ્કૃતિ હતી. આ દેશ સાથે પ્રથમ ચક્રવર્તી સમ્રાટ અને પછી મહામુનિ બનેલા ભરતનું નામ જોડાયેલું છે. તે એમ સૂચવે છે કે અઢળક સંપત્તિ અને સત્તા મળ્યા પછી પણ તેનો નશો આ પ્રજાને કદી થતો નથી. જેમ માણસ જૂનાં કપડાં ત્યજી, સહજ રીતે નવાં કપડાં પહેરે તેમ આ દેશના લોકો ઇશ્વરેચ્છાથી મળેલી સત્તા અને સંપત્તિ છોડી, વનવાસ કરી શકે છે. આ દેશની સંસ્કૃતિ ભોગસંસ્કૃતિ ન હતી, પણ ધર્મસંસ્કૃતિ હતી, તેથી ભારતની ભૂમિ દેવોની ભૂમિ કહેવાય છેં. પરમાત્માએ જે ચોવીસ અવતારો લીધા, તે ચોવીસે અવતારો પૃથ્વી ઉપર જ લીધા છે. બીજા કોઇ લોકમાં લીધા નથી. પૃથ્વી ઉપર ઋષિમુનિઓ, સંતો-મહાત્માઓ અને આચાર્યો જંગમતીર્થ બની, પ્રજાને ધર્મ તરફ પ્રેરતા રહ્યા છે. તેત્રીસ કરોડ દેવતાઓ અહીં તેત્રીસ કરોડ તીર્થ બનીને વસ્યા છે.

પૃથ્વી ઉપર આટલું ધર્માચરણ થયું, તેનું કારણ સ્થળનો પ્રભાવ છે.

કેટલીક ભૂમિ જ એવી હોય છે કે જ્યાં આપણને અંદરથી શાન્તિ અને પ્રસન્નતાનો અનુભવ થાય, તો કેટલીક ભૂમિ એવી પણ હોય છે કે જ્યાં બાહ્ય સુંદરતા હોવા છતાં મનમાં ક્લેશનો અનુભવ થાય.

માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે આપણા ભારત દેશની ભૂમિ આવી તપોભૂમિ અને ભગવદ્‌ભૂમિ હતી, પરંતુ કલિયુગમાં તેનું ચિત્ર બદલાઇ ગયું. યવનોનાં આક્રમણો આ દેશ પર શરૂ થયાં, તેથી આ દેશના બધા પ્રદેશો દુષિત બની ગયા.

મ્લેચ્છ શબ્દના બે અર્થ મળે છે. અફઘાનિસ્તાન, ચીન વગેરે યવનદેશોમાંથી આવેલા મુસલમાન આક્રમણકારો મ્લેચ્છ તરીકે ઓળખાય છે, કારણ કે તેઓ મલીન ઇચ્છાઓ લઇને આવ્યા હતા. વળી, તેઓ ધર્મે નહીં સ્વીકારેલા મદિરા, માંસ વગેરે મલીન પદાર્થોનું સેવન કરનારા હતા, તેથી તેમને મ્લેચ્છ કહ્યા છે.

શ્રીમહાપ્રભુજીના સમયમાં આવા મ્લેચ્છ લોકોનું આક્રમણ વધી ગયું હતું. શ્રીમહાપ્રભુજીને પણ મથુરામાં અને વ્રજમાં-બહુલાવનમાં એનો અનુભવ થઇ ચૂક્યો હતો. શ્રીનાથજીને પણ ગિરિરાજ પરથી ટોડનાઘનાના જંગલમાં પધરાવવા પડ્યા હતા. શ્રીગોકુલનાથજીને માળાતિલકના રક્ષણ માટે આ મ્લેચ્છોનો જોરદાર પ્રતિકાર કારવો પડ્યો હતો. ઔરંગઝેબના સમયમાં શ્રીનાથજીને કાયમ માટે ગિરિરાજ છોડી, મેવાડ પધારવું પડ્યું હતું.

શ્રીમહાપ્રભુજી ત્રિકાળજ્ઞાની છે. એટલે પૂર્વે બનેલા, પોતાના સમયમાં બનેલા અને ભવિષ્યમાં બનનારા બનાવોને ધ્યાનમાં લઇને આપણને સમજાવી રહ્યા છે કે આવા મ્લેચ્છો આ દેશનો કબજો લઇ રહ્યા છે. જેમ પ્રાચીન સમયમાં રાક્ષસો યજ્ઞને ભ્રષ્ટ કરતા હતા, તેમ, આ મ્લેચ્છો વેદનિંદા, ધર્મનિંદા અને ભગવદ્‌નિંદા કરે છે. તેમના આધિપત્યેને કારણે હવે ભારતદેશમાં મુક્ત રીતે ધર્માચરણ કરવાનું શક્ય રહ્યું નથી.

શાસ્ત્રો કહે છે કે હિંદુ થઇને પણ જે વેદનિંદા, ધર્મનિંદા અને ભગવદ્‌નિંદા કરે છે તે બીજા જન્મમાં આવા મ્લેચ્છ બને છે. વિધર્મી મુસલમાનોએ આ દેશને ભ્રષ્ટ કર્યો, તો કેટલાક અધર્મી હિંદીઓએ પણ આ દેશને ભ્રષ્ટ કર્યો છે. આવા અધર્મનો માર્ગ ગ્રહણ કરનારા ચાર પ્રકારના લોકો જોવા મળે છે.

(૧) અતિ તામસ પ્રકૃત્તિવાળા :

જેઓ સ્વભાવે અત્યંત ક્રૂર અને નિર્દય છે, હિંસક પ્રવૃત્તિઓમાં રસ લેનારા છે તેઓ સ્વભાવે ધર્મવિરોધી હોય છે. ધર્માચરણ કરનાર પ્રત્યે ક્રૂર અને દયાહીન હોય છે. જ્યાં આવા લોકો વસે છે ત્યાં ધર્માચરણને આશ્રય મળતો નથી.

(૨) ધર્મવિરોધીઓ :

કેટલાક લોકો મૂળભૂત રીતે સ્વભાવથી ધર્મના વિરોધી હોય છે. તેમને ધર્મમાં શ્રદ્ધા હોતી નથી, એટલે તેઓ ધર્મ આચરનારની નિંદા કરે છે, ધર્મની નિંદા કરે છે, લોકોની શ્રદ્ધાને ડગાવે છે. જ્યાં આવા લોકો રહેતા હોય ત્યાં પણ ધર્માચરણ કપરું બને છે.

(૩) હીનમંત્રોની ઉપાસના કરનારા :

કેટલાક લોકો મેલી વિદ્યાના સાધકો હોય છે. હીન મંત્રોની ઉપાસના દ્વારા ભૂત-પ્રેતને વશ કરી, તેમની પાસે ઉપદ્રવો કરાવે છે. ધર્મનિષ્ઠ લોકોને પીડા આપે છે, અબૂધ પ્રજાને દોરાધાગા, મંત્રેલા દોરો, મંત્રેલું પાણી વગેરે આપી, દુષ્ટધર્મોનો બહોળો પ્રચાર કરે છે. લોકો ધર્મભ્રષ્ટ કરે છે. આવા લોકોની વચ્ચે પણ ધર્માચરણ મુશ્કેલ બને છે.

(૪) વિષયી લોકો :

જેમ જેમ આપણા જીવનમાંથી સદ્ધર્મ ઘટતો ગયો, તેમ તેમ સંયમ અને સંતોષ, સાત્વિકતા અને સંસ્કાર ઓછા થતા ગયા, અનીતિ નીતિ બની, મૂલ્યોનો આગ્રહ ગયો, પૈસો જીવનનું કેન્દ્ર બન્યો. પૈસાથી મોજશોખ, ભોગ અને વિષયવાસના વધ્યાં. માણસ માણસ મટી, કામાતુર પશુ બન્યો. વિવેકધર્મ ચૂક્યો. તેણે ધર્મના ઓઠા નીચે અધમ વિષયવાસનાઓ પોષાવા માંડી. આવા લોકોના સંગદોષથી ધર્માચરણ કરનાર જીવનભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ બન્યા.

આ ચારે ય પ્રકારના લોકોને શ્રીમહાપ્રભુજી મ્લેચ્છ કહે છે. મ્લેચ્છ જન્મથી, સ્વભાવથી કે કર્મથી હોય છે.

શ્રીમહાપ્રભુજીના સમય પછી અંગ્રેજોના શાસનકાળમાં પણ આ મ્લેચ્છવૃત્તિ ચાલુ રહી. આઝાદી પછી સામ્યવાદી વિચારસરણીનો પ્રભાવ વધ્યો. ભણેલા અને કહેવાતા બુદ્ધિશાળીઓ ઈશ્વરનો અસ્વીકાર કરવા લાગ્યા અને ધર્મને અફીણ

ગણવા લાગ્યા. તેમણે ઢોલ પીટ્યા કે બદ્ધિથી જે ન સમજાય તે ધર્મ નહીં. આમ, આ ભૂમિ પરથી સદ્‌ધર્મ ગયો, ધર્મનાં વિતંડાવાદ વધ્યો. આખો દેશ આજે લગભગ ધર્મવિમુખ બન્યો છે.

એવા સંજોગોમાં શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે શુદ્ધ દેશના અભાવે ધર્મથી ભગવાન સુધી પહોંચી શકાશે નહીં.

આપણા દેશમાં આવેલાં તીર્થસ્થાનો, જે અતિ પવિત્ર ધર્મક્ષેત્રો હતાં તે પણ આ મ્લેચ્છોના આક્રમણથી દુષિત બન્યાં છે. આ ધર્મક્ષેત્રો પાપોનાં ધામ બન્યાં છે. તેમની દિવ્યતા અને પવિત્રતા ચાલી ગઈ છે. શ્રીમહાપ્રભુજી ધર્મક્ષેત્રોમાં થતાં પાપોને ચાર વિભાગોમાં વહેંચે છે. :

(૧) **તામસગુણની પ્રધાનતા :**
ખૂન, હિંસા, મારફાટ, લૂંટ, ગાળાગાળી, બળાત્કાર વગેરે અત્યાચારો.

(૨) **સત્પીડા :**
સજ્જનો, સાધુ-મહાત્માઓને અપાતી શારીરિક, માનસિક અને વાચિક પીડાઓ.

(૩) **સત્પુરુષોને થતો ઉદ્વેગ :**
લોકો અધર્મ આચરીને સદ્‌પુરુષોને ઉદ્વેગ કરાવે છે.

(૪) **દોષોનું વધેલું પ્રમાણ :**
માણસમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ મદ અને મત્સર જેવા દોષોનું પ્રમાણ વધતાં પાપાચરણ, અનીતિનું આચરણ, વ્યભિચાર, ચોરી, લુચ્ચાઈ, શઠતા, પશુતા જેવાં અનેક પાપો વધ્યાં છે. મ્લેચ્છોના સંસર્ગની આ બધી પ્રબળ અસરો છે, જેમણે હજારો વર્ષોના તપ અને ધર્મસાધનાથી દિવ્ય બનેલાં સ્થળોને પણ વિકૃત બનાવી દીધાં છે.

ધર્મક્ષેત્રો અધર્મના અડ્ડા બની ગયાં છે. ત્યાં ધર્માચરણને પોષણ મળવાની કોઈ સંભાવના નથી આ સંજોગોમાં પરમાત્માની પ્રાપ્તિ અશક્ય છે. ધર્મશાસ્ત્રોનો આશ્રય કરીને રહીશું, યાત્રાઓ કરીને ભગવાનને પામીશું એ વાત આકાશના તારા તોડવા જેવી અશક્ય છે. આવી સ્થિતિમાં શ્રીકૃષ્ણનું શરણ જ આપણને બચાવેશે અને તારશે.

દુષિત દ્રવ્ય

દ્રવ્ય શબ્દનો એક અર્થ પૈસો છે, તો દ્રવ્ય શબ્દનો બીજો અર્થ સાધનો છે. જે સાધનથી યજ્ઞ કરવામાં આવે તે સાધનોને યજ્ઞનાં દ્રવ્ય કહેવામાં આવે છે. એવી રીતે જે સાધનોથી ધર્મનું આચરણ કરવામાં આવે તે સાધનોને ધર્મનાં દ્રવ્ય કહેવામાં આવે છે. આવાં ધર્મના દ્રવ્યરૂપ સાધનમાં એક સાધન છે તીર્થયાત્રા અનેતીર્થવાસ. આપણે એવો વિચાર કરીએ કે ભલે આખો દેશ દુષ્ટ થયો હોય, પણ તીર્થો તો પવિત્ર કહેવાય. એટલે તીર્થયાત્રા કરીએ, તીર્થવાસ કરીએ. તીર્થમાં ભગવાન હાજરાહજૂર છે. એમ શાસ્ત્રો કહે છે. તો તીર્થના સેવનથી અમને ભગવાન કેમ નહીં મળે ?

આ પ્રશ્નના જવાબમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ તીર્થોમાં ગુપ્ત રીતે આધિદૈવિક સ્વરૂપે તીર્થના દેવતા બિરાજમાન હતા, તે તીર્થદેવતાઓ તીર્થસેવનનું ફળ આપતા હતા પરંતુ આ તીર્થો ઉપર મ્લેચ્છોનાં આક્રમણ થવાથી તીર્થસ્થાનો ભ્રષ્ટ થઇ ગયાં, ત્યાંથી ધર્મ ચાલ્યો ગયો, અધર્મ અને પાખંડધર્મ વધી ગયા. જેમ ગંદકીમાં સારો માણસ રહે નહીં, તેમ, પાપભૂમિમાં ભગવાનના અંશાવતાર દેવતાઓ પણ રહેતા નથી, તો ભગવાન તો રહે જ કેવી રીતે ? એટલે શ્રેષ્ઠ કહેવાતાં ગંગાજી જેવાં તીર્થક્ષેત્રો પણ દુષ્ટોથી છવાઇ ગયાં છે. ત્યાં સજ્જનો બહુ ઓછા રહ્યા અને દુષ્ટો વધી ગયા, દુર્જનોનો પ્રતિકાર કરવો સંતો માટે મુશ્કેલ બન્યો.

તીર્થોના મૂળ વતનીઓ અને પુરોહિતો પાખંડધર્મને પોષનારા બન્યા, તેથી તીર્થોમાં યાત્રાળુઓ લૂંટાવા લાગ્યા. એકલદોકલ યાત્રાળુ મૃત્યુને ઘાટ ઉતરવા લાગ્યો, ધર્મના નામે પ્રપંચ અને શઠતા વધ્યાં, વ્યભિચાર પોષાવા લાગ્યો, હિંસા થવા લાગી, તીર્થોના કિનારા અસહ્ય ગંદકી અને ગિરદીથી ઉભરાવા લાગ્યા. શ્રદ્ધાભાવ લઇ દૂર દૂરથી આવતાં યાત્રાળુઓને ત્યાં શાન્તિ અને સ્વસ્થતા ન મળ્યાં. સરખી રીતે તેઓ તીર્થપૂજન પણ ન કરી શકે એવી પરિસ્થિતિ ઊભી થઇ. કિનારા પર ઉભરાતાં અસામાજિક તત્ત્વોને કારણે વિધિવત્ તીર્થસ્થાન કરવા ઇચ્છતી બહેન-દીકરીઓની મર્યાદા સાચવવાનું મુશ્કેલ બન્યું.

તીર્થવાસીઓ પાસે સમૃદ્ધિ વધી, તેથી તેમનામાં ભોગ અને વ્યસનોનું પ્રમાણ વધ્યું. તે પોષવા વધારે પૈસા પડાવવા છળકપટ અને ક્રૂરતાનો આશ્રય લેવાયો. તીર્થવાસીઓમાંથી ધર્મના શુદ્ધ આચારવિચાર નાશ પામ્યા. તીર્થ પેટ

ભરવાનું સાધન બની રહ્યું. તીર્થપંડિતો પણ શ્રીમંતોની હા-જી-હા કરનારા પંડાઓ બની ગયા. આવી અશુદ્ધ અને અપવિત્રતાથી ભરપૂર તીર્થરૂપી દ્રવ્ય આપણને ધર્મનામાર્ગે પ્રભુ સુધી પોગંચાડી શકે તેમ નથી.

શાસ્ત્રો કહે છે જે અશ્રદ્ધાળુ છે, પાપી નાસ્તિક છે. શંકાશીલ છે અને લૌકિક હેતુવાળા છે તે પાંચ પ્રકારના માણસોને તીર્થનું ફળ મળતું નથી. તીર્થજળમાં રહેનારાં માછલાં, કાચબા કે દેડકાંને તીર્થસ્થાનનું ફળ કદી મળતું નથી.

તીર્થોની આવી દુઃખદ સ્થિતિમાં તીર્થનો આશ્રય કરવાને બદલે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે શ્રીકૃષ્ણનો જ આશ્રય કરો. શ્રીકૃષ્ણને શુદ્ધ ભાવથી તમારા ઘરમાં પધરાવો. જ્યાં શ્રીકૃષ્ણ બિરાજે ત્યાં આપોઆપ તીર્થ બને.

લોકાશ્રયની વિફળતા :

કાલ, દેશ અને દ્રવ્ય - આ ત્રણેય બાબતો જગત સાથે જોડાયેલી છે, જગતના ભાગરૂપ છે. શાસ્ત્રમાં પૃથ્વીને જગતને 'લોક' કહેવામાં આવે છે, તેથી કાલ, દેશ અને દ્રવ્ય દ્વારા ઇશ્વર મળશે એમ માનવું અને એમ કરવું તે કાલ, સ્થળ અને દ્રવ્યનો આશ્રય કર્યા બરાબર છે, તેથી આ ત્રણેયનો આશ્રય લોકાશ્રય અથવા જગદાશ્રય છે. લોકાશ્રય વસ્તુતઃ અન્યાશ્રય જ છે. કારણ કે કાલ, દેશ અને દ્રવ્ય આપણો ઉદ્ધાર કરી શકે તેમ નથી. તેમનામાં વિશ્વાસ કરવો એ શ્રીઠાકોરજીમાં અવિશ્વાસ કરવા બરાબર છે. માટે જ શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભક્તિમાર્ગમાં અન્યાશ્રય મહાબાધક છે. ભક્તિમાર્ગ ઉપર ચાલનારે સૌથી પહેલાં અન્યાશ્રય છોડવો જ જોઇએ. તેથી શ્રીમહાપ્રભુજીએ લોકાશ્રયના અન્યાશ્રયથી આપણને અળગા રાખવા માટે લોકાશ્રયની વિફળતા બતાવી.

દુષિત કર્તા :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવાનને મેળવવા મથનારા મનુષ્યો ત્રણ પ્રકારના હોય છે. ઉત્તમ, મધ્યમ અને હીન. તેમનું આ વર્ગીકરણ તેમના કર્મને આધારે કરવામાં આવ્યું છે. ઉત્તમ મનુષ્યોમાં સંતો, મહાત્માઓ અને વિદ્વાન પંડિતોનો સમાવેશ થાય છે. મધ્યમ મનુષ્યોમાં દેખાદેખી કર્મ કરનારા અને કર્મનું તાત્પર્ય સમજ્યા વિના કર્મ કરનારાઓનો સમાવેશ થાય છે. હીન મનુષ્યોમાં જેમને ખરેખર કર્મમાં રસ નથી, પરંતુ પોતાના નાના-મોટા સ્વાર્થ માટે જેઓ કર્મ કરે છે તેમનો સમાવેશ થાય છે.

શાસ્ત્રો કહે છે કે ભગવાન માટે કરવામાં આવતું કર્મ કરનારા પણ શુદ્ધ અને પવિત્ર હૃદયના હોવા જોઇએ તેઓ જે કર્મ કરે તે માટેનો તેમનો હેતુ પણ શુદ્ધ અને પવિત્ર હોવો જોઇએ ઉત્તમ બાબત તો એ છે કે કોઇપણ સ્વાર્થ વિના, નિષ્કામ ભાવે કર્મ કરવું જોઇએ. કર્મના કર્તાએ કર્મ કરવાનો પોતાનો અધિકાર સમજીને કર્મ કરવાં જોઇએ. તે કર્મથી પોતાને શું ફળ મળશે, એનો વિચાર કરવાની જરૂર નથી. આવો કર્તા સ્થિતપ્રજ્ઞ હોવો જોઇએ, એમ ગીતાજીમાં સમજાવ્યું.

આવી રીતે કર્મ કરનારા કર્તા જ પોતાના વાણી, વિચાર અને વર્તનથી સમજીને ધર્માચરણનો ઉત્તમ નમૂનો શીખવી શકે છે, સમાજને ખોટા માર્ગે જતાં અટકાવી શકે છે. પરંતુ આજના સમયમાં આવા શુદ્ધ, પવિત્ર કર્તાઓ મળવા મુશ્કેલ છે. કર્તા અશુદ્ધ અને અપવિત્ર હોવાથી તેમણે કરેલા કર્મનું ઉત્તમ ફળ પણ મળતું નથી.

શ્રીમહાપ્રભુજી કહે છે કે જેઓ શાસ્ત્રને સારી રીતે જાણનારા પંડિતો છે અને જેઓ ભગવાનની ભક્તિ કરનારા છે, તેઓ તે બધા કાલદોષને લઇને અહંકારી બની ગયા છે. તેઓ જે પણ જાણે છે અને કરે છે તેનું તેમને ભારે અભિમાન થવા લાગ્યું છે. તેઓ જુએ છે કે જગતમાં તેમના જેવું જાણનાર અને કરનાર કોઇ નથી. જગતના લોકો તેમની ઉત્તમતા જોઇ તેમને માન આપે છે, તેમના પગમાં નમે છે, તેમની પૂજા કરે છે, તેમને દાન-દક્ષિણા આપે છે. આ બધાને કારણે તેમના મનમાં અભિમાન વધતો જાય છે. તેઓ અહંકારી બન્યા છે. અહંકારી માણસ બુદ્ધિની બાબતમાં વિશેષ મૂઢ બને છે. જેનામાં મૂળભૂત રીતે બુદ્ધિ ન હોય તેને મૂઢ કહેવામાં આવે છે. પરંતુ જેનામાં બુદ્ધિ હોય, છતાં તે બુદ્ધિનો તે દુરૂપયોગ કરે ત્યારે તેને વિમૂહ કહેવા છે. આવા કહેવાતા મહાપુરૂષો કર્તાપણાના અભિમાનને લઇને અહંકારથી વિમૂઢ બન્યા છે. તેમની વિમૂઢતાએ તેમનામાં બે દોષોને જન્મ આપ્યો છે. (૧) તેઓ પાપને અનુસરનારા થયા છે. (૨) તેઓ પોતાના અંગત લાભ - પૂજા માટે સતત પ્રયત્નશીલ બન્યા છે.

આ બંને દોષોને લઇને તેમના જીવનમાંથી સદાચાર ચાલ્યો ગયો છે અને દુરાચાર પ્રવેશ્યો છે. ગીતાજીમાં બતાવ્યું કે સદ્‌પુરૂષોના અધઃપતનનાં મુખ્ય બે કારણો છે. સંગદોષ અને અન્નદોષ. દુષ્ટ માણસોનો સંગ કરવાથી કામવાસનાઓ

જાગે છે, ત્યાગી મનવાળા મહાપુરૂષોને વાસનાઓના કાદવમાં ડૂબાડે છે. તેવી જ રીતે શુદ્ધ ભોજન ન મળવાથી અન્નદોષ જાગે છે. કહેવત છે કે અન્ન એવો ઓડકાર. અપવિત્ર ભોજનથી મન અપવિત્ર બને છે, બુદ્ધિ અપવિત્ર બને છે અને તેની અસર આપણી ક્રિયાઓ ઉપર પણ પડે છે. ભોજનમાં જેમ ભૌતિક શાક્તિ છે, તેમ આધ્યાત્મિક શક્તિ પણ છે. ભોજન દુષિત થવાથી આધ્યાત્મિક શક્તિ નાશ પામે છે.

સંગદોષ અને અન્નદોષથી મહાપુરૂષો પાપાચરણ કરતા થાય છે. એવી જ રીતે તેમનામાં દ્રવ્યનો લોભ પણ જાગે છે. તેથી તેઓ કોઈપણ પ્રકારે સંપત્તિ મેળવવાના પ્રયત્નો કરે છે. પ્રાચીન સમયમાં મહાપુરૂષો માટે જ્ઞાન એ ધન હતું આજે એ જ મહાપુરૂષો દ્રવ્યલાભ માટે અનાચાર અને દુરાચાર સેવે છે.

વળી, તેઓ એવી પણ અપેક્ષા રાખે છે કે લોકો તેમનું સન્માન કરે, જગતમાં તેમની પૂજા અને વાહ-વાહ થાય. લોકોને રીઝવવાથી લોકસન્માન મળે એવું તેઓ માને છે. લોકોને ભાવતું કહેવાથી લોકો રાજી થાય અને લોકો એમની વાહ-વાહ કરે, એવા વિચારથી તેઓ સાચો સિદ્ધાંત કહેવાને બદલે લોકોને ગલગલિયાં થાય એવી વાતો કરી, લોકોને ખોટા રસ્તે દોરે છે.

આવા કહેવાતા મહાપુરૂષો પોતાની ઉન્નતિનો પણ સતત વિચાર કરે છે. તેઓ પણ એવું સમજતા થયા છે કે પૈસાથી માણસ મહાન બને છે. પ્રાચીન સમયમાં ઉન્નતિ માટે ધર્મનો ઉપયોગ થતો, આજે ઉન્નતિ માટે અર્થનો ઉપયોગ થાય છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મહાપુરૂષો અહંકારી બની, પાપાચારી બની, પોતાના અંગત ઇંદ્રિયોના સુખ અને લૌકિક ફળ માટે પ્રયત્નશીલ બન્યા છે, એ સ્થિતિમાં આવા કહેવાતા કોઈ મહાપુરૂષ આપણો ઉદ્ધાર કરી શકશે નહીં. વળી, જ્યાં મોટા વિદ્વાનો અને ભક્તો પણ અહંકારથી દોષિત બની, પતીત થતા હોય ત્યાં આપણા જેવા સામાન્ય જીવો કેવી રીતે કર્મ, જ્ઞાન કે ભક્તિના માર્ગે ચાલી શકે ? માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમે કર્તા બનવાનો ખ્યાલ છોડી દો, તેનાથી અધઃપતન થશે. તમે શ્રીકૃષ્ણને કર્તા બનાવો અને તમે તેના દાસ બનીને શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન કરનારા બની રહો.

દુષિત મંત્રસાધના :

ઘણા લોકો એવું સમજે છે કે જગતમાં ભલે બધું અશુદ્ધ થયું હોય, પણ

ભગવાનનું નામ અને મંત્ર તો શુદ્ધ છે. ભલે જગત બગડી ગયું હોય, માણસો બગડી ગયા હોય, સમય બગડી ગયો હોય પણ મંત્રનું બળ અમારી પાસે છે. એટલે અમે એકાંતમાં બેસી, મંત્રજાપ કરીશું. જેમ વાલિયો લૂંટારો રામનામ જપતાં જપતાં મહર્ષિ વાલ્મીકિ બન્યો, તેમ અમે પણ મંત્રજાપથી ભગવાનની પ્રાપ્તિ કરી લઈશું. આમ વિચારી, કેટલાક લોકો મંત્રનો આશ્રય કરતા થાય છે.

આપણા વેદધર્મમાં મંત્રસાધનાની એક પદ્ધતિ છે. એક વિશિષ્ટ શાસ્ત્ર છે. ૐકારના પ્રણવમંત્રથી લઈને અનેક વૈદિક અને અવૈદિક મંત્રો પ્રસિદ્ધ છે, જેમાંના કેટલાક નિષ્કામ મંત્રો છે તો કેટલાક સકામ મંત્રો છે. કેટલાક મંત્રો પૂર્ણપુરૂષોત્તમ પરમાત્માના છે, કેટલાક દેવ-દેવીઓના છે તો કેટલાક ભૂત-પિશાચોના પણ છે.

આ બધા મંત્રોનો જાપ કરવાની એક ખાસ પદ્ધતિ હોય છે તે પદ્ધતિ પ્રમાણે મંત્રજપ કરવાથી મંત્રનું ફળ મળે એમ તે શાસ્ત્રો કહે છે, પરંતુ આજે આપણે બધા દેખાદેખી મંત્રજાપ કરતા થયા છીએ. છાપાંઓમાં જુદાં-જુદાં સંકટોનું નિવારણ કરવા માટે જુદા-જુદા મંત્રો છપાય છે. મોટેભાગે છપાયેલા તે મંત્રો અશુદ્ધ હોય છે. ગરજવાનને અક્કલ ન હોય એ ન્યાયે આપણે પદ્ધતિ અને શુદ્ધ મંત્રને જાણ્યા વિના તેનો જાપ કરવા બેસી જઈએ છીએ. મંત્ર માટેનો નિયમ એવો છે કે જેમને તે મંત્ર સિદ્ધ થયો છે, એવા ગુરુ દ્વારા તે મંત્રની દીક્ષા મળે અને તે મંત્ર જપવાની ગુરુ આજ્ઞા આપે, પછી પદ્ધતિપૂર્વક તે મંત્રનો જપ કરવામાં આવે ત્યારે જ તેનું ફળ મળે છે.

મંત્રસાધનામાં વર્ણ અને આશ્રમના નિયમોનું પાલન કરવું જરૂરી છે. તે સાથે દેહશુદ્ધિ, અંતઃકરણશુદ્ધિ અને આત્મશુદ્ધિ પણ જરૂરી છે. આ ચાર પ્રકારની શુદ્ધિ માટે ચાર બાબતો કરવી પડે છે : (૧) બ્રહ્મચર્ય. તેનાથી દેહ અને મન તથા સર્વ ઇન્દ્રિયો ઉપર સંયમ આવે છે. બ્રહ્મચર્ય પાળનારે ચિત્ત સતત બ્રહ્મમય બની રહે એમ રહેવું જોઈએ. બ્રહ્મચર્યનો ભંગ થવાની મંત્રશક્તિ તિરોહિત થાય છે. (૨) ગુરુકુળવાસ. ગુરુના સ્થાનમાં અર્થાત્ ગુરુના શરણમાં રહેવું ગુરુની સેવા કરવી, ગુરુની આજ્ઞા અને માર્ગદર્શન પ્રમાણે મંત્રસાધના કરવી, તો જ મંત્રનું ફળ મળે. (૩) શૂદ્રોથી દૂર વાસ. જેમને મંત્રસાધનાનો અધિકાર નથી, તેમનાથી દૂર રહેવું. મંત્રને ગુપ્ત રાખવો, મંત્ર બીજાની આગળ પ્રકટ કરવો નહીં. (૪)

અધ્યાસરહિતતા. આપણું શરીર, ઇન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ નાશવંત છે. તે આત્મા નથી. પરંતુ તેમને આત્મા માની, આપણે આત્માને ભૂલી જઈએ તેનું નામ અધ્યાસ. આ ચારે અધ્યાયોથી મુક્ત થવું મંત્રસાધક માટે જરૂરી છે.

પરંતુ આજે આ બધું શક્ય નથી. મંત્રદીક્ષા લીધા પછી મંત્રનો શુદ્ધ ઉચ્ચાર કરીએ છીએ. મંત્રજપ યોગ્ય વિધિપૂર્વક કરતા નથી. દીક્ષા લીધા વિના, દેખાદેખીથી કોઈપણ મંત્ર જપવા લાગીએ છીએ. આવી વ્રતભ્રષ્ટ અને વિધિભ્રષ્ટ સ્થિતિમાં મંત્રો ફળ આપી શકતા નથી. આવી સ્થિતિમાં મંત્રના મૂળ દેવતા મંત્રમાંથી તિરોહિત થાય છે, એટલે તે મંત્ર ન રહેતાં કેવળ શબ્દ અને અક્ષર બની જાય છે. આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આજના સમયમાં મંત્રનો આશ્રય કરવાથી પણ ભગવાનની પ્રાપ્તિ થવી અશક્ય છે, એ સંજોગોમાં કેવળ કૃષ્ણનામ જ એવું છે કે જે વારંવાર રટ્યા કરવાથી ભગવદ્પ્રાપ્તિ અવશ્ય થાય છે.

દુષિત કર્મ :

આપણાં વેદ વગેરે શાસ્ત્રો ધર્મ માટે વિવિધ કર્મ કરવાના આદેશ આપે છે, પરંતુ ક્યાં કર્મ ન કરવાં, તે બાબતમાં પણ શાસ્ત્રોના મત અલગ અલગ છે. ક્યારેક એક શાસ્ત્ર યજ્ઞ કરવાની આજ્ઞા કરે છ, તો બીજું શાસ્ત્ર યજ્ઞ ન કરવાની આજ્ઞા કરે છે. આમ, ક્યાં કર્મ કરવાં અને ક્યાં કર્મ ન કરવાં, એ બાબતમાં ઘણો વિવાદ પ્રવર્તે છે. એથી આપણે નક્કી કરી શકતા નથી કે ક્યું કર્મ કરવું ?

વળી, જે કર્મ કરવાનું નક્કી કરીએ તે કર્મનું પણ શુદ્ધ સ્વરૂપ આજે સચવાતું નથી. યજ્ઞ વગેરે થાય છે, તેમાં પણ સાપ ગયા અને લીસોટા રહ્યા એવી સ્થિતિ મોટેભાગે જોવા મળે છે. શાસ્ત્રોએ એકાદશીવ્રત કરવાનું કહ્યું, પરંતુ આપણે શાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે એકાદશી કરતા જ નથી. આપણા સ્વાદને અને ભૂખને ધ્યાનમાં રાખીને એકાદશીની પદ્ધતિ બનાવી લીધી છે.

આ સંજોગોમાં જે જે કર્મો કહેવામાં આવ્યાં તે તે બધાં જ કર્મો આજે શુદ્ધ સ્વરૂપમાં ન થવાની કર્મોથી જે ફળ મળતું જોઈએ તે મળતું નથી.

કર્મની બાબતમાં આજે બાહ્ય દેખાવ વધી ગયો છે. કર્મનું સ્વરૂપ નાશ પામ્યું છે, પાખંડના નામે આજે કર્મની બાબતમાં ચાર પરિસ્થિતિ જોવા મળે છે:

(૧) વેદ વિરોધી પ્રચાર. ઘણા લોકોએ વેદના વિકૃત અર્થો કરી દીધા. (૨) દંભ. આજે ધર્મ દંભી બની ગયો છે. પૈસા આપીને બીજા પાસે કર્મ કરાવાય છે અને પોતે કર્મ કરે છે એવો દંભ થાય છે. (૩) બીજાને આંજી દેવા કર્મનું પ્રદર્શન. બીજાઓ સાથે હરિફાઇ કરવા, બીજાઓથી મોટા દેખાવા, બીજાઓને નીચે પાડવા, પોતાની મોટાઇ સાબિત કરવા માણસો કર્મ કરવાની હરિફાઇ કરે છે. (૪) કર્મનું રહસ્ય સમજ્યા વિના થતાં કર્મ. કોઇપણ કર્મ કરવા ચિત્તશુદ્ધિ, પરમાત્માનું સ્વરૂપજ્ઞાન અને પરમાત્માનો આશ્રય જરૂરી છે. આ ત્રણ બાબતોનો આજે અભાવ છે. ગાડરિયા પ્રવાહની જેમ અથવા ભયથી આપણે કર્મ કરીએ છીએ. તેથી કર્મનું સ્વરૂપ વિકૃત થઇ ગયું છે. તેને લઇને પણ કર્મની મહેનત નિષ્ફળ જાય છે, કોઇ ફળ મળતું નથી. માટે જ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે કેવળ શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય કરી, કર્મની માથાકૂટ છોડો.

વેદાશ્રયની વિફળતા :

વેદ એટલે ધર્મ માટે કર્તા, મંત્ર અને કર્મ જરૂરી છે. આ ત્રણનો આશ્રય કરવો તેનું નામ ધર્માશ્રય અથવા વેદાશ્રય. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ તો બધાં સાધન છે, સાધ્ય નથી. કેરી કાપવા માટેની છરી સાધન છે. એનાથી કપાયેલી કેરી ખાઇ શકાય છે. કેરી ફળ છે. છરી ખાઇ શકાતી નથી. કેરીથી પેટ ભરાય, છરી ખાવાથી પેટ ભરાતું નથી. માટે સાધનને ફળ માનવાની ભૂલ ન કરવી જોઇએ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે ફળનો આશ્રય કરવાનો છે, સાધનનો આશ્રય કરવાનો નથી. ફળ પૂર્ણપુરૂષોત્તમ પરમાત્મા છે. તેમને પામવા છે. એટલે તેમનો દૃઢ આશ્રય જરૂરી છે. કર્તા, કર્મ અને મંત્રનો આશ્રય કરવાથી જ્યારે પરમાત્મા મળવાની સંભાવના જ નથી, ત્યારે આ ત્રણેનો આશ્રય તે અન્યાશ્રય છે. એ છોડવો જોઇએ.

આમ, શ્રીમહાપ્રભુજીએં લોકાશ્રય અને વેદાશ્રય - બંને શા માટે છોડવાં અને કૃષ્ણાશ્રય કેમ કરવો એ સમજાવ્યું.

શ્રીમહાપ્રભુજીએ નકારાત્મક રીતે લોકાશ્રય અને ધર્માશ્રય છોડવાનું સમજાવ્યા પછી હવે તેઓ હકારાત્મક રીતે કૃષ્ણાશ્રય શા માટે કરવો જોઇએ, તે સમજાવે છે.

કૃષ્ણાશ્રય શા માટે ?

શ્રીમહાપ્રભુજી પહેલું કારણ આપે છે કે કૃષ્ણકૃપાનું સ્વરૂપ છે. તેમની અનેક દિવ્ય શક્તિઓમાં મુખ્ય શક્તિ કૃપાશક્તિ છે. ભગવાન સર્વોપરી છે. તેણે વેદશાસ્ત્ર આપ્યું, પણ તેઓ વેદશાસ્ત્રની મર્યાદામાં બંધાયા નથી. તેઓ ઇચ્છે છે ત્યારે શાસ્ત્રની ઉપરવટ જઇ, કર્મના સિદ્ધાંતોનો અમલ અટકાવી, કોઇક જીવ ઉપર વિના કારણ વિશેષ કૃપા કરે છે. તેમની કૃપાને કાર્યકારણનો કોઇ સંબંધ નડતો નથી. ટૂંકમાં કહીએ તો ભગવાનની કૃપા તેમનો વીટો પાવર છે. ભગવાન આ કૃપા દુષ્ટમાં દુષ્ટ જીવ ઉપર પણ વરસાવે છે. કોઇ દુષ્ટ જીવ 'હું ભગવાનનું નામ રટું છું' એવા વિચાર વિના પણ પોતાના પુત્ર કે સ્વજનને બોલાવવા અથવા યાદ કરવા તેનું નામ ઉચ્ચારે અને તે નામ ઇશ્વરનું નામ પણ હોય તો ભગવાન એને નિમિત્ત બનાવીને તે દુષ્ટ જીવ ઉપર પણ કૃપા કરે છે. તેને યમયાતનામાંથી છોડાવી, વૈકુઠનું દાન કરે છે.

આનું ઉદાહરણ શ્રીભાગવતના છઠ્ઠા સ્કંધના 'અજામિલ આખ્યાન'માં જોવા મળે છે. અજામિલ ધર્મનિષ્ઠ બ્રાહ્મણ હતો. સંગદોષથી દુષ્ટ બન્યો. તેનું પૂરું અધઃપતન થયું, મૃત્યુકાળ નજીક આવ્યો. યમદૂત દેખાયા. ભયથી કાંપતાં તેણે તેના સૌથી નાના દીકરા નારાયણને પોકાર્યો. ભગવાને 'નારાયણ' શબ્દ સાંભળી, પોતાના વિષ્ણુદૂતોને મોકલ્યા. અજામિલના દુષ્ટ કર્મોને લઇને યમદૂતો પણ આવ્યા. આખરે યમદૂતોને ખાલી હાથે પાછા જવું પડયું. અજામિલને મોક્ષ મળ્યો.

શ્રીમહાપ્રભુજી આ પ્રસંગ ટાંકીને એમ કહે છે કે આ કિસ્સો કોઇ અપવાદરૂપ નથી, પુરાણોમાં આવા અનેક કિસ્સાઓ છે, જેમાં દુષ્ટ જીવોનો ભગવાને કૃપાબળથી ઉદ્ધાર કર્યો છે, કારણ કે ભગવાનનો તે સ્વભાવ છે. ભગવાનનું આ માહાત્મ્ય આખું જગત જાણે છે. આપણે પણ જાણીએ છીએ માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે બીજું બધું છોડો અને કેવળ ભગવાન શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારી લો. એમનું નામ હરતાં-ફરતાં, ઉઠતાં-બેસતાં. ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં રટ્યા કરો. ભગવાન આપણા ઉપર જરૂર કૃપા કરી, આપણો ઉદ્ધાર કરશે.

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રય કરવાનું એક બીજું કારણ પણ બતાવ્યું. કૃષ્ણ પાસે જેટલો આનંદ છે, એટલો આનંદ બીજા પાસે નથી. ઇશાવાસ્ય ઉપનિષદે પરમાત્માના આનંદનુ માપ બતાવતાં કહ્યું કે તેઓ આનંદનો પૂર્ણ સાગર છે. તેમાં

બીજો એટલો જ આનંદ ઉમેરાય તો પણ તે છલકાય નહીં. અંદર સમાઈ જાય અને બધો જ સાગર ઉલેચી નાખીએ તોય તે ખાલી ન થાય, હતો એટલો જ ભરેલો રહે. આવા આનંદસાગર કેવળ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. આનંદનો અખૂટ ખજાનો છે. બધો આનંદ આપી દે તોય તેમનો આનંદ ઘટવાનો નથી. જ્યારે બીજા દેવ-દેવીઓ પાસે તો માપનો જ આનંદ છે. જેની પાસે પાંચહજાર રૂપિયા હોય તે દસહજારનું દાન કરી શકે નહીં. દેવ-દેવીઓ તેમની પાસે છે એટલા આનંદનું પણ કોઈને દાન કરતાં નથી. તેમાંથી અલ્પ આનંદનું જ દાન કરે છે અને જે દાન કરે છે તે પણ લૌકિક સુખનું જ કરે છે, અલૌકિક સુખનું દાન તો તેઓ કરી શકતાં નથી.

ભગવાનનું દિવ્યાધામ અક્ષરબ્રહ્મ પણ મર્યાદિત આનંદવાળું છે. તે પણ પૂર્ણાનંદ નથી. તે મોક્ષ આપી શકે છે, પરંતુ ભગવાનનું સાન્નિધ્ય અલૌકિક સુખ આપી શકતું નથી. આ સંજોગોમાં દુનિયાનો કોઈ માણસ તો કશું જ આપી ન શકે. માટે જ શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે સુખ જ મેળવવું હોય, અલૌકિક આનંદ જે આપણામાં ખૂટે છે તે પૂરેપૂરો મેળવવો હોય તો કેવળ કૃષ્ણનો આશ્રય કરો, બીજા કોઈનો આશ્રય કરવાથી તમારી ઇચ્છા સંતોષાશે નહીં.

જીવની મર્યાદાઓ :

આપણે વિચાર કરીએ કે, ચાલો, આપણે કૃષ્ણનો આશ્રય કરીએ. પરંતુ વિચાર કરવાથી આશ્રય થતો નથી. આશ્રય કરવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે છે - વિવેક, ધૈર્ય અને ભક્તિ. વિવેક એટલે ભગવાનના સ્વરૂપ અને શક્તિઓને સાચી રીતે જાણવાં અને તેનો સ્વીકાર. કરવો. જેમ કે જગતમાં સર્વ કંઈ પરમાત્માની ઈચ્છાથી જ થાય છે, એ સત્યનો સ્વીકાર. આ સત્ય સ્વીકારીને કોઈની પાસે કંઈપણ માગવું નહીં, પરમાત્મા આપે તેમાં સંતોષ રાખવો તે વિવેક છે. આવો વિવેક આજે આપણામાં રહ્યો નથી.

આપણા જીવનમાં દુઃખ આવે ત્યારે આપણાં પૂર્વજન્મનાં પાપોને લઈને મળ્યું છે એવો વિવેક ગુમાવી દઈ, આપણે અધીરા બની, પરમાત્માનો દોષ કાઢીએ છીએ કે ભગવાને મને દુઃખ આપ્યું. પછી એ દુઃખને દૂર કરવા ચારે બાજુ ફાંફાં મારી, અન્યાશ્રય કરીએ છીએ. આપણું ધૈર્ય ગુમાવી દઈએ છીએ. ત્રણેય પ્રકારનાં

દુઃખ સહન કરવાં એનું નામ ધૈર્ય. એ ધૈર્ય આપણામાં રહ્યું નથી. વિવેક અને ધૈર્ય ગુમાવી દેવાથી આપણે શ્રીકૃષ્ણનો આશ્રય કરી શકતા નથી, કારણ કે શ્રીકૃષ્ણમાં આપણે વિશ્વાસ રાખ્યો નથી.

આપણી ભક્તિ પણ શુદ્ધ નથી. ભક્તિ અશુદ્ધ બનવાથી આપણે પરમાત્માનો આશ્રય છોડીને અન્યાશ્રય કરીએ છીએ. માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે આપણી આ મર્યાદાઓને કારણે શ્રીકૃષ્ણનો આપણે દૃઢ આશ્રય કરી શકતા નથી, એટલે કૃષ્ણાશ્રય કરવા માટે વિવેક, ધૈર્ય અને ભક્તિની ખાસ જરૂર છે. આ ત્રણેય આપણી શક્તિ કે આપણા કર્મથી પ્રાપ્ત થાય તેમ નથી. ભગવાન કૃપા કરીને આપણને વિવેક, ધૈર્ય અને ભક્તિનું દાન કરે તો જ દૃઢ કૃષ્ણાશ્રય થાય. ભગવાનની આવી કૃપા મેળવવા માટે શ્રીમહાપ્રભુજીએ બહુ જ સરળ રસ્તો બતાવ્યો. તેમણે 'કૃષ્ણાશ્રય' ગ્રંથ રચીને આપ્યો. આ ગ્રંથનો દરરોજ ભગવાન શ્રીકૃષ્ણની સામે બેસીને પાઠ કરવાથી, શ્રીકૃષ્ણની કૃષ્ણાશ્રય ચોક્કસ સિદ્ધ થાય છે: આપણે પણ શ્રીઠાકોરજીની સામે પાંચ મિનિટ સુધી ભાવથી બેસીએ અને દરરોજ શ્રીઠાકોરજીની સામે 'કૃષ્ણાશ્રય' ગ્રંથનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરીએ તો શ્રીકૃષ્ણનું શરણ, અર્થાત્ દૃઢ આશ્રય જરૂર સિદ્ધ થશે. આ દૃઢ આશ્રય સુખના પ્રદેશની સફર કરવા માટેની ટ્રેઇનની ટિકિટ છે. આશ્રયની ટિકિટ વિના શ્રીકૃષ્ણ સુધી - સાચા સુખ સુધી પહોંચી શકાશે નહીં.

ફરીથી યાદ કરી લઈએ.

(૧) કાલ-સમય, દેશ સ્થળ, દ્રવ્ય - તીર્થવાસ વગેરે સાધનોથી પરમાત્મા મળશે એમ માનવું ભૂલભરેલું છે, કારણ આ ત્રણે સાધનો કલિયુગના પ્રભાવથી અત્યંત દુષિત છે. ધર્માચરણને જરૂરી શુદ્ધિ અને પવિત્રતા તેમનામાં નથી. આ ત્રણ સાધનો જગતમાં પ્રાપ્ત છે. તેમનાથી પરમાત્મા મળશે એવો વિશ્વાસ, એટલે તેમનો આશ્રય તેને જગદાશ્રય અથવા લોકાશ્રય કહેવાય આપણા ઈષ્ટ પરમ ઉપાસ્ય ભગવાન શ્રીકૃષ્ણ છે. તેમનો આશ્રય છોડી, જગદાશ્રય - લોકાશ્રય કરવો તે અન્યાશ્રય છે. શ્રીકૃષ્ણ પ્રત્યેની આપણી અનન્યતા તેથી ખંડિત થાય માટે કાલ દેશ, દ્રવ્યનો આશ્રય ન કરતાં વૈષ્ણવે કૃષ્ણનો જ આશ્રય કરવો.

(૨) કર્તા, કર્મ અને મંત્ર એ વેદમાં બતાવેલાં સાધનો છે, તે પણ કલિયુગના દુષ્પ્રભાવથી અત્યંત દુષિત છે. ફળ આપતાં નથી. તેમનો આશ્રય એટલે વેદાશ્રય. કૃષ્ણાશ્રય છોડી, વેદાશ્રય કરવો એ પણ અન્યાશ્રય છે.

(૩) ભગવાન શ્રીકૃષ્ણના નામમાં જબરજસ્ત સામર્થ્ય છે. દુષ્ટમાં દુષ્ટ માણસ અજાણતામાં ય ભગવાનનું નામ લે, તો તે પતિતમાંથી પવિત્ર બની જાય છે. યમયાતનામાંથી મુક્ત થાય છે. માટે કૃષ્ણાશ્રય જ કરવો.

(૪) ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણાનંદ છે. અક્ષરબ્રહ્મનો આનંદ ગણિતાનંદ છે. દેવો પ્રાકૃત છે માટે પૂર્ણાનંદ પ્રાપ્ત કરવા શ્રીકૃષ્ણનો જ દ્દઢ આશ્રય કરવો.

(૫) આપણો જીવાત્મા વિવેક, ધૈર્ય, ભક્તિ વિનાના છીએ. પાપાચરણમાં આસક્ત છીએ, લાચાર - દીન છીએ. આપણામાં આપણા ઉદ્ધારનું જરાય સામર્થ્ય નથી.

(૬) શ્રીકૃષ્ણ સર્વથી વધુ સામર્થ્યવાળા, સર્વ કંઈ આપવા સમર્થ છે. શરણે આવેલાનો ઉદ્ધાર કરવાની તેમની પ્રતિજ્ઞા છે. માટે કૃષ્ણાશ્રય જ કરવો.

(૭) 'કૃષ્ણાશ્રય' સ્તોત્રનો રોજ શ્રીઠાકોરજી સામે પાઠ કરવાથી આપણામાં કૃષ્ણાશ્રય દ્દઢ થાય છે.

* * *

૪. સુખની સફરનું પહેલું સ્ટેશન

(“વિવેકધૈર્યાશ્રય” ના આધારે)

મન છે પણ મનને જાણતા નથી.

મનથી મનુષ્ય માનવ કહેવાય છે. સુખદુઃખ, બંધન - મોક્ષનું કારણ મન છે. સાબુત, સ્વસ્થ મનવાળો મનુષ્ય ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ સાધે છે. મન વિકાસનું કારણ બને છે, તેમ વિનાશનું કારણ પણ બને છે.

મનોવિજ્ઞાનની પરિભાષામાં મન એટલે માનસિક ક્રિયાઓનો એક મોટો સમુદાય. ભારતીય તત્ત્વજ્ઞાનીઓ મનને અંતર્જ્ઞાન કરાવનારી, મગજમાં રહેલી સૂક્ષ્મ ઇન્દ્રિય કહે છે. તેનું નામ આપ્યું અંતઃકરણ. કરણ એટલે ઇન્દ્રિય રૂપી સાધન, જે કાર્ય કરે. આંખથી ન દેખાય તેવી ભીતર રહેલી અંતજ્ઞાજ્ઞન કરાવનારી ઇન્દ્રિય, તે અંતઃકરણ. એમાં ચાર તત્ત્વો છે. (૧) મન (૨) ચિત્ત (૩) બુદ્ધિ (૪) અહંકાર.

મનનું કાર્ય વિવિધ ઇચ્છાઓ કરવાનું છે. મનમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નામના છ દોષો સામાન્ય રીતે વધતા - ઓછા પ્રમાણમાં રહેલા છે. તેમની અસરથી મનમાં સારી - નરસી ઇચ્છાઓ જાગે છે. ઇચ્છાઓ સંગદોષના કારણે જાગે છે. ખાનપાનના શોખીનના સંગથી ભોજનની, હરવાફરવાના શોખીનના સંગથી હરફરવાની ભકતના સંગથી ભક્તિની, ગુંડાના સંગથી ગુંડાગીરીની ઇચ્છા જાગે છે. જામમાં રજોગુણ જેમ વધે, તેમ ઇચ્છાઓ વધુ જાગે.

ચિત્તમાં સારી - નરસી ઇચ્છાઓ વચ્ચે દ્વંદ્વ ચાલે છે. બગીચામાં જવું કે મંદિર જવું, ભોગ કરવો કે ભક્તિ કરવી, ધર્મથી ચાલવું કે અધર્મ આચરવો.? સારી ઇચ્છા સ્વીકારવી તે સંકલ્પ. નરસી ઇચ્છાને વશ થવું તે વિકલ્પ ચિત્તમાં સતત સંકલ્પ વિકલ્પ ચાલ્યા કરે છે. ઘડીકમાં ચિત્તનું પલ્લું સંકલ્પ તરફ ઝૂકે છે, તો ઘડીકમાં વિકલ્પ તરફ. આથી ચિત્ત અસ્થિર ચંચળ રહે છે.

ચિત્તના દ્વંદ્વમાં રેફરી તરીકે નિર્ણય આપવાની કામગીરી બુદ્ધિ બજાવે છે. બુદ્ધિ બે પ્રકારની (૧) સદ્‌બુદ્ધિ (૨) કુબુદ્ધિ - દુર્બુદ્ધિ સદ્‌બુદ્ધિ સારી ઈચ્છાઓ સ્વીકારે છે. કુબુદ્ધિ નરસી ઈચ્છાઓ. જેવી બુદ્ધિ તેવો નિર્ણય અને તેવો સ્વીકાર અંતઃકરણમાં બુદ્ધિ મહત્ત્વનો રોલ ભજવે છે.

બુદ્ધિના નિર્ણયને અમલમાં મૂકવાની ફરજ અહંકાર બજાવે છે. અહીં અહંકારનો અર્થ અભિમાન નથી, અહંકારનો અર્થ છે કાર્ય કરાવનાર તત્ત્વ આ અહંકાર તત્ત્વ બુદ્ધિએ લીધેલા નિર્ણયોનો અમલ ઈન્દ્રિયો પાસે કરાવે છે. ઈન્દ્રિયો આ અહંકાર તત્ત્વને આધીન છે.

આમ, આખુ અંતઃકરણનું કાર્ય ચાલે છે. તે શરીર ઉપર રાજાનું સ્થાન ભોગવે છે. આપણી ઈન્દ્રિયો તેના ચાકરનું સ્થાન ભોગવે છે. મનને ચા પીવાની તલપ લાગે, ચિત્ત તે માટે ચંચળ થાય, બુદ્ધિ ચા પીવાનો નિર્ણય કરે અહંકારના આદેશથી, મોં ડાહ્યુંડમરું બનીને ચા પી લે એવી જ રીતે થાકેલું શરીર નાચવા લાગે છે. આ અંતઃકરણની ગુલામીમાંથી છૂટી, તેને આપણા અંકુશમાં રાખવાનો માર્ગ શ્રીમહાપ્રભુજીએ "વિવેકધૈર્યાશ્રય" ગ્રંથમાં બતાવ્યો છે. અંતઃકરણમાં રહેલા વાસનાત્મક અને વિકારાત્મક દોષો દૂર કરવાની વૈચારિક, માનસિક અને વ્યાવહારિક ભૂમિકા આ ગ્રંથ પૂરી પાડે છે.

મનોવિજ્ઞાન અંતઃકરણનાં ચારે ય તત્ત્વોનો સમાવેશ 'મન' માં કરે છે. મન સતત ત્રણ ક્રિયાઓ કરે છે (૧) જ્ઞાનાત્મક - જાણવાની (૨) ભાવાત્મક - પ્રેમની (૩) ક્રિયાત્મક - ક્રિયાઓની. આ ત્રણે પ્રક્રિયા જગત સાથે જોડાય ત્યારે ભોગગામી બને, પરમાત્મા સાથે જોડાય ત્યારે આત્મકલ્યાણગામી બને. આથી આ ત્રણ પ્રક્રિયાઓને આત્માકલ્યાણગામી બનાવવા શાસ્ત્રોએ ત્રણ માર્ગ બતાવ્યા (૧) જ્ઞાનયોગ (૨) ભક્તિયોગ (૩) કર્મયોગ

તે માટે શરીરને ત્રણ અવયવો મળ્યાં (૧) મસ્તક (૨) હૃદય (૩) હાથ મગજથી જ્ઞાન સાધના, હૃદયથી ભક્તિ સાધના અને હાથથી કર્મસાધના આ ત્રણ અવયવોમાં હૃદય મધ્યમાં છે. હૃદય ચાલે તો મગજ અને હાથ ચાલે હૃદયમાંથી વહેતું શુદ્ધ લોહી મગજ અને હાથને પહોંચે. તેથી મગજ અને હાથ કાર્યરત બને હૃદય કેન્દ્રમાં છે. તેમ જીવનના કેન્દ્રમાં ભક્તિયોગ છે. જ્ઞાનયોગ અને કર્મયોગ ભક્તિયોગનાં અંગ છે. ભક્તિમાં જ્ઞાન જરૂરી છે, જેટલું શાકમાં મીઠું જરૂરી છે.

ભક્તિના ભાવની અભિવ્યક્તિ કર્મ દ્વારા થાય છે. ભક્તિ વિનાનાં જ્ઞાન અને કર્મ હીન છે.

જ્ઞાન દ્વારા વિવેક, કર્મ દ્વારા ધૈર્ય અને ભક્તિ દ્વારા આશ્રય સિદ્ધ થાય છે. આ ત્રણે કેવીરીતે સિદ્ધ થાય અને તેનું સ્વરૂપ શું છે તે સમજીએ.

વૈષ્ણવતાની પહેલી શરત અનન્યતા છે. તે સિદ્ધ કરવા માટેનાં ત્રણ સાધનો વિવેક, ધૈર્ય, આશ્રય છે. ભગવદ્પ્રાપ્તિના માર્ગની સફરનું આ પહેલું સ્ટેશન છે.

વિવેક

જ્ઞાનાત્મક પ્રક્રિયા બુદ્ધિ દ્વારા થાય છે. બુદ્ધિને ક્ષમતા (Capacity) પ્રાપ્ત કરનાર મહાન શક્તિ કહી છે. બુદ્ધિ મુખ્ય ત્રણ કામ કરે છે. (૧) સારી રીતે માહિતી ભેગી કરવી, તેનું પૃથકકરણ કરવું અને તેને સમજવી (Understanding) (૨) સારી રીતે તર્ક કરવો, સત્યાસત્યતા ચકાસવી. (Reasoning) (૩) સારી રીતે નિર્ણય કરવો (Decision Making)

ચેતન મનમાં સતત વિચારો ચાલતા રહે છે. ચેતન મન (Conscious)ની ભીતર અર્ધચેતન મન (subconscious mind) અને અચેતન મન (unconscious mind) છે. તેમાં પણ અજાગ્રત રીતે વિચાર પ્રક્રિયા ચાલે છે. વિચારને માનસિક શોધખોળ (Mental exploration) કહે છે. તેને આંતરિક પ્રયત્નો (internal efforts) પણ કહે છે. કેટલાક લોકો તેને આંતરિક વાચા (inner speech) કહે છે.

વિચાર અને તર્ક માણસની અદ્ભૂત માનસિક ક્ષમતાઓ છે. માણસ તેના વિચારોનો જેવો ઘાટ ઘડે, તેવો તે બની શકે છે. માટે ઋષિમુનિઓની ઉપનિષદમાં પ્રાર્થના છે કે અમને બધી દિશાઓમાંથી સારા વિચારો પ્રાપ્ત થાવ. શ્રીમહાપ્રભુજી સમજાવે છે, કે આવી સદ્વિચારપૂર્ણ બુદ્ધિ મનુષ્ય એની શક્તિ અને પ્રયત્નોથી મેળવી શકતો નથી. અસદ્વિચારો તેની બુદ્ધિથી કરી શકે છે. સદ્વિચારો પ્રભુ કૃપાથી પ્રાપ્ત થાય છે. સદ્બુદ્ધિના પ્રેરક અને પોષક ભગવાન શ્રીકૃષ્ણ છે.

સદ્વિચારોનું ઘડતર એટલે વિવેક. વિવેક એટલે વૈચારિક સભ્યતા (Culture) અને સંસ્કારો. વિવેક દ્વારા બુદ્ધિ સત્ય-અસત્ય, સ્વીકાર્ય- ત્યાજ્ય,

સારું-નરસું અલગ તારવી, ઉત્તમને ગ્રહણ કરી શકે છે અને ખોટાને છોડી શકે છે. શ્રીમહાપ્રભુજી મુખ્ય નવ પ્રકારના વિવેક બતાવે છે. તે સ્વીકારવાથી આપણી બુદ્ધિ ભગદીય બને છે.

(૧) પહેલો વિવેક :

જગતમાં સર્વત્ર, સર્વરૂપે શ્રીહરિ જ રહેલા છે. સર્વ દેશ કાળમાં - સર્વ સ્થાન અને સમયમાં, સર્વ પદાર્થોમાં શ્રીહરિ જુદાં જુંદાં નામરૂપોથી વિદ્યમાન છે. જ્યારે આ વિચાર આપણી બુદ્ધિમાં દૃઢ થાય ત્યારે, આપણી બુદ્ધિ આકાશ જેવી વ્યાપક અને સાગર જેવી અગાધ બને છે. આમ થતાં આપણી બુદ્ધિ સ્થળ-કાળના સીમાડામાંથી અને વસ્તુ કે વ્યક્તિરુશ્ચ પકડમાંથી છૂટે છે. પરિણામે તેમાં સર્વાત્મભાવ જાગે છે. સર્વાત્મભાવનો અર્થ છે વિશ્વમાં વિભુની અનુભૂતિ: એ વૈષ્ણવને એવી શ્રદ્ધા થાય છે કે મારા આત્મકલ્યાણના સર્વ સાધનરૂપ આ સર્વશક્તિમાન પરમાત્મા શ્રીહરિ જ છે.

જેમ પ્રકાશ દીપકની સત્તા છે, તેમ સમગ્ર વિશ્વમાં કેવળ પ્રભુની જ સત્તા છે. આ પ્રથમ વિવેકથી ઘડાયેલી બુદ્ધિવાળાના જીવનમાં મારા-તારાનો ભેદ રહેતો નથી. તેની બુદ્ધિમાં કર્તાપણાનો અહંકાર રહેતો નથી. શંકા અને શોક, રાગ અને દ્વેષ, ચિંતા અને ઉદ્વેગ તેને પજવતા નથી. અન્ય તરફ શત્રુતા, કડવાશ, તિરસ્કાર જાગતા નથી. જીવનમાં પ્રસન્નતા અને મધુરતા છવાય છે.

બુદ્ધિમાં આ વિવેક સ્થિર કરવા ત્રણ વસ્તુનો ત્યાગ જરૂરી છે. (૧) દુઃસંગ - જે આ વિચાર સ્વીકારતા નથી. તેમનો સંગ છોડવો. (૨) દુર્વિચાર - શ્રીહરિનું અસ્તિત્વ નથી, તેઓ ગૌણ છે, તેઓ કંઈ કરતા નથી, બધું માયા કરે છે અથવા હું કરું છું, એવા વિચારો છોડવા. (૩) દુરાચાર - દુઃસંગમાંથી દુર્વિચાર જન્મે છે. દુર્વિચારમાંથી દુરાચાર જન્મે છે. દુરાચાર આપણો વિનિપાત કરે છે. શ્રીહરિનું શરણ છોડી અન્યનું શરણ સ્વીકારવું તે દુરાચાર છે. આપણી સત્તા સ્વીકારી વર્તવું તે દુરાચાર છે.

આ વિવેકને દૃઢ કરવા પ્રભુ સન્મુખતા કેળવવી પડે. પ્રભુને સતત આપણા વિચાર અને બુદ્ધિમાં રાખવા તેનું નામ પ્રભુસન્મુખતા. તેનું પહેલું સાધન છે (૧) ભગવદીયોનો સંગ. ભગવદીયોના પડખા સેવવાથી આપણી બુદ્ધિ આ વિવેક ઝીલે છે. (૨) સ્વાધ્યાય - શ્રીમહાપ્રભુજી આદિના સ્વમાર્ગીય ગ્રંથોનો સતત

અભ્યાસ, વાંચન, શ્રવણ, મનન-ચિંતન (૩) સદાચરણ - આ પ્રથમ વિવેક અનુસાર આપણાં વાણી - વર્તન ઘડવાં.

(૨) બીજો વિવેક :

શ્રીહરિ બધું જ તેમની ઈચ્છા પ્રમાણે જ કરે છે. આવો બૌદ્ધિક નિર્ણય આપણે કરવો જોઈએ. સર્વવ્યાપી શ્રીહરિ સર્વતંત્ર સ્વતંત્ર છે. તેઓ કોઈ શાસ્ત્ર, દેવ, મનુષ્યની આજ્ઞાને અનુસરનારા નથી. તેઓ સર્વથી પર- સ્વતંત્ર છે. તેમની ઈચ્છા જ આખરી હોય છે. તેમની ઈચ્છાને કોઈ ફેરવી શકતું નથી. તેઓ ''સુપ્રિમ'' છે. આપણું કંઈ ચાલતું નથી. વૃક્ષનું એક પાન પણ આપણી ઈચ્છાથી હાલતું નથી. ત્યારે આપણું શ્રેય શ્રીહરિની ઈચ્છાનો સ્વીકાર કરવામાં જ આવે છે.

'સર્વ - બધું - ના બે અર્થ છે (૧) સર્વ સિદ્ધ (૨) અર્થ સાધન. ભગવાન શ્રીહરિ શરણાગત જીવના સ્વામી છે. તેનું હિત કરનારા છે. એક બાળક સાપને રમકડું સમજી, પકડવા જાય પણ તેના પિતા બાળકનું હિત સમજે છે, તેથી બાળકને સાપ પકડવા દેતા નથી. બાળકને રડવા દેશે, પણ સાપ પકડવા દેશે નહીં. એવી રીતે આપણે બાળક જેવા અબુધ છીએ. આપણું હિત જાણતા નથી. જેનાથી અહિત થાય તે મેળવવાની ઈચ્છા કરીએ, તો શ્રીહરિ આપણી ઈચ્છા સિદ્ધ કરતા નથી, કારણ તેમાં આપણું કલ્યાણ નથી. તેઓ આપણું કલ્યાણ હોય તેવી સર્વ સિદ્ધિ અને સર્વ સાધન આપનારા છે. પ્રભુ પોતે જ આપણા માટે ફળરૂપ બને છે. શરણાગત જીવતા આ લોક અને પરલોકના યોગક્ષેમ સિદ્ધ કરેછે.

આવો બૌદ્ધિક નિર્ણય જ્યારે આપણી બુદ્ધિ લે, ત્યારે કોઇ બાબત માટે આપણો જીવ બળતો નથી.

રંગમચ પર નટ અભિનય કરે, ત્યારે પ્રેક્ષક તરીકે આપણે સાક્ષીભાવથી તે જોઇએ છીએ અને તેનો આનંદ લઇએ છીએ. આવો સાક્ષીભાવ આપણી જાત સાથેના અને જગત સાથેના વ્યવહારમાં આ બીજા વિવેકના ઘડતરથી કેળવાય છે.

આપણે કર્તા છીએ, તેમ માનીએ ત્યારે ચિંતા, ઉદ્વેગ, ટેન્શન થાય. નિષ્ફળતાથી નિરાશા અને સફળતાથી મદ આવે, પરંતુ નોકરને નથી નિરાશા થતી કે નથી મદ આવતો. એને કોઇ ચિંતા, ઉદ્વેગ કે ટેન્શન હોતું નથી, કારણ એણે માત્ર સ્વામીની આજ્ઞાનું પાલન કરવાનું જ હોય છે. આ બીજો વિવેક આપણને શ્રીહરિના આજ્ઞાકારી બનાવે છે, દીનતાવાળા બનાવે છે.

(૩) ત્રીજો વિવેક - સ્વામી સેવકના સંબંધનો વિચાર :

પ્રભુ આપણા સ્વામી છે, આપણે પ્રભુના સેવક છીએ જગતમાં સ્વામીસેવકના સંબંધ સ્નેહઆધારિત છે. આત્મા પરમાત્માના અલૌકિક સેવક - સ્વામી સંબંધ સ્નેહ આધારિત છે. સ્વાર્થમાં માગણી છે. સ્વામી અપેક્ષા રાખે છે કે સેવક માગે તો આપવું. સેવક વારંવાર માગવાના સ્વભાવવાળો બને છે. સ્નેહમાં માગવું એ દોષ છે, સ્નેહીમાં અવિશ્વાસ છે. સ્નેહમાં સમર્પણ છે. બધું આપી દેવું અને બદલાનો વિચાર ન રાખવો. જ્યાં આપવાનું જ હોય, ત્યાં માગવાનો વિચાર જ દોષ છે. આપો એ સ્વાર્થનું સૂત્ર છે. સ્વીકારો એ સ્નેહનું સૂત્ર છે.

આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણા સ્વામી એવા પ્રભુ શ્રીહરિના સ્નેહમાં, આપવાની શક્તિ અને વૃત્તિમાં આપણે શંકા લાવી, તેમની પાસે કંઈપણ ન માગવું તે ત્રીજો વિવેક છે. પ્રાર્થના એટલે માગણી. પ્રભુ પાસે માગણી રૂપી પ્રાર્થના કદી ન કરવી. સેવક થઈને પ્રભુ પાસે જે પ્રાર્થના કરે, તે આદરને પાત્ર નથી. પ્રભુના અંતઃકરણને જાણ્યા વિના માગ, માગ કરવું એ મુર્ખાઈ છે. પ્રભુ અઢળક આપવા તત્પર હોય, ત્યારે આપણે ખોબા જેટલું માગવાની ભૂલ કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે માગીને મેળવવામાં આનંદ નથી, માગ્યા વિના મળે તેમાં આનંદ છે. માગવું એટલે પ્રભુની આપવાની શક્તિ અને ઈચ્છામાં અવિશ્વાસમાં કરવો. આપણે આ વિવેક સમજતા નથી, તેથી પલનાનો મનોરથ કરાવી, પુત્ર માગીએ છીએ. રાજભોગ કરાવી ધંધામાં વધુ નફો માગીએ છીએ વૈષ્ણવ થઈ, શ્રીઠાકોરજીને છોડી બીજા દેવો પાસે માગીએ છીએ. સત્ય નારાયણની કથા કરાવીએ છીએ, બાધાઆખડી રાખીએ છીએ. ગરીબ માણસ પારસમણિ આપી, મમરા ખરીદે તેવું કરીએ છીએ.

માગનારને આત્મસન્માન હોતું નથી, સ્વમાન પણ નથી હોતું. શ્રીમહાપ્રભુજં સમજાવે છે કે તમે સ્વમાની બની રહો. શ્રી ઠાકોરજીથી લઈને કોઈની પાસે માગશો નહિ. માગવાની વૃત્તિ છોડવાનો ઉપાય છે - સંયમ અને સંતોષ. સંગદોષથી ભોગ ભોગવવાની વૃત્તિને બહેકતી રોકો. સંયમ કેળવો. જીભનો સંયમ સ્વાદ અને ભોગથી બચાવશે. તે સંયમ જનનેન્દ્રિયની કામભૂખને અટકાવશે. સંયમ આવતાં જીવનમાં સંતોષ આવશે. જ્યારે જે મળે, ત્યારે તેટલાથી જીવતાં શીખો. સંતોષી નર સદા સુખી. સુખ સાધનોથી નથી, સંતોષથી છે.

શ્રીહરિ કરે તે હિતકારી. પ્રભુ જો કરે સો ભલી. આવી કેળવણી આપણી બુદ્ધિને આપવાની છે. પ્રભુ પાસે ન માગવું એ ભક્તિની શિસ્ત છે. સ્વામીસેવક સંબંધ સ્વીકારવાથી આ શિસ્ત કેળવાય છે.

(૪) ચોથો વિવેક - બધું પ્રભુનું છે. તે આપવા પ્રભુ સમર્થ છે.

માગ્યા વિના ભલે મા ન પીરસતી હોય, પ્રભુ તો પીરસે જ છે. પ્રભુ દાતા અને ભર્તા છે. પ્રભુ સર્વ સત્તાધીશ છે. સર્વ પ્રભુનું છે. તે આપવા ન આપવા પ્રભુને કોઈને પૂછવાનું નથી. પ્રભુ સ્વ - ઇચ્છાથી જ આપતા આવ્યા છે અને આપતા રહેશે. પ્રભુ આપે છે, ત્યારે કોઈપણ શરત વિના આપે છે.

આ વિવેક આપણી બુદ્ધિમાં દઢ થાય તો પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ પ્રગટે વિશ્વાસથી વફાદારી આવે. પ્રભુના ભરોસે જીવન જીવવાની તત્પરતા આવતાં, તે વ્યક્તિમાં ગજબનું સ્વમાન આવે. તે જગતમાં કોઈથી દબાયેલો - ચંપાયેલો, બિચારો બાપડો, રોતલ ન રહે. ખુમારીથી જીવે. નિશ્ચતતાથી જીવે.

(૫) પાંચમો વિવેક - હું પ્રભુને આધીન છું એમ સમજીને અભિમાન છોડવું.

અણધાર્યા દુઃખ કે આપત્તિ આપણા ઉપર આવી પડે, ત્યારે આપણું મન ઘવાઈને છંછેડાય છે. ઊંડે દટાયેલો અભિમાનનો પર્વત બહાર ધસી આવે છે. 'મને દુઃખ?' 'મને આવું થાય જ કેમ?' અભિમાન અંતઃકરણનો દોષ છે. અંતઃકરણ પ્રભુને બિરાજવાનું સિંહાસન છે. ત્યાં અભિમાન ચઢી બેઠું હોવાથી, તેને ત્યાંથી હાંકી કાઢવું જરૂરી છે. અભિમાન અહમ્‌નું પોષણ કરે છે. સેવકને અહમ્ ન રખાય.

અભિમાન કાજળ જેવું છે, અંતઃકરણને મેલું કરે છે. સત્કર્મોનું અભિમાન સત્કર્મોના પુણ્યનો નાશ કરે છે. દીનતા અને નમ્રતાથી અભિમાન ઓગળે છે. વૈષ્ણવ અને પ્રભુના સેવક તરીકે આપણે હૃદયમાં સતત પ્રભુનું સ્મરણ રાખીએ, તો મન પ્રભુના ચરણકમળોમાં ઝૂકતું રહે તેથી અભિમાન જાય અને દાસભાવ આવે. દાસભાવ દીનતા વધારે. માણસ પોતાના તરફ દૃષ્ટિ રાખે, ત્યારે અભિમાન આવે. પ્રભુ તરફ દૃષ્ટિ કરે ત્યારે નમ્રતા - દીનતા આવે.

અભિમાન છોડવાનો ઉપાય એક જ છે. હું પ્રભુને આધીન - પરતંત્ર છું. મારું કહેવાતું બધું પ્રભુને આધીન છે. આખું વિશ્વ આધીન છે. પ્રભુ રાખે તેમ મારે રહેવાનું છે. પ્રભુના હુકમનું પાલન કરવાનું છે. પ્રભુ સેનાપતિ છે. હું સૈનિક છું. પ્રભુ તરફ આવી દૃષ્ટિ કેળવવાથી અભિમાનનો નાશ થાય છે.

અભિમાન માણસને સ્વચ્છંદી અને નિરંકુશ બનાવે છે. માણસને પોતાની ઉણપો યાદ આવે તો અભિમાન ન થાય.

અભિમાનથી આત્મગૌરવ વધે છે. આત્મગૌરવ જીવનના વિકાસમાં બાધક છે, વધુ પડતી ઉણપોની અભાનતાથી આત્મગ્લાનિ થાય છે તે પણ બાધક છે. સફળતાથી અભિમાન અને નિષ્ફળતાથી ખેદ જાગે છે. બંને મનને દુષિત કરે છે. દીનતા - નમ્રતાથી આત્મશ્રદ્ધા જાગશે. આત્મશ્રદ્ધાથી પ્રભુશ્રદ્ધા વધશે.

જેનાથી અભિમાન જાગે અને વધે, તેવાં સાધનોનો ત્યાગ કરવો. કામ, ક્રોધ, લોભ અભિમાન પોષે છે. તેમનો પણ ત્યાગ કરવો.

(૬) છટ્ઠો વિવેક - પ્રભુની કોઇ વિશેષ આજ્ઞા થાય તો તેનું પાલન કરવું.

અંતઃકરણ પ્રભુને બિરાજવા માટેનું સ્થાન છે. અંતઃકરણની એક વ્યાખ્યા એવી છે કે જેના દ્વારા જ્ઞાન થાય, પ્રભુનો સાક્ષાત્કાર થાય એ અંતઃકરણ. પ્રભુ જ્યારે ભક્ત ઉપર વિશેષ કૃપા કરવા માગે છે ત્યારે ભક્તના અંતઃકરણમાં કોઇક વિશેષ કાર્ય કરવાની પ્રેણા કરે છે. પ્રભુની આજ્ઞાની એ લિપિ કેવળ ભક્તનું અંતઃકરણ ઉકેલી શકે છે. ભક્ત આવી આજ્ઞા થતાં એમ સમજે છે કે પ્રભુએ મને પોતાનો ગણ્યો છે. આમે ય જગતમાં લૌકિક માણસો પણ પોતાના અંતઃકરણનો ગૂઢ અભિપ્રાય કેવળ આત્મીયજન પાસે જ પ્રગટ કરતા હોય છે.

આપણા અંતઃકરણમાં અનેક પ્રકારના વિચારો જાગતા હોય છે. આ બધા વિચારો ખરેખર પ્રભુની પ્રેરણાથી જાગ્યા છે કે આપણા મનના તુક્કા છે, તેની ચોકસાઇ બુદ્ધિપૂવર્ક કરવી જોઇએ. આ ચોકસાઇ ત્રણ પ્રકારે થઇ શકે : (૧) ભગવદ્આજ્ઞાનું સ્વરૂપ (૨) ભગવદ્આજ્ઞાનો વિષય (૩) ભગવદ્આજ્ઞાનું પ્રયોજન. જો ભગવાનની આજ્ઞા સ્વપ્ન થઇ હોય, ભગવદીય દ્વારા થઇ હોય કે પ્રભુએ સાક્ષાત્ દર્શન આપીને કરી હોય અથવા હૃદયમાં સ્ફુરણા થઇ હોય તો તે આજ્ઞા કેવી રીતે થઇ, એનો વિવેકબુદ્ધિપૂર્વક વિચાર કરવાથી આપણે નક્કી કરી શકીએ કે આ ભગવાનની આજ્ઞા છે કે આપણી બુદ્ધિનો વિષય છે?

ભગવાનની આજ્ઞા છે એ ચકાસવાનો બીજો રસ્તો છે. આવો વિચાર જાગે ત્યારે આપણી જાતને પૂછવું કે આમાં મારો કોઇ વ્યક્તિગત સ્વાર્થ છે કે પ્રભુનું સુખ છે? જો પ્રભુના સુખ માટેનો તે વિચાર હોય તો તેને ભગવદ્આજ્ઞા સમજી, તેને અનુસરવું. ભગવદ્આજ્ઞાના વિષયનો પણ વિચાર કરવો જોઇએ. તે

આજ્ઞા શરીર, ધન વગેરે વાપરવા સબંધી હોઇ શકે. કોઇ વ્યક્તિ સબંધી હોઇ શકે, વૈદિકકાર્યો કરવા અંગેની પણ હોઇ શકે. તે આજ્ઞા લૌકિક, વૈદિક અને અલૌકિક પૈકી કયા પ્રકારની છે તેનો વિચાર કરવો જોઇએ. લૌકિક અને વૈદિક વિષયોની આજ્ઞા ભગવાનના સુખ અને ભગવાનનું કાર્ય કરવા માટેની હોય તો તેનો આદરપૂર્વક સ્વીકાર કરવો. લૌકિક વિષયોની આજ્ઞા પ્રભુના સુખ માટેની હોય તો તેનું આચરણ કરવું. પોતાના સુખ માટેની આજ્ઞાનો દૃઢતાથી અસ્વીકાર કરવો. આજ્ઞાનું પ્રયોજન પણ વિચારવું જોઇએ. પ્રભુએ આવી આજ્ઞા શા માટે કરી? મારી પરીક્ષા લેવા કરી? મારા લૌકિક સુખ માટે કરી? પોતાના સુખ માટે કરી? જો તે આજ્ઞા લૌકિક સુખ માટે હોય તો તેને મનનો તરંગ જાણવો. જો તે આજ્ઞા પરીક્ષા માટે કરી હોય તો તેનું પાલન કરવું જરૂરી નથી. પ્રભુના સુખ માટેની હોય તો તેનું તત્કાલ પાલન કરવું. જેમ કે તીર્થયાત્રા ભગવદ્સેવા છોડીને કરવાની હોય તો તે સ્થિતિમાં અવશ્ય વિચાર કરવો પડે. લૌકિક વ્યવહાર માટે પ્રવાસ કરવો જરૂરી હોય તો શ્રીઠાકોરજીની સેવા સબંધી યોગ્ય વ્યવસ્થા ગોઠવીને પ્રવાસે જવું પડે. પુણ્યપ્રાપ્તિના હેતુથી તીર્થયાત્રા કદી ન કરવા, પણ શ્રીવલ્લભના સંબંધે અનિવાર્ય હોય તે જ જવું. આકસ્મિક રીતે જીવનમાં આવી પડેલાં બધાં કાર્યોમાં પણ આ જ માપદંડ રાખવો.

ગૃહસ્થ વૈષ્ણવે લૌકિક કાર્યો પણ કરવાં પડે છે. આવાં લૌકિક કાર્યો કાપટ્યભાવથી કરવાં. અર્થાત્, કેવળ કરવા ખાતર કરવાં, તેમાં મન લગાડવું નહીં. પુષ્ટિમાર્ગ લોક, વેદ વિરુદ્ધનો માર્ગ નથી. લોક, વેદની મર્યાદા વૈષ્ણવે અવશ્ય રાખવી. ટૂંકમાં, દેહના સુખ સિવાયની, ભગવાનના સુખ માટેની જે જે આજ્ઞા અંતઃકરણમાં થાય તેનું જ વૈષ્ણવે પાલન કરવું. બીજી આજ્ઞાઓનું પાલન ન કરવું એ છઠ્ઠો વિવેક છે. આમ કરવાથી ભગવાનના નામે આપણા જીવનમાં સ્વચ્છંદતા અને દુરાચાર પ્રવેશશે નહીં.

(૭) સાતમો વિવેક - અસામાન્ય પ્રસંગમાં હઠાગ્રહ કે દુરાગ્રહ છોડી, જે તે પ્રસંગ પ્રમાણે વિવેકથી કરવા જેવું હોય તે કરવું.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપત્તિ અને વિપત્તિમાં વૈષ્ણવની બુદ્ધિ કેવી રીતે કામ કરતી હોવી જોઇએ? આપત્તિ એટલે ચારેબાજુથી આવી પડેલી મુશ્કેલીઓ. વિપત્તિ એટલે વિશેષ પ્રકારની મુશ્કેલીઓ. પ્રભુએ તેમના સુખ માટે જે જે આજ્ઞા કરી હોય તેમાંથી કેટલીક આજ્ઞાઓ આપત્તિ કે વિપત્તિની

પરિસ્થિતિમાં આપણે પાળી ન શકીએ એવી હોઇ શકે છે. આ સ્થિતિમાં જે આજ્ઞા આપણે પાળી શકીએ તેનું અવશ્ય પાલન કરવું. જે આજ્ઞાનું પાલન અશક્ય હોય તેના માટે હઠાગ્રહ કે દુરાગ્રહ ન કરવો. જેમ કે કોઇ સામાન્ય વૈષ્ણવને આજ્ઞા થાય કે ભગવાન માટે સાચાં રત્નોના શૃંગાર સિદ્ધ કરાવો. આ આજ્ઞાનું પાલન તે વૈષ્ણવ માટે શક્ય નથી. તો તે વૈષ્ણવે આ આજ્ઞાનું પાલન કરવાનો દુરાગ્રહ રાખવો જોઇએ નહીં.

કેટલીકવાર આપણે આપણું અભિમાન પોષવા માટે હઠાગ્રહ કરતા હોઇએ છીએ, જેમ કે માણસ પથારીવશ હોય છતાં આગ્રહ રાખે કે હું તો જલપાન કર્યા વિના જ એકાદશીનું વ્રત કરીશ આવો હઠાગ્રહ તેના માટે યોગ્ય નથી. તો એકાદશી કરવાના અહંકારથી આવો હઠાગ્રહ તેણે છોડવો જોઇએ. બીજું ભક્ત આવો હઠાગ્રહ કરે ત્યારે તેને સિદ્ધ કરવા માટે ભગવાનને સ્વયં શ્રમ કરવો પડે છે. ભગવાનને શ્રમ કરાવવાથી આપણો દાસભાવ નાશ પામે છે. માટે, કંઇપણ કાર્ય કરતાં ભગવાનને શ્રમ ન થાય એનો ખ્યાલ પણ અવશ્ય કરવો જોઇએ.

જીવનમાં આપત્તિઓ અને વિપત્તિઓ તો આવવાની જ. લૌકિક મનુષ્યને પણ આવે છે અને વૈષ્ણવને પણ આવે છે. બંનેમાં ફરક એટલો છે કે લૌકિક મનુષ્ય આપત્તિ અને વિપત્તિમાં પડી ભાંગે છે, જ્યારે વૈષ્ણલ ખુમારીથી આપત્તિ અને વિપત્તિને સહજ રીતે જીવી લે છે. આપત્તિ-વિપત્તિને વિવેકપૂર્વક સ્વીકારી લેવાથી તે જીવનઘડતરનું સાધન બને છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણો ધર્મ જડ નથી. દરેક નિયમમાં આપવાદો છે, જેમ કે આચારધર્મ. શાસ્ત્ર કહે છે કે ઘરમાં રહીએ ત્યારે આચારનું પાલન સો ટકા કરવું જોઈએ, પરંતુ માંદા પડીએ ત્યારે તેમાં પચાસ ટકા જેટલી છૂટ મૂકી શકાય. પ્રવાસમાં હોઈએ ત્યારે પચીસ ટકા જેટલું પાલન થાય તો પણ વાંધો નહીં. એવી જ રીતે પ્રાચીન સમયમાં કૂવાનું જળ સેવામાં વપરાતું. આજે કૂવા રહ્યા નથી, નદીઓ સૂકાઈ ગઈ છે. ત્યારે જે સ્વચ્છ અને શુદ્ધ જળ મળે તેનો ઉપયોગ કરવો જોઈએ. જળની આપત્તિનો વિચાર કરીને અમુક જ જળ વાપરવું એવો હઠાગ્રહ કરવો જોઈએ નહી.

આપત્તિમાં અપવાદ છે, પરંતુ આપત્તિ ટળી ગયા પછી સદાચારની મર્યાદાનું ફરીથી પાલન કરવું જોઈએ. આપત્તિના નામે અનુકૂળતા હોવા છતાં સદાચારને શિથિલ કરી દેવા સામે શ્રીમહાપ્રભુજી લાલબત્તી ધરે છે.

કેટલીક વખત આપણે ધર્મ અને આચારના નામે આપણી જાત ઉપર અને કુટુંબ ઉપર અત્યાચાર કરતા હોઈએ છીએ. કેટલીકવાર આચારધર્મ છોડી દઈ, અનાચાર કરીએ છીએ. વૈષ્ણવે વિવેકપૂર્વક સદાચાર, અનાચાર અને અત્યાચારનો વિચાર અવશ્ય કરવો જોઈએ.

(૮) આઠમો વિવેક - ભગવદ્‌કાર્ય સિવાયનાં લૌકિક વૈદિક કાર્યોમાં દુરાગ્રહ ન રાખવો.

વૈષ્ણવ પણ સામાજિક પ્રાણી છે. આપણે સમાજમાં રહેવાનું છે. સમાજમાં આવશ્યક એવાં કાર્યો કરવાં પડે છે. ત્યારે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે સામે ચાલીને બહુ ઉત્સાહપૂર્વક સમાજનાં કાર્યો કરવા દોડ્યા જવાની નથી, આપણું વૈષ્ણવ તરીકેનું મુખ્ય કાર્ય ભગવદ્‌સેવા અને સ્મરણનું છે. પરંતુ સામાજિક મનુષ્ય તરીકે આપણી જવાબદારીના ભાગ રૂપે જે કાર્ય આવી પડે તે કાર્ય પ્રભુ કરાવે એટલું કરવું, તેથી વધારે કરવાનો ઉત્સાહ રાખવો નહીં, કારણ કે લૌકિક કાર્ય કરતાં મનમાં રાગદ્વેષ વધે છે, માન-અપમાનથી મન દુઃખી બને છે. આખરે તો લૌકિક કાર્યોના ફળ રૂપે માણસને માર જ ખાવો પડે છે. એ સંજોગોમાં દીન થઈને લૌકિક કાર્ય કરવાં નહીં. નિરપેક્ષ અને તટસ્થ ભાવે જે કરવાં પડે તેટલાં કરવાં. તે વખતે આપણા મન અને બુદ્ધિમાં બિરાજતા પ્રભુનો આનંદ અને અલૌકિકતા લૂંટાઈ ન જાય એનું પણ ધ્યાન રાખવું. સાથે સાથે યાદ રાખવું કે લૌકિક કાર્યોનું પરિણામ હંમેશાં દુઃખમાં આવે છે. એટલે વૈષ્ણવે બધા પ્રકારના લૌકિક આગ્રહ છોડી, કેવળ સેવા-સ્મરણનો અલૌકિક આગ્રહ રાખવો, સંસારમાં જલકમલવત રહેવું.

(૯) નવમો વિવેક - દરેક કાર્ય ધર્મ અને અધર્મનો વિચાર કરીને કરવું.

કોઈપણ પ્રવૃત્તિ કરતાં પહેલાં તેના પરિણામનો વિચાર કરવો. ઉતાવળમાં કે આવેશમાં આવી જઈને લક્ષહીન કોઈ પ્રવૃત્તિ કદી પણ ન કરવી. તે પ્રવૃત્તિ કરવા માટે જ આચરણ કરવું પડે. જે વાણીનો ઉપયોગ કરવો પડે, જે વ્યવહાર કરવો પડે તે સર્વનો વિચાર કરવો. વાણી, વર્તન અને વ્યવહાર વૈષ્ણવતાને અનુરૂપ છે કે નહીં ? લૌકિક પ્રવૃત્તિ કરતાં હું શ્રીમહાપ્રભુજીનો માર્ગ છોડીને બીજા કોઈ માર્ગે ચાલ્યો જતો નથી ને ? આ બે પ્રશ્નો અવશ્ય વિચારવા.

ઘણીવાર જીવનમાં પ્રલોભનો આવે છે. માણસ ક્ષુદ્ર સ્વાર્થ માટે ધર્મ છોડી, અધર્મ કરવા તત્પર બને છે. વૈષ્ણવે સતત ધ્યાન રાખવું કે તેમની વૈષ્ણવતા ખંડિત ન થાય, તેઓ અધર્મનો ભોગ ન બને.

ધૈર્યનું સ્વરૂપ :

મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, પરંતુ તે કેવળ બુદ્ધિથી જીવી શકતો નથી. મનુષ્યજીવનમાં જેટલું સ્થાન બુદ્ધિનું છે, એથી કદાચ વિશેષ સ્થાન લાગણીઓનું પણ છે. માણસ બુદ્ધિથી જેટલું કામ કરે છે તેનાથી વધુ કામ લાગણીઓથી પ્રેરાઈને કરે છે. એટલે જ કદાચ આજના સમયમાં મનુષ્યને સૌથી વધારે માનસિક રોગો થાય છે.

મન જેમ જ્ઞાનાત્મક છે, તેમ ભાવાત્મક પણ છે. ભાવાત્મક મન બે પ્રકારના અનુભવો મેળવે છે : (૧) લાગણીના સુખ-દુઃખના અનુભવો (૨) ઈંદ્રિયજન્ય સંવેગ અને આવેગના અનુભવ. આપણી લાગણી બે પ્રકારની છે - સુખની અને દુઃખની. લાગણીનો અનુભવ વ્યક્તિગત છે. એક માણસ એક જ પરિસ્થિતિમાં સુખ અનુભવે, તો બીજો માણસ એ જ પરિસ્થિતિમાં દુઃખ અનુભવે છે. તેથી લાગણીને ત્રણ પ્રકારોમાં વહેંચી છે : (૧) સુખસ્વરૂપ અને દુઃખસ્વરૂપ (૨) ઉદ્દીપ્ત અને શાન્ત (૩) હળવાશ અને ટેન્શન. જે અનુભવ સુખ આપે તે વારંવાર મેળવવા ઈચ્છીએ છીએ. દર્શનશાસ્ત્રમાં તેને સ્પૃહા કહે છે. દુઃખ ભોગવવા કોઈ ઈચ્છા કરતું નથી. છતાં ઉત્કટ બને ત્યારે તેમાંથી માનસિક વિકારો જન્મે છે. સુખના અનુભવથી મનમાં હળવાશ જન્મે છે. દુઃખના અનુભવથી ટેન્શન જન્મે છે. દુઃખનો અનુભવ થતાં શરીરની માંસપેશીઓમાં એક પ્રકારનું ખેંચાણ થાય છે, તેને લઈને બ્લડપ્રેશર જેવા રોગો થાય છે. ક્યારેક સુખનો અનુભવ ઉત્કટ બનતાં હૃદય ઉત્તેજિત બને છે અને તેમાંથી હાર્ટએટેક પણ આવે છે.

સુખદુઃખના અનુભવો ક્ષણજીવી છે, છતાં તેમાં ઝડપથી પરિવર્તન આવી શકે છે. એક ક્ષણ માટે આવેલું વાવાઝોડું જેમ જગતમાં વિનાશ વેરી જાય, તેમ લાગણીના વધારે પડતા ઉત્કટ અનુભવો માણસના અંતઃકરણમાં વિનાશ વેરી જાય છે. આથી માણસ માટે માનસિક સમતોલપણું જાળવી રાખવું અત્યંત જરૂરી છે.

જેમ મનમાં સુખદુઃખની લાગણીઓનો અનુભવ છે, તેમ ઈંદ્રિયોના સંવેગોનો પણ અનુભવ છે. પ્રત્યેક સંવેગમાં સુખ કે દુઃખનો અનુભવ છુપાયેલો છે. સંવેગ એટલે

લાગણીનું ઉત્તેજિત સ્વરૂપ. સંવેગ માત્ર મનનો જ ન હોય, તે શરીર અને ઇંદ્રિયોનો પણ હોય. જેમ કે ભૂખ, તરસ લાગવી એ શરીરનો સંવેગ છે. ભય, ક્રોધ વગેરે મનના સંવેગ છે. શબ્દ, સ્પર્શ ગંધ વગેરે ઇંદ્રિયોના સંવેગ છે. આ સંવેગોનો અનુભવ માણસને તેની આત્મચેતના દ્વારા થાય છે. જે બીજાઓને તેના બાહ્ય પ્રદર્શન કે શારીરિક પરિવર્તન દ્વારા અનુભવાય છે. જેમ કે માણસના મનમાં ક્રોધ આવ્યો તે બીજાઓ તેના મોં પરનો ગુસ્સો જોઇને અનુભવી શકે છે. માણસને દુઃખ આવ્યું તે તેની આંખમાંથી સરતાં આંસું જોઇને સમજી શકાય છે. માનસિક સંવેગો જાગતાં આ પ્રકારે શારીરિક પરિવર્તન આવે છે.

આ પરિવર્તન ત્રણ પ્રકારનાં હોય છે. : (૧) ચેતનાનું પરિવર્તન. તે વખતે માનસિક ક્રિયાઓ બદલાઇ જાય છે. કાયિક અને બૌદ્ધિક ક્ષમતાઓ મંદ પડી જાય છે. સંકલ્પશક્તિ નિર્બળ બની જાય છે. યાદશક્તિ ઘટી જાય છે. માણસ આત્મશ્રદ્ધા ગુમાવી બેસે છે અને અંદરથી તૂટી જાય છે. (૨) શારીરિક પરિવર્તન. સંવેગને લીધે આત્મનિયંત્રણ રહેતું નથી, તેથી શારીરિક પ્રક્રિયાઓ વિકૃત બને છે. જેમાં ત્રણ ફેરફાર જોવા મળે છે : (૧) મુખાકૃતિ બદલાઇ જવી. (૨) વાણી બદલાઇ જવી. ક્રોધમાં અવાજ ફાટી જાય, દુખમાં રુંધાઇ જાય, અસત્ય બોલતાં થોથવાઇ જાય. (૩) શારીરિક હલનચલનમાં પરિવર્તન. માણસ મૂછો પર હાથ ફેરવે, કમર વાંકી કરી કોઇ ધ્યાનમાં ખોવાઇ જાય, બે હાથ છાતીએ મૂકી દે; ફાટેલી આંખે જોયા કરે. (૩) આંતરિક પરિવર્તન. સંવેગ ઉત્પન્ન થતાં આંતરક્રિયાઓ બદલાઇ જાય છે. શ્વસનક્રિયાઓ લઇ જાય છે. શ્વસનક્રિયા, હૃદયની ગતિ, નાડીની ગતિ, બ્લડપ્રેશર, લોહીના રાસાયણિક તત્વો, પાચનક્રિયા વગેરે બદલાઇ જાય છે. ક્રોધમાં બ્લડપ્રેશર વધી જાય, ભયમાં ઘટી જાય. દુઃખમાં પાચનક્રિયા મંદ પડે, ચિંતામાં અલ્સર જેવા રોગો થાય. વિષાદમાં મન-હૃદયમાં બળતરા થાય.

એવી રીતે મનની લાગણીઓ અને સંવેગોનો મનુષ્યના તન અને મન ઉપર ઘેરો પ્રભાવ પડે છે. તેને લઇને માણસ તેની જાત ઉપરનો કાબૂ ગુમાવી બેસે છે. ક્યારેક માણસ જીવતી લાશ જેવો બની જાય છે. આને લઇને માણસમાં અનેક માનસિક રોગો અને વિકૃત્તિઓ જન્મે છે.

આ બધા સામે રક્ષણ આપવા માટે શ્રીમહાપ્રભુજી ધૈર્યનું સ્વરૂપ સમજાવે છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે સૌથી સહેલું કામ મનની લાગણીઓ અને

ઈંદ્રિયોના આવેગ ઉપર અંકુશ મૂકવાનું કરવું જોઈએ. દરેક સુખની પાછળ પાગલ થઈને દોડવું નહીં, તેમ દરેક દુઃખની પાછળ આવેશમાં આવીને બળવું નહીં. પશુઓ તેમની લાગણી અને આવેગને કાબૂમાં રાખી શકતાં નથી, પરંતુ માણસમાં ભગવાને લાગણીઓ અને આવેગોને કાબૂમાં રાખવાની શક્તિ આપી છે. લાગણીઓ અને આવેગોની યાતના સહન કરવી એનું નામ જ ધૈર્ય.

જેમ ઘોડાને લગામની અને હાથીને અંકુશની જરૂર પડે છે, તેમ આપણા તન-મનને સંયમ-નિયમની જરૂર પડે છે. લાગણીઓનાં ઘોડાપૂર તન-મનનો વિનાશ ન કરે તે માટે સંયમ-નિયમનું પાલન કરતાં સહનશક્તિને વિકાસાવવી જોઈએ. સહનશક્તિનો વિકાસ એટલે જ ધૈર્ય.

આપણી દુઃખાત્મક લાગણીઓ ત્રણ પ્રકારની છે : (૧) આધિભૌતિક દુઃખ. (૨) આધ્યાત્મિક દુઃખ. (૩) આધિદૈવિક દુઃખ. શરીરસંબંધી દુઃખ તે આધિભૌતિક દુઃખ છે. શરીરને થતા રોગો, શરીરને બીજાઓ તરફથી પડતો માર એ બધાં દેહસંબંધી દુખો છે. ઇંદ્રિયો અને મનસંબંધી જે માનસિક દુઃખ છે. તે આધ્યાત્મિક દુઃખ છે. આ દુઃખ કામ, ક્રોધના આવેશમાંથી જન્મે છે. આત્મા સંબંધી જે દુઃખ છે તે આધિદૈવિક દુઃખ છે. પરમાત્માની પ્રાપ્તિમાં વિલંબ થવાનું દુઃખ આધિદૈવિક દુઃખ છે.

શ્રીમહાપ્રભુજી આ ત્રણેય દુઃખોને સહન કરવાના ઉપાયો બતાવે છે. એક સ્ત્રી એની જિંદગીમાં અનેક પ્રકારનાં શારીરિક દુઃખો ભોગવતી રહી. બેસુમાર દુઃખો એણે જોયાં. તેનાથી તે ઘડાઈ ગઈ. એક દિવસ તેના માથા પરની છાશની માટલી જમીન પર પડી, ફૂટી ગઈ. થોડુંક નુકશાન થયું. તેની બીજી બહેનપણીઓને પણ એવું જ નુકશાન થયું. બીજી સ્ત્રીઓ રડવા લાગી, આ સ્ત્રી શાંત રહી એનું કારણ તેણે સમજાવ્યું કે હું આના કરતાં વધારે અનેક દુઃખો ભોગવી ચૂકી છું, એટલે આ દુઃખ કોઈ વિસાતમાં નથી. આમ, જ્યારે આપણને સમજાય કે પરમાત્માથી છૂટા પડતાં આપણી આનંદરૂપી મૂડી ગઈ છે, તેના દુઃખ પાસે શરીરનું દુઃખ કોઈ વિસાતમાં નથી, ત્યારે આપણને શરીરના દુઃખ કે મૃત્યુનો ભય સતાવતો નથી. શરીરનાં દુઃખો સહન કરવાની શક્તિ, ભગવાનનો આશ્રય અને ભગવાન માટેનો સમર્પણભાવ આપે છે.

પુરાણોમાં ભરતમુનિનો પ્રસંગ છે. હરણના બચ્ચામાં મન જોડાઈ જતાં બીજો જન્મ હરણનો થયો. ત્રીજો જન્મ જડભરતનો થયો. આ દરમ્યાન તેમણે

ઈંદ્રિયો અને મન સબંધી ઘણાં માનસિક દુઃખો ભગવ્યાં હતાં. તેની તેમને યાદ કાયમ હતી, તેથી તેઓ સ્થિતપ્રજ્ઞ યોગી બન્યા. મનનું એવું ઘડતર કર્યું કે જીવનનું કોઈ દુઃખ તેમને સતાવી ન શકે. બહારથી તેઓ જડ દેખાવા લાગ્યા. તેમણે જીવનનો આખો અભિગમ બદલી નાખ્યો. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મન અને ઈંદ્રિયોના રોગોથી બચવા માટે શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ અને કીર્તન-ચિંતનમાં મન પરોવવું તેમ કરવાથી આધ્યાત્મિક દુઃખો સતાવતાં નથી.

આધ્યાત્મિક દુઃખો એટલે પ્રભુના વિરહતાપનું દુઃખ. આ વિરહતાપ તો આનંદરૂપ છે. શ્રીમહાપ્રભુજીએ પણ શ્રીઠાકોરજી પાસે આવો વિરહતાપ માગ્યો છે. પ્રભુ પોતાના સ્વકીય ભક્તોને પોતાના આનંદનું દાન આપવા માટે ભક્તોના. શરીર, ઈંદ્રિયો, મન અને આત્માને લાયક બનાવવા તેમના અલૌકિક વિરહનું દાન આપે છે. આ વિરહાત્મક દુઃખ પ્રભુની કૃપાનું દાન છે, એમ સમજીને વ્રજભકતોની જેમ તેને પણ સહન કરવું.

આધિભૌતિક દુઃખ સહન કરવાથી શરીરથી પ્રભુનો આશ્રયસિદ્ધ થાય છે. આધ્યાત્મિક દુઃખ સહન કરવાથી મનથી પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે. આધિદૈવિક દુઃખ સહન કરવાથી વાણીથી પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે. માટે જ શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ ત્રણે પ્રકારનાં દુઃખ મૃત્યુ સુધી તેમનો કોઈપણ પ્રકારે પ્રતિકાર કર્યા વિના, અકળાઈ ગયા વિના, સ્વસ્થ ચિત્તે સહન કરવાં.

કેટલાક લોકો દુઃખ ભોગવવા એવા ટેવાયા હોય છે કે તેમને સુખ જીરવવું અઘરું પડે છે. દુઃખ ચાલ્યું જાય ત્યારે તેઓ દુઃખી થાય છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આવી પડેલાં સુખ-દુઃખ સ્વીકારી લેવાં. વગર પ્રયત્ને દુઃખ ટળી જતું હોય તો દુઃખ વેઠવાનો આગ્રહ ન રાખવો. ખોટાં દુઃખ ભોગવવાનો કોઈ અર્થ નથી. શરીર અને શરીરના સબંધીઓથી જે દુઃખ થાય છે તે બધાં ભગવદિચ્છાથી દૂર થઈ શકે છે. શરીરને શરીરના સંબંધીઓનો વિનિયોગ ભગવદ્સેવાના કાર્યમાં કરવાથી તેઓ દુઃખરૂપ ન રહેતાં સુખરુપ બને છે.

આપણી ઈંદ્રિયોને લૌકિક વિષયોમાંથી છૂટવાનું થાય ત્યારે તેમને દુઃખ લાગે છે. આ ઈંદ્રિયોને સંયમ અને નિયમથી લૌકિક વિષયોમાંથી છોડાવવાથી સુખ મળે છે. લૌકિક વિષયો અંતે તો ઈંદ્રિયોને દુખ આપનારા છે, એ વાત સમજાઈ જાય તો ઈંદ્રિયોને તેમાંથી છોડાવી શકાય.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વ્યવહારમાં વિનમ્રતા અને વિવેક જરૂરી છે. સાથે સત્ય પણ જરૂરી છે. ઘણી વાર વિનમ્રતા અને વિવેકથી વર્તન કરવાથી દુઃખનાં વાદળો વિખરાઈ જાય છે. એ સંજોગોમાં કારણ વગરનું દુઃખ સહન કરવાની કાયરતા જરૂરી નથી.

શ્રીમહાપ્રભુજી એક બીજી વાત સમજાવે છે. અધિભૌતિક એટલે લૌકિક દુઃખો ત્રણ પ્રસંગોમાં અનુભવાય છે : (૧) પતિપત્ની દ્વારા મળતાં દુઃખ (૨) સ્વજનો-સબંધીઓ તરફથી મળતાં દુઃખ (૩) હલકા પ્રકારના લોકો તરફથી મળતાં દુઃખ પતિપત્ની એક ગાડાનાં બે પૈડાં છે. બંને એકબીજા ઉપર અધિકાર ભોગવવા ઈચ્છે છે. તેમાંથી સંઘર્ષ જાગે છે. મહર્ષિ અરવિંદના મતે કાંમ, ક્રોધ અને મદ પુરુષોમાં વધારે હોય છે, લોભ, મોહ અને ઈર્ષા સ્ત્રીઓમાં વધારે હોય છે. આધિપત્ય, સ્વીકાર અને સત્તા પુરુષોના ગુણો છે, સેવા, સ્નેહ, સમર્પણ સ્ત્રીઓના ગુણો છે. જ્યારે સ્ત્રી પુરુષ બનવા જાય ત્યારે દાંપત્યજીવનમાં વિરોધ જાગે છે. પતિપત્નીનું અભિમાન ટકરાય છે. આવી પરિસ્થિતિ સગાંસંબંધીઓ સાથે પણ બને છે. આને કારણે થતાં દુઃખો સહન કરી લેવાં જરૂરી છે. કારણ, તેનો બીજો કોઈ વિકલ્પ નથી.

સામાજિક સબંધોમાં પણ અન્યાય, અત્યાચાર, તિરસ્કારના પ્રસંગો બને છે. તે વખતે સામી વ્યક્તિ સામે લડવાથી કે જીભાજોડી કરવાથી, લાગ જોઈને બદલો લેવાથી કોઈ લાભ થતો નથી. વિવેકબુદ્ધિથી આવા લોકોને દૂર રાખવા અને તેમનાથી દૂર રહેવું. તેમનું આક્રમણ થાય તો સહન કરી લેવું.

આપણા નોકર-ચાકર વગેરે હલકા લોકો જ્યારે આપણું અપમાન કરે ત્યારે આપણને ઘણું દુઃખ થાય છે. દુર્જનનો એ સ્વભાવ છે. આપણે સજ્જન છીએ, માટે આપણે આપણી સજ્જનતા છોડવી નહીં, અન્યાય ખમી લેવો. દુનિયા ભલે આપણને કાયર કહે, એની ચિંતા ન કરવી.

દુઃખની ક્ષણમાં ધીરજ ગુમાવી, મનથી ભાગી પડે તે કાયર છે. બધાના હૃદયમાં મારા સ્વામી કૃષ્ણ બિરાજે છે, એ સત્યને યાદ રાખી, સામી વ્યક્તિની કઠોરતા સહન કરવી.

ધૈય દૃઢ કરવા માટે શરીરના, વાણીના અને મનના ભોગો છોડવા, કારણ

કે મોટાભાગનાં દુઃખો આપણા લૌકિક ભોગનું જ પરિણામ હોય છે. ભોગનો ત્યાગ કરી, મનને કૃષ્ણમાં જોડાવાનો પ્રયત્ન કરવો. ઈંદ્રિયો અને શરીરનું અકુદરતી રીતે દમન ન કરવું. ઈંદ્રિયો અને શરીરને પ્રભુ સાથે જોડવાથી તેઓ આપોઆપ કાબૂમાં આવી જાય છે.

આશ્રયનું સ્વરૂપ :

માનવીના મનના ઊંડાણમાં ઘણી બધી વૃત્તિઓ રહેલી છે. તેમાંની એક વૃત્તિ પ્રભુતા અને બીજી લઘુતા છે. ક્યારેક માનવીને અન્યના પ્રભુ બનવાનું મન થાય છે, તો ક્યારેક કોઈકના સેવક બનવાનું મન થાય છે. નબળા લોકોના નેતા બનવાની અને સબળા લોકોના સેવક બનવાની વૃત્તિ માનવીમાં રહેલી છે. એક જ માનવી સ્વામી અને સેવક બંનેનો રોલ ભજવતો ઘણીવાર જોવા મળે છે.

આ ઉપરાંત માનવીમાં આત્માભિમાન અને આત્મરમર્પણની વૃત્તિઓ પણ રહેલી છે. આત્માભિમાનની વૃત્તિને લઈને મનુષ્ય ઘણાં કાર્યોમાં આગેવાની લે છે. સત્તાનાં સૂત્રો ધારણ કરે છે. પરિણામે અહંકારનો ભોગ બને છે. આત્મસર્પૂણની વૃત્તિ તેને આત્મગ્લાનિ તરફ લઈ જાય છે. પરંતુ સમર્પણ અને શરણાગતિ પ્રભુ તરફ વળે તો તેનો ઉદ્ધાર કરે છે.

માણસ માણસના શરણે જાય ત્યારે તેનામાં લઘુતાગ્રંથિ જાગે છે, પરંતુ ઈશ્વરના શરણે જાય તો તેનામાં આત્મસંતોષ અને આનંદ જાગે છે. આમ તો પ્રભુતાગ્રંથિ અને લઘુતાગ્રંથિ બંને મનની ગાંઠો છે, પણ શરણભાવનાથી જાગેલી ગ્રંથીરહિત ચિત્તની વૃત્તિ માણસને ઊર્ધ્વગામી બનાવે છે.

મનોવિજ્ઞાન કહે છે કે માનવમનની મૂળ વૃત્તિઓનું ઊધ્વીકરણ થવું જોઈએ. આવું ઊર્ધ્વીકરણ શ્રીવલ્લભની દૃષ્ટિએ કેવળ પ્રભુકૃપાથી થાય છે. જીવને પ્રભુનો આશ્રય પણ પ્રભુકૃપાથી મળે છે.

આશ્રય શબ્દના બે અર્થ છે : (૧) પ્રભુનો આધાર લેવો, શરણભાવના રાખવી. (૨) બધી રીતે દાસભાવથી પ્રભુની સેવા કરવી. સેવા એટલે પ્રભુને અનુકૂળ કૃતિ, જેનાથી પ્રભુ પ્રસન્ન થાય. આ પ્રમાણે કરવાથી વૈષ્ણવને પ્રભુનો આશ્રય સિદ્ધ થાય છે. આશ્રય એટલે શરણ. શરણના ત્રણ અર્થ : (૧) ઉપાય

(૨) ઘર (૩) રક્ષા. કોઈ રોગી પર દવાની અસર ન થાય ત્યારે તે પ્રભુને યાદ કરે છે. પ્રભુની દુઆ માગે છે. પ્રભુને વિનંતી કરે છે કે તમે કંઈક ઉપાય કરો. પ્રભુ આપણા ઉપાયરૂપ બને તે શરણ. આપત્તિમાં કોઈ બચાવનાર કોઈ રક્ષક ન હોય ત્યારે પ્રભુને રક્ષક બનવા વિનંતી કરીએ, તેનું નામ શરણ. સલામતી માટે ઘરમાં રહીએ, તેમ ભગવાનનું શરણ સ્વીકારી, ઠરીઠામ થઈએ. ભગવાનનો આશ્રય રાખીને રહીએ, તેનું નામ શરણ.

શ્રીમહાપ્રભુજીએ શરણનાં છ પગથિયાં બતાવ્યાં છે, જે આપણે આગળ જોઈ ગયા છીએ, એટલે અહીં ફરીથી તેનો વિચાર કરતા નથી. આવી શરણાગતિ લેવાની જરૂર નીચે પ્રમાણેની ચૌદ પરિસ્થિતિમાં ખાસ ઊભી થાય છે :

(૧) આલોક અને પરલોક સંબંધી જે કંઈ સુખ છે તે ભગવાનના ચરણકમળના દૃઢ આશ્રયથી ચોક્કસ મળશે એવી શ્રદ્ધા રાખી, ભગવાનના ચરણારવિંદનો આશ્રય છોડી, બીજે વલખાં ન મારવાં.

(૨) પ્રભુના આશ્રયથી જેમ બધું સુખ મળે તેમ બધું દુ:ખ આપોઆપ દૂર થાય. ભક્ત માટે ભગવાનની પ્રાપ્તિ એ સુખ છે અને ભગવાનથી વિખુટા પડવું એ દુ:ખ છે. દુ:ખ અને હાનિમાં પણ પ્રભુને વળગી રહેવું.

(૩) અન્ય સાધનોથી જયારે પાપ દૂર થવાં અશક્ય હોય ત્યારે ભગવાનના શરણથી પાપ નાશ પામે છે. ભક્ત માટે પ્રભુને ભૂલવા એ પાપ છે. પ્રભુને યાદ કરવા એ પુણ્ય છે. ભગવાનમાંથી આપણો વિશ્વાસ ગુમાવી દેવો એ પાપ છે, ભગવાનમાં વિશ્વાસ રાખવો એ પુણ્ય છે. પાપનો બીજો અર્થ છે અપરાધ. જાણતાં-અજાણતાં અપરાધ થાય ત્યારે તેનું ચિંતન કરવાથી બુદ્ધિ બગડે છે. પરંતુ પ્રભુની શરણભાવના રાખવાથી અપરાધ નિવૃત્ત થાય છે.

(૪) મનમાં લૌકિક-અલૌકિક ઈચ્છાઓ જાગે છે. લૌકિક ઈચ્છાઓ અધૂરી રહે તો ભક્તને ફરિયાદ હોતી નથી. અલૌકિક ઈચ્છા અધૂરી રહે તેનું ભક્તને દુ:ખ હોય છે. આપણી ઈચ્છાઓ પૂરી થાય કે ન થાય, સદા પ્રભુનું શરણ સ્વીકારવું.

(૫) ગમેતેવો ભય આવે ત્યારે પ્રભુનું શરણ સ્વીકારવું. માણસને સૌથી મોટો ભય મૃત્યુનો હોય છે. પ્રભુનું શરણ વૈષ્ણવને નિર્ભય બનાવે છે.

(૬) કેટલીકવાર અજાણતાં કે સ્વભાવથી આપણે બીજા ભક્તોની નિંદા કરીએ છીએ. તેમનું દિલ દુભાય એવું વર્તન કરીએ છીએ. ક્ષમા આપે છે, પરંતુ ભક્તવત્સલ ભગવાન ભક્તનો અપરાધ સહન કરી શકતા નથી. આવી સ્થિતિમાં પ્રભુના શરણે જઇ, પ્રભુની ક્ષમા માગવી જોઇએ.

(૭) ઘણીવાર આપણા હૃદયમાં સેવા-સ્મરણ-સત્સંગ કરવા માટે ભક્તિ જાગતી નથી, અહંતા-મમતા નાશ પામતી નથી. ત્યારે પ્રભુનું શરણ યાદ કરવું, તેમની કૃપા માગવી.

(૮) ક્યારેક ભક્ત આપણા ઉપર નારાજ થાય, ક્રોધ કરે, તિરસ્કાર કરે, દંડ આપે ત્યારે પણ મનમાં સતત ભગવાનનું શરણ યાદ કરવું.

(૯) કોઇ કામ અશકય હોય, ન થઇ શકે, કોઇ કામ સુશકય બને. બંને પરિસ્થિતિઓમાં પ્રભુનું શરણ વિચારવું.

(૧૦) આપણામાં અભિમાન આવે, તેથી આચારવિચારની મર્યાદા ભુલાઈ જાય, અહંકારના કલંકને ધોવા પ્રભુનું શરણ સ્વીકારવું.

(૧૧) સ્ત્રી, પુત્ર વગેરેનું ભરણપોષણ કરવાની આપણી જવાબદારી છે. તેમાંથી આપણને અભિમાન જાગે અથવા ક્યારેક તેમના પોષણ અને રક્ષણની ચિંતા જાગે એ સંજોગોમાં પ્રભુની શરણભાવનાનું સ્મરણ રાખવું.

(૧૨) આપણા આશ્રિત સ્વજનો આપણો અનાદર અને ઉપેક્ષા કરે, આપણા વિરોધી થાય ત્યારે પણ પ્રભુની શરણભાવના રાખી, બધું સહન કરવું.

(૧૩) આપણી સાથે રહેનારા આપણા નોકર વગેરે આપણો અનાદર કરે ત્યારે તેમના પ્રત્યે ક્ષમાભાવ રાખવો, ક્રોધ કરી સ્વધર્મની હાનિ ન કરવી. એવું વિચારવું કે જે ખોટું કરશે તેને પ્રભુ જ દંડ આપશે.

(૧૪) મન અને ઈંદ્રિયોને અલૌકિક બનાવવા માટે બધી રીતે પ્રભુના શરણે જવું.

આ પ્રમાણે ચિત્તમાં સદા શરણભાવના રાખવી અને વાણી દ્વારા સતત 'સર્વથાશરણં હરિઃ' તથા 'સર્વાર્થે શરણં હરિઃ' આ બંને મંત્રાત્મક સૂત્રોનું રટણ કરવું.

અન્યાશ્રયનો ત્યાગ અને દૃઢ વિશ્વાસ :

શ્રીમહાપ્રભુજી આશ્રયને દૃઢ રાખવા માટે અન્યાશ્રયનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે. ભક્તિમાં અન્યાશ્રય સૌથી બધારે બાધક છે. ભક્તિ એટલે પ્રભુ પ્રત્યેનો સ્નેહ. સ્નેહમાં પ્રભુ સિવાય અન્ય કોઈને સ્થાન હોઈ શકે નહીં. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે વૈષ્ણવે શ્રીઠાકોરજીને છોડીને બીજા કોઈનું પણ સેવન ન કરવું, બીજા કોઈના મંદિરે સ્વેચ્છાએ ન જવું. બીજા કોઈની પાસે કશું માગવું પણ નહીં. જેમ દુનિયાના મનુષ્યોનું કે દેવોનું પૂજન-અર્ચન કરવા જવાની વૈષ્ણવને જરૂર નથી, તેમ, તેમને પોતાના ત્યાં બોલાવીને પણ પૂજા કરવાની જરૂર નથી. પ્રભુનું કાર્ય એટલે સેવા-સ્મરણ છોડી, વૈષ્ણવે લૌકિક મનુષ્યો સાથે શારીરિક, વાચિક અને માનસિક સંબંધ રાખવાની જરૂર નથી. નિઃસ્વાર્થભાવે માનવતાનો સબંધ ભલે રહે. વૈષ્ણવે પોતાના સ્વાર્થ માટે કોઈને પ્રાર્થના કરવી નહીં અને કોઈ દ્વારા પ્રાર્થના કરાવવી નહીં. પ્રભુ પાસે પ્રાર્થના કરવી હોય તો એટલી જ પ્રાર્થના કરવી કે મારાથી આપનું સર્વ પ્રકારે સુખ બની રહે અને મારા સ્વધર્મનો નાશ ન થાય.

વિશ્વાસ અને વફાદારી અનન્યતાના બે મજબૂત પાયા છે. જેનામાં વિશ્વાસ અને વફાદારી કાચાં હોય તે સાચો અનન્ય ભક્ત બની શકતો નથી. ગીતાજીમાં પણ અનન્યતા ઉપર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. આપણે પ્રભુનું અવલંબન છોડી, અન્યનું અવલંબન છોડી, અન્યનું અવલંબન કરીએ છીએ તે અન્યાશ્રય છે.

વૈષ્ણવે અન્યાશ્રય કોઈપણ પરિસ્થિતિમાં કરવાનો નથી. સાથે સાથે કોઈ દેવ, દેવી કે મનુષ્યનો અનાદર, તિરસ્કાર કે અપમાન પણ કરવાનું નથી. જેમ એક પતિવ્રતા પત્ની તેનો સ્નેહ તેના પતિને આપે છે અને સાથે સાથે બીજા પુરૂષોને આદર આપે છે, તેમ શ્રીઠાકોરજીને સ્નેહ કરવો અને અન્યને આદર આપવો તે વૈષ્ણવનું કર્તવ્ય છે.

રાવણને બ્રહ્માસ્ત્રમાં અવિશ્વાસ થયો, ત્યારે બ્રહ્માસ્ત્રથી બંધાયેલા હનુમાનજી બ્રહ્માસ્ત્રને તોડી મુક્ત થયા. અવિશ્વાસથી બ્રહ્માસ્ત્રની મંત્રશક્તિ હણાઈ ગઈ. હનુમાનજીએ લંકા બાળી. આમ, અવિશ્વાસ જીવનમાં બાધક બને છે. અવિશ્વાસથી ભગવાનનો આશ્રય છૂટી જાય છે, ભગવાન દૂર ચાલ્યા જાય છે. અવિશ્વાસથી વહેમ, શંકા અને સંચય વધે છે.

શ્રીમહાપ્રભુજી વિશ્વાસ માટે ચાતકનું દૃષ્ટાંત આપે છે. ચાતક મેઘજલ ઉપર વિશ્વાસ રાખે છે. તેના માટે સ્વાતિ નક્ષત્રમાં મેઘ વરસે એવી શ્રદ્ધા રાખે છે. એવી રીતે આપણે પણ શ્રીઠાકોરજીમાં દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ. વિશ્વાસ સૂતેલા મનને જગાડે છે. પ્રભુમાં વિશ્વાસ દૃઢ બને ત્યારે આપણે દુ:ખના સાગરને નીડરતાથી તરી જઈએ છીએ.

આમ, વૈષ્ણવે પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખી, કોઈપણ બાબતમાં મમતા રાખ્યા વિના જીવનમાં જે આવી પડે તે ભોગવી લેવાનું છે. સંસારની આસક્તિનો ત્યાગ કરી, સ્વમાર્ગની મર્યાદા પ્રમાણે જીવન જીવવાનું છે. પ્રભુની શરણભાવના રાખી, વગર માગે જે મળે તે ભોગવવાનું છે. આમ કરવાથી અંત:કરણમાં ક્યારેય દુ:ખ કે વેદનાનો અનુભવ થતો નથી. વૈષ્ણવે જગત છોડીને, દેહના ધર્મો છોડીને વનમાં ભાગી જવાનું નથી. ગૃહસ્થાશ્રમમાં રહી જવાબદારીઓ બજાવવાની છે. પરંતુ સંસારીની રીતે ન રહેતાં ભક્તની રીતે, અનાસક્ત ભાવે, લૌકિક જવાબદારીઓ બજાવતાં બજાવતાં, અલૌકિક ફરજના ભાગ રૂપે સેવા-સ્મરણમાં ખૂંપી જવાનું છે. આવી રીતે રહેનાર વૈષ્ણવને કોઈ ફરિયાદ રહેતી નથી.

અત્યારે કલિયુગનો સમય છે, જેમાં ભક્તિ પણ દુ:સાધ્ય છે. એ સ્થિતિમાં આપણા પુરુષાર્થ અને સાધનોથી ધર્માચરણ મુશ્કેલ છે, પરંતુ કલિયુગની એક વિશેષતા છે કે જે ભગવાનનો આશ્રય રાખીને રહે તેને ભગવદ્પ્રાપ્તિ જલદી થાય છે. માટે, આપણે ભગવાનનો દૃઢ આશ્રય કરીને આગળ વધવાનું છે.

ફરીથી યાદ કરી લઈએ.

(૧) વૈષ્ણવતા જીવવા માટે વિવેક, ધૈર્ય, આશ્રય પાયાની જરૂરિયાત છે.

(૨) વિવેક એટલે વૈષ્ણવતાને અનુરૂપ દૃઢ વિચારસરણી.

(૩) વિવેક નવ પ્રકારના છે.
  (૧) શ્રીહરિ જ સર્વોપરિ અને સર્વસામર્થ્યવાન છે. શ્રી હરિ જ આપણું સર્વસ્વ છે.
  (૨) તેઓ બધું તેમની ઈચ્છાથી જ કરે છે.
  (૩) તેઓ આપણા સ્વામી છે, આપણે તમના સેવક છીએ. સ્વામીની સેવા કરવી એ સેવકનો ધર્મ છે. સ્વામી પાસે કંઈ પણ માગવું નહીં.
  (૪) જગતમાં સર્વ કંઈ પ્રભુનું છે. પ્રભુ બધું જ આપવા સમર્થ છે. પ્રભુ પાસે માગવાની જરૂર નથી.
  (૫) સેવક પ્રભુને આધીન છે, માટે સેવકે દીનતા રાખવી, અભિમાન છોડવું.
  (૬) પ્રભુના સુખ માટે પ્રભુની જે જે આજ્ઞા થાય તેનું અવશ્ય પાલન કરવું.
  (૭) અસામાન્ય પરિસ્થિતિમાં ખોટો હઠાગ્રહ કે દુરાગ્રહ ન રાખવો.
  (૮) લૌકિક-વૈદિક કાર્યોનો અત્યાગ્રહ ન રાખવો.
  (૯) ધર્મ-અધર્મનો વિચાર કરીને, દરેક કાર્ય કરવું.

(૪) જીવનમાં ત્રણ પ્રકારનાં દુઃખો આવવાનાં જ.
  (૧) શરીર સંબંધી - રોગ વગેરે.
  (૨) ઈન્દ્રિયો અને મન સંબંધી - દુઃખ, અપમાન વગેરે.
  (૩) આત્મા સબંધી - પ્રભુનો વિરહતાપ.

(૫) આ સર્વ દુઃખો સહન કરવાં તે ધૈર્ય.

(૬) પરિવારજનો, મિત્રો, સમાન લોકો, નોકરો વગેરેથી આપણા પર વાણી વગેરે જે આક્રમણ થાય તે ધીરજ રાખી સહન કરવાં. તેમનો પ્રતિકાર ન કરવો.

(૭) નીચેની વિષમ પરિસ્થિતિઓમાં પણ ભગવદાશ્રય ન છોડવો.
  (૧) સુખ મળે ત્યારે.
  (૨) જ્યારે જ્યારે દુઃખ થાય ત્યારે.
  (૩) પાપો આપણા પ્રયત્નથી દૂર ન થાય ત્યારે.

(૪) લૌકિક ઈચ્છાઓ ન સંતોષાય ત્યારે.
(૫) ગમે તેવો ભય આવે ત્યારે.
(૬) ભક્તોની નિંદા થઈ જાય ત્યારે.
(૭) અહંતા મમતાનો નાશ ન થાય ત્યારે.
(૮) ભક્તો નારાજ થાય, તિરસ્કાર કરે, દંડ આપે ત્યારે.
(૯) કામ અશક્ય હોય કે સુશક્ય હોય ત્યારે.
(૧૦) અભિમાન આવે ત્યારે.
(૧૧) આપણી જવાબદારીઓ અદા ન કરી શકીએ ત્યારે.
(૧૨) આશ્રિતો અનાદર કરે ત્યારે.
(૧૩) નોકરો અનાદર કરે ત્યારે.

(૮) દૃઢ આશ્રય કેળવવા પ્રભુમાં અવિશ્વાસ છોડી, દૃઢ વિશ્વાસ કેળવવો જરૂરી છે.

(૯) ભગવાન શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવદવીના મંદિરે પૂજા-ઉપાસના માટે ન જવું. તેમની ભક્તિ ન કરવી. તેમની પાસે માગવું નહીં. અન્યાશ્રય કોઈપણ પ્રકારે ન કરવો.

* * *

૫. હજીયે ન જાગ્યો આતમરામ

('અંતઃકરણપ્રબોધ'ને આધારે)

અંતઃકરણની જાગૃતિ :

મહાભારતમાં દુર્યોધને કહેલી વાત ઓછાવત્તા અંશે આપણને સૌને લાગુ પડે છે. ધર્મનું તત્ત્વ જાણવા છતાં ધર્મના માર્ગે ચલાતું નથી. જીવનમાં વિવેક, ધૈર્ય અને આશ્રય આપણા જીવનમાં આવતા નથી. ક્યારેક આવે છે તો થોડાક સમય માટે આવે છે. ખાસ કરીને જ્યારે કોઈ આપત્તિ કે ઉપાધિમાં ફસાયા ન હોઈએ, મન સ્વસ્થ હોય ત્યારે જ્ઞાનનું એ ડહાપણ આપણે વાગોળીએ છીએ અને બીજાઓને ગંભીરતાથી ઉપદેશ પણ આપીએ છીએ, પરંતુ જ્યારે આપણા જીવનને હચમચાવી મૂકે એવી ઘટનાઓ બને છે ત્યારે આપણે એ વિવેક, ધૈર્ય અને આશ્રય ટકાવી શકતા નથી. આપણે વિચાર, વાણી અને વર્તનથી હચમચી જઈએ છીએ. તેનું કારણ છે આપણું અંતઃકરણ જાગૃત થયું નથી. અંતઃકરણને બેભાન અવસ્થામાંથી સંપૂર્ણ ભાનમાં લાવી શક્યા નથી. અંતઃકરણ વિષે આપણા મનમાં જે ભૂલભરેલું, ખોટું, મિથ્યા જ્ઞાન છે તે દૂર થયું નથી.

અંતઃકરણના ત્રણ દોષો :

અંતઃકરણમાં મુખ્યત્વે ત્રણ દોષો રહેલા છે :

(૧) મલ - મનમાં સત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણોનો જે મેલ ભરાયેલો છે તેને મલદોષ કહે છે. તેમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ દોષો જન્મે છે. આ સર્વ દોષોને લઈને આપણે દુઃખી થઈએ છીએ. પેટમાં ગયેલો ખોરાક પચે નહીં, ત્યારે આમવાત નામનો વ્યાધિ થાય છે, જેમાં ભોજન પચ્યા પછીના કચરાનો જે મેલ બને છે તે કાચો રહે છે. કાચો મળ ચીકણો હોવાથી આંતરડાઓમાં ચોંટી જાય છે. મળત્યાગ પૂરેપૂરો સરખી રીતે ન થવાથી શરીરમાં કહોવાઈને તે આખરે શરીરના સાંધાઓમાં પ્રસરી જાય છે અને શરીરને રોગીષ્ટ બનાવે છે. તેવી રીતે અંતઃકરણમાં ભરાયેલા આ દોષો આપણા અંતઃકરણને માંદલુ - રોગીષ્ટ બનાવે છે.

(૨) **વિક્ષેપ** - આપણા મનમાં ઘણી વાર ભ્રમ પેદા થાય છે. જેમ કે કોઇ યુવક-યુવતીને હસતાં-બોલતાં, સાથે જતાં જોઇએ એટલે તેમને પ્રેમીપંખીડાં માની લઇએ છીએ. ક્યારેક તે આપણા મનનો ભ્રમ હોય છે. વાસ્તવમાં તેઓ સગાં ભાઇબહેન પણ હોઇ શકે છે. આવી જ રીતે આપણને પૈસાનો અઢળક પ્રેમ હોવાથી પૈસાને પરમેશ્વર માનીને જીવીએ છીએ. પરમાત્માની પ્રાપ્તિ માટે જેટલું નથી કરતા તેટલું પૈસા માટે કરીએ છીએ. આવો ભ્રમ થવો તેને વિક્ષેપદોષ કહે છે. ભ્રમથી મન વિક્ષિપ્ત એટલે ચલિત થાય છે. વિક્ષિપ્ત મન થતાં મન પરમાત્માગામી બનતું નથી, પરમાત્માથી દૂર હટી જાય છે. પરિણામે આપણા આત્માનો સંબંધ પરમાત્મા સાથે જોડાતો નથી.

(૩) **આવરણ** - માણસ અજ્ઞાની છે, તેને વસ્તુનું યથાર્થ જ્ઞાન નથી. અજ્ઞાનને કારણે અંતઃકરણમાં ખોટા વિચારો જન્મે છે. ખોટા વિચારો ખોટાં કર્મો કરાવે છે. આપણા કોઈ સ્વજનનું મૃત્યુ થાય ત્યારે અજ્ઞાનવશ આપણે એમ વિચારીએ છીએ કે તેમનો આત્મા મૃત્યુ પામ્યો. વાસ્તવમાં આત્મા મૃત્યુ પામતો નથી, શરીર મૃત્યુ પામે છે. આપણો સ્વજન સાથેનો સંબંધ શરીરનો સબંધ છે. આ જન્મ પૂરતો મર્યાદિત સંબંધ છે, તે વાત આપણે જાણતા ન હોવાથી, સ્વજનમાં મોહ રાખીને તેમના મૃત્યુ પાછળ ઘણો શોક અને રૂદન કરીએ છીએ. આને આવરણદોષ કહેવામાં આવે છે. આવરણદોષને લઈને આત્મા પરમાત્માને જાણી શકતો અને પામી શકતો નથી.

આપણને એવો પણ ખોટો ખ્યાલ છે કે આપણું શરીર એ જ આત્મા છે. શરીરથી મોજમજા કરવી, એ જ આત્માનો આનંદ છે. વાસ્તવમાં શરીર એ આત્મા નથી, શરીરથી મોજમજા કરવી એ આત્માનો આનંદ પણ નથી. શરીરના ધર્મ જુદા છે અને આત્માના ધર્મ જુદા છે. એ બંને વચ્ચેની ભિન્નતા જ્યાં સુધી આપણું અંતઃકરણ યથાર્થ રીતે સમજે નહીં, ત્યાં સુધી આપણે શરીરના ધર્મોને આત્માના ધર્મોને આત્માના ધર્મો માનતા રહીએ છીએ, પરિણામે ધર્મપાલનને બદલે આપણે અધર્મપાલન કરીએ છીએ. આથી શ્રીમહાપ્રભુજી 'અંતઃકરણપ્રબોધ' નામના ગ્રંથમાં પોતાના અંતઃકરણને સંબોધીને ઉપદેશ આપે છે. આત્માને પરમાત્મા અને તેના પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન આપી, આત્માને મળેલા શરીર દ્વારા તેને આત્મધર્મ બજાવવા જાગૃત કરવો જોઈએ. જ્યાં સુધી આત્મા જાગૃત ન થાય ત્યાં સુધી કરેલી બધી મહેનત ફોગટ જાય છે.

અંતઃકરણનું કાર્ય :

અંતઃકરણનું કાર્ય વિચાર, નિશ્ચય, બનેલી ઘટનાઓનું સ્મરણ અને સુખ-દુઃખનો અનુભવ કરવાનું મનરૂપી ઈંદ્રિય વિચારો કરે છે. તેમાં સંશય અને ઈચ્છાઓ જાગે છે, ચિત્ત તેની ચર્ચા કરે છે. પરિણામે ચિત્તમાં સંઘર્ષ ચાલે છે. ચિત્તના પડદા ઉપર ભૂતકાળમાં બનેલી વિગતો અને ઘટનાઓનું સ્મરણ અંકિત થાય છે. બુદ્ધિ એટલે સારાસારની વિવેકશક્તિ અને નિશ્ચયશક્તિ. બુદ્ધિ વિચારોના સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય કરે છે. બુદ્ધિના નિર્ણયોનું સંચાલન અહંકાર કરે છે.

આપણા માથામાં જે મગજ છે તેમાં મનનું સ્થાન આંખની બે ભ્રમરોની વચ્ચે છે. જેનું મન શુદ્ધ, પવિત્ર અને સ્થિર હોય તેનું જીવન ઉન્નત બને છે. તેથી મનની શુદ્ધિ, પવિત્રતા અને સ્થિરતા માટે દરેક ધર્મસાધનામાં બે આંખોની ભ્રમરોની વચ્ચેના ભાગમાં ધર્મના પ્રતીકરૂપ એક ચિહ્ન અંકિત કરવાની પદ્ધતિ છે. આપણે વૈષ્ણવો પ્રભુના પ્રસાદીકંકુનું તિલક કરીએ છીએ. આ ધર્મચિહ્ન મનને અંકુશમાં રાખે છે.

મનથી ઉપર ચિત્ત રહેલું છે, ચિત્તની ઉપર અહંકાર છે અને સૌથી ઉપર બુદ્ધિ છે. આ ચારેય સૂક્ષ્મ ઈંદ્રિયોના ચાર દેવ છે. મનના દેવ ચંદ્ર છે, ચિત્તના દેવ વિષ્ણુ છે, બુદ્ધિના દેવ બ્રહ્મા છે અને અહંકારના દેવ શંકર છે. આ ચારેય દેવોના દેવ અને નિયામક પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે. અંતઃકરણ આપણામાં અહંતા-મમતાની મિથ્યા સૃષ્ટિ સર્જે છે. અંતઃકરણ સંસારમાં રચ્યુંપચ્યું બનતાં તે આત્માને મોક્ષમાર્ગી બનવા દેતું નથી. આ અંતઃકરણને શ્રીકૃષ્ણને આધીન કરવાથી શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી લેવાથી અહંતા-મમતામાંથી આપણે મુક્ત થઈ શકીએ છીએ. આજ સુધી આપણે એમ સમજીને જીવતા રહ્યા છીએ કે હું બધું કરું છું. અંતઃકરણ શ્રીકૃષ્ણને આધીન થતાં આપણી બુદ્ધિ એમ સમજે છે કે હું શ્રીકૃષ્ણનો છું, શ્રીકૃષ્ણ બધું કરે છે. સામાન્ય રીતે આપણી બુદ્ધિ એમ સમજે છે કે આ બધું મારું છું અને હું તે ભોગવું છું. આપણી મમતા શ્રીકૃષ્ણ સાથે જોડાતાં બુદ્ધિ એમ સમજે છે કે આ બધું મારું નથી, પણ ભગવાન શ્રીકૃષ્ણના પ્રસાદરૂપે હું તે ભોગવું છું.

અંતઃકરણનો પહેલો બોધ - શ્રીકૃષ્ણથી શ્રેષ્ઠ બીજું કોઈ નથી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વસ્તુતઃ કૃષ્ણ જ નિર્દોષ છે. તેઓ પરબ્રહ્મ પરમાત્મા છે. વેદમાં તેમને 'સચ્ચિદાનંદરસસ્વરૂપ' કહ્યા છે. ઉપનિષદોએ તેમને

'કૃષ્ણ' કહ્યા છે. કૃષ્ણ એટલે આનંદનું સ્વરૂપ, કૃષ્ણ એટલે કૃપાનું સ્વરૂપ. કૃષ્ણ રસાત્મક અને ફલાત્મક પરમ તત્ત્વ છે. આ કૃષ્ણતત્ત્વથી ચડિયાતા કોઈ દેવ-દેવી બ્રહ્માંડમાં નથી. દેવોને પણ પરમતત્ત્વ સ્વરૂપે કૃષ્ણ જ સ્વીકાર્ય રહ્યા છે. સનાતન હિંદુ ધર્મના આચાર્યોએ પણ શ્રીકૃષ્ણને જ ભજવાનો ઉપદેશ આપ્યો છે. શિવજીને ઈષ્ટ માનનારા શ્રીશંકરાચાર્ય પણ 'ભજગોવિંદમ્'નો ઉપદેશ આપે છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે કૃષ્ણમાં દેવત્વ એટલે દિવ્યતા છે. દિવ્યતા દશ પ્રકારની છે : (૧) ક્રીડા (૨) ક્રીડા કરવાની તત્પરતા (૩) ભક્તો સાથે કૃપાના સંબંધે થતો વ્યવહાર (૪) ભક્તોના હૃદયમાં પોતાનું દિવ્ય તેજ સ્વરૂપ સ્થાપન કરી, ભક્ત સાથે એકરૂપ બનવાની લીલા-યુતિ (૫) જેમની સ્તુતિ જગત કરે છે તે પરમાત્મા ભક્તોની સ્તુતિ કરે છે. (૬) ભક્તોને આનંદનું દાન કરનારા (૭) ભક્તોમાં ભાવની વૃદ્ધિ કરનારા (૮) ભક્તોને પોતાનો અનુભવ કરાવનારા (૯) ભક્તો સાથેની લીલામાં પોતાની રસેચ્છા વ્યક્ત કરનારા (૧૦) ભક્તોની પાસે સ્વયં પધારનારા.

આ દશ પ્રકારે જેઓ પોતાની દિવ્યતા પ્રકટ કરે તે દેવ. આ દશ પ્રકારની દિવ્યતા કૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવ પ્રકટ કરવા શક્તિમાન નથી.

આ કૃષ્ણ સ્વરૂપમાં એકપણ દોષ નથી. તેઓ પૂર્ણ રીતે નિર્દોષ અને પૂર્ણ ગુણસ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે જેનું સેવન કરીએ તેના દોષ આપણામાં પરોક્ષ રીતે આવે, જેમ કે એક રોગ મટાડવા દવા લઈએ, તે દવાની આડ અસરરૂપી બીજા દોષ આપણા શરીરમાં પ્રવેશતાં આપણને બીજી તકલીફ ઊભી થતી હોય છે. મહાદેવજી તામસગુણનું સ્વરૂપ છે, તેથી તેમના ઉપાસક ભક્તોમાં તામસ ગુણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. વિષ્ણુ સત્વગુણનું સ્વરૂપ છે, તેથી તેમના ભક્તોમાં સાત્વિકતા વધારે હોય છે. પરંતુ શ્રીકૃષ્ણ પરમ નિર્ગુણસ્વરૂપ છે. તેમનામાં સત્વ, રજ કે તમના દોષો નથી. માટે જ શ્રીકૃષ્ણના સેવનથી તેમના ભક્તો પણ નિર્ગુણભાવ પ્રાપ્ત કરે છે. આથી શ્રીમહાપ્રભુજીએ આપણા અંતઃકરણને જાગૃત કરતાં પહેલાં બોધ આપ્યો કે તમે કેવળ કૃષ્ણના બનીને રહો, કૃષ્ણને છોડીને અન્ય ક્યાંય ભટકશો નહીં, કેવળ કૃષ્ણમાં તમારી અનન્યતા રાખજો.

આ કૃષ્ણ સર્વાત્મા છે. અંતર્યામી સ્વરૂપે પ્રાણીમાત્રમાં રહેલા છે. સૌ

જીવો ઉપર તેમની સમાન દૃષ્ટિ છે. તેમનામાં કોઈ જીવ તરફ પક્ષપાત કે કોઈ જીવ તરફ કઠોરતાભરી દૃષ્ટિ નથી. તેઓ કોઈને સુખ કે દુઃખ આપતા નથી, સુખ-દુઃખ તો આપણાં કર્મોનાં ફળ હોય છે. અન્ય દેવો બધાને પૂજ્ય બનતા નથી, કૃષ્ણ સર્વને પૂજ્ય છે. માટે તેમને પરમતત્ત્વ કહ્યા.

શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપર અવતાર લઈ, જે લીલાઓ કરી તેમાં કેટલાક લોકોને દોષ દેખાય છે. વાસ્તવમાં તે દોષ પણ તેમના ગુણરૂપ છે. કૃષ્ણવતારમાં ઈન્દ્રે શ્રીકૃષ્ણની નિંદા કરી, શિશુપાળે અપશબ્દો કહ્યા ત્યારે શ્રીશુકદેવજી અને શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે અમારા પ્રભુ શ્રીકૃષ્ણમાં આવા દોષો સંભવતા જ નથી. તેમણે દોષ રૂપે બોલાયેલા શબ્દોના ગુણરૂપ અર્થ કરી બતાવ્યા. શ્રીમહાપ્રભુજી આપણને શિખામણ આપે છે કે બીજાઓની બુદ્ધિથી ચાલીને આપણે આપણા પ્રભુ શ્રીકૃષ્ણના કોઈપણ કાર્યમાં દોષ ન વિચારવો. તેમના સ્વરૂપમાં વિપરીત ભાવના એટલે કે તેઓ એક મનુષ્ય છે એવી ભાવના ન કરવી.

અંતઃકરણને બીજો બોધ : કૃપાળુ શ્રીકૃષ્ણની કૃપાનો વિચાર કરો.

શ્રીમહાપ્રભુજીએ એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે. એક રાજા જંગલમાંથી લાકડાં વીણતી એક હલકી જાતિની સ્વરૂપવાન કન્યાને રાણી બનાવી લઈ આવ્યો. તેને રાજમેહલમાં રાજરાણીનો ઊંચો દરજ્જો આપ્યો, પરંતુ તે સ્ત્રી ઉત્તમ સંસ્કારવાળી ન હતી. તેની પાસે માત્ર રૂપ હતું. ન મળ્યાનું તેને મળ્યું, એના અભિમાનમાં તે રાજા સાથે ઉદ્ધત વર્તન કરવા લાગી, રાજાએ તેનું અપમાન કર્યું.

આ પ્રસંગ દ્વારા શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે આપણે એટલે જીવાત્મા જન્મોજન્મની વાસનાઓના કુસંસ્કારથી આપણે ભરેલા છીએ, અનંત દોષોથી ભરેલા છીએ. શ્રીકૃષ્ણ એટલે રાજા. આપણે હીન હોવા છતાં શ્રીકૃષ્ણે આપણા પર કૃપા કરી, આપણો સ્વીકાર કર્યો. બ્રહ્મસંબંધ કરાવી, તેમનાં ચરણકમળમાં સ્થાન આપ્યું. અનાથ હતા તેમને સનાથ બનાવ્યા છે. આપણું ભાગ્ય ખુલી ગયું. આપણને ભક્તરાજની મોટી પદવી મળી, પરંતુ અંતઃકરણ ઉત્તમ સંસ્કારવાળું ન હોવાથી આપણો આસુરી સ્વભાવ છૂટયો નહીં. પ્રભુની પરમ કૃપાને આપણે સમજ્યા નહીં. પ્રભુની આજ્ઞાઓનું આપણે પાલન કર્યું નહીં. પ્રભુની આપણે સેવા ન કરી, પ્રભુનું આપણે અપમાન કર્યું, છતાં પ્રભુએ આપણને તેમના ગણી, આપણને સુધારવા માટે ક્યારેક દંડ આપ્યા અને ભવિષ્યમાં પણ આપશે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુનો દંડ આપણને સુધારવા માટે છે. જ્યાં સ્નેહ હોય ત્યાં દંડ મળે છે. સગી માતા એના દીકરાને સુધારવા ગાલ ઉપર થપ્પડ મારે છે, કારણ કે તેને દીકરા માટે સ્નેહ છે. તે દીકરાનું હિત ઈચ્છે છે. તે માતા પારકાના છોકરાને થપ્પડ મારતી નથી. દંડ પોતાના સ્વજનને જ અપાય. આથી જ્યારે પ્રભુ આપણને દંડ આપે ત્યારે આપણે રાજી થવું જોઈએ કે પ્રભુએ મને તેમનો સ્વજન માન્યો છે. મારા પર કૃપા કરી, મને સુધારવા તેઓ દંડ આપે છે. પ્રભુના દંડને આપણે આપણું અપમાન ગણવું નહીં. પ્રભુ વિષે અન્યથા ભાવ લાવવો નહીં. પ્રભુની વિમુખ થઈ, બીજી દિશામાં દોડવું નહીં.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે ખોટું કામ કરીએ અથવા કોઈ ભૂલ કરીએ, તો જે ફળ મેળવવા પ્રયત્ન કરતા હતા તે મળવામાં વિલંબ તો જરૂર થાય, પરંતુ તેમાં આપણો પોતાનો દોષ હોય તો તેનો ઉકળાટ બીજા પર કઢાય નહીં. ક્યારેક પ્રભુ ભક્તને પોતાના આનંદનું દાન કરવામાં વિલંબ કરવાની લીલા પણ કરે છે. કારણ કે ફલદાનમાં વિલંબ થતાં વિરહરસ ઉત્કટ બને છે. અતિશય તરસ લાગ્યા પછી મળેલું જળ તન-મનને વધારે સુખ આપે છે. અતિશય વિલંબ પછી મળેલું ભોજન વધારે સ્વાદિષ્ટ લાગે છે. આપણે પ્રભુના અંતઃકરણને સમજી શકતા નથી, તેથી આપણે પ્રભુમાં દોષ જોઈએ છીએ તે યોગ્ય નથી. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પ્રભુ દંડ આપે કે ફળ આપવામાં વિલંબ કરે ત્યારે તેને પણ તેમની કૃપા જ સમજવી.

અંતઃકરણને ત્રીજો બોધ - મનમાં અપરાધોનું ચિંતન કરી, ગ્લાનિ ન કરવી.

કર્મયોગ અને જ્ઞાનમાર્ગ દોષો વિષે જુદો દૃષ્ટિકોણ ધરાવે છે. તે બંને માર્ગમાં થયેલા દોષો નિવૃત્ત કરવા માટે અનેક પ્રાયશ્ચિત બતાવવામાં આવ્યાં છે. દોષો માટે પશ્ચાતાપ કરતાં પ્રાયશ્ચિત કરવાથી આત્મા દોષમુક્ત થાય છે, આવું ત્યાં વિધાન છે. જ્ઞાનમાર્ગમાં એમ કહ્યું કે આપણે કરેલા અપરાધોનું ચિંતન કરવું અને તે અપરાધો માટે પશ્ચાતાપ કરવો. કર્મમાર્ગમાં એ અપરાધોની નિવૃત્તિ માટે જુદાં જુદાં કર્મરૂપી પ્રાયશ્ચિત કરવાનું બતાવ્યું છે. ભક્તિમાર્ગમાં અપરાધના ચિંતન, પશ્ચાતાપ અને પ્રાયશ્ચિતને કોઈ સ્થાન નથી. આથી જ્યારે શ્રીસુરદાસજીએ શ્રીમહાપ્રભુજીની સામે પોતાના અંતઃકરણના અપરાધી ભાવોને વ્યક્ત કરતાં પદો ગાયાં ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમને આજ્ઞા કરી કે શૂરવીર થઈને આવાં રોદણાં શા માટે રડો છો? ભગવદ્‌યશ ગાવ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભક્ત તરીકે આપણે પ્રભુના સંપૂર્ણ શરણાગત છીએ. આપણમાં એવી દૃઢ શ્રદ્ધા જાગવી જોઈએ કે આપણા જીવનમાં જે કંઈ બની રહ્યું છે તે બધું ભગવાનની ઈચ્છાથી જ બની રહ્યું છે. આ સર્વ પ્રભુની લીલા છે. પ્રભુ જેમ નચાવે તેમ મારે નાચવાનું છે. હું પોતે મારી બુદ્ધિથી કંઈ કરી શકતો નથી, કરાવનાર પ્રભુ છે. મારાથી અપરાધ કે દોષ થયા નથી, તો તે પણ પ્રભુની ઈચ્છાથી થયા છે. પ્રભુને અપરાધી કે દોષી બનાવવામાં આનંદ હોય તો ભલે હું અપરાધી કે દોષી બનવા તૈયાર છું. માટે વૈષ્ણવે કદી પણ પોતાના અપરાધોનું ચિંતન અને પશ્ચાતાપ કરવાની જરૂર નથી. હા, જાણીજોઈને અપરાધ ન થાય એની જાગૃત્તિ તો અવશ્ય રાખવી જોઈએ.

એક બીજી વાત પણ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. અપરાધનું ચિંતન કરવાથી ચિત્ત વધારે અપરાધી બને છે. પશ્ચાતાપના મંથનથી ચિત્ત વધારે દુઃખી બને છે. અપરાધી અને દુઃખી ચિત્ત પ્રભુમય બની શકતું નથી. ચિત્તને પ્રભુમય બનાવેલું રાખવા માટે સેવા એ ભગવદ્ગુણગાન ઉત્તમ સાધન છે. એટલે વૈષ્ણવ તરીકે આપણે આપણા અપરાધોનું ચિંતન અને પશ્ચાતાપ કરવામાં જિંદગી વડફી ન નાખતાં, ભગવદ્સેવા અને સ્મરણ દ્વારા આપણા મનને પ્રભુમય બનાવવાનું છે.

જીવ તો સ્વભાવથી દુષ્ટ છે. તે અપરાધોનું ચિંતન કરશે, પાશ્ચાતાપ કરશે કે પ્રાયશ્ચિત કરશે તો કોઈ એવી ખાત્રી ન આપી શકે કે ફરીથી તે જીવાત્માં દોષ નહીં કરે. જીવ દોષપૂર્ણ હોવા છતાં ભગવાન સાથેનો તેનો સંબંધ બંધાવાથી દોષપૂર્ણ જીવ પણ નિર્દોષ બને છે.

ગીતાજીમાં ભગવાને એક સુંદર વાત સમજાવી. જગતમાં જેમનું માન વધારે હોય તેમની અપકીર્તિ થાય તો તેમના માટે મરણતુલ્ય છે, પરંતુ જગતમાં જેમનું કોઈ જ નથી તેમની અપકીર્તિ થાય તો તેથી તેને કોઈ ફરક પડતો નથી. પુષ્ટિમાર્ગમાં જીવ દાસ છે, સેવક છે. સ્વામી અને સેવકના સબંધમાં સ્વામીનો ઉત્કર્ષ મહત્વનો ગણાય, સેવકનો ઉત્કર્ષ મહત્વનો હોતો નથી. માટે સેવકમાં માન-અપમાનની વૃત્તિ ન હોવી જોઈએ. સેવકમાં દાસભાવ રહેવો જોઈએ.

અંતઃકરણે ચોથો બોધ - પરબ્રહ્મ પરમાત્મા સત્યસંકલ્પ છે.

વેદોમાં પરમાત્માને સત્યસ્વરૂપ કહ્યા છે. પરમાત્મા એટલે સત્ય અને સત્ય એટલે પરમાત્મા. જેમ ભગવાન રસાત્મક છે, તેમ સત્યાત્મક પણ છે. તેથી

ભાગવતમાં કહ્યું કે અમે પરમસત્યનો આશ્રય કરીએ છીએ. અમારી બુદ્ધિમાં પરમ સત્ય બિરાજો. આથી શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણને સત્યસંકલ્પ કહે છે. જે યથાર્થ રીતે વિચારનારા હોય, જે દરેક વસ્તુના હાર્દમાં રહેલા સત્યને સમજીને અનુસરનારા હોય તેમને સત્યસંકલ્પ કહેવાય. ભગવાન સદા સત્યનું આચરણ કરનારા છે, અસત્યનું આચરણ કદી કરતા નથી. ભગવાન સદા ન્યાય આપે છે, અન્યાય કરતા નથી. માટે, ભગવાનની દંડશક્તિ ન્યાયપૂર્વકની હોય છે. ભક્તે ભગવાનમાં એવી શ્રદ્ધા રાખવી જોઈએ. ભગવાન જે કરે છે અને કરશે તે મારા હિતનું જ હશે.

સત્યસંકલ્પનો એક બીજો અર્થ છે. ભગવાન કોઈપણ જીવનો સ્વીકાર કરે છે ત્યારે કૃપાપૂર્વક સ્વીકાર કરે છે. જીવ કોઈનો સ્વીકાર કરે છે ત્યારે ભવિષ્યમાં તેને તરછોડી પણ દે છે. ભગવાનનો સ્વીકાર આવો અધૂરો હોતો નથી. ભગવાનનો સ્વીકાર સત્ય અને સંપૂર્ણ હોય છે. આપણો સ્વીકાર ભગવાને કર્યો છે, એટલે આપણે ગમે તેવા અપરાધી બન્યા હોઈશું, તો પણ ભગવાન આપણો ઉદ્ધાર અવશ્ય કરશે, આપણું અહિત ભગવાન કદી થવા દેશે નહીં.

સત્યસંકલ્પનો એક ત્રીજો અર્થ છે. ભગવાન સત્યવ્રતધારી છે. ભગવાન કદી બેવડી ભાષા બોલતા નથી. ભગવાનનું વ્રત છે કે પ્રાણીમાત્રને અભયનું દાન આપવું. ભગવાનની પ્રતિજ્ઞા છે કે તેમનો ભક્ત કદી પણ નાશ પામતો નથી. આવા ભગવાન પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો. આપણને સોંપાયેલ ભગવદ્સેવા સતત કરવી.

અંતઃકરણને પાંચમો બોધ - ભગવાન કદી અન્યથા કરતા નથી.

ભગવાન પુષ્ટિજીવોને પુષ્ટિભક્તિનું ઉત્તમ ફળ આપે છે, ભગવાન કદી પણ પુષ્ટિજીવને પોતાનાથી વેગળો કરતા નથી. ભગવાને હિરણ્યકશિપુ, રાવણ અને કંસ જેવાઓના ઉપર અનુગ્રહ કર્યો છે. જેમણે ભગવાનને શત્રુ ભાવે સેવ્યા તેમને પણ ભગવાને મોક્ષનું દાન કર્યું છે, તો ભગવાન પોતાના ભક્તોનો હાથ પકડ્યા પછી તેમને કેમ તરછોડે ? એવા કેટલાક વૈષ્ણવોનાં ચરિત્રો છે કે તેઓ પુષ્ટિમાર્ગથી વિરુદ્ધ જીવન જીવતા હતા, છતાં શ્રીઠાકોરજીએ તેમનો ઉદ્ધાર કર્યો છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણા પ્રભુ આપણું કદાપિ અહિત કરનારા નથી.

અંતઃકરણને છઠ્ઠો બોધ - શ્રીકૃષ્ણ આપણા સ્વામી છે. તેમની આજ્ઞા પ્રમાણે જ હંમેશાં કાર્ય કરતા રહેવું.

શ્રીકૃષ્ણ આપણા સ્વામી છે, આપણે તેમના સેવક છીએ. સેવકનો ધર્મ સ્વામીની આજ્ઞાનું પાલન કરવાનો છે. સેવક તરીકે સ્વામીની આજ્ઞાનું પાલન એટલે તેમની સેવા આપણે કરવાની છે. લૌકિકમાં કોઈ માણસ રાજાની આજ્ઞાનો ભંગ કરે તો તેનો દંડ સહન કરવો પડે છે, પરંતુ પુષ્ટિજીવને પ્રભુ એવો દંડ આપતા નથી. પુષ્ટિજીવે કદી ક્લેશ ન કરવો. આપણે આપણો ધર્મ બજાવીએ તો શ્રીઠાકોરજી તેમનો ધર્મ જરૂર બજાવશે. આપણે પ્રભુના દાસ છીએ, એટલે પ્રભુની સેવા કરવી એ દાસનો ધર્મ છે. આપણે જો સેવા કરીશું તો તે સેવાનું ફળ પ્રભુ જરૂર આપશે. ક્યારેક આપણાથી પ્રભુની આજ્ઞાઓનું પાલન ન થાય ત્યારે આપણે આપણા અંતઃકરણને ઠપકો આપવો જોઈએ. અંતઃકરણને અંકુશમાં રાખવું જોઈએ. અંતઃકરણ પ્રભુની આજ્ઞાનો અનાદર કરે છે, માટે આત્મા જવાબદાર નથી, આત્માને ગુમરાહ કરનાર અંતઃકરણ જવાબદાર છે. માટે, અંતઃકરણને સતત ભૂલ માટે ઠપકો આપવો અને તેને જાગૃત રાખવો.

અંતઃકરણને સાતમો બોધ - આપણા સ્વામી શ્રીકૃષ્ણને લૌકિક ન માનવા.

આપણા સ્વામી શ્રીકૃષ્ણ અલૌકિક છે. તેમની સાથે લૌકિક વ્યવહાર ન કરવો. લૌકિક સ્વામી સાથે સ્વાર્થપૂર્ણ અને સ્નેહશૂન્ય વ્યવહાર કરીએ છીએ એવો વ્યવહાર શ્રીઠાકોરજી સાથે ન કરવો. શ્રીઠાકોરજીનું સુખ સાચવવા માટે સતત પ્રયત્ન કરવો. શ્રીઠાકોરજી સાથે લૌકિકવચન અને વર્તન પણ ન કરવાં. શ્રીઠાકોરજીને બધું સમર્પીને આનંદથી રહેવું.

અંતઃકરણનો આઠમો બોધ - શ્રીઠાકોરજીની સેવામાં વિલંબ ન કરવો.

દુનિયામાં માતાપિતા એમની એકની એક દીકરીને પરણાવ્યા પછી સાસરે મોકલવામાં વિલંબ અને આનાકાની કરે તો કન્યાનો પતિ અપ્રસન્ન થાય છે. તેથી કન્યાનું અહિત થાય છે. સમજુ માતાપિતાએ કન્યા પરનું મમત્વ છોડી, તેને વહેલી તકે સાસરે વળાવવી જોઈએ. તેવી રીતે, શ્રીઠાકોરજી સાથે બ્રહ્મસંબંધ

કર્યા પછી આપણે શ્રીઠાકોરજીની સેવા ન કરીએ અને લૌકિકમાં ડૂબેલા રહીએ તો શ્રીઠાકોરજી અપ્રસન્ન થાય છે. માટે, લૌકિક આસક્તિઓ છોડીને આપણે શ્રીઠાકોરજીની સેવામાં તાત્કાલિક લાગી જવું જોઈએ.

ફરીથી યાદ કરીએ :

(૧) અંતઃકરણ જાગૃત થયા વિના જીવનમાં વિવેક ધૈર્ય અને આશ્રય આવતા નથી.

(૨) અંતઃકરણ જાગૃત ન થવાનાં મુખ્ય ત્રણ કારણો છે. :
(ક) મનમાં સત્વ, રજ અને તમના દોષોને લઈને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર ભરેલા છે, જે અંતઃકરણને માંદલું રાખે છે. (ખ) મનમાં ઘણીવાર ખોટા ભ્રમ પેદા થાય છે. તેથી મન ચલિત થાય છે. અને અસ્થિર બને છે. (ગ) અજ્ઞાનનું આવરણ ખોટા વિચારો અને ખોટાં કર્મો કરાવે છે.

(૩) અંતઃકરણનું કાર્ય વિચાર, નિશ્ચય, ભૂતકાળની ઘટનાઓનું સ્મરણ અને સુખદુઃખનો અનુભવ કરવાનું છે. અંતઃકરણના નિયામક ચંદ્ર, વિષ્ણુ, બ્રહ્મ અને મહેશ છે. આ ચારેય દેવોના નિયામક શ્રીકૃષ્ણ છે. તેથી અંતઃકરણને શ્રીકૃષ્ણને સોંપી દેવાથી અંતઃકરણ જાગૃત બને છે.

(૪) શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણને આપેલા બોધ.
(ક) શ્રીકૃષ્ણની કૃપાનો વિચાર કરવો.
(ખ) કૃપાળુ શ્રીકૃષ્ણની કૃપાનો વિચાર કરવો.
(ગ) મનમાં અપરાધોનું ચિંતન કરી, ગ્લાનિ ન કરવી.
(ઘ) પરબ્રહ્મ પરમાત્મા સત્યસંકલ્પ છે.
(ચ) પરમાત્મા કદી અન્યાય કરતા નથી.
(છ) શ્રીકૃષ્ણ આપણા સ્વામી છે. તેમની આજ્ઞા પ્રમાણે જ હંમેશાં કાર્ય કરતા રહેવું.
(જ) આપણા સ્વામી શ્રીકૃષ્ણને લૌકિક ન માનવા.
(ઝ) શ્રીઠાકોરજીની સેવામાં વિલંબ ન કરવો.

* * *

૬. શ્રી ઠાકોરજી સાથે લગ્ન કરીએ

('સિદ્ધાતરહસ્ય'ના આધારે)

અલૌકિક લગ્ન સંસ્કાર

આપણે આગળ શરણાગતિ અને કૃષ્ણાશ્રય વિશે વિચાર કરી ગયા. ભક્તિમાર્ગમાં શરણ અને સમર્પણ બંનેનું સરખું મહત્વ છે. ભક્તિસુંદરીના બે ચરણ. એક શરણ. બીજું સમર્પણ. સમર્પણ વિનાનું શરણ અધૂરું છે. શરણ વિનાનું સમર્પણ કાચું છે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે શ્રીઠાકોરજી રૂપી આનંદસાગરમાં પૂરેપૂરા ડૂબી જવું હોય તો જીવાત્માએ તેમને પોતાનું સર્વ સમર્પણ કરવું જોઈએ.

લૌકિકમાં પતિ અને પત્ની લગ્ન વિધિ દ્વારા પરસ્પરને પોતપોતાનું સર્વ સમર્પણ કરે છે. સ્નેહના તંતુથી બંધાય છે. પરસ્પરની સેવાનું વચન આપે છે. અને પરસ્પરના સુખ માટે જીવે છે. આવી રીતે આપણા હિંદુ ધર્મમાં લગ્નને એક સંસ્કાર કહેવામાં આવ્યો છે. લગ્ન પરવડે ત્યાં સુધી સાથે રહેવાનો અને પછી ગુડબાય કહીને છૂટા પડવાનો કોઇ કોન્ટ્રેક્ટ નથી. બે ઘડી મોજ કરવા માટેનું કોઈ સાધન કે પરવાનો પણ નથી.

શ્રીમહાપ્રભુજી આ જ લગ્નનો સંસ્કાર જીવાત્માના પરમાત્મા સાથેના સર્વ સમર્પણને માટે અલૌકિક પ્રકારે યોજે છે. તેનું નામ છે બ્રહ્મસંબંધ. આ બ્રહ્મસંબંધની આજ્ઞા સાક્ષાત્ શ્રીઠાકોરજીએ શ્રાવણ વદ એકાદશીની મધ્યરાત્રિએ ગોકુળમાં શ્રીગોવિંદઘાટ ઉપર શ્રીમહાપ્રભુજીએ કરી હતી. શ્રીઠાકોરજીની એ સાક્ષાત ભગવદ્ વાણીને શ્રીમહાપ્રભુજીએ “સિદ્ધાંત રહસ્ય” નામના ગ્રંથ દ્વારા આપણને બતાવ્યું.

જગતના ઈતિહાસમાં અને તેમાં ખાસ કરીને ધર્મના ઈતિહાસમાં આ એક માત્ર ઘટના છે. જ્યાં સાક્ષાત ભગવાને પ્રગટ થઈને આદેશ આપ્યો. બીજા સર્વ ધર્મચારીઓએ પોતાને થયેલી પ્રેરણા બાબતમાં જેમના વિવિધ અનુભવો બતાવ્યા છે. જેમ કે કોઈકને પૈગંબર દ્વારા પરમાત્માનો આદેશ મળ્યો હોય તો

કોઈકને તપ દ્વારા સ્વપ્રેરણા થઈ. કોઈકને કોઈક સંત દ્વારા આદેશ મળ્યો હોય. પરંતુ સાક્ષાત્ ભગવાને પ્રગટ થઈને મને આ આદેશ આપ્યો છે. એવું વિધાન એક માત્ર શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે. અન્ય કોઈ પણ ધર્મચાર્યોને આવો અનુભવ થયો નથી. માટે શ્રીમહાપ્રભુજીએ આ અનુભવ અને તેમને થયેલી ભગવાનની આજ્ઞા અત્યંત વિશિષ્ટ છે. આપણા માટે અત્યંત મહત્વની છે. અને ગંભીરતાથી આચરણ કરવા લાયક પણ છે.

બ્રહ્મ સંબંધ મંત્ર

આ બ્રહ્મસંબંધમંત્ર આપણે સરખી રીતે જાણવા સમજવાની જરૂર છે. આજ સુધી જેના વિશે ઘણી ગેરસમજો પ્રવર્તે છે. ઘણા લોકો એમ માને છે કે જેને વૈષ્ણવ થવું હોય એણે બ્રહ્મસંબંધ લેવું ફરજીયાત છે. કેટલાક એમ સમજે છે કે ઘરમાં કોઈએ બ્રહ્મસંબંધ ન લીધું હોય તો તેના હાથનું પાણી પી શકાય નહીં. અથવા તેણે બનાવેલી રસોઈ જમી શકાય નહીં. કેટલાક એવું માને છે કે જ્યાં સુધી બ્રહ્મસંબંધ ન થાય ત્યાં સુધી શ્રીઠાકોરજીનો અનુભવ ન થાય અને મૃત્યુ બાદ ગોલોકની પ્રાપ્તિ પણ ન થાય. આમ આવી વિવિધ ખોટી ધારણાઓને લઈને આપણા ત્યાં વંશ પરંપરાગત રીતે પરિવારના સભ્યોને શ્રીવલ્લભકુળના ગોસ્વામી બાળકો દ્વારા બ્રહ્મસંબંધ અપાતું રહ્યું છે. બ્રહ્મસંબંધ લેનાર બ્રહ્મસંબંધ લીધા પછી તેનું આચરણ કરતા નથી. બ્રહ્મસંબંધ લેતા પહેલા આ બ્રહ્મસંબંધ શું છે? તે વિશે પણ તેઓ લગભગ કશું જ જાણતા હોતા નથી. આ સંજોગોમાં લેવાયેલા બ્રહ્મસંબંધથી બ્રહ્મસંબંધી વૈષ્ણવો શ્રીઠાકોરજીને સર્વ સમર્પણ કરીને સમર્પિત જીવ બનીને જીવન વીતાવી શકતો નથી. આથી આપણા માટે બ્રહ્મસંબંધનો સિદ્ધાંત અને સ્વરૂપ સમજવો એ સૌથી પહેલી પાયાની અગત્યની બાબત છે. બ્રહ્મસંબંધ શબ્દમાં બ્રહ્મ શબ્દનો અર્થ છે, પૂર્ણપુરષોત્તમ પરમાત્મા શ્રીકૃષ્ણ. આપણે આગળ જોઈ ગયા કે એ પરમાત્માના અક્ષર બ્રહ્મરૂપી ધામમાંથી બધાજ જીવાત્માઓ છૂટા પડેલા છે. તેમાંના આપણે પુષ્ટિજીવો છીએ. જે ભગવાનના શ્રીઅંગની સૃષ્ટિ છે. ભગવાનના શ્રીઅંગની સેવા માટે સર્જાયેલી સૃષ્ટિ છે. આવા પુષ્ટિજીવો અક્ષરબ્રહ્મમાંથી ભગવાનથી જ્યારે છૂટા પડ્યા ત્યારે તેમનામાંથી ભગવાનનો આનંદઅંશ તિરોધાન થઈ ગયો. પરિણામે તેઓ અવિદ્યાના આવરણમાં આવી ગયા. ભગવાન શ્રીકૃષ્ણની સદંતર ભૂલી ગયા. અગણિત વર્ષો વીતી ગયાં ભગવાનને ફરી મેળવવાનો તાપ ક્લેશ પણ તેમને રહ્યો નહીં. સંસારમાં અહંતા

મમતામાં ડૂબી ગયા. પરમાત્માથી સદંતર વિમુખ થઈ ગયા. આવા જીવાત્માઓને ભગવાન શ્રીકૃષ્ણ સાથે ફરીથી જોડવાની એમનો સંબંધ ફરીથી સ્થાપિત કરવાની જે મંત્ર દીક્ષા શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીને બતાવી. એનું નામ છે બ્રહ્મસંબંધ.

બ્રહ્મસંબંધ એક અલૌકિક લગ્ન વિધિ છે. તેમાં જીવાત્મા પત્નીનો રોલ લે છે. પરમાત્મા તેના પતિ સ્વામી બને છે. લગ્નમાં બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષી જરૂરી છે. તે બંનેની સાક્ષીમાં પત્ની અને પતિ સપ્તપદીના મંત્રોથી પ્રતિજ્ઞાબદ્ધ થાય છે અને પછી સહલગ્ન જીવન જીવે છે. એવી જ રીતે બ્રહ્મસંબંધની દિક્ષામાં શ્રીમહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ છે અને તુલસીજી બ્રાહ્મણ સ્વરૂપ છે. તે બંનેની હાજરીમાં જીવાત્મા બ્રહ્મસંબંધના ૮૪ અક્ષરોના મંત્ર દ્વારા ભગવાન શ્રીકૃષ્ણને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી તેમના દાસ બનીને રહેવાની પ્રતિજ્ઞા કરે છે. આમ બ્રહ્મસંબંધ એક અલૌકિક લગ્નવિધિ છે.

લગ્ન બાદ કન્યા પતિના ઘેર જઈને પતિની સાથે રહીને પતિના સુખ દુઃખની ભાગીદાર બનીને પતિને સુખ થાય તેવી રીતે પતિની સેવા કરે છે. અને તેમાં પોતાનું સુખ માને છે એજ એના જીવનનો આનંદ હોય છે. અને તેથી તે સૌભાગ્યવતી કહેવાય છે. આવી જ રીતે આપણે પણ બ્રહ્મસંબંધ લઈને આપણે કરેલ સર્વ સમર્પણની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે શ્રીમહાપ્રભુજીએ બતાવેલ માર્ગે તેમણે પધરાવી આપેલા સ્વરૂપની આપણા ઘરમાં આપણા શરીર અને દ્રવ્યથી સેવા કરતાં કરતાં તેમને સમર્પિત બનીને જીવન જીવીએ તેનું નામ છે બ્રહ્મસંબંધી સમર્પિત જીવન.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે બ્રહ્મસંબંધ કરવાનો એક હેતુ શ્રીઠાકોરજીને પુનઃપ્રાપ્ત કરવાનો અને તેમની સાથેનો છૂટી ગયેલો મૂળ સબંધ જોડવાનો છે. તો બીજો હેતુ આપણા શરીર, ઈન્દ્રયો અને અંતઃકરણને જન્મજન્માંતરોથી વળગેલા પાંચ મોટા દોષોમાંથી મુક્ત કરી શ્રીઠાકોરજીને લાયક શુદ્ધ અને પવિત્ર કરવાનો છે. શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધ કરવાથી કયા પાંચ દોષો નિવૃત્ત થાય તે સમજાવે છે.

બ્રહ્મસંબંધથી દોષનિવૃત્તિ

દેહ અને આત્માને વળગેલા મુખ્ય પાંચ દોષો જગતમાં અને શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

(૧) સહજ દોષો - જીવ સ્વરૂપથી શુદ્ધ છે. અવિદ્યાને કારણે સ્વભાવથી દુષ્ટ છે. નવા દેહમાં પ્રવેશતો જીવ તેની સાથે પૂર્વ જન્મોના અનંત દોષો લઇને આવે છે. તેના સ્વભાવગત મુખ્ય છ દોષ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર છે. આ જીવાત્માના સહજ દોષ છે. તે પ્રકૃતિજન્ય છે. પ્રકૃતિ જન્મ સાથે વારસામાં આવી છે.

જીવમાં એક બીજો સહજ દોષ છે. ભગવાનનો અંશ - સેવક હોવા છતાં સેવા કરવા તૈયાર નથી.

જીવને મળેલો દેહ માતાપિતાના સંસર્ગનું પરિણામ છે. પિતૃવંશ અને માતૃવંશના દોષો તેને વારસામાં મળે છે, જે દેહના દોષો છે. તેમાં મુખ્ય જુદા જુદા રોગો છે.

દેહ સાથે ઇન્દ્રિયો જોડાયેલી છે. તેના દોષો પણ છે, જેમકે આંખ ખરાબ જુએ, જીભ ગાળ બોલે, હાથ હિંસા કરે. આપણી કુલ અગિયાર ઇન્દ્રિયોના અગિયાર સહજ દોષ છે.

દેહનો સબંધ વર્ણ સાથે છે. વર્ણ કે સ્ત્રી જાતિમાં જન્મને પણ શાસ્ત્ર સહજ દોષ કહે છે.

સહજ દોષો સ્વભાવમાંથી જન્મતા હોવાથી તેમને સ્વભાવ ગત દોષો પણ કહેવાય છે.

(૨) દેશજ દોષો - અપવિત્ર દેશો અને સ્થળોમાં અપવિત્ર વાતાવરણમાં રહેવા દેહ અને આત્મા દુષિત બને છે. તે દેશજ દોષો છે. આવા પ્રદેશોમાં વસવાટ તામસ ગુણ વધારે છે. ત્યાંનું અન્ન પણ દુષિત હોય છે. તે ખાવાથી દોષો જન્મે છે.

શાસ્ત્રો સાત સ્થળોને દુષિત ગણે છે.

(૧) ઉષભૂમિ - ઉજ્જડ પ્રદેશ (૨) ગર્દભક્ષેત્ર - ઉકરડા (૩) દુર્જનવાસ - જુગારના અડ્ડા, વેશ્યાલયો, કતલખાનાં, શરાબનાં પીઠાં વગેરે (૪) હીનજલવાસ - પાણી ખારું, ઓછું, અશુદ્ધ હોય એવા પ્રદેશ (૫) જળની વચ્ચે આવેલી ભૂમિ - ટાપુ (૬) સ્વચક્ર ભીતિ દેશ - નિર્બળ, નિર્માલ્ય વસ્તી (૭) પરચક્રભીતિ દેશ - હિંસક, ક્રૂરવસ્તી.

(૩) કાલજ દોષો - કાલ એટલે સમય. દિવસના કાલના મુખ્ય ત્રણ ભાગ (૧)

પ્રભાત (૨) મધ્યાહ્ન (૩) સંધ્યા. તે તે કાળને અનુરૂપ પુણ્ય કર્મો ન કરવાથી કાલજ દોષો લાગે છે. આ દોષો માત્ર દેહને લાગે છે.

કાલનો બીજો અર્થ છે, શરીરની ત્રણ અવસ્થા (૧) બાળપણ (૨) યુવાની (૩) બુઢાપો તેને લઈને જન્મતા દોષો.

કાલનો ત્રીજો અર્થ છે, કલિયુગ તેમાં આધિદૈવિકતા અને આધ્યાત્મિકતા તિરોહિત થવાથી દોષો પ્રવેશે છે.

(૪) સંયોગજ દોષો - દુષિત પદાર્થોના સંપર્કથી થતા દોષો સંગ દોષથી મુખ્ય સાતદોષ થાય છે (૧) સહભોજન (૨) સહ આસન (૩) સહગાન (૪) મૈથુન (૫) સહશયન (૬) સહભાષણ (૭) સહનિવાસ

પતિત - પાપીઓ અપરાધીઓનો સંપર્ક, સભાનપણે કામવાસનાની પૂર્તિ પણ સંયોગજ દોષો છે.

(૫) સ્પર્શ દોષો - દુષિત પદાર્થોના સ્પર્શ અને ઉપયોગથી થતા દોષો મુખ્ય ત્રણ પ્રકારના (૧) માનસિક (૨) વાચિક (૩) કાયિક. મન - વાણી - હાથથી નિષિ કાર્યો કરવાં, દુષિત દ્રવ્ય અન્નને સ્પર્શ કરવો, વિષયવાસના તૃપ્ત કરવામાં સભાનપણે લાગ્યા રહેવું, તીર્થક્ષેત્રમાં, અગિયારસ, પૂર્ણિમા, અમાવાસ્યાએ સ્ત્રીસંગ કરવો, સંધ્યા સમયે વાસનાપૂર્તિ કરવી, મ્લેચ્છસ્પર્શ કરવો, મુખરતિ કરવી અને દ્વાર વિના અન્ય સ્થાનમાંથી મકાનમાં પ્રવેશ કરવો - આ બધા લોક અને શાસ્ત્રપ્રસિદ્ધ સ્પર્શ દોષો છે.

આ પાંચે પ્રકારના દોષો અતિ પરિશ્રમ અને કષ્ટ વેઠ્યા પછી પણ જ્ઞાન અને કર્મમાર્ગથી દૂર થતા નથી.

આ દોષો શરીર અને આત્મામાં રહે ત્યાં સુધી દોષવાળા જીવાત્મા સાથે નિર્દોષ ભગવાનને સંબંધ બંધાતો નથી. ભગવાન સાથે સબંધ જોડવા આ દોષો દૂર કરવા જરૂરી છે.

બ્રહ્મસંબંધ કરવાથી આ દોષો નિવૃત્ત થાય છે, નાશ પામતા નથી.

પાણી ઉપર લીલ બાઝી હોય, ત્યારે પાણી પીવા હાથથી લીલ ખસેડવી પડે, આમ કરવાથી લીલ દૂર થાય છે. અને પીવાલાયક પાણી મળે છે. તેવી રીતે

બ્રહ્મસંબંધ થવાથી દોષો ખસી જાય છે. સેવામાં નડતર રૂપ થતા નથી. દોષો રહેવા છતાં પ્રતિબંધ ન કરે તેનું નામ દોષનિવૃત્તિ.

સેવા માટે - સમર્પણ માટે દોષનિવૃત્તિ જરૂરી છે. તેથી બ્રહ્મસંબંધ જરૂરી છે.

લગ્ન સ્ત્રીને પતિની સેવાનો અધિકાર આપે છે. લગ્ન વિના સ્ત્રીને પતિની સેવાનો અધિકાર મળતો નથી. લગ્ન વિના પુરુષ અન્ય સ્ત્રીની સેવા સ્વીકારતો નથી. તેમ બ્રહ્મસંબંધી જીવ સિવાયના મનુષ્યની સેવા શ્રીઠાકોરજી સ્વીકારતા નથી. સેવા માટે બ્રહ્મસંબંધ જરૂરી છે. સેવા ન કરવા માગનારને બ્રહ્મસંબંધ જરૂરી નથી.

બ્રહ્મસંબંધના મંત્રનું રહસ્ય

૮૪ અક્ષરનો ગદ્ય (Prose) માં બોલાયેલો હોવાથી આ મંત્ર ગદ્યમંત્ર તરીકે જાણીતો છે. તે દ્વારા જીવાત્મા શ્રીઠાકોરજી સમક્ષ મૌખિક પ્રતિજ્ઞા - નિવેદન કરતો હોવાથી, તેને નિવેદનમંત્ર પણ કહેવામાં આવે છે.

આ મંત્ર જાણે જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનો મધુર સંવાદ છે. શરૂઆત જીવાત્મા કરે છે. પોતાની ઓળખ આપતાં, પોતાના દોષ બતાવે છે. હે કૃષ્ણ ! તમારાથી વિખૂટા પડે અગણિત વર્ષો થઇ ગયાં. પરિણામે હું તમને સદંતર વીસરી ગયો. તમને ફરી મેળવવાનો મારો તાપક્લેશાત્મક (વિરહાત્મક) આનંદ મારામાં રહ્યો નહીં. આવો હું જીવ છું.

પરમાત્મા તેમનો પરિચય બે જ શબ્દમાં આપે છે. હું ભગવાન કૃષ્ણ છું. ભગ એટલે સર્વ ઐશ્વર્યો. હું સર્વ ઐશ્વર્યવાળો છું. કૃષ્ણ એટલે સર્વોપરિ શક્તિમાન અને પૂર્ણાનંદ. હું સર્વ ઐશ્વર્ય, સર્વોપરિ શક્તિ અને પૂર્ણાનંદ ધરાવનાર છું. મારાથી મહાન બીજું કોઇ નથી.

જીવાત્મા કહે છે - હું તમારો સ્વીકાર કરું છું. મારું શરીર, ઇન્દ્રિયો, પાંચ પ્રાણ, અંતઃકરણ તમને સમર્પિત કરું છું. મારી પત્ની, સંતાનો, કુટુંબીજનો, ધન - સંપત્તિ, આ લોકનું મારું સમગ્ર જીવન અને મારા પરલોક પણ તમને સમર્પિત કરું છું. તમારો દાસ છું. હે કૃષ્ણ ! હું તમારો છું, તમારો છું. તમે જ મારું શરણ છો.

પરમાત્મા શ્રીકૃષ્ણ જીવાત્માના આ બિનશરતી શરણ અને સંપૂર્ણ સમર્પણનો હંમેશ માટે સ્વીકાર કરે છે.

આ બ્રહ્મસંબંધની દીક્ષા શ્રીવલ્લભવંશજના હૃદયમાં બિરાજી શ્રીમહાપ્રભુજી આપે છે. જીવાત્મા એના સર્વસ્વનું સમર્પણ ભગવાન શ્રીકૃષ્ણ - શ્રીગોપીજનવલ્લભ - શ્રીગોવર્ધન નાથજીને કરે છે ગુરુ શ્રીમહાપ્રભુજીને કે ગુરુદ્વાર બ્રહ્મસંબંધદાત્ત ગોસ્વામી આચાર્યશ્રીને કરતો નથી.

બ્રહ્મસંબંધની આ મંત્રદીક્ષા વાચિક - વાણીથી થયેલું નિવેદન છે. તે બૌદ્ધિક અને કાયિક નિવેદન બનવું જોઇએ. કન્યા લગ્ન માટે યુવાનને પસંદ કરી, બોલ આપે તે વાચિક સ્વીકાર. ભાવિ પતિને મનથી - બુદ્ધિથી સ્વીકારે, તેની સાથે સહજીવન જીવવા તત્પર થાય તે લૌકિક સ્વીકાર. પતિગૃહે રહી, પતિની સેવા કરે, તે કાયિક સ્વીકાર.

આજકાલ આપણું બ્રહ્મસંબંધ વાચિક નિવેદનથી જ અટકી જાય છે. તેથી આગળ તે બૌદ્ધિક અને કાયિક નિવેદન બનતું નથી. પરિણામે બ્રહ્મસંબંધ અધૂરો રહે છે. જે હેતુ માટે આ સંબંધ બન્યો, તે હેતુ સિદ્ધ થયો નથી. બ્રહ્મસંબંધ ને સંપૂર્ણ કરવા શ્રીમહાપ્રભુજી તેને બૌદ્ધિક અને કાયિક નિવેદન બનાવવાનો માર્ગ બતાવે છે.

બૌદ્ધિક નિવેદન :

આપણે આગળ જોઇ ગયા કે જ્યાંસુધી આપણામાં અહંતા મમતા છે. ત્યાં સુધી મોક્ષ કે સાક્ષાત પ્રભુપ્રાપ્તિ થતાં નથી. અહંતામમતા દૂર કરવા જ્ઞાન અને યોગમાર્ગે મનને મારી નાખવાનો રસ્તો બતાવ્યો. જેમાં અહંતા - મમતા જાગે છે, તે મનને જ મારી નાખો. વાંસ જ નહીં રહે, તો વાંસળી બનશે નહીં. પછી વાંસળી કાળજું કોરશે નહીં. અનેક સાધકોના જીવન પરથી જોયું કે મનને મારી શકાતું નથી.

શ્રીમહાપ્રભુજીએ બીજો રસ્તો બતાવ્યો. મનને શ્રીકૃષ્ણ સાથે જોડી દો. મનને મારવાનું અઘરું છે. સ્નેહના તંતુથી જોડવાનું સાવ સરળ છે. શ્રીકૃષ્ણને મન સોંપી દો. પરિણામે અહંતા મમતાનું સ્વરૂપ જ બદલાઇ જશે. મનોવિજ્ઞાન આ પ્રક્રિયાને ઊર્ધ્વીકરણ (Sublimation) કહે છે.

આપણા શરીર, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણમાં આપણી અહંતા રહેલી છે. અહંતા એટલે કર્તાપણા અને ભોક્તાપણાનું અભિમાન. હું આ શરીર - ઈન્દ્રિયોથી

બધું કરું છું. હું મારી બુદ્ધિથી પ્રગતિ કરું છું. હું મારા પ્રાણોને સ્વસ્થ રાખું છું આ બધું આપણા કર્તાપણાનું અભિમાન છે. હું મારા શરીરથી, મારી શક્તિથી, મારી ઈન્દ્રિયોથી વિવિધ ભોગો ભોગવું છું. આ અભિમાન ભોક્તૃપણાનું અભિમાન છે. આવું અભિમાન માલિકીપણાની વૃત્તિમાંથી જન્મે છે.

સમાજમાં પુરુષ કર્તા અને ભોક્તા રહ્યો છે. સ્ત્રી કર્મનું સાધન અને ભોજ્ય રહી છે. પુરુષમાં અહંતા છે. સ્ત્રીમાં અહંતા નથી. જે કર્મનું સાધન અને ભોજ્ય હોય, તેનામાં કર્તા - ભોક્તાનું અભિમાન ન આવે.

આથી શ્રીમહાપ્રભુજીએ અહંતા શ્રીકૃષ્ણ સાથે જોડવાનો કુદરતી માર્ગ બતાવ્યો. જ્ઞાન અને યોગના માર્ગ કૃત્રિમ છે. ભક્તિનો માર્ગ કુદરતી છે. વાસ્તવમાં શ્રીકૃષ્ણ સ્વામી છે, જીવ દાસ - સેવક છે. દાસ મટી સ્વામી બનવાની ચેષ્ટા કરવાથી આપણામાં અહંતા આવી છે. જો દાસ બની જઈએ તો અહંતા આપોઆપ દૂર થાય. દાસનો ધર્મ સેવા કરવાનો છે. સેવામાં શરીર, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ કાર્યરત થશે. માથું નમે ત્યારે નમ્રતા. માથું ઊંચકાય ત્યારે અહંતા સેવામાં શરીર નમે. સેવા સ્ત્રીભાવથી થાય. સ્ત્રીભાવમાં ભોજ્યત્વ અને દીનતા છે. સમર્પણ અને ત્યાગી પ્રધાનતા છે. સ્ત્રી પતિની સેવા કરે તે સ્નેહથી કરે છે. તેમાંથી તેને સુખ - આનંદ મળે છે. માટે આપણે સ્ત્રીભાવથી, શરીર - ઈન્દ્રિયો - પ્રાણ - અંતઃકરણને સેવામાં યોજીએ તો આપોઆપ અહંતા દૂર થાય. સાથે સુખ તો મળે જ.

પતિ-પત્ની, સંતાનો, કુટુંબીજનો, ઘર, ધન - સંપત્તિ, આપણાં કાર્યો - નોકરી, ધંધોરોજગાર આપણી મમતાનાં પાત્રો છે. તેમાં આપણી માલિકીપણાની વૃત્તિ રહેલી છે. તે આપણા ભોજ્ય પદાર્થો છે. વસ્તુતઃ તે આપણે સાથે લઈને જન્મ્યા નથી. આપણી માલિકીના પણ નથી. છતાં તેમના પર આપણી માલિકી આપણે ઠોકી બેસાડી છે. મમત્વ દુઃખ અને શોક કરાવે છે. આ પદાર્થો આપણને ભોગ ન મળે તો દુઃખ. આ પદાર્થો આપણા મટી જાય તો શોક. આ પદાર્થોનું મમત્વ આત્માને પરમાત્માથી દૂર રાખે છે.

પદાર્થોનો અકુદરતી ત્યાગ કરવાથી ત્યાગ થતો જ નથી. જેના માટે સ્નેહ હોય, તેના માટે તે પદાર્થો વાપરીએ છીએ, ત્યારે તેમાં રહેલી આપણી મમતા આપોઆપ છૂટી જાય છે. તેનું દુઃખ કે શોક થતો નથી. સુખ સાંપડે છે. પ્રિય માટે સ્વાર્પણ અને સમર્પણ જગતમાં પ્રસિદ્ધ છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે મમતાના આ સર્વ પદાર્થો, જે શ્રીઠાકોરજીએ આપણને આપ્યા છે, તે આપણા પ્રિયતમ શ્રીઠાકોરજીની સેવામાં વાપરો. શ્રીઠાકોરજીને તે અંગીકાર કરશે, એટલે પ્રસાદી બનશે. પ્રસાદ પર આપણો અધિકાર નહીં હોય. પ્રસાદગ્રહણ કરવાથી મમતા નહીં જાગે.

આ પ્રમાણે શ્રીઠાકોરજીની સેવા દ્વારા બ્રાહ્મસંબંધી વૈષ્ણવ પોતાની અહંતા મમતા શ્રીઠાકોરજીને સોંપી દઇ, તેમાંથી મુક્ત થઇ જાય છે. હવે તેની અહંતા દિવ્ય બને છે. હું પ્રભુનો છું. તેની મમતા પણ દિવ્ય બને છે. - પ્રભુ મારા છે. પ્રભુના બનવા અને પ્રભુને આપણા બનાવવા, સેવા કરવા આપણાં મન- બુદ્ધિને પાકા પાયે, સમજપૂર્વક તૈયાર કરીએ તે બૌદ્ધિક નિવેદન.

કાયિક નિવેદન

પરિણીત પતિવ્રતા સ્ત્રી એના પતિ - પરમેશ્વરને એનું તન મન સોંપી દે - પરાણે નહીં, પ્રેમથી. સમર્પણ બાદ સ્નેહથી પતિની સેવામાં લાગી જાય. પતિના સુખે સુખી રહે. પતિની ભોજન થાળીમાં પતિનું ઉચ્છિષ્ટ ભોજન આનંદથી જન્મે. સર્વ કાર્ય પતિના સુખ માટે, પતિને પ્રસન્ન રાખવા જ કરે સુંદર વસ્ત્ર આભૂષણો પતિને રીઝવવા પહેરે. ઘર સુંદર રાખે. સ્વાદિષ્ટ ભોજન બનાવે કાર્યેષુ મંત્રી, ભોજયેષુ માતા અને શયનેતુ રંભા બને તે પણ પતિના સુખ માટે. તેનું આ નિવેદન કાયિક નિવેદન છે. તેનાથી સૌભાગ્યની સિદ્ધિ છે.

આવી જ રીતે બ્રહ્મસંબંધી વૈષ્ણવે પણ,જેમની સાથે બ્રહ્મસંબંધ થયું છે તે શ્રીઠાકોરજીને પોતાના અલૌકિક સ્વામી તરીકે સ્વીકારી, તેમની સંપૂર્ણ સેવા કરવી તે કાયિક નિવેદન છે.

પત્ની પતિનું ઉચ્છિષ્ટ ગ્રહણ કરે, તેમ બ્રહ્મસંબંધી વૈષ્ણવે પોતાના સેવ્ય શ્રીઠાકોરજીને બધા જ પદાર્થો સમર્પિત કરી, તેમના પ્રસાદ રૂપે ગ્રહણ કરવા તેમને સમર્પિત ન કરેલ - એક પણ અસમર્પિત પદાર્થ વાપરવો નહીં. આનું નામ સમર્પિત જીવનની ‘મર્યાદા’ - મરજાદ.

બ્રહ્મસંબંધ બાદ અસમર્પિત પદાર્થોનો ઉપયોગ કરવાથી અહંતા મમતા છૂટતી નથી. અહંતામમતાના પ્રભાવથી પૂર્વેના પાંચે દોષો ફરી આપણા દેહ તથા આત્માને વળગે છે. માટે શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ આજ્ઞા કરી કે બ્રહ્મસંબંધી જીવે બ્રહ્મસંબંધ બાદ અસમર્પિત પદાર્થોનો ઉપયોગ ન જ કરવો.

સેવા પાર્ટટાઈમ નથી.

પૂજા - ઉપાસનાની જેમ સેવાને પણ આપણે પા-અર્ધા કલાકની કે વધુમાં વધુ કલાક - બે કલાકની બનાવી દીધી છે. મિસરી ધરી, ઝારી ભરી, બે - ચાર માળા ધરી એટલે સેવા થઇ ગઇ! ખરેખર આવી સેવાથી અસમર્પિત છૂટતું નથી, સર્વસમર્પણ થતું નથી. અહંતામમતા નિવૃત્ત થતી નથી. આવી સેવા આપણું કાયિક નિવેદન નથી. જીવન - જીવનની દરેક પળ અને દરેક પ્રવૃત્તિ, આપણી પ્રત્યક વૃત્તિ સેવાના ભાગરૂપ હોવી જોઇએ. જેમકે, દાતણ કરીએ તે પણ પ્રભુસુખાર્થે. નોકરીધંધો, લગ્ન, સંતાન પ્રાપ્તિ સર્વ કંઇ પ્રભુ સુખાર્થે. આવું પ્રભુસુખાર્થ સમગ્ર જીવન બને, ત્યારે તે સમર્પિત જીવન કહેવાય.

સમર્પિત જીવન - સહજ જીવન

શ્રીમહાપ્રભુજી મનોવિજ્ઞાન જાણે છે. માણસ રાતોરાત એની વૃત્તિ - પ્રવૃત્તિ બદલી શકતો નથી. રાતોરાત જીવન પલ્ટો અશક્ય છે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે તમે બ્રહ્મસંબંધ પહેલાં તમારા ઘરમાં તમારા કુટુંબ સાથે જેમ જીવતા હતા, તેમ જ બ્રહ્મસંબંધ પછી પણ જીવવાનું છે. ઘર, કુટુંબ, ધન કે ધંધો છોડવાનાં નથી. લાઇફ - સ્ટાઇલ પણ બદલવાની નથી. ફેરફાર એટલો જ કરવાનો છે કે પહેલાં તમારા માટે તમે બધું કરતા હતા. હવે તે બધું શ્રીઠાકોરજી માટે કરો. રસોઇ કરી, પહેલાં શ્રીઠાકોરજીને ભોગ ધરો, પછી તમે ભોજન કરો.

તમારું વાપરેલું એઠું કરેલું શ્રીઠાકોરજીને ન ધરશો. શક્ય તેટલી શુદ્ધિ અને પવિત્રતા રાખો. શ્રીઠાકોરજીને ઉત્તમ પદાર્થો અંગીકાર કરાવો.

પારસમણિના સ્પર્શથી લોઢું સોનું બની જાય. ગંગાજીના જળ પ્રવાહમાં ઠલવાતું ગટરનું પાણી ગંગાજળ બની જાય,, તેમ શ્રીઠાકોરજીનો સ્પર્શ થતાં, શ્રીઠાકોરજી અંગીકાર કરતાં, બધા પદાર્થો ભગવદીય. અલૌકિક બની જાય છે. તેમનામાં રહેલા દોષો દૂર થાય છે. તે વાપરવાથી આપણામાં દોષો પ્રવેશતા નથી. આપણો દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને આત્મા દિવ્યતા પામે છે. પછી આપણે સાક્ષાત શ્રીઠાકોરજીનો અનુભવ આ જ જીવનમાં કરી શકીએ છીએ.

દાન અને સમર્પણનો ભેદ

શ્રીમહાપ્રભુજીનો આ સિદ્ધાંત સમજતાં એક પ્રશ્ન થાય. બ્રહ્મસંબંધ કર્યું એટલે આપણું બધું શ્રીઠાકોરજીને આપી દીધું. દાન કર્યું દાન કરેલાં પાદર્થો આપણાથી વપરાય?

શ્રીમહાપ્રભુજી આ શંકા દૂર કરે છે.

આપણી સત્તા-માલિકીના પદાર્થો બીજાને ભેટ આપવા, તેમના પરથી આપણો માલિકી હક્ક ઉઠાવો તે દાન (Transfer of ownership) એકવાર દાનમાં આપેલા પદાર્થો ફરીથી આપણા ઉપયોગમાં વપરાય નહીં.

જગતમાં કોઇ મનુષ્યને આપી દઈએ તે દાન, એ પદાર્થો કોઈ દેવરૂપને કે પરમાત્માને ભેટ કરી દઈએ, તે અર્પણ કરેલા પદાર્થ દેવ કે પરમાત્માની માલિકીના બને છે. તેથી તે આપણું દ્રવ્ય રહેતા નથી, દેવદ્રવ્ય બને છે. દેવદ્રવ્યનો ઉપયોગ આપણા માટે ન જ થાય.

દાન પારકાને થાય, સ્વજનેને ન થાય. અર્પણ દેવ કે પરમાત્માને કરીએ ત્યારે પરમાત્મા કે દેવ આપણા સ્વામી છે અને આપણે સેવક છીએ તે ભાવથી આપતા નથી, પણ દેવ છે તે ભાવથી અર્પણ કરીએ છીએ, તેથી દેવદ્રવ્ય આપણા ઉપયોગ માટે નિષિદ્ધ છે.

આપણે ઘરમાં સાંજે પાણિયારે દેવના ગોખે દીવો કર્યો. લાઇટો ગઇ અતિ અગત્યની ચિઠ્ઠી વાંચવાની જરૂર પડી. દેવના દીવાના પ્રકાશે તે ચિઠ્ઠી વાંચી. દીવો દેવને દાન કરેલો છે. દીવાનો પ્રકાશ દેવનો છે, દેવ માટે આપણો નથી, આપણાથી આપણા માટે તેનો ઉપયોગ ન થાય. તે દેવદ્રવ્ય કહેવાય.

દેવદ્રવ્યનો આ સિદ્ધાંત કર્મમાર્ગનો છે, જ્યાં કર્મ છે. અર્પણ કરવું એ કર્મ છે. ભક્તિમાર્ગ કર્મમાર્ગથી અલગ છે. ભક્તિમાર્ગમાં અર્પણ નથી, કારણ શ્રીઠાકોરજી પારકા નથી, પોતાના છે, આપણા પરિવારના જ એક સભ્ય છે. પરિવારના સભ્યો માટે ાપણા પદાર્થો વપરાય તે દાન કે અર્પણ નથી. એમાં માલિકી હક્ક ટ્રાન્સફર થતો નથી. પિતાની મોટર દીકરો વાપરે. માતાની સાડી દીકરી પહેરે એમ આપણા શ્રીઠાકોરજીને આપણા પદાર્થો અંગીકાર કરાવીએ છીએ. તે સમર્પણ છે, અર્પણ નથી. તેથી શ્રીઠાકોરજી આપણા હોવાથી, આપણા પદાર્થો અંગીકાર કરે અને પછી આપણે વાપરીએ તે દોષ નથી, બલ્કે ગુણ છે.

દેવદ્રવ્યનો સિદ્ધાંત અન્ય માર્ગનો છે. પુષ્ટિમાર્ગનો તે સિદ્ધાંત નથી કર્મમાર્ગમાં મંદિરમાં કે ઘરમાં પૂજા - ઉપાસનાનો પ્રકાર છે, ત્યાં દાનનો સિદ્ધાંત છે. પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાનો સિદ્ધાંત છે. ત્યાં સમર્પણનો સિદ્ધાંત છે.

સમર્પણના સિદ્ધાંત અનુસાર જીવીએ, તો પરમાનંદ પામીએ.

ફરીથી યાદ કરીએ

(૧) બ્રહ્મસંબંધની આજ્ઞા સાક્ષાત ભગવાને સ્વયં શ્રીમહાપ્રભુજીને કરી છે.

(૨) બ્રહ્મસંબંધ જીવાત્માનું, પરમાત્મા સાથેનું અલૌકિક લગ્ન છે.

(૩) બ્રહ્મસંબંધ દ્વારા જીવાત્મા પોતાના સર્વસ્વનું સમર્પણ શ્રીઠાકોરજીને કરે છે, ગુરુને નહીં.

(૪) બ્રહ્મસંબંધીથી દેહ અને જીવના પાંચ પ્રકારના દોષો દૂર થાય છે.

(૫) બ્રહ્મસંબંધ વાચિક નિવેદન છે તે સિદ્ધ કરવા બૌદ્ધિક અને કાયિક નિવેદન જરૂરી છે.

(૬) કાયિક નિવેદન એટલે સેવા દ્વારા બધા પદાર્થો શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી, સમર્પિત પદાર્થોથી જીવન જીવવું. અસમર્પિત પદાર્થોનો સદંતર ત્યાગ.

(૭) લાઈફસ્ટાઈલ બદલ્યા વિના સેવામય સમર્પિત જીવન જીવી શકાય છે.

(૮) શ્રીઠાકોરજીને અંગીકાર કરાવેલા પદાર્થો દિવ્ય બને છે, જે આપણા જીવનને દિવ્ય બનાવે છે.

(૯) દાન અને સમર્પણમાં ભેદ છે. પુષ્ટિમાર્ગમાં સમર્પણ છે. દાન નથી.

* * *

૭. લગ્નમંગલનો રાજમાર્ગ

('ચતુઃશ્લોકી'ને આધારે)

જીવન કલ્પવૃક્ષ નથી :

એક માણસ હતો. કામ કરવાનો આળસુ, વગર મહેનતે મળતું હોય એનો લાલચુ. ઉનાળામાં આંબાના ઝાડ નીચે જઈને બેઠો. લચી પડેલી પાકી કેરી સીધી એના મોંમાં પડે એની વાટ જોવા લાગ્યો. ઘણી વાટ જોયા પછી મોટી વજનદાર કેરી પડી તો ખરી, પરંતુ તેના મોંમાં નહીં, તેના માથે પડી. માથું ફોડી નાખે એવો ઘા થયો. બિચારો સુખી થવાને બદલે દુઃખી થયો.

એક બીજો માણ ભૂખે મરતો હતો. કોઈકે કહ્યું કે ખેડવા માટે થોડીક જમીન હોય તો તારું પેટ ભરાય. પડોશમાં એક દેશ છે. ત્યાં માણસો ઓછા છે, જમીન વધારે છે. ત્યાંનો રાજા દરેકને મોં માગી જમીન આપે છે. તે માણસ ત્યાં ગયો. રાજાએ કહ્યું : 'સૂર્યોદયથી ચાલવાનું શરૂ ખર, સૂર્યાસ્ત વખતે તે જ જગ્યાએ પાછો આવ. જેટલી જમીન પર તેં ડગલાં પાડ્યાં હશે એટલી જમીન તને મળશે.' વધુ જમીન મેળવવાના લોભથી તે માણ શરૂઆતમાં ખૂબ દોડ્યો. મધ્યાહ્‌ન થઈ ગયા પછી પણ દોડતો રહ્યો. થાકી જતાં પાછો ફર્યો. જેમ તેમ ચાલતો ચાલતો, દોડતો-દોડતો મૂળ સ્થાને પાછો આવ્યો ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હતો અને તેના શ્વાસ પણ શરીરમાંથી ચાલ્યા ગયા હતા.

આ બંને પ્રસંગો શીખવે છે કે માણસમાં સુખ મેળવવાનો લોભ ઝાઝો છે. એ લોભ તેની પાસે ઘણા પુરુષાર્થ કરાવે છે. સાથે સાથે માણસના મનમાં એવી એવી પણ વૃત્તિ હોય છે કે કશું કર્યા વિના જ મને બધું સુખ મળી જાય!

આવી બંને વૃત્તિઓને લઈને માણસ જગતમાં મૃગજળની પાછળ દોડ્યા કરે છે અને અંતે હાથ ઘસતો રહી જાય છે. જગતનું કલ્પવૃક્ષ નથી, વગર પરિશ્રમે કોઈ ફળ મળતું નથી, પરંતુ કેવળ પરિશ્રમ કરવાથી પણ આપણું જીવન મંગલમય અને આનંદમય આનંદમય બનતું નથી.

પુરૂષાર્થના ત્રણ પ્રકાર :

આપણે આગળ જોઈ ગયા કે માણસ સુખ મેળવવા પુરુષાર્થ કરે છે, જેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર વિભાગમાં વહેંચી નાખ્યા છે. આ પુરુષાર્થો ત્રણ પ્રકારના છે લૌકિક, વૈદિક અને અલૌકિક પુરુષાર્થ.

લૌકિક પુરુષાર્થમાં ધર્મ એટલે મહેનત, પૈસા કમાવાનો માર્ગ અને પૈસા કમાવાનાં સાધન. આવા ધર્મપુરુષાર્થથી માણસ પૈસા કમાયા છે. તેને મળતો પૈસો, સંપત્તિ એ અર્થપુરુષાર્થ છે. અર્થપુરુષાર્થ મળ્યા પછી તે પૈસાની મદદથી શરીર અને ઇન્દ્રિયોનાં લૌકિક સુખો ભોગવવાની ઇચ્છાઓ તેને જાગે છે, તે કામપુરુષાર્થ છે. લૌકિક ભોગ પ્રાપ્ત થતાં માણસ તૃપ્તિ અનુભવે તે મોક્ષપુરુષાર્થ છે.

આ લૌકિક પુરુષાર્થોથી મળતું સુખ ક્ષણિક છે, કામચલાઉ છે. તે પુરુષાર્થ કરતી વખતે દુઃખનો અનુભવ રહે છે. પુરુષાર્થ ભોગવ્યા પછી પણ તેનો અંત દુઃખમાં આવે છે. સ્વાદિષ્ટ ભોજન મેળવવાનો પ્રયત્ન દુઃખદાયક હોય છે. સ્વાદિષ્ટ ભોજન કર્યા પછી શરીરને થતી તકલીફો પણ દુઃખદાયક હોય છે. એટલે જગતના બધા ધર્મો આવા લૌકિક પુરુષાર્થો સામે લાલબત્તી ધરી છે, તેનાથી દૂર રહેવા ચેતવ્યા છે.

આપણાં વેદ વગેરે શાસ્ત્રોએ પુરુષાર્થનું બીજું સ્વરૂપ બતાવ્યું. તે વૈદિકપુરુષાર્થ કહેવાય છે. યજ્ઞ, પૂજા, વ્રત, તપ વગેરે ધર્મનાં સાધનો છે. તે સાધનો પ્રયત્નપૂર્વક કરવાથી ધર્મપુરુષાર્થ સિદ્ધ થાય છે. ધર્મપુરુષાર્થ સિદ્ધ થતાં માણસને પૈસો અને પુણ્ય બંને મળે છે. પૈસો મળતાં વધુ પુણ્ય મેળવવાની ઇચ્છા જાગે છે અને ભોગ ભોગવવાની ઇચ્છા પણ જાગે છે. વધુ પુણ્ય મેળવતાં અંતે સ્વર્ગ કે મોક્ષ મળે છે. આમ, ધર્મમાંર્ગે આ ચારેય પુરુષાર્થો પુરુષાર્થો માટે પુરયત્ન કરવાને અંતે વધુમાં વધુ મોક્ષ પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીએ પુરુષાર્થનો ત્રીજો પ્રકાર બતાવ્યો. તે અલૌકિકપુરુષાર્થ છે. આ પ્રકાર બીજા કોઈ ધર્મ બતાવ્યો નથી. તે મહાપ્રભુજીનો વિશિષ્ટ ઉપદેશ છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે માણસને બે ઇચ્છા અતિ બળવાન છે - સર્વ દુઃખમાંથી છૂટવું અને સર્વ સુખ ભોગવવાં, જે આવાં એવાં સુખ હોય કે કદી નાશ ન પામે. આ બંને માણસ તેના લૌકિક અને વૈદિક સાધનોથી અને પ્રયત્નોથી મેળવી શકતો નથી, કારણ કે આ બંને ફળ આપવાનું એક માત્ર ભગવાન

શ્રીકૃષ્ણની સત્તામાં છે. શ્રીકૃષ્ણ 'શ્રીહરિ કહ્યા છે, કે તેઓ સર્વ દુઃખોનું હરણ કરનારા છે. શ્રીકૃષ્ણને 'સદાનંદ' કહ્યા છે, કારણ કે તેમનામાં પૂર્ણાનંદ ભરેલો છે. શ્રીકૃષ્ણ સાચા સાગર છે. માટે, આપણો એકમાત્ર પુરુર્ષાર્થ ભગવાન શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાનો જ હોવો જોઈએ.

ભગવાન શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવા આપણે જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થો કરવાના છે.

લૌકિક પુરુષાર્થ જીવનને ઉન્નત બનાવતા નથી, આખરે જીવનનો સર્વનાશ કરે છે. વૈદિક પુરુષાર્થ જીવનને ધર્મમય બનાવે છે, પરંતુ સંપૂર્ણ સુખ આપતા નથી. અલૌકિક પુરુષાર્થ જીવનને દિવ્ય બનાવે છે, સર્વ દુઃખ દૂર કરે છે અને સર્વ સુખ પણ આપે છે. જીવનને મંગલ અને આનંદમય બનાવવા માટેનો રાજમાર્ગ એ કેવળ અલૌકિક પુરુષાર્થો છે. આ વાત શ્રીમહાપ્રભુજીએ માત્ર ચાર શ્લોકના 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં સુંદર રીતે સમજાવી છે.

ધર્મ પુરુષાર્થ :

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દરેક મનુષ્યને પરમાત્માએ શરીર અને આત્મા આપ્યાં છે. તેમાં શરીર અલગ છે અને આત્મા પણ અલગ છે. થોડા સમય પૂરતાં જ શરીર અને આત્મા સાથે રહે છે. માણસને બે ફરજ બજાવવાની છે - શરીરની ફરજ અને આત્માની ફરજ શરીરની ફરજને દેહધર્મ કહે છે, આત્માની ફરજને આત્મધર્મ કહે છે. દેહધર્મ તો આ જન્મ પૂરતો જ મર્યાદિત છે, કારણ કે આપણે મનુષ્યયોનિમાં છીએ, એટલે મનુષ્યદેહની ફરજો બજાવવાની છે. આવતો જન્મ પશુયોનિમાં આવે તો પશુદેહની ફરજો બજાવવાની થાય. આમ, શરીરની ફરજો દરેક યોનિમાં અલગ અલગ છે. મનુષ્યયોનિમાં પણ માણસ માણસે તેના દેહધર્મો અલગ અલગ હોય છે, જેમ કે વિદ્યાર્થીનો ધર્મ અભ્યાસ કરવાનો છે, શિક્ષણનો ધર્મ અભ્યાસ કરાવવાનો છે, પતિનો ધર્મ કુટુંબનું પોષણ કરવાનો છે, વેપારીનો ધર્મ વેપાર કરવાનો છે. આમ, દેહધર્મો અલગ અલગ છે.

તે બદલાતા પણ રહે છે. વિદ્યાર્થી ગૃહસ્થ બને એટલે એના ધર્મ બદલાય. ગૃહસ્થ નિવૃત્ત થાય એટલે એના ધર્મ બદલાય. કુમારિકા સ્ત્રીના ધર્મ અને પરિણિત સ્ત્રીના ધર્મ જુદા પડે.

પરંતુ આત્માનો ધર્મ કોઈપણ દેશ અને કાળમાં બદલાતો નથી. કોઈપણ યોનિમાં પણ આત્મા તો એનો એ જ રહે છે, એટલે આત્મધર્મ ક્યારેય પણ બદલાતો નથી.

શ્રીમહાપ્રભુજી કહે છે કે આત્મધર્મ મુખ્ય છે. દેહધર્મ તો આત્મધર્મને નિભાવવા માટે છે. આત્મા પરમાત્માનો અંશ છે, તેથી આત્મા સેવક છે, પરમાત્મા સ્વામી છે. આત્માનો ધર્મ સેવકનો ધર્મ એટલે પરમાત્માની સેવા કરવાનો ધર્મ છે. આમ, ભગવદ્સેવા એ કોઈપણ યોનિમાં, કોઈપણ દેશમાં અને કોઈપણ કાળમાં દરેક આત્માનો એકમાત્ર ધર્મ છે.

આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે આપણે સર્વદા શ્રીઠાકોરજીની સેવા કરવી જોઈએ. શ્રીમહાપ્રભુજી સેવા નિત્ય, નિયમિત રીતે અને સંપૂર્ણ સ્વરૂપમાં કરવાનો આદેશ આપે છે. તેઓ સેવાને પાર્ટ-ટાઈમ સમજતા નથી. આપણા ઉપયોગમાં સર્વ પદાર્થો શ્રીઠાકોરજીને પહેલાં સમર્પિત થાય એ પ્રકારે સંપૂર્ણ સેવા કરવી એ પુષ્ટિમાર્ગીય ધર્મપુરુષાર્થ છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ સેવા સર્વભાવથી કરવાની છે. સર્વભાવ એટલે શરીર, ઈન્દ્રિયો અને મન સેવામાં સંપૂર્ણ રીતે જોડીને સેવા કરવી. સર્વભાવનો બીજો અર્થ છે. શ્રીઠાકોરજીને આપણા આત્મા કરતાં પણ વધારે પ્રિય ગણીને તેમની સેવા કરવી. સર્વભાવનો એક ત્રીજો અર્થ છે. આપણી સર્વ સંપત્તિ, સ્વજનો - સૌનો સેવામાં વિનિયોગ થાય તે રીતે જાતે સેવા કરવી. આવી સેવા ધર્મપુરુષાર્થ બને છે.

શ્રીમહાપ્રભુજીએ પણ સ્પષ્ટતા કરી કે પૃથ્વી ઉપર કૃષ્ણાવતાર થયો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે પોતાના બે ના મુખ્ય ગુણ પ્રકટ કરી, તદનુસાર લીલાઓ કરી. એક ગુણ એટલે તેમનું ધર્મસ્વરૂપ, જે તેમણે વ્રજમાં પ્રકટ કર્યું. ધર્મસ્વરૂપનો સ્વભાવ ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરવાનો છે. તે માટે રસાત્મક લીલાઓ કરવાનો છે. જે ભક્ત નિઃસાધન છે, ભક્તો પર કૃપા કરવાનો છે. ધર્મસ્વરૂપ કૃષ્ણ વ્રજના અધિપતિ કહેવાયા. વ્રજનો એક અર્થ છે. નિઃસાધન જીવો. જે નિઃસાધન જીવો અધિપતિ છે તે શ્રીકૃષ્ણ ધર્મસ્વરૂપ છે.

શ્રીકૃષ્ણનો બીજો ગુણ છે પૃથ્વીનો ભાર હળવો કરવો, દુષ્ટોનો સંહાર કરવો અને ધર્મની પુનઃ સ્થાપના કરવી. આ સર્વ લીલાઓ શ્રીકૃષ્ણે મથુરા અને દ્વારકામાં

પોતાના ચાર વ્યૂહ સાથેના ધર્મસ્વરૂપથી કરી. આ ધર્મસ્વરૂપની લીલાઓ આપણા માટે સ્મરણીય, મનનીય અને ચિંતનીય છે. તે જીવનઘડતરમાં માર્ગદર્શક છે.

આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે વ્રજના અધિપતિ ધર્મીસ્વરૂપ શ્રીકૃષ્ણની સેવા કરવી, તેમની લીલાઓનું ગુણગાન કરવું અને ધર્મસ્વરૂપ શ્રીકૃષ્ણની લીલાઓનું મનન-ચિંતન કરવું.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પુષ્ટિજીવોનો આ જ આત્મધર્મ છે. જો એકથી વધુ આત્મધર્મ હોય તો ક્યો ધર્મ સ્વીકારવો અને ક્યો ધર્મ ન સ્વીકારવો, એની મૂંઝવણ થાય. પરંતુ અહીં આત્મધર્મ વિષે મૂંઝવણને કોઈ સ્થાન નથી, વિવાદને પણ કોઈ સ્થાન નથી, કારણ કે ભગવદ્સેવા એ જ એકમાત્ર આત્મધર્મ છે. આ આત્મધર્મ પાંચસો વર્ષ પહેલાં શ્રીમહાપ્રભુજીના સમયમાં શક્ય હતો, આજે શક્ય નથી, ભવિષ્યમાં બિલકુલ શક્ય નહીં હોય એવી ગેરસમજ ન કરવી, કારણ કે આ આત્મધર્મ સનાતન છે. કોઈપણ સમયમાં તે એટલો જ શક્ય છે, જેટલો શ્રીમહાપ્રભુજીના સમયમાં હતો. પુષ્ટિજીવ વિશ્વના કોઈપણ ખૂણે રહેતો હોય, કોઈપણ સમાજમાં જીવતો હોય, કોઈપણ પરિસ્થિતિમાં મૂકાયેલો હોય તો પણ તે સ્વારૂપી આત્મધર્મનું નિષ્ઠાપૂવર્ક પાલન અવશ્ય કરી શકે છે.

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પુષ્ટિજીવે એની લૌકિક જવાબદારીઓથી ભાગવાનું નથી, લૌકિક જવાબદારીઓને પણ સેવાના અંગરૂપ બનાવવાની છે. જે લૌકિક જવાબદારી સેવાના અંગરૂપ ન બને તેમને માત્ર કરવા ખાતર, કપટભાવથી કરવાની છે. વૈદિક જવાબદારીઓ પણ ભગવદ્સેવામાં બાધ ન આવે તે રીતે બજાવવાની છે. પરોપકાર વગેરે લૌકિક ધર્મો પણ ભગવદ્સેવામાં અંતરાય ન થાય તેમ સ્વીકારવાના છે. ટૂંકમાં, ભગવદ્સંવાને ટોચની અગ્રીમતી આપવાની છે.

અર્થપુરુષાર્થ :

શ્રીમહાપ્રભુજી બતાવે છે કે શ્રીઠાકોરજીથી વધીને જગતમાં કોઈ દ્રવ્ય કે સંપત્તિ શ્રેષ્ઠ નથી. ભગવાન જ ભક્તનું અલૌકિક દ્રવ્ય નિધિ છે, જેમ પારસમણિ મળ્યા પછી હીરા, મોતી વગેરે અન્ય ઝવેરાતની જરૂર રહેતી નથી, તેમ, ભગવાન શ્રીકૃષ્ણરૂપૂ અલૌકિક સંપત્તિ મળ્યા પછી જગતની સર્વ સંપત્તિ અને સ્વર્ગની પણ સંપત્તિ ક્ષુદ્ર લાગે છે. ભક્ત જગતની અને સ્વર્ગની સંપત્તિની કદી ઇચ્છા રાખતો નથી. આથી શ્રીઠાકોરજીને 'સમર્થ' કહ્યા છે. સમર્થનો અર્થ છે. ઉત્તમમાં અર્થ એટલે સંપિત્ત પુષ્ટિજીવોનો અર્થપુરુષાર્થ શ્રીઠાકોરજી પોતે જ છે.

શ્રીઠાકોરજી પોતાના સેવકોના સર્વ લૌકિક અર્થ આપવા સમર્થ છે. શ્રીઠાકોરજી આખા જગતના યોગક્ષેમની જવાબદારી વહન કરે છે, પોતાના ભક્તોની વિશેષ કાળજી લે છે. જેમ શ્રીમંત માણસને અઢળક પૈસો મળે, પછી તેને રહેવા માટેના ઘરની, ફરવાના વાહનની, ખાન-પાન વગેરેની કોઇ ચિંતા રહેતી નથી, તેમ પુષ્ટિજીવોને શ્રીઠાકોરજીરૂપી અર્થપુરુષાર્થ પ્રાપ્ત થયા પછી લૌકિક, વૈદિક કે અલૌકિક - કોઇપણ પ્રકારની ચિંતા રહેતી નથી. તેઓ શ્રીઠાકોરજીમાં મસ્ત બનીને હૃદયમાં સદૈવ પ્રસન્નતા સાથે એમનું જીવન આનંદમાં વ્યતીત કરે છે. આથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે આપણા પ્રભુ શ્રીકૃષ્ણ સર્વસમર્થ હોવાથી મળ્યા પછી આપણે કોઇ ચિંતા કરવાની રહેશે નહીં, આપણે નિશ્ચિત બનીને જીવવાનું છે.

કામ પુરુષાર્થ :

લૌકિક કામથી અલૌકિક કામ જુદો છે. કામ એટલે ઇચ્છા. લૌકિક કામ શરીરસુખની ઇચ્છાવાળો હોય છે, અલૌકિક કામ ભગવદ્સુખની ઇચ્છાવાળો હોય છે. પુષ્ટિજીવો, જે સેવાપરાયણ છે તેમને એક જ કામ હોય છે. - કેવી રીતે મારા પ્રભુ શ્રીકૃષ્ણને સુખ થાય ? શ્રીઠાકોરજીના સુખના વિવિધ મનોરથ મનમાં કરવા અને તે મનોરથો અંગીકાર કરાવવા તત્પર બનવું. એ મનોરથો શ્રીઠાકોરજી પ્રસન્નતાથી અગીકાર કરે તે અનુભવીને મનને તૃપ્તિ થવી, એ જ આપણો કામપુરુષાર્થ છે. કામપુરુષાર્થ ક્યારેય દુઃખદાયક હોતો નથી.

શ્રીકામપ્રભુજીએ બતાવ્યું કે આપણો સૌથી મોટો કામપુરુષાર્થ એક જ હોવો જોઇએ - શ્રીઠાકોરજી સદા આપણા હૃદયમાં બિરાજે, હૃદય સતત એમની અલૌકિક લીલાઓનો આપણને સાક્ષાત્ અનુભવ થાય. બીજા શબ્દોમાં તેને 'માનસીસેવા' અથવા 'વ્યસન અવસ્થા' કહેવામાં આવે છે. આ માનસીનો અનુભવ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે, એ જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો કામપુરુષાર્થ છે.

મોક્ષ પુરુષાર્થ :

કર્મમાર્ગો અને જ્ઞાનના મોક્ષ કરતાં પુષ્ટિમાર્ગીય મોક્ષનુંસ્વરૂપ અલગ છે. પુષ્ટિમાર્ગીય મોક્ષ ત્રણ પ્રકારે પ્રાપ્ત થાય છે - શ્રીઠાકોરજીની સેવા કરતાં કરતાં આપણું શરીર, ઇંદ્રિયો અને મન શ્રીઠાકોરજીની કૃપાથી દિવ્ય બને, તેમની

લૌકિકતા નાશ પામે. તેને 'તનુનવત્વ' કહેવામાં આવે છે. તનુનત્વ પ્રાપ્ત થતાં આપણે ભગવદીય બનીએ ભગવદીય એટલે ભગવાનના ગુણધર્મોવાળા. ભગવાનના જે દિવ્ય ગુણો છે તે આપણામાં આવે. પરિણામે ભગવાનનું અલૌકિક સામર્થ્ય આપણામાં આવે. તનુનવત્વ પ્રાપ્ત થતાં માનસીસેવા સિદ્ધ થાય, જેમાં આપણા અંતઃકરણમાં શ્રીઠાકોરજી સર્વ લીલાપરિકર સહિત સાક્ષાત્ પધારે, વિધિ લીલાઓનો આપણને લાભ આપે, તેમના સ્વરૂપનંદનું દાન કરે. પ્રભુનો આવો અલૌકિક સાક્ષાત્ અનુભવ આ જ શરીરથી બહારની આંખો દ્વારા અને ચિત્તચક્ષુ દ્વારા આપણને થાય તે પુષ્ટિમાર્ગી? મોક્ષ છે.

મોક્ષ એટલે મુક્તિ લૌકિકમાંથી તન અને મન મુક્ત થઇ, પ્રભુમાં પૂરેપૂરાં જોડાઇ જાય તેનું નામ મોક્ષ. આવો મોક્ષ સિદ્ધ થાય પછી મૃત્યુ બાદ પુનર્જન્મને અવકાશ રહેતો નથી. તે પુષ્ટિજીવને શ્રીઠાકોરજી કૃપા કરીને અલૌકિક દેહ આપી, પોતાના ગોલોકધામમાં બોલાવી લે છે, જ્યાં દિવ્ય દેહથી તેને શ્રીઠાકોરજીની સેવા, ગુણગાન અને સ્મરણ મળે છે. શ્રીઠાકોરજી તેને દિવ્ય સુખનું દાન કરે છે. આ સર્વોત્તમ મોક્ષ છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગના મોક્ષમાં જીવાત્મા અક્ષરબ્રહ્મમાં વિલીન થઇ જાય છે.

પુષ્ટિમાર્ગીય મોક્ષનો બીજો પ્રકાર સાયુજ્યમોક્ષ છે. તેમાં જીવાત્મા ભગવાનના કેશ, કૌસ્તુભમણિ અથવા ચરણારવિંદ પૈકી કોઇપણ એક સ્થાનમાં વિલીન થાય. છે. આવી રીતે વિલીન થયેલા જીવાત્માઓ પર વિશષ કૃપા કરવા ભગવાન શ્રીકૃષ્ણ તેમને અવારનવાર પ્રકટ કરી, પોતાની દિવ્ય લીલાઓનું સુખદાન કરાવે છે. આમ, પુષ્ટિમાર્ગીય ,ાયુજ્યમોક્ષ જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગના મોક્ષથી ઘણો ઉત્તમ છે.

પુષ્ટિમાર્ગીય મોક્ષનો ત્રીજો પ્રકાર છે - મૃત્યુ બાદ પશુ, પંખી આદિ માનવેતર યોનિથી ગોલોકધામની પ્રાપ્તિ, જ્યાં તે જીવાત્માને શ્રીઠાકોરજીનાં દર્શનાદિનું અલૌકિક સુખ સાંપડે છે.

આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સર્વાત્મભાવપૂર્વક હંમેશા નિઃસાધન જીવોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણનાં સેવા-સ્મરણ કરવાં, એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ

છે. આ સેવા-સ્મરણ આ શરીરથી કરવાનાં છે. ને ગોલોકમાં દિવ્ય શરીરથી પણ કરવાનાં છે.

આપણે પુષ્ટિમાર્ગીય ચારેય પુરુષાર્થનું સ્વરૂપ જોયું. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે લૌકિક અને વૈદિક પુરુષાર્થોમાં સાધન જુદાં હોય છે અને તેનું ફળ જુદું હોય છે, જેમ કે યજ્ઞ સાધન છે, મોક્ષ ફળ છે. નોકરી કરવી એ સાધન છે, પૈસો મળવો એ ફળ છે. અલૌકિક પુરુષાર્થોમાં એવું નથી. અલૌકિક પુરુષાર્થમાં સાધન અને ફળ બંને એક જ છે.ભગવદ્સેવા એ સાધન છે, સેવાના ફળ રૂપે ગોલોકમાં ભગવદ્સેવા મળવી એ જ ફળ છે. આમ, ધર્મપુરુષાર્થમાં સેવા જ સાધન છે અને સેવા જ ફળ છે. સેવા શ્રીકૃષ્ણની કરવાની છે, એટલે શ્રીકૃષ્ણ જ આપણો ધર્મપુરુષાર્થ છે.

સેવારૂપી ધર્મપુરુષાર્થથી શ્રીકૃષ્ણરૂપી અર્થપુરુષાર્થ પ્રાપ્ત થાય છે, એટલે આપણો અર્થ પણ ભગવાન શ્રીકૃષ્ણ જ છે.

ભગવાન શ્રીકૃષ્ણ જ હૃદયમાં સદા માટે બિરાજે એ આપણો કામપુરુષાર્થ છે, તેની કામપુરુષાર્થ પણ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. આ દેહથી અને દિવ્ય દેહથી પૃથ્વી પર અને ગોલોકમાં સાક્ષાત્ ભગવાનનો રસાનુભવ એ જ આપણો મોક્ષપુરુષાર્થ છે. માટે મોક્ષપુરુષાર્થ પણ ભગવાન શ્રીકૃષ્ણ છે. આમ, ચારેય પુરુષાર્થના સાધનરૂપી અને ફળરૂપી એક શ્રીકૃષ્ણ જ છે.

લૌકિક અને વૈદિકમાર્ગમાં ચારે ય પુરુષાર્થ અલગ અલગ કરવા પડે, તેનાં અલગ અલગ સાધનો હોય અને અલગ અલગ ફળ હોય. જ્યારે અલૌકિક ચારે ય પુરુષાર્થ અલગ અલગ નથી, એક જ છે. ચારેયનું સાધન અને ફળ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. ભગવાન શ્રીકૃષ્ણના સેવા-સ્મરણમાં ચારેય પુરુષાર્થોનો સમાવેશ થાય છે. આ સેવા-સ્મરણ સર્વ રીતે આનંદપ્રદ છે, જીવનનું મંગલ કરનારાં છે, આપણને અભય આપનારાં છે, સાચા સુખનો અનુભવ કરાવનારાં છે. સરળ, સહજ અને સુગમ પણ છે. કોઈપણ પુષ્ટિજીવ તે કરી શકે છે. માટે શ્રીમહાપ્રભુજીના મતે સેવા-સ્મરણ એટલે જીવનમંગલ, જીવનનો સાચો આનંદ.

ફરીથી યાદ કરીએ :

(૧) દુઃખ દૂર થાય અને સુખ મળે તે દરેક મનુષ્યની મુખ્ય ઇચ્છા.

(૨) આ હેતુ માટે ત્રણ પ્રકારના પુરુષાર્થ - લૌકિક, વૈદિક અને અલૌકિક.

(૩) અલૌકિક પુરુષાર્થ મુખ્ય પુરુષાર્થ છે, જે મળ્યા પછી અને વૈદિક પુરુષાર્થ તુચ્છા લાગે છે.

(૪) અલૌકિક પુરુષાર્થમાં પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો વિચાર છે.

(૫) શ્રીઠાકોરજીની હંમેશા સર્વભાવથી, કોઇપણ દેશ અને કાળમાં સેવા કરવી તે આપણો આત્મધર્મ છે, તે જ પુષ્ટિમાર્ગીય ધર્મપુરુષાર્થ છે.

(૬) શ્રીઠાકોરજી સ્વયં આપણી અલૌકિક સંપત્તિ છે. તેઓ જ અર્થપુરુષાર્થ છે.

(૭) શ્રીઠાકોરજી સદૈવ આપણા હૃદયમાં બિરાજે અને તેમના રસાનંદનો અનુભવ કરાવે, તે આપણો કામપુરુષાર્થ છે.

(૮) આ શરીર સેવા કરતાં તનુનવત્વ પામે અને અંતઃકરણમાં ભગવદ્લીલાઓનો સાક્ષાત્ રસાનુભવ કરે તે આ જન્મનો મોક્ષપુરુષાર્થ છે. મૃત્યુ બાદ ગોલોકધામ પ્રાપ્ત થાય તેમાં તો અલોકિક દેહથી સેવાનું સુખ મળે અથવા શ્રીઠાકોરજીના કોઇક અંગમાં સાયુજ્યમોક્ષ મળે અથવા ગોલોકમાં માનવેતર યોનિમાં ભગવદ્દર્શનનું સુખ મળે તે પારલૌકિક પુષ્ટિમાર્ગીય મોક્ષપુરુષાર્થ છે.

(૯) પુષ્ટિમાર્ગીય પુરુષાર્થોમાં સાધન અને ફળ એક જ છે, તે છે ભગવાન શ્રીકૃષ્ણ.

(૧૦) પુષ્ટિમાર્ગીય પુરુષાર્થોનું આચરણ કરતાં જીવન મંગલ અને ઉન્નત બને છે, સુખ-શાન્તિવાળું બને છે.

⁂ ◆ ⁂

૮. નિશ્ચયનો મહેલ

('સિદ્ધાંતમુકતાવલી'ના આધારે)

બ્રહ્મસંબંધ બાદ?

એક અલ્લડ યુવતી હતી. એમ. એ થયેલી. સ્વરૂપવાન. પિતા કરોડપતિ. એકનું એક સંતાન, તે પણ માતાપિતાની મોટી ઉંમરે થયેલું. લાડકોડ જ જોયેલાં પરિણામે પૂરી મનસ્વી.

લગ્ન માટે મુરતિયો પસંદ કર્યો. સોહામણો, સંસ્કારી, સજ્જન, સુશિક્ષિત, સૌમ્ય પણ સાધારણ સ્થિતિનો. એના માતાપિતાનું એક માત્ર સંતાન. ભાગ્ય કે દુર્ભાગ્ય - એકલવાયો, ઘરમાં ન માતાપિતા, ન અન્ય કોઇ.

યુવતિનાં ધામધૂમથી લગ્ન લેવાયાં. કિમતી કરિયાવરથી ટ્રક ભરાઇ. પિતાની મર્સીડીઝ ગાડીમાં બેસી, પતિ ઘેર આવી. આવતાંની સાથે જ પતિના ગળામાં બે હાથ રૂપી કંઠમાળ આરોપી, અલ્લડતાથી કહેવા લાગી : "પ્રિય, તમને મેં કહ્યું નથી, પણ આપણી સગાઇ થઇ, ત્યારથી મેં એવું વ્રત પાળ્યું છે કે સવારે ઊઠીને ચા-બિસ્કીટ બંધ. નાહીને મારા રૂમમાં બેસું. તમારા ફોટાને સામે મૂકું. બે ફૂલ ચડાવું ધૂપસળી ચેતાવું. પરમેશ્વરની જેમ પૂજાં. તમારા નામની અગિયાર માળા ફેરવું. પછી જ ચા-નાસ્તો કરું."

પત્નીની વાત સાંભળી પતિ પોરસાયો. પતિવ્રતા પત્ની મળી છે, જાણી પ્રસન્ન થયો. જીવન મધુર, સુખરૂપ બનશે એવી આશા બંધાઇ.

પત્નીએ વાત ચાલુ રાખી : "અહીં આવતાં રસ્તામાં જ મેં મારા મનથી નક્કી કરી દીધું છે કે મારું આ વ્રત હવે મોટા પાયે વધારવું."

"એટલે ?"

"આપણા બેડરૂમમાં તમારો લાઇફ સાઇઝ ફોટો મૂકવો. તેને રોજ ગુલાબના ફૂલનો મોટો હાર પહેરાવવો. ધૂપસળીની સુવાસથી રૂમ ભરી દેવો. તમારા ફોટા સામે બેસી, રોજ તમારા નામની એકસો આઠ માળા ફેરવવી પછી બીજી બધી વાત."

પતિ ચમક્યો, બોલ્યો : "મારા જીવતે જીવ મારો ફોટો ? અને ગુલાબનો હાર ? ધૂપસળી ? મારી એકસોઆઠ માળા ? પછી મારા માટે ચા કોણ બનાવશે? નાસ્તો - ગરમપાણી કોણ તૈયાર કરશે ?"

"પ્રિય, તમે તો આજ સુધી એકલા જ હતા. જાતે બધું કરવા ટેવાયેલા છો. તમારા ચા-નાસ્તો બનાવો, ત્યારે ભેગાભેગી મારો પણ બનાવી લેજોને! મને તો એવી ટેવ પણ નથી. બહુ સમજદાર સ્નેહી છો! મારી કાળજી રાખશોને ?"

સૌમ્ય પતિ અશાંત બન્યો. ધીમા પણ મક્કમ સ્વરે કહ્યું : "તારી સાથે મેં લગ્ન કર્યું છે, તે તારી સેવા કરવા નહીં મારી સેવા તું કરે માટે તું શ્રીમંત પિતાની ભલે પુત્રી છે, પણ સામાન્ય પતિની તું પત્ની પણ છે. મારી છાતી પર મારા જપ ? તારી સેવા મારે કરવાની ? હજી મોડું થયું નથી. તારા પિતાએ આપણને મૂકવા મોકલેલી ગાડી બહાર ઊભી છે. સામાન ઉતાર્યો નથી. તું તારા પિતાના ત્યાં પાછી જા. સદા ત્યાં રહી, મારા નામની માળા ફેરવ્યા કરજે. મને વાંધો નથી. અહીં રહેવું હોય, ત્યારે પહેલાં મારી સેવા. હું ઘરમાં ન હોઉં, ત્યારે ફુરસદ મળે ત્યારે મારી માળા મંજૂર છે. ?"

પત્ની સમજી ગઇ. ભૂલ સુધારી લીધી. કહ્યું : "મંજૂર છે." બે ગોઠવાઇ ગયાં. બે ય જીવનભર સુખી રહ્યાં.

આ વાત તો વૈષ્ણવી જીવન માટે ગુમરાહ થયેલા સૌ માટે એક દૃષ્ટાન્ત છે. તેનું રહસ્ય સમજવામાં આવ્યું ?

પત્ની જીવાત્મા - આપણે પતિ. શ્રીઠાકોરજી શ્રીઅષ્ટાક્ષરમંત્રની દીક્ષા એટલે સગાઇ. ભગવવદ્સ્મરણ આપણું કર્તવ્ય બ્રહ્મસંબંધ એટલે લગ્ન ભગવદ્સેવા. આપણું મુખ્ય કર્તવ્ય સેવાના સમય સિવાયના સમયમાં ભગવદ્સ્મરણ. સેવા છોડીને સ્મરણ નહીં. પરંતુ આપણે પેલી યુવતી જેવા જ અલ્લડ. ઘણું સાંભળ્યા, વાંચ્યા, સમજયા પછી યે સેવાની વાત નહીં. થોડું સ્મરણ કર્યું. જાણે પતિ શ્રીઠાકોરજી ઉપર બહુ મોટો ઉપકાર કર્યો! શ્રીઠાકોરજી આપણી તકલીફો દૂર કરવાની સેવા કરે, એવી શ્રીઠાકોરજી પાસે અપેક્ષા ! પાછી ફરિયાદ - શ્રીઠાકોરજી મારી સામે જોતા નથી ! પણ "હરિ તુંને પ્રસન્ન તે કયમ થાયે, તારા દિલનું કપટ ન જાયે."

આપણે આગળ જોઈ ગયા કે, બ્રહ્મસંબંધ લીધા પછી આપણું પહેલું અને મુખ્ય કર્તવ્ય ભગવદ્સેવા - કૃષ્ણસેવા જ છે. શ્રીમહાપ્રભુજી આ વાત "સિદ્ધાંત મુક્તાવલી" ગ્રંથ દ્વારા આપણને સમજાવે છે.

વિચાર જીવનનાં બે પાસાં - વિચાર અને આચાર, તત્ત્વજ્ઞાન અને ધર્માચરણ બંને જીવનરથનાં બે પૈડાં. રથનાં બે પૈડાં એક જ માપનાં, એક જ ગતિએ સાથે ચાલનારાં જોઈએ. બાકી જીવનરથ ન ચાલે. ચાલે તો ગબડી પડે. જીવનું જોખમ કરાવે.

આજે આપણું જીવન અધૂરું છે, ખામીભર્યું છે, કંઈક ખૂટે છે એવું તો આપણને સમજાય છે - શું ખૂટે છે, તેની ખબર નથી. વિચાર વિનાનું આચરણ અવિચારી, ગેરમાર્ગે લઈ જનારું, નુકશાન કરનારું. એવું આચરણ ક્યાંક નશાખોરીમાં ખપે, તો ક્યાંક ગાંડપણમાં. ક્યારેક વિચારની સમજ ઘણી હોય, પણ આચરણ શૂન્ય સમજે બધું, કરે કશું નહીં. એમને અંગ્રેજીમાં કહે છે - રખડુ ફિલસુફ વાતોનાં વડાં ન થાય.

માણસ ત્રણ પ્રકારના. (૧) સમજે બધું, કરે કશું નહીં. (૨) સમજે કશું નહીં, છતાં બધું સમજે છે એમ માની, મન ફાવે તેમ વર્તે (૨) સમજે પણ નહીં ને કરે પણ નહીં. આ ત્રણે માણસો જીવનમાં સુખી થતા નથી. જીવનમાં સુખી એ જ થાય છે કે જે તત્ત્વને સમજી, તત્ત્વજ્ઞાન વિચારી, તે પ્રમાણે કરે છે - જીવે છે.

આપણાં શાસ્ત્રોએ વિચારને તત્ત્વજ્ઞાનના રૂપમાં રજૂ કર્યો છે. હું કોણ છું ? મારું લક્ષ્ય શું છે ? જગત શું છે. ? આ ત્રણના જવાબ મેળવવા એ વિચાર - તત્ત્વજ્ઞાન. જે જવાબ મળ્યા, તેના આધારે જીવન જીવવાનો રાહ તે આચાર - ધર્મ. આમ, વિચાર અને આચાર, તત્ત્વજ્ઞાન અને ધર્મ ખભેખભા મિલાવી, હાથમાં હાથ પકડી, સાથે ડગ માંડી ચાલે, તો સુખનો - પરમાનંદનો નિશ્ચયનો મહેલ જરૂર મળી જાય. ભારતીય સંસ્કૃતિની આ શ્રદ્ધા અને નિષ્ઠા છે.

આથી આપણે જીવનની આંધળી દોડમાં બ્રેક મારી, જરીક થોભી જવાની જરૂર છે. વિચાર અને આચારની એકવાક્યતા વિચારી લેવાનું જરૂરી છે. એક ફિલસુફ કહે છે - "તમે કેટલું દોડો છો, તે મહત્ત્વનું નથી. કઈ દિશામાં દોડો છો, તે વધારે મહત્ત્વનું છે." દિશા અને દોડ વચ્ચે તાલમેલ અતિ જરૂરી છે. સૂર

- સ્વર - તાલનો સુમેળ થવો જોઈએ. તો મધુર સંગીત નીપજે, જે મનને પ્રસન્ન કરે. જીવન સંગીતને પણ મધુર બનાવવા વિચારના સૂર સાથે, આચારના તાલ મળવા જોઇએ.

આ માટે શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન આપ્યું. તે આપણો વિચાર પુષ્ટિમાર્ગ આપ્યો. તે આપણો આચાર. શુદ્ધાદ્વૈત વિનાનો પુષ્ટિમાર્ગ અધૂરો છે. પુષ્ટિમાર્ગ વિનાનો શુદ્ધાદ્વૈત ફળરૂપ થતો નથી. આથી 'સિદ્ધાંત મુકતાવલી' માં શ્રીમહાપ્રભુજીએ શુદ્ધાદ્વૈત અને પુષ્ટિમાર્ગ બંને સમજાવી દીધા.

પુષ્ટિમાર્ગીય આચાર - ભગવદ્સેવા

સંસ્કૃતમાં 'સેવા' માટે 'ભજન' શબ્દ છે. કોઇ ધોળપદ ગાઇએ, તે ભજનની વાત અહીં નથી. 'ભજન' શબ્દ 'ભજ્' ધાતુ પરથી બન્યો. ભજ્: સેવા કરવી. ભજન : સેવા. 'ભજ્' ધાતુ પરથી બીજો શબ્દ બન્યો, 'ભક્તિ'. તેમાં 'કિતન્' પ્રત્યય છે, જેનો અર્થ છે સ્નેહપૂર્વક. તેથી 'ભક્તિ' શબ્દનો અર્થ થયો સ્નેહપૂવર્ક થતી સેવા.

'સેવા' શબ્દમાં 'સેવ્' ધાતુ તેનો અર્થ છે પોષણ કરવું, સેવન કરવું. પક્ષી તેના ઇંડાનું સેવન કરે છે. પક્ષીને દૃઢ વિશ્વાસ છે કે જડ દેખાતા એ ઇંડામાં એનું જીવતું બચ્ચું છે. પોતાના શરીરની ગરમી એ ઇંડાને આપવાથી, એક દિવસ ઇંડું ફૂટશે અને બચ્ચું મળશે. આવી પણ, અલૌકિક પ્રક્રિયા સેવાની છે.

જગતના કણ કણમાં રહેલા પ્રભુ, તેમના ચિત્ર કે મૂર્તિમાં પણ રહેલા છે જ એવો આપણને દૃઢ વિશ્વાસ હોવો જોઇએ. એ પ્રભુ આપણા સ્વામી - પ્રિયતમ છે, એવો દૃઢ ભાવ આપણને એમનામાં હોવો જોઇએ. આવા વિશ્વાસ અને ભાવથી શ્રીઠાકોરજીની સેવા કરવાની છે. જેમની સેવા કરીએ છીએ, તે જડ ચિત્ર કે મૂર્તિ નથી. સાક્ષાત શ્રીઠાકોરજી છે.

એક માતા વાત્સલ્યભાવથી એના બાળકની સવારથી રાત સુધી સેવા કરે. એક પત્ની માધુર્યભાવથી એના પતિની સવારથી રાત સુધી સેવા કરે. એમ આપણે લૌકિક સ્વાર્થરહિત વાત્સલ્ય યા માધુર્ય ભાવથી શ્રીઠાકોરજીની સેવા કરવાની છે. ઇંડામાંથી બચ્ચું પ્રગટે, તેમ સેવાથી પ્રસન્ન થયેલા શ્રીઠાકોરજી એક દિવસ જરૂર સેવાતા સ્વરૂપમાંથી પ્રકટ થઇ, સાક્ષાત આનંદનુભવ કરાવે જ.

સ્વામીની સેવા કરવી એ સેવકનો ધર્મ છે. શ્રીઠાકરોજી સ્વામી છે, આપણે સેવક છીએ. તેથી સેવકધર્મ સમજીને આપણે સેવા કરવાની છે.

બીજા બધા ધર્મો પૂજાની પદ્ધતિ બતાવે છે. તે ધર્મોમાં પૂજાનો પ્રકાર છે. સેવાનો પ્રકાર માત્ર પુષ્ટિમાર્ગમાં જ છે. બીજે ક્યાંય નથી. સેવામાં પૂજાની કેટલીક પ્રક્રિયા છે. તેથી અણસમજમાં આપણી સેવા બહુધા પૂજાના જેવી થઇ જાય છે. પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધની વિશિષ્ટ દીક્ષા છે, જે અન્ય કોઇ માર્ગમાં નથી. બ્રહ્મસંબંધ પછી સેવા અનિવાર્ય છે. પૂજા નહીં. માટે શ્રીમહાપ્રભુજીએ સેવાધર્મ બતાવ્યો.

સેવા અને પૂજાનો તફાવત -

પૂજા	સેવા
૧. કોઇપણ દેવદેવી, વ્યૂહ, અવતાર વગેરેને ઇષ્ટ માને.	૧. પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વરૂપ શ્રીગોવર્ધનનાથજી ઇષ્ટ છે.
૨. કર્મમાર્ગમાં - વૈષ્ણવતંત્ર શાસ્ત્રોમાં બતાવેલી વિધિથી પૂજા થાય.	૨. સાગરસ્વતકલ્પમાં શ્રીગોપીજનોએ કરેલી રીત પ્રીત મુજબ શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પ્રકારથી સેવા થાય.
૩. ઘરમાં કે મંદિરમાં નિત્ય અથવા પ્રસંગવિશેષે પૂજા થાય.	૩. ઘરમાં નિત્ય સેવા થાય.
૪. ચિત્ર યા મૂર્તિમાં આવિર્ભાવ તિરોભાવના મંત્રોથી દેવનું સ્થાપન - પ્રતિષ્ઠા થાય	૪. શ્રીવલ્લભવંશ દ્વારા શ્રીમહાપ્રભુજીએ બતાવેલા પ્રકારે ચિત્ર યા મૂર્તિમાં સાક્ષાત્ ભગવદ્સ્વરૂપ પધરાવી, તેમને સેવ્ય (પુષ્ટ) કરીને, સેવા થાય.
૫. દેવરૂપની મૂર્તિ કહેવાય.	૫. ભગવદ્સ્વરૂપ કહેવાય.
૬. સવાર - સાંજ અમુક સમયમાં પૂજા પૂરી થાય. (પાર્ટટાઇમ)	૬. આજીવન, નિત્ય સતત ચાલે.

૭. પોતાના દ્રવ્યથી જાતે થાય અથવા પોતાના દ્રવ્યથી બીજા પાસે કરાવાય અથવા બીજાના દ્રવ્યથી જાતે થાય.	૭. પોતાના દ્રવ્યથી, પોતાના શરીરથી પોતાની જાતે જ થાય. બીજાનું શરીર ન ચાલે.
૮. દેવસુખનો વિચાર નહીં, નિયમ જ મહત્ત્વના, જેમકે ભરશિયાળે ઠંડા જળથી સ્નાન થાય, ચંદન ચડે, આખાં ફૂલ ને ફળ ચઢે.	૮. ભગવદ્સેવાનો જ પૂર્ણ વિચાર. ઋતુકાળ અનુસાર સેવાના પ્રકારમાં ફેરફાર.
૯. પૂજામાં સકામ યા નિષ્કામ ભાવ-લૌકિક લાભ મળે તેવી અપેક્ષા.	૯. માત્ર ભગવદ્સુખ માટે નિષ્કામ ભાવથી જ સેવા.
૧૦ પૂજાથી વધુમાં વધુ મોક્ષની પ્રાપ્તિ.	૧૦ આ લોક અને પરલોકમાં સાક્ષાત ભગવદ્સેવા.
૧૧ પૂજા કરે તેને જ ફળ પ્રપ્તિ. પૂજામાં સહાય કરનારને, પૂજાનું ફળ ન મળે.	૧૧ સેવામાં સહાય કરવી તે પણ સેવા તેનું ફળ પણ સેવા રૂપે મળે.
૧૨ અન્ય માર્ગોની રીત છે.	૧૨ પુષ્ટિમાર્ગની રીત છે.

સેવાની વ્યાખ્યા :

શ્રીમહાપ્રભુજીએ સેવાની વ્યાખ્યા આપી. વ્યાખ્યામાં સ્વરૂપલક્ષણ અને કાર્યલક્ષણ બંને હોય. સ્વરૂપલક્ષણ બતાવ્યું - ચિત્ત પ્રભુ શ્રીકૃષ્ણમાં પરોવાયેલું રહે તેનું નામ સેવા. શરીર સેવા કરતું હોય, ત્યારે મન બીજે ભટકતું હોય. તો તે સેવા ન કહેવાય. જેમ સોયામાં વીધાઈને પરોવાયેલું ફૂલ આઘુંપાછું થતું નથી, તેમ શ્રીઠાકોરજી માટે પ્રેમથી વીધાયેલું મન, શ્રીઠાકોરજીમાં પૂરેપૂરું પરોવાઈ જાય ત્યારે સેવા સિદ્ધ થાય. દુનિયાના કોલાહલ વચ્ચે યોગી સમાધિમાં એકાગ્ર ચિત્ત કરી શકે, તેમ સેવામાં ચિત્તની એવી એકાગ્રતા કેળવવાની છે કે, આજુબાજુના અવાજો કે ભીતરના વિચારો મનને ભટકવા ન દે આથી સેવા ભક્તિયોગ છે.

આવી સેવાનું કાર્યલક્ષણ બતાવ્યું તે 'તનુવિત્તજા' હોય. તનુવિતજા એટલે પોતાના ઘરમાં, પોતાના કુટુંબીજનોની સહાયથી, પોતાના દ્રવ્ય અને પોતાના શરીરથી કરવામાં આવતી, પોતાના શ્રીઠાકોરજીની સેવા. આમાં આપણાં ઘર, તન, ધન, કુટુંબ વગેરે સાધનો વપરાય છે, તેથી તે સાધન રૂપા સેવા છે.

આ પ્રકારે સેવા કરતાં કરતાં, સેવાના ફળ રૂપે શ્રીઠાકોરજી પ્રસન્ન થઇ, આપણા ચર્મચક્ષુ અને ચિત્તચક્ષુ સામે સાક્ષાત પ્રગટ થઇ, આપણી સેવા અંગીકાર કરે, ત્યારે તેવા માટે આપણાં ભૌતિક સાધનોની જરૂર રહેતી નથી. સેવા માટે જરૂરી સર્વ અલૌકિક સાહિત્ય આપોઆપ પ્રાપ્ત થાય છે. શ્રીઠાકોરજીનો સતત અનુભવ રહે છે. તેને ફળરૂપી માનસી સેવા કહે છે. તે જ પરમ ફળ છે.

પુષ્ટિમાર્ગમાં સાધન અને ફળ અલગ નથી, એક જ છે. સેવા સાધન છે. એ જ સેવા ફળ બને છે. માટે પુષ્ટિ માર્ગમાં સેવા એક જ પ્રકારની છે. સાધનરૂપા અને ફળરૂપા એવા બે અલગ પ્રકાર નથી કે કેવળ શરીરથી અથવા કેવળ ધનથી અથવા કેવળ મનથી થતી ત્રણ પ્રકારની સેવા પણ નથી. જેમ પત્ની તેના પતિની અને માતા તેના બાળકની સેવા જાતે, પોતાના ઘરમાં, પોતાના ઘરથી કરે છે, તેમ આપણે શ્રીઠાકોરજીની સેવા કરવાની છે. આ સેવા કોઇ લૌકિક કે પારલૌકિક હેતુને લઇને કરવાની નથી.

સેવાનું ફળ

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ પ્રકારે, આપણે સેવા કરીએ, ત્યારે તે સેવામાં આપણા દેહ - ઇન્દ્રિયો - મનનો વિનિયોગ થતાં, તે પદાર્થોમાં રહેલી આપણી અહંતા દૂર થાય છે. ઘર,ધન કુટુંબનો સેવામાં વિનિયોગ થતા, તે પદાર્થોમાં રહેલી આપણી મમતા દૂર થાય છે.

અહંતા - મમતા દૂર થતાં, અવિદ્યા નાશ પામે છે. અવિદ્યા નાશ પામતાં, અહંતા મમતાના કારણે શરીર મનને જે દુઃખો પીડા કર્તા, તે દુઃખો જ લાગતાં નથી. આપણાં દુઃખો અહંતા મમતાજન્ય છે. અહંતા મમતા જ ન રહે, પછી દુઃખ કેવી રીતે રહે ? તેથી સેવાથી દુઃખ નિવૃત્ત થાય છે.

અહંતા - મમતાને લઇને, આપણી અને શ્રીઠાકોરજીની વચ્ચે અવિદ્યાનો પડદો આવી ગયો હતો. સેવા કરતાં, અવિદ્યાનો પડદો હટી જવાથી શ્રીઠાકોરજીનો

સાક્ષાત અનુભવ થાય છે. જેમ બરફના સ્પર્શથી ઠંડકનો અનુભવ થાય, અગ્નિથી ગરમીનો, તેમ આનંદસ્વરૂપ શ્રીઠાકોરજીના સાક્ષાત સ્પર્શથી દિવ્ય - શાશ્વત આનંદની પ્રાપ્તિ થાય છે. પછી કશું જ મેળવવાનું બાકી રહેતું નથી. આ દિવ્ય ફળ બીજા કોઈ ધર્મમાર્ગથી કે ધર્મસાધનાની પ્રક્રિયાથી મળતું નથી. માટે શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણસેવાના આચારધર્મની આજ્ઞા કરી.

શુદ્ધાદ્વૈત વિચાર

વેદમાં પરમાત્માને 'બ્રહ્મ' કહ્યા છે. 'બૃહત્' એટલે બહોળું, અમાપ તે પરથી 'બ્રહ્મ' શબ્દ બન્યો. બ્રહ્મ એટલે સર્વવ્યાપક. બ્રહ્મ, જગત અને જીવ વિષેનો વિચાર બધા આચાર્યોએ કર્યો છે. તેમના તે તે વિચારના આધારે તેમના મતનું નામકરણ થયું છે. શ્રીમહાપ્રભુજીનો મત 'શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ'' ના નામે પ્રસિદ્ધ છે. તેને પાયામાં રાખીને જ શ્રીમહાપ્રભુજીએ જીવન જીવવાની શૈલી - ''પુષ્ટિમાર્ગ'' - આપી.

શ્રીશંકર, શ્રીરામાનુજ, શ્રીમધ્વ અને શ્રીનિમ્બાર્ક શ્રીમહાપ્રભુજીની પૂર્વે પોતાની વિચારસરણી રજૂ કરી છે. શ્રીશંકરથી આરંભાયેલી તત્ત્વજ્ઞાનની વિચારયાત્રાનું અંતિમ બિંદુ શ્રીમહાપ્રભુજી છે. ક્રમશઃ તત્ત્વજ્ઞાનના વિચારનો વિકાસ શ્રીમહાપ્રભુજીના વિચારમાં પૂર્ણતાને પામ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ વેદ સાહિત્ય (ચાર વેદ, બ્રાહ્મણ અને આરણ્યક ગ્રંથો, ઉપનિષદો, વેદવ્યાસજી રચિત બ્રહ્મસૂત્રો, શ્રીમદ્ભગવદ્ગીતા અને વેદવ્યાસજીની સમાધિભાષા શ્રીભાગવતને મુખ્ય પ્રમાણ ગણ્યાં છે. તેને મળતા આવતા વિચારોવાળા ગ્રંથો - રામાયણ, મહાભારત, પાંચરાત્ર જેવા આગમ ગ્રંથોનો પણ શ્રીમહાપ્રભુજીએ સ્વીકાર કરી, દહીં વલોવી માખણ મેળવાય તેમ શાસ્ત્રમંથન કરી, તેમાંથી પ્રાપ્ત થયેલ તત્ત્વરૂપી માખણને પ્રમાણિક રીતે રજૂ કર્યું છે.

શ્રીમહાપ્રભુજીનું તત્ત્વજ્ઞાન સમજીએ તો જ પુષ્ટિમાર્ગ અને સેવા સિદ્ધાંત સમજમાં આવે.

બ્રહ્મવિચાર

બ્રહ્મ અનાદિ અને અનંત છે. તેઓ પરમ તત્ત્વ છે. સચ્ચિદાનંદ છે. આનંદરસાત્મક અપ્રાકૃત છે. તેઓ સર્વોચ્ચ, સર્વના નિયંતા, સર્વશક્તિમાન અને

સદાનંદ છે. તેઓ સ્વતંત્ર છે. તેમને જ પરમાત્મા, પરમેશ્વર, પ્રભુ, ભગવાન, ઈશ્વર એવાં વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

તેમને પંચમહાભૂતનું લૌકિક શરીર નથી. તે અર્થમાં તેઓ નિરાકાર છે. તેઓ જગતના દરેક પદાર્થ રૂપે પ્રગટ થયેલા છે. જગતનાં બધાં નામરૂપો તેમનાં જ છે. તે અર્થમાં તેઓ સર્વાકાર છે. દિવ્ય ગુણ - રૂપ, અપ્રાકૃત દેહવાળા તેઓ સાકાર પણ છે. તેઓ જ કૃષ્ણ નામ અને રૂપી જગતમાં પ્રસિદ્ધ અને આરાધ્ય છે.

તેઓ વિરુદ્ધ ધર્માશ્રયી છે. વિરોધ લાગતા ધર્મો તેમનામાં એક અર્થ રહેલા છે. તેથી તેમનામાં પ્રૌઢલીલા અને બાલલીલા સાથે છે. તેઓ સ્વતંત્ર હોવા છતાં ભક્તોને પરતંત્ર છે. તેઓ વિરુદ્ધ ર્માશ્રયી છે, તેથી દેવો પણ તેમની લીલાને સમજી શકતા નથી.

તેમનો અનુભવ ત્રણ સ્વરૂપે થાય છે. (૧) આધિદૈવિક (૨) આધ્યાત્મિક (૩) આધિભૌતિક આ ત્રણ સ્વરૂપો સમજાવવા માટે શ્રીમહાપ્રભુજી ગંગાજીનું ઉદાહરણ આપે છે. જે સ્વરૂપ આપણાં મર્મચક્ષુઓથી જોઈ શકાય, જે ક્ષીણ થાય, નશ્વર હોય તે આધિભૌતિક સ્વરૂપ ગંગાજીનો જળપ્રવાહ આધિભૌતિક સ્વરૂપ છે. એ જળ સામાન્ય જળ જેવું નથી. તેનામાં પાપીઓનાં પાપો ધોવાનું અલૌકિક સામર્થ્ય છે. તેમાં સ્નાન કરી પાપી નિર્દોષ અને પવિત્ર બને છે. ગંગાજીનું આ અલૌકિક સામર્થ્ય તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે. આધ્યાત્મિક સ્વરૂપ અંતઃકરણથી અનુભવી શકીય, મર્મચક્ષુથી જોઈ શકાય નહીં. ગંગાજળમાં દેવી સ્વરૂપે ગંગાજી છે. તેમનાં મંદિર પણ હોય. તેમાં મકરવાહિની ગંગાદેવીની મૂર્તિની પૂજા થાય. ગંગાજીનું આ દેવી સ્વરૂપ તેમનું આધિદૈવિક સ્વરૂપ. આધિદૈવિક સ્વરૂપ ચર્મચક્ષુથી ન દેખાય. તે જોવા દિવ્યચક્ષુ જરૂરી ચિત્તચક્ષુ ખૂલે તો પણ આધિદૈવિક સ્વરૂપનાં દર્શન થાય.

આ પ્રમાણે બ્રહ્મમાં પણ ત્રણ સ્વરૂપ આપણાં ચર્મચક્ષુથી દેખાતું આ જગત તેમનું આધિભૌતિક સ્વરૂપ. જગતના નાથ તરીકે તેમનું અનુભવાતું અલૌકિક સામર્થ્ય અને તેમનું નિવાસસ્થાન અક્ષરબ્રહ્મ તેમનું આધ્યાત્મિક સ્વરૂપ. તેમનું અલૌકિક, આહાર ભગવદ્‌સ્વરૂપ તે આધિદૈવિક સ્વરૂપ.

આવા બ્રહ્મ અંતર્યામી રૂપે પ્રત્યેક પ્રાણીમાત્રના દેહમાં સાક્ષી રૂપે બિરાજમાન છે, તેના પ્રેરક અને પોષક છે.

સૃષ્ટિ પૂર્વે બ્રહ્મ એકાકી હતા. આનંદરૂપી લીલા કરવાની તેમને ઈચ્છા થઈ. તે માટે તેઓ એકમાંથી અનંત થયા. તેમના આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી જડ પદાર્થસૃષ્ટિ અને ચેતનજીવસૃષ્ટિ તેમણે પ્રકટ કરી. નાનું બાળક નવા રમકડાથી થોડા સમય રમે. પછી રમકડું તોડી, ફેંકી દે, તેમ પોતાની ક્રીડા માટે બ્રહ્મ સૃષ્ટિ નિર્માણ કરે છે, તેમાં ખેલે છે. અને તેનો પ્રલય પણ કરે છે.

જગત વિચાર

ઉપનિષદો સૃષ્ટિસર્જનની બ્રહ્મની લીલા સમજાવવા માટે કરોળિયાનું દૃષ્ટાંત આપે છે. કરોળિયો તેના મોંમાંથી લાળના તંતુઓ કાઢી, તેનું જાળું રચે છે. પછી તેમાં રહી, તેનો ખોરાક ઝડપી જીવે છે. ધરાઈ જાય એટલે લાળના જાળાને પોતાના મોંમાં પાછું સમાવી દે છે.

એવી રીતે બ્રહ્મ કેવળ ઈચ્છામાત્રથી પોતાના જ સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી સૃષ્ટિ પ્રકટ કરે છે. તેમાં વિવિધ નામરૂપોથી રહે છે. ઈચ્છા થાય ત્યાં સુધી ક્રીડા કરી, ફરીથી સૃષ્ટિનો પ્રલય કરી, અક્ષરબ્રહ્મમાં સમાવી લે છે.

સૃષ્ટિના નિર્માણની આ બ્રહ્મલીલાને સમજાવવા શ્રીમહાપ્રભુજીએ બે ઉદાહરણ આપ્યાં. સોનાનું અને ઘડાનું સોની સોનામાંથી અનેક દાગીના બનાવે. એ દાગીનાને અગ્નિમાં ઓગાળતાં ફરી સોનું બને. સોનું વિવિધ રૂપનાં ધારણ કરી ફરી સોનું બની શકે. તેના મૂલ તત્ત્વમાં કોઈ ફેરફાર ન થાય દાગીના સોનાનું અવિકૃત પરિણામ છે. દૂધનું દહીં થાય. દહીંનું દૂધ ન થાય. દૂધનું થયેલું દહીં દૂધનું વિકૃત પરિણામ છે.

બ્રહ્મમાંથી અક્ષરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મમાંથી જગત. ત્રણેનું મૂળ તત્ત્વ બ્રહ્મ છે. જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે, વિકૃત પરિણામ નથી.

કુંભાર માટીનો ઘડો બનાવેછે. તેમાં માટી, ઘડો અને ઘડો ફૂટતાં પાછી માટી આ અવિકૃત પરિણામ છે. ઘડો બનાવવામાં માટી ઉપાદન કારણ છે. કુંભાર નિમિત્ત કારણ છે. ઘડો પરિણામ છે. ઉપાદન કારણ અને નિમિત્તકારણ એક નથી, અલગ છે. પરંતુ જગતની રચનામાં બ્રહ્મ જ માટીરૂપી ઉપાદન કારણ છે. બ્રહ્મમાંથી જ જગત પ્રકટ થયું છે. જગતનું સર્જન કરનાર બ્રહ્મ જ જગતનું નિમિત્તકારણ છે. આમ બ્રહ્મ જ ઉપાદનકારણ અને નિમિત્તકારણ છે. તેથી જગત

બ્રહ્મનું જ અવિકૃત પરિણામ છે. જગત બ્રહ્મનું જ એક સ્વરૂપ છે. બ્રહ્મ સત્ય છે, માટે જગત પણ સત્ય છે.

શ્રીશંકરાચાર્યનો મત જુદો છે. તેઓ બ્રહ્મને નિરાકાર માને છે. માયા નામની બ્રહ્મની એક શક્તિની સહાયથી બ્રહ્મ સાકાર જણાય છે. જેમ જાદુગર માયાની સૃષ્ટિ રચી બતાવે અને આપણે તેને સાચી માની ભ્રમમાં પડીએ, તેમ જાદુગરણી માયાને પ્રકટ કરેલ આ જગત જાદુઈ માયાવી નગર છે. તે સત્ય દેખાય છે, તે આપણો ભ્રમ છે. વાસ્તવમાં જગત મિથ્યા છે, માયાજનિત છે.

શ્રીમહાપ્રભુજી શ્રીશંકરાચાર્યના આ મત સાથે સર્વથા સહમત નથી. શ્રીમહાપ્રભુજી સમજાવે છે. કે માયા તો બ્રહ્મની દાસી છે. બ્રહ્મની ઈચ્છા પ્રમાણે વર્તનારી શક્તિ છે. શક્તિમાન કદી શક્તિને વશ ન થાય. તે શક્તિને વશમાં રાખી, તેની પાસે પોતાનું ધાર્યું કામ કરાવે. ભગવાન શક્તિમાન છે, માયા શક્તિ છે. ભગવાને સ્વઈચ્છાથી, પોતાનામાંથી સૃષ્ટિ પ્રકટ કરી છે, નહિ કે માયા પાસે સૃષ્ટિ રચાવી છે. સૃષ્ટિમાં રહેવા છતાં સૃષ્ટિથી ગુપ્ત રહેવા ભગવાને જીવોની નજર આગળ માયાને આવરણ બનાવી છે. માટે જગત મિથ્યા નથી, સત્ય જ છે.

જીવ વિચાર

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે અગ્નિના મોટા સઘડામાંથી હજારો તણખા એક સાથે છૂટા પડે. તે એકાદ ક્ષણ અગ્નિથી ચમકે પછી કોલસાની કણીઓ થઈ જાય તેમને ફરીથી અગ્નિનો સંપર્ક થતાં તેઓ અગ્નિરૂપી બને તેમ ભગવાને સૃષ્ટિ રચવાની ઈચ્છા કરી, ત્યારે તેમના અત્યંત પ્રકાશિત તેજોમય અક્ષરબ્રહ્મમાંથી અસંખ્ય જીવાત્માઓ છૂટા પડ્યા છૂટા પડ્યા. તે ક્ષણે તેમનામાં ભગવાનના સત ચિત્ત આનંદ ધર્મો હતા. પરંતુ પછી આનંદ ધર્મ તિરોહિત થઈ ગયો માત્ર સત્ અને ચિત્ત ધર્મ રહ્યા આ જીવાત્મા ભગવાનના અંશ છે.

આનંદ ધર્મ તિરોહિત થતાં, ભગવાનના છ દિવ્ય ધર્મો ઐશ્વર્ય વીર્ય, યશ શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય પણ જીવાત્મામાંથી ચાલ્યા ગયા. ભગવાનની અલૌકિક શક્તિ અને સામર્થ્ય તેમનામાંથી ચાલ્યાં જવાથી, જીવાત્મા દીન, હીન, પતિત, પાપી, અજ્ઞાની, અસમર્થ, લાચાર બની ગયો. તેને માયાવી અવિદ્યા વળગી ગઈ. અવિદ્યાને કારણે જીવાત્માને પાંચ દોષો લાગ્યા - દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ,,

પ્રાણાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને સ્વરૂપવિસ્મૃતિ અધ્યાસ એટલે અન્યથા જ્ઞાન, શરીરને જ આત્મા માનવો તે દેહાધ્યાસ. આ પાંચ દોષોને લઈને જીવાત્મા ભગવાનને ભૂલી ગયો. અહંતામમતામાં બંધાઈ ગયો. પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો. આથી તેને ચોર્યાસી લાખ યોનિનાં ચક્કર કાપવાનું આવ્યું.

શ્રીશંકરચાર્યનો મત જુદો પડે છે. તેમના મતે જીવાત્મા પણ બ્રહ્મસ્વરૂપ જ છે. શ્રીમહાપ્રભુજી તેમના મત સાથે સંમત નથી. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જીવાત્મા બ્રહ્મસ્વરૂપ નથી. બ્રહ્મનો અંશ છે. અવિદ્યાથી ઘેરાયેલો છે.

આપણા માથાના એક વાળની અગ્ર ઝીણી ટોચના સો ટુકડા કરવામાં આવે તે પૈકી એક ટુકડાના પાછા સો ટુકડા કરવામાં આવે. તો જે અતિસૂક્ષ્મ ટુકડો થાય, તેટલા માપનો જીવાત્મા છે.

સંસાર વિચાર

જીવાત્માને અવિદ્યા વળગતાં અહંતા - મમતા જાગી. કર્તૃત્વ અને ભોકતૃત્ત્વનું અભિમાન તે અહંતા પદાર્થો વ્યક્તિઓ માટે માલિકીપણાનો ભાવ તે મમતા. વાસ્તવમાં જીવાત્મા પોતે કશું જ સ્વતંત્રરીતે કરવા સમર્થ જ નથી. ઈશ્વરની ઈચ્છા વિના એક પાન પણ જીવાત્મા હલાવી શકતો નથી. જે પદાર્થોને તે પોતાના ગણે છે તેના છે જ નહીં. તે જગતમાં ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે. તેની અહંતામમતા વાસ્તવિક નથી, મિથ્યા છે. માયાજનિત છે. આવી મિથ્યા અહંતામમતાને સંસારના નામે ઓળખવામાં આવે છે. ભગવાને પ્રકટ કરેલ જગતને તત્ત્વજ્ઞાનની પરિભાષામાં ભગવદ્કૃત પ્રપંચ કહેવાય છે. જીવાત્માએ અવિદ્યાથી ઊભી કરેલી અહંતામમતા ને જીવકૃત પ્રપંચ અસત્ય છે, જીવકૃતપ્રપંચ મિથ્યા છે.

મોક્ષ વિચાર

શ્રીમહાપ્રભુજીનો મોક્ષવિચાર પણ વિશિષ્ટ અને વિલક્ષણ છે. મોક્ષ માટે જીવાત્માની અહંતામમતા છૂટવી પાયાની શરત છે. આ અહંતામમતા જ્ઞાન કે કર્મની સાધનાથી ન છોડતાં, પ્રેમલક્ષણા ભક્તિની આરાધનાથી છોડવાનો માર્ગ બતાવ્યો.

જીવાત્મા ભગવાનનો અંશ હોવાથી, ભગવાન જીવાત્માના સ્વામી છે. જીવાત્મા ભગવાનનો દાસ છે. ધર્મ સ્વામીની સેવા કરવાનો છે. તેથી જીવાત્માનો ધર્મ ભગવદ્સેવા કરવાનો છે. તે માટે મનુષ્યદેહનો તેણે સદુપયોગ કરવાનો છે.

ભગવાન સાથે બ્રહ્મસંબંધ કરી, છૂટી ગયેલો સંબંધ પુનઃ જોડવાનો છે. તે સંબંધ જોડાતાં સમર્પિત જીવન જીવવાનું છે. શરીર સેવામાં ઉપયોગમાં લેવાતાં અહંતા છૂટે સંપત્તિ સેવામાં વપરાતાં મમતા છૂટે. હું પ્રભુનો દાસ છું. પ્રભુ મારા સ્વામી છે. એ ભાવ તનુવિસજા સેવાથી વધે અને દઢ થાય. પરિણામે અવિદ્યા જાય. લિંગદેહની વાસનાઓ જાય. જીવાત્મા અહંતામમતાથી મુક્ત બનતાં પ્રભુને લાયક શુદ્ધ, ભક્તિભાવ વાળો બને ત્યારે તેનો મોક્ષ થાય.

પુષ્ટિજીવનો મોક્ષ મર્યાદાજીવના મોક્ષથી અલગ છે. પુષ્ટિજીવનો લય અક્ષરબ્રહ્મમાં થતો નથી. પુષ્ટિજીવને તેના અધિકાર પ્રમાણે, ક્યાંતો દિવ્ય દેહથી ગોલોકધામમાં ભગવતલીલામાં પ્રવેશ મળે. અથવા ભગવાનના કેશ, કૌસ્તુભમણિ કે ચરણારવિંદમાં લય થવાનું થાય.

શુદ્ધાદ્વૈત દર્શનવાળું વૈષ્ણવી જીવન

શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનને જીવનમાં કેવી રીતે જીવી શકાય, તેનું માર્ગદર્શન શ્રીમહાપ્રભુજી આપે છે. શ્રીમહાપ્રભુજીએ બતાવેલો માર્ગ તદ્દન સરળ, સહજ અને સૌ માટે સુગમ છે. વળી સનાતન છે. દેશકાળની બદલાતી પરિસ્થિતિઓમાં પણ તેમાં ફેરફાર જરૂરી નથી.

આ માર્ગને અનુસાર માટે ગૃહસ્થાશ્રમ જ જરૂરી છે. સંન્યાસની ના છે. પોતાના પરિવાર સાથે રહી, પોતાનો વ્યવસાય કરી શકે છે. તેની જીવનશૈલી (Lefestyle) પણ તેણે આમૂલ બદલી નાખવી જરૂરી નથી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જગત ભગવદ્સ્વરૂપ હોવાથી, સત્ય છે. જગતનાં બધાં નામરૂપ ભગવાનનાં છે એ સત્યનો સ્વીકાર કરવો. જગત ભગવાનના આનંદ માટેની ભગવાનની ક્રીડાભૂમિ છે. ભગવાને તેમના આનંદ માટે આપણને દરેકને અલગ અલગ પાત્ર ભજવવા આપ્યું છે. તે પાત્ર પૂરી શક્તિથી સારામાં સારી રીતે ભજવી, આપણે ભગવાનને પ્રસન્ન કરવાના છે. નટ પાત્ર ભજવે ત્યારે પાત્રમય બની જાય, છતાં મનથી તે પાત્રથી તે અલિપ્ત રહે છે.

એવી રીતે આપણને મળેલું પાત્ર ભજવતાં, આપણે તે પાત્ર બની જવાનું નથી, તેનાથી અલિપ્ત રહી, સાક્ષીભાવે જગતમાં જીવવાનું છે. સાક્ષીભાવ દૃઢ થતાં રાગદ્વેષ, સુખદુઃખ, માન-અપમાન, હારજીતનાં દ્વંદ્વ આપણા જીવનને વિચલિત નહીં કરે.

શ્રીહરિ ભગવાન કર્તાકર્તા છે, આપણે તેમની કઠપૂતલી જેવા છીએ એ જ્ઞાન આવતાં તેમની બિનશરતી શરણાગતિ સ્વીકારી, સમગ્ર જીવન તેમને સોંપી દેવાથી, ચિંતા, ઉદ્વેગ, ટેન્શનથી મુક્ત થવાય છે. હળવાફૂલ જેવા બની જવાય છે.

જગતમાં સર્વમાં પરમાત્મા છે. એવા જ્ઞાનનું સ્મરણ રાખવાથી આપણે દરેક સાથે એવો શિષ્ટ - ભદ્ર વ્યવહાર કરીશું, જેવો પ્રભુ સાથે કરીએ. કોઈના માટે આપણા મનમાં રોષ, તિરસ્કાર, ઘૃણા પેદા નહીં થવા દઈએ.

અહંતામમતાનું પ્રભુને સમર્પણ કરી, દાસભાવ સ્વીકારી, સેવા સ્મરણમય જીવન જીવતાં જીવન પ્રસન્ન મધુર, તનાવશૂન્ય, મોક્ષ ગામી બનશે. જીવનમાં બાહ્ય ત્યાગનો દંભ નહીં હોય, ધર્માચરણનું નાટક અને પાખંડ નહીં હોય, સમાજમાં રહેવા છતાં જલકમલવત સમજથી અલિપ્ત રહેવાય છે. કોઈની ઈર્ષા નહીં, સ્પર્ધા નહીં, શત્રુભાવ નહીં. વિશ્વ સાથે મૈત્રી અને કરુણાનો ભાવ. વિશ્વ રૂપે ચાલતી ભગવતલીલાનો આનંદ લેવાની વૃત્તિ વિકસાવવાથી કોઈ રાવ - ફરિયાદ નહીં રહે.

શ્રીમહાપ્રભુજીએ બતાવેલી ભક્તની ચાર કક્ષા

(૧) **ઉત્તમ ભક્ત** - પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને જગતનું સ્વરૂપ સરખી રીતે જાણી લઈને શ્રીકૃષ્ણમાં અંતઃકરણ સ્થિર કરે. શ્રીકૃષ્ણની સેવા કરે. તેમનો દૃઢ અનન્યાશ્રય રાખે પુષ્ટિભક્ત બની, સર્વસ્વ ભગવાનને સમર્પિત, મન, કર્મ, વચનથી સેવાસ્મરણમાં નિષ્કામભાવે આજીવન તત્પર રહે.

(૨) **જ્ઞાની ભક્ત** - બીજી કક્ષાના છે. ગુરુના ઉપદેશ દ્વારા યર્થાર્થ જ્ઞાન થતાં, અહંતામમતાત્મક સંસારથી મુક્ત થાય, અવિદ્યાનો નાશ થતાં, બ્રહ્મનું જ્ઞાન થાય. જગતમાં સર્વત્ર જગદીશનો અનુભવ કરે.

(૩) **સંસારી ભક્ત** - અહંતામાંથી છૂટયા વિના ભગવાનની સેવા માટે પ્રયત્નશીલ રહે. એક બાજુ અવિદ્યા, બીજી બાજુ ભગવદ્ દર્શનની ઈચ્છા. પરંતુ

અવિદ્યાને કારણે તેને ભગવદ્અનુભવ થતો નથી. આવો જીવાત્મા થોડીક ભગવદસંવાનું કર્મ છતાં તેને દુઃખ અને કલેશ જ મળે. જો તે સેવા ચાલુ રાખે તો ,તેના દોષોને કારણે શ્રીઠાકોરજીએ તેની સેવાનો સ્વીકાર સંપૂર્ણતઃ ન કર્યો હોવા છતાં, તેની સેવા નિર્સ્થક જતી નથી. ભવિષ્યમાં તેને સેવાનું અલૌકિક ફળ મળે. અલબત્ત, સંસારી ભક્તને આ જીવનમાં સેવાનું અલૌકિક ફળ મળતું નથી.

(૪) **લોકાર્થી ભક્ત** - હીન અધિકાર છે. તેનાં ચાર લક્ષણ - (૧) પોતાના લાભ - પ્રતિષ્ઠા માટે સેવા કરે (૨) લૌકિક પદાર્થો મેળવવાની અપેક્ષાથી સેવા કરે (૩) કુટુંબ, મિત્રોમાં તન્મય રહી, સેવા કરે (૪) બીજાઓની પ્રશંસા મેળવવા સેવા કરે. આવા ભક્તની ભક્તિ છળકપટ, દંભ, પાખંડથી દુષિત છે. તેની સેવાનું પ્રયોજન લૌકિક સુખ છે. તે સેવા દ્વારા ક્યારે ય મળતું નથી. તેને કદી કૃષ્ણ મળતા નથી, કલેશ જ મળે છે.

આ પૈકી પણ કેટલાક જીવો તો અતિ પ્રકારના છે. તેમને માત્ર સુખનો જ સ્વાર્થ હોય છે, સેવાનો લેશમાત્ર આગ્રહ હોતો જ નથી.

ચાર પ્રકારના ભક્તોનું કર્તવ્ય

(૧) ઉત્તમ ભક્ત - તનુવિત્તની સેવા નિષ્કામભાવે કરવી.

(૨) મધ્યમ ભક્ત - સૃષ્ટિમર્યાદા (ખ) મર્યાદા તેમને ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન નથી, તનુવિસજા સંભવિત નથી. તેમણે ભગવદ્સેવાનો પ્રકાર ચાલતો હોય તેવા હરિસ્થાનમાં રહી, ઉત્સવોમાં સંમિલિત થઈને રહેવું. મર્યાદામાર્ગી ભક્તે ગંગાકિનારે વાસ કરી શ્રી ભાગવતજીમાં મન પરોવી, નિત્ય શ્રી ભાગવતજીનો પાઠ કરવો.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્ઞાનથી મોક્ષ મળે, ભગવાન ન મળે. ભક્તિથી ભગવાન મળે. ભક્તિમાર્ગમાં શરૂઆતમાં ભગવદ્ સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન જરૂરી, તે જાણી સેવા કરવાથી ભગવાન માટે સ્નેહ સુદૃઢ થાય.

જે લૌકિક બુદ્ધિથી વેદની નિંદા કરે, પરસ્ત્રીગમન જેવા અપરાધ કરે, રાખે, વેદથી વિરુદ્ધ વર્તન કરે, તે આરુઠપતિત બની, હીન યોનિમાં ફરી જન્મ લે છે.

ફરીથી યાદ કરી લઈએ.

(૧) પોતાના શરીર, દ્રવ્યથી, પોતાના ઘરમાં પરિવારનો સાથે શ્રીઠાકોરજીની ચિત્ત પરોવીને સેવા કરવી તે તનુવિત્તની સેવા.

(૨) તે કરવાથી ફળરૂપ માનસી સેવા સિદ્ધ થતાં સાક્ષાત ભગવદાનુભવનું ફળ પ્રાપ્ત થાય છે.

(૩) તેનાથી અહંતામમતાત્મક સંસાર નાશ પામતાં દુઃખનિવૃત્તિ થાય છે.

(૪) આ માટે શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન સમજાવું જરૂરી છે.

(૫) બ્રહ્મ સચ્ચિદાનંદ સર્વોપરિ, સ્વતંત્ર છે.

(૬) જગત બ્રહ્મનું આધિભૌતિક સત્ય સ્વરૂપ છે.

(૭) જીવ બ્રહ્મનો અંશ હોવાથી દાસ છે.

(૮) અહંતામમતારૂપી સંસાર મિથ્યા છે.

(૯) જગતમાં જગદીશનો ભાવ રાખી, નિષ્કામભાવે સેવા સ્મરણમય જીવન જીવવાથી ભગવાનના સ્વરૂપાનંદની પ્રાપ્તિ રૂપી મોક્ષ મળે છે.

* * *

૯. માર્ગમાં આવતી અડચણો દૂર કરીએ

(‘નવરત્ન’ના આધારે)

સેવામાં નડતા પ્રતિબંધો અને તેનાં કારણો

એક માણસ એના ઘરમાં એકલો હતો. ઠંડી રાતે બારી બારણાં બંધ કરીને સૂતેલો. સવારે જાગ્યો. સૂર્ય ઊગેલો, છતાં ઘરમાં અંધારું ઘોર. ઘરમાં રહે રહે બૂમો પાડે : કોઇ પેલા સૂર્યને કહો ને કે મને પ્રકાશ આપે. ડાહ્યા માણસો બહારથી એને સમજાવવા લાગ્યા ! વાંક સૂર્યનો નથી, તારો છે. સૂર્ય તો તારા ઘરમાં આવવા તૈયાર છે. તું તારા ઘરનાં બારીબારણાં તો ખોલ.

આપણું પણ કંઈક અંશે આવું જ છે. આપણે કહીએ છીએ કે અમારે સેવા તો કરવી છે. પરંતુ શું કરીએ ? શ્રીઠાકોરજી કૃપા કરે, ત્યારે કરીએને ! દોષનો ટોપલો શ્રીઠાકોરજીના માથે ! આવું કહેનાર એ હકીકતોને યાદ કરતા નથી કે આપણી સેવા લેવા માટે શ્રીઠાકોરજીએ આપણને માનવયોનિમાં જન્મ આપ્યો. માનવયોનિમાં પણ વંશપરંપરાથી એવા વૈષ્ણવ કુટુંબમાં જન્મ આપ્યો, સેવા થઇ શકે, પાછું બ્રહ્મસંબંધ સ્વીકાર્યું. સેવાનો અધિકાર મળ્યો. બધી જ અનુકૂળતા શ્રીઠાકોરજીએ આપી. છતાં આપણે સેવા ન કરીએ તો વાંક કોનો, શ્રીઠાકોરજીનો કે આપણો ?

સેવા માટે બધી અનુકૂળતા મળવા છતાં, આપણાથી સેવા નથી થતી, તેનું કારણ શું?

શ્રીમહાપ્રભુજી ત્રણ કારણો આપે છે. (૧) ભોગ (૨) ઉદ્વેગ (૩) પ્રતિબંધ. લૌકિક સુખોનો ભોગ કરવાની ઇચ્છા કદી તૃપ્ત થતી નથી. તે અગ્નિ જેવી છે. અગ્નિમાં ઘી નાખીએ તેમ અગ્નિ વધારે સળગે. ભોગ વધારે ભોગવીએ, તેમ ભોગ ભોગવવાની ઇચ્છાઓ વધે. આ કહેવાતાં સુખો માટે જીભ અને જનનેન્દ્રિય વધારે જવાબદાર છે. આ સુખોનું પરિણામ પ્રમાદ અને પ્રમોદ છે. માણસ આળસુ બને છે, બેઠાડુ બને છે, શારીરિક શ્રમથી વિમુખ બને છે.

ચરબીયુક્ત ભારે શરીરવાળો બને છે. મન, વાણી, ક્રિયાથી પ્રમોદ શોધનારો અને સેવનારો બને છે. દિવસરાત તેના વિચારોમાં જ ડૂબેલો રહે છે. એના મનને બીજું સૂઝતું જ નથી. આવી પ્રકૃતિ, વૃત્તિ, પ્રવૃત્તિવાળો બનેલો પુષ્ટિજીવ ભગવદ્‌સેવા તરફ તેનું મન વાળી શકતો જ નથી. એને સેવામાં રસ પડતો નથી. ભોગપ્રધાન જીવ ભક્તિપ્રધાન થઇ શકતો નથી.

બીજું કારણ છે ઉદ્વેગ ભોગ ઉદ્વેગ. કરાવે છે. ભોગ કેવી રીતે વધુ ભોગવાય, એ માટે સંપત્તિ કેમ એકઠી કરાય, ભોગ લાયક શરીર કેમ સચવાય વગેરેના વિચારો અને તે માટેનો શ્રમ, ઇચ્છાઓ તૃપ્ત ન થતાં મળતી નિષ્ફળતાઓની વ્યગ્રતા, મેળવવા માટેનો તણાવ, મળ્યા પછીની અને પહેલાંની ચિંતાઓ, ભોગ ભોગવ્યા પછી શરીર અને મનને થતા રોગો અને તેનું દુષ્પરિણામ ઉદ્વેગ કરે છે. ઉદ્વેગ તન-મનની સ્વસ્થતા હરી લે છે. ચિત્તને એકાગ્ર થવા દેતો નથી. કરવા જેવું કરવાનું મન જ થતું નથી. આવી સ્થિતિમાં સેવા સરખી રીતે બની શકતી નથી. સેવા ક્યાં તો શરૂ થઇ શકતી નથી અને થતી હોય તો છૂટી જાય છે.

ત્રીજું કારણ છે પ્રતિબંધો. તે બે પ્રકારના છે. શરીરના અને સ્વજનોના પ્રતિબંધો તથા ભગવત્કૃત પ્રતિબંધો. શરીર પથારીવશ થતાં સેવા ન થાય. ઘરનાં સ્વજનો અનુકૂળ ન હોય, કલેશ કરે, ત્યારે સેવા ન થાય. પરિસ્થિતિ જ એવી આવે કે સેવા ન થાય. આ બધા લૌકિક પ્રતિબંધો છે. ક્યારેક શ્રીઠાકોરજી જ આપણી સેવા લેવા ન ચાહતા હોય, ત્યારે કંઇક પ્રતિબંધ આણી, સેવા છોડાવે તે અલૌકિક પ્રતિબંધ છે.

આ ત્રણ સંજોગોમાં સેવા છૂટે છે અથવા સરખી રીતે થતી નથી. શ્રીઠાકોરજીમાં થોડો પ્રેમ થયો હોય, એને સેવા સરખી રીતે ન થવાથી કે છૂટવાથી એની ચિંતા તથા તેનું દુ:ખ રહે છે. જેમને બ્રહ્મસંબંધ લીધા પછી પણ શ્રીઠાકોરજીમાં પ્રેમ જાગ્યો નથી, એમને લૌકિક ચિંતાઓ વધુ પજવે છે. એના પરિણામેં તેઓ સેવા તરફ વળી શકતા નથી. આમ આપણી ચિંતાઓ આપણને સેવાથી, સેવાના સુખથી વિમુખ રાખે છે. શ્રીઠાકોરજી તરફથી આપણું મોં ફેરવાવી લઇ, આપણને બહિર્મુખ બનાવે છે.

શ્રીઠાકરોજી સમજાવે છે કે આ સંસાર ભયંકર તોફાની સમુદ્ર જેવો છે. એમાં વહેતો ઝંઝાવાતી કાલપ્રવાહ આપણા દેહ તથા આત્માને ખબર પણ ન

પડે તે રીતે ખેંચી જઇ, તેનો સંપૂર્ણ નાશ કરી દે છે. એનાથી બચવાનો એક માત્ર ઉપાય છે - મનમાં જાગતી બધી જ ચિંતાઓનો નાશ કરવો. ચિંતાઓ આપણો સર્વનાશ કરવાની હોવાથી, ચિંતાઓના સ્વરૂપને તથા તે દૂર કરવાના સચોટ ઉપાયોને સારી રીતે સમજી લેવા જરૂરી છે.

ચિંતાનું સ્વરૂપ

ચિંતા શબ્દનું મૂળ 'ચિત' શબ્દમાં છે. તેનો અર્થ છે. તેનો અર્થ છે. - સ્મુતિ - સ્મરણ. મનુષ્યને મળેલી તે આગવી શક્તિ છે. ભૂતકાળમાં બનેલી ઘટનાઓ, વિચારો તેના મનના ઊંડા ભંડકિયામાં કાયમ માટે સંઘરાયેલા રહે છે. સમય આવે તેને યાદ આવે છે, તેના સ્મરણમાં ઉભરાય છે. એ સ્મરણ એના મનને ફરી વિચારોના ઝોલે ચઢાવે છે. એની બુદ્ધિ સક્રિય બને છે. તર્કવિતર્ક, શંકા-કુશંકા શરૂ થઇ જાય છે. એ બધાના પરિણામે ચિંતાઓ જાગે છે. ચિંતા ચિતા સમાન છે. તે માણસના તન-મનને દઝાડે છે. ચિંતાગ્નિમાં માણસ શેકાય છે.

ચિંતાઓ બે પ્રકારની છે (૧) વાસ્તવિક (૨) કાલ્પનિક. અચાનક સામે વાઘસિંહ આવી જતાં જીવ બચાવવાની ચિંતા થાય, તે વાસ્તવિક ચિંતા છે. પરંતુ શાંતિથી ઘરમાં બેઠા કોઈએ અને ચિંતા થાય કે અત્યારે વાઘસિંહ અહીં આવી પહોંચે તો મારું શું થાય ? આવી ચિંતા કાલ્પનિક ચિંતા છે. આપણી બહુ ઓછી ચિંતાઓ વાસ્તવિક હોય છે, મોટા ભાગની ચિંતાઓ કાલ્પનિક હોય છે.

આ ચિંતાઓનું વિષય પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે તો, ત્રણ વિભાગમાં વહેંચાય (૧) લૌકિક ચિંતા (૨) વાંદિક ચિંતા (૩) અલૌકિક ચિંતા લૌકિક બાબતોને લઈને થતી ચિંતા લૌકિક ચિંતાઓ છે, જેમ કે કૌટુંબિક, ધંધાદારી, ધનવિષયક કે શરીર વિષયક ચિંતાઓ. ભોગ મેળવવાની ભોગવવાની ચિંતાઓ વેદે બતાવેલ ધર્મમાર્ગનાં સાધનોનો ઉપયોગ ન થવાની, તેનાં ફળ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત ન થવાની ચિંતાઓ વૈદિક ચિંતાઓ છે. જેમકે એકાદશીનું નિર્જલાવ્રત નથી થતું, તો તેનો અપરાધ લાગે ? યાત્રાના નિયમો પળાતા નથી તો શું થશે ? જપ કરવા બેસીએ છીએ ત્યારે મન તેમાં સ્થિર રહેતું નથી. શું કરવું ? શ્રીઠાકોરજીથી હું અગણિત વર્ષોથી વિખૂટો પડેલો છું. મને ફરી કયારે સાક્ષાત શ્રીઠાકોરજી મળશે? શ્રીઠાકોરજીનું સુખ મારાથી સચવાતું નથી. હું શું કરું? સરખી રીતે સેવા કેમ થતી નથી ? આવી ચિંતાઓ અલૌકિક ચિંતાઓ છે.

કોશકાર ચિંતાનું પૃથકકરણ કરતાં સમજાવે છે કે ચિંતા થવાથી મનમાં બહુ દુઃખ થાય. તેથી ગભરામણ થાય. મારું શું થશેના સતત ડર અને ગભરામણ નીચે જ્યારે માણસ જીવવા માંડે ત્યારે તે માનસિક રીતે તણાવ (Tehsion) અનુભવે તેને કારણે માનસિક અસ્વસ્થતા જન્મે તેમાંથી માનસિક અને શારીરિક રોગો પેદા થાય, જે માણસને તનમનથી રિબાવીને મારે ચિંતા ધીમું ઝેર (Slow Posison) છે.

ચિંતા થવાનાં કારણો

ચિંતા થવાનાં મુખ્ય ચાર કારણો છે (૧) ભય (૨) અવિશ્વાસ (૩) અનાશ્રય (૪) અસલામતી.

વિવિધ પ્રકારના વાસ્તવિક અને કાલ્પનિક ભય-ડરને લઈને માણસજાત ચિંતાથી પીડાય છે. એને એની જાતનો ડર લાગે છે, માંદગીનો ડર લાગે છે. વિદ્યાર્થીને અભ્યાસનો, ગૃહસ્થને ગૃહસ્થી ચલાવવાનો, ગૃહિણીને ઘર ચલાવવાનો ડર રહે છે. જગતમાં એવો કોઈ માણસ નથી, જે નિર્ભય હોય.

માણસજાતને એની જાત પર કે બીજા પર સદા માટે પાકો વિશ્વાસ રહેતો નથી. અવારનવાર અવિશ્વાસ થાય છે. તેમાંથી ચિંતાઓ જન્મે છે. બેંકમાં પૈસા મૂક્યા છે. શેરમાં રોકાણ કર્યું છે. પૈસા ડૂબશે તો નહીંને ? ડોકટર ઓપરેશન ધ્યાન રાખીને કરશે તો ખરાને ? મિત્ર દગો નહીં દે ને ? પત્ની કે પતિ બેવફા નીવડશે ? લગ્ન પછી દીકરો બદલાઈ તો નહીં જાય ને ?

અવિશ્વાસને કારણે આપણે કોઈનો દૃઢ આશ્રય કરી શકતા નથી. આપણો આશ્રય (Tewpurary) હોય છે. શ્રીઠાકોરજીમાં યે આપણે અવિશ્વાસ આણીએ એટલે એમનો આશ્રય પણ છૂટી જાય. એ સ્થિતિમાં મન અસ્થિર બને. ઝંઝાવાતે હલબલી ગયેલ મન આશ્રયના અભાવમાં ચિંતાતુર બની જાય. તેને ચિંતાઓ ઘેરી વળી, પજવવા લાગે.

માણસ જ્યાં સુધી સલામતી અનુભવે, ત્યાં સુધી ચિંતા ન થાય. પરંતુ જે ક્ષણે તેને અસલામતી મહેસૂસ થાય, તે ક્ષણે ચિંતા શરૂ થાય.

ચિંતા અને ચિંતન વચ્ચેનો ભેદ

"ચિતિ" પરથી ચિંતા અને ચિંતન બંને શબ્દો આવ્યા છે. શ્રીમહાપ્રભુજીએ

સમજાવ્યું કે બુદ્ધિને પ્રયત્નપૂર્વક, સભાનપણે જાગૃત કરી, જે વિચાર કરવામાં આવે તે ચિંતન. સહજ રીતે યાદ આવી જાય તે સ્મરણ.

ચિંતા (Negative) (નકારાત્મક) (Thinking) (વિચાર) છે. ચિંતન (Positive) (હકારાત્મક) Thinking) (વિચાર) છે.

ચિંતાઓ પ્રયત્નપૂવર્ક મનમાંથી દૂર કરવી. શ્રીઠાકોરજીના સ્વરૂપ, ગુણો, લીલાઓનું પ્રયત્નપૂર્વક ચિંતન કરવું.

મનનો સ્વભાવ છે કે એકી વખતે એક જ વિષયનો વિચાર કરી શકે. તેથી મનમાં ઊભરાતી ચિંતાઓને હાંકી કાઢવા, મનને પ્રભુચિંતનમાં પ્રયત્નપૂર્વક લગાડી દેવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

મનમાં જાગતા જે જે વિચાર આપણને શ્રીઠાકોરજીથી દૂર લઇ જાય, તે ચિંતા. ચિંતા સેવામાં વિક્ષેપ કરે. સેવા ન થવા દે. આપણો અનુભવ છે કે આપણને વધુમાં વધુ ચિંતાઓ સેવાના સમયમાં જ થાય છે. તેમ થવાનાં બે કારણો છે.

(૧) અસત્ય વિધાન - આપણા મનમાં સરખામણીઓ જાગે છે. સેવા મોટી કે પૈસો મોટો? કુટુંબ વ્હાલું કે શ્રીનાથજી વ્હાલા? ધંધો પહેલો કે સેવા પહેલી? જનસેવા કરવી કે ભગવદ્સેવા કરવી ? આવા વિચારો સેવામાં વિક્ષેપ કરે છે.

(૨) સાચા ખોટાની સમજનો અભાવ - આપણે ચોમેરથી દુ:સંગથી ઘેરાયેલા છીએ. જેઓ શ્રીમહાપ્રભુજીના મતથી જુદા છે, એમની વાતો આપણે વારંવાર સાંભળીએ છીએ કે વાંચીએ છીએ. એની વિપરીત અસર સેવા પર થાય છે, સેવામાં શિથિલતા આવે છે અથવા સેવા છૂટી જાય છે. આપણને સમજ નથી હોતી કે આપણે સાંભળીએ છીએ કે વાંચીએ છીએ તે આપણા માટે સાચું નથી.

ચારે બાજુ લૌકિક વાતાવરણ છે, લૌકિકતાથી બરેલા લોકો અને સ્વજનો છે. તેમની પ્રતિકૂળ અસર પણ આપણા મન પર થાય છે. તેથી કરીને પણ આપણે ખોટા રસ્તે દોરાઇ જઇએ છીએ.

કેટલીકવાર વૈષ્ણવ નામધારી વ્યક્તિઓ પણ શ્રીઠાકોરપ્રભુનું નામ દઇને, આપણને શ્રીઠાકોરજીના મતથી વિરુદ્ધ વિચારો સમજાવે છે. સત્સંગના નામે દુ:સંગમાં ડૂબીએ છીએ.

આ ત્રણે પરિસ્થિતિઓમાં ભગવદ્ચિંતન અને ભગવદ્સેવા છૂટે છે. પરિણામે મનના દરવાજે ઊભેલી ચિંતાઓ મનનો કબજો કરી લે છે.

આપણે સેવા કરીએ છીએ, છતાં ચિંતાઓ આપણને સતાવે છે. સામાન્યતઃ સેવામાં પરોવાયેલા ચિત્તને ચિંતાઓ ન સતાવે. ચિંતાઓ આપણી સેવાને અલૌકિક બનવા દેતી નથી. ત્રણ દોષ નડે છે.

(૧) **કાલ** - આપણા મન પર કલિયુગનો દુષ્પ્રભાવ પડે છે. તે આપણી સેવાને લૌકિકવત્ બનાવી દે છે. સમય નથી એવી દલીલ કરાવે છે. ઝટપટ સેવા આરોપી લેવા માનસિક દબાણ કરે છે.

(૨) **પ્રારબ્ધ** - પૂર્વજન્મોનાં કર્મફળોના ભોગરૂપમાં માંદગી મળે છે. અથવા સેવાવિરોધી સ્વજનો કે વાતાવરણ મળે છે. તેને લઈને સેવા થતી નથી કે છૂટી જાય છે.

જે ચર્ષણી જીવો પુષ્ટિમાર્ગમાં આવી ગયા છે, તેમનો સેવાનો અધિકાર ન હોવાથી, તેમની સેવા શ્રીઠાકોરજી અંગીકાર કરવા માગતા નથી, તેથી સેવા થતી નથી યા છૂટે છે.

પુષ્ટિજીવ હોવા છતાં ભગવદ્ અપરાધ થઈ જવાથી, તેના દંડરૂપે સેવા થતી નથી.

(૩) **સ્વભાવ** - જ્યાંસુધી આપણામાં રજોગુણ અને તમોગુણનું પ્રમાણ વધુ હોય, ત્યાં સુધી મનને સેવા અનુકૂળ આવતી નથી.

આપણી ચિંતાઓનું એક વધુ કારણ આપણી અધૂરી વૈષ્ણવતા છે. અધૂરી વૈષ્ણવતાનાં ચાર કારણો છે.

(૧) આપણે સેવા-સ્મણને પાર્ટટાઈમ માની, થોડાક સમયમાં પતાવી લેવાની વૃત્તિવાળા છીએ તેમાં રચ્યાપચ્યા રહેવાની તૈયારી નથી.

(૨) આપણાં સેવા સ્મરણ ભગવદ્સુખ પ્રેરિત નથી. આપણા સ્વાર્થપ્રેરિત છે.

(૩) આપણામાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની સાચી અને સંપૂર્ણ સમજનો અભાવ છે.

(૪) ભગવદીયોના સંગનો અભાવ છે.

ચિંતાત્યાગની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા

શ્રીમહાપ્રભુજી તો એક જ આજ્ઞા કરે છે કે કોઇપણ પ્રકારની ચિંતા ન કરવી.

આપણે માનીએ છીએ કે ચિંતા એવી ઉધાઇ છે કે તેનો પૂરો નાશ થતો જ નથી. શ્રીમહાપ્રભુજી આ વાત સાથે સંમત નથી. એમના મતે સર્વ ચિંતાઓ છોડી શકાય છે, છોડવી જ જોઇએ. દુનિયાના અન્ય લોકો ભલે ચિંતાઓ કરતા રહે, પરંતુ જેમણે શ્રીઠાકોરજી સાથે બ્રહ્મસંબંધ કર્યું છે, તેમણે તો કદી પણ કોઈ પ્રકારની ચિંતા ન કરવી.

બ્રહ્મસંબંધી વૈષ્ણવે ચિંતા ન જ કરવી. જે ચિંતા થતી હોય તે પ્રયત્નપૂર્વક છોડી દેવી. એનું કારણ અને ઉપાય શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં સમજાવે છે.

જેમણે બ્રહ્મસંબંધ કર્યું, એ જીવોએ શ્રીઠાકોરજીનું શરણ સ્વીકાર્યું છે. શરણાગતે પોતાનું સમગ્ર જીવન શ્રીઠાકોરજીના ભરોંસે સોંપી દેવું જોઇએ. તો જ તેની શરણાગતિ સાચી. શ્રીઠાકોરજીમાં જયારે આપણો પાકો ભરોંસો ન હોય, ત્યારે જ ચિંતાઓ જાગે છે. બાળક તેના માતાપિતામાં પાકો ભરોંસો રાખે છે, તેથી બાળકને કોઇ ચિંતા પજવતી નથી. તે નિશ્ચિંત બની રમે છે કે ભણે છે. નિશ્ચિંત બનવાથી તેની પ્રવૃત્તિ આનંદપૂર્વક, વધુ સારી રીતે કરી શકે છે. જો બ્રહ્મસંબંધી જીવ શ્રીઠાકોરજીનો દૃઢ શરણાગત અને અનન્ય આશ્રિત ન બને, તો તેનામાં અને અન્ય મનુષ્યમાં ફરક શો ? જેમ ભણેલા અને અભણ વચ્ચેનો ફરક એમના જીવનવ્યવહાર અને જીવનશૈલીમાં દેખાવો જોઇએ તેમ બ્રહ્મસંબંધી અને આ-બ્રહ્મસંબંધી જીવ વચ્ચેનો ફરક પણ એમના જીવન વ્યવહારમાં દેખાવો જોઇએ. અ-બ્રહ્મસંબંધી જીવ ચિંતા કરે. બ્રહ્મસંબંધી જીવ ચિંતા ન કરે, થઇ જતી હોય તો વિચારપૂર્વક છોડે. આથી બ્રહ્મસંબંધી જીવ તરીકે આપણું સૌથી પહેલું કર્તવ્ય સમજપૂર્વક ચિંતાઓ છોડવાનું છે. શ્રીમહાપ્રભુજી લૌકિક, વૈદિક, અલૌકિક ચિંતાઓમાંથી મુક્ત થવાના ઉપાયો બાવે છે.

ચિંતામુક્તિના ઉપાયો

(૧) ભગવાન કૃપાસાગર છે.

આપણા શ્રીઠાકોરજી - ભગવાન શ્રીકૃષ્ણ શ્રીગોપીજનવલ્લભ છે. ગોપીજનો

એટલે નિઃસાધન જીવો. ભગવાનના દૃઢ શરણાગત જીવો. એમણે એમની જાત અને જિંદગી ભગવાનને સોંપી દીધી. શ્રીકૃષ્ણે એ જીવોના યોગક્ષેમની - રક્ષાની જવાબદારી સ્વીકારી. વ્રજમાં ભારે ઉપદ્રવો થયા. રાક્ષસી ઝંઝાવાતો, દાવાનળ, પ્રદુષિત ઝેરી યમુનાજળ, મેઘતાંડવ જેવા જાનના જોખમના પ્રસંગોમાં શ્રીકૃષ્ણે એ વ્રજભક્તોનું રક્ષણ કર્યું - એમનો વાળ વાંકો ન થવા દીધો.

શરણસ્થ પાંડવોનું અનેક આપત્તિઓમાં રક્ષણ કર્યું - એમને સાથ આપ્યો, હિંમત આપી, વિજય અને યશ અપાવ્યો. અજગર ગજને ગળતો હતો, ત્યારે શરણાગત ગજનો મોક્ષ કરવા તેઓ દોડી ગયા. વેશ્યાનો ઉદ્ધાર કર્યો દુષ્ટ અજામિલને તાર્યો. ગીતામાં એમણે વચન આપ્યું કે જેઓ મારું શરણ પકડી રાખે છે, તેમનો યોગક્ષેમ હું ઉપાડી લઉં છું.

આવો કૃપાનો ગુણ કેવળ ભગવાન શ્રીકૃષ્ણમાં જ છે. તેઓ કૃપા કરવા તત્પર થાય છે, ત્યારે સામેના જીવ સાથે કોઇ શરત કરતા નથી. વાદળની જેમ અકારણ કૃપા વરસાવી દે છે. આખા જગત પર અકારણ કૃપા વરસાવનાર ભગવાન પોતાના બ્રહ્મસંબંધી જીવો પર તો અનહદ કૃપા વરસાવે છે. જ્યારે શરણાગત ભક્ત જીવાત્મા અસહાય, લાચાર બની ભગવાન સુધી પહોંચી શકતો નથી, ત્યારે ભગવાન કૃપા કરી, તે જીવાત્મા પાસે સામા પગલે પધારી તેને મળે છે.

ભગવાનની આ કૃપાશક્તિ નિર્બળની કૃપા નથી, સબળની કૃપા કરે છે. નિર્બળની કૃપાથી કોઇ ફાયદો થતો નથી. સબળની કૃપા નિશ્ચિંતતા આપે છે, આવા સબળ કૃપાસાગર ભગવાન શ્રીકૃષ્ણે આપણા બ્રહ્મસંબંધનો સ્વીકાર શ્રીમહાપ્રભુજીની ભલામણથી કર્યો છે. ત્યારે આપણે તેમના કૃપાપાત્ર બન્યા છીએ. હાર્ટનું ઓપરેશ કરાવવાનું હોય ત્યારે દરદી નિષ્ણાત સર્જન ડોકટરની શક્તિમાં વિશ્વાસ રાખી, એને અનુકૂળ બને છે, તેમ પુષ્ટિજીવોએ શ્રીઠાકોરજીને પોતાના જીવનરથના સારથિ બનાવી, તેમને જીવનરથ સોંપી, નિશ્ચિંત બનવું. આમ કરવાથી ચિંતાઓ જાગશે નહીં.

(૨) ભગવાનમાં દૃઢ વિશ્વાસ

મનુષ્ય વિકૃત હેતુઓવાળો હોઇ શકે છે. એની હાર નુકસાન કલેશમય સંબંધોમાં વળતા ઘા એના સ્વજનો ઉપર પણ કરી લે છે. એ પોતાના સ્નેહીજનને પણ દગો દે છે, પીઠ પાછળથી છરી ભોંકી દઇ શકે છે.

પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ એવા નથી. અપકાર ઉપર ઉપકાર કરવો એ એમનો સ્વભાવ છે. અપરાધીને પણ ક્ષમા કરનારા છે. શત્રુભાવે એમની સાથે સંબંધ રાખનારને પણ મોક્ષ આપનારા અતિ ઉદાર સ્વભાવના છે. કોઈનું ય અહિત ન થઈ જાય એની કાળજી રાખનારા છે. પોતાના નિજભક્તોને જે કર્મફળના દંડ ભોગવવાના હોય, તે સ્વપ્નમાં ભોગવાવી આપનારા છે. દ્રૌપદીની દરબારમાં મર્યાદા સાચવનારા, કુબ્જાની ઈચ્છા પૂરી કરનારા, ગુરૂપત્નીનું મન રાખનારા, મિત્રના મૂઠી પૌઆના બદલામાં સ્વર્ગથી અધિક સુખ આપનારા શ્રીકૃષ્ણ આપણી લૌકિક ગતિ કરે ખરા ? ના, કદાપિ નહીં. સ્વપ્નમાં પણ નહીં.

લૌકિક ગતિ એટલે એને દુનિયાના વિષસાગરમાં તરછોડી દેવો એની મદદે ન દોડવું. શ્રીકૃષ્ણ આવું કરી શકતા જ નથી. શ્રીકૃષ્ણનો આવો સ્વભાવ જે સારી રીતે જાણે છે, તેને શ્રીકૃષ્ણની શક્તિમાં દૃઢ વિશ્વાસ રહે છે. એ વિશ્વાસ એના મનમાં જાગતી ચિંતાઓને હાંકી કાઢે છે. આથી વૈષ્ણવ તરીકે, શ્રીકૃષ્ણના સેવક તરીકે આપણે ગાંઠ વાળવી જોઈએ કે શ્રીહરિ કરે તે સૌ મારા હિતનું પ્રભુ કરે, સો ભલી કરે. રાધાવર રાખે તેમ રહેવામાં આપણું સદા કલ્યાણ જ છે.

આવા માનસિક વિચારનું ઘડતર કરવાથી આપણે ચિંતામુક્ત બની શકીએ છીએ.

(૩) ભગવદીયોનો સંગ

વૈષ્ણવસૃષ્ટિ બે પ્રકારની (૧) તદીય (૨) ભગવદીય - તાદૃશી, તદીય જેમણે ભગવાનના બનવાનું સ્વીકાર્યું છે, તેઓ સામાન્ય પ્રકારના વૈષ્ણવો છે. તેમને શ્રીઠાકોરજીનો અનુભવ થયો નથી. જે વૈષ્ણવો શ્રીઠાકોરજીને સમર્પિત જીવન જીવતાં, શ્રીઠાકોરજીના અનન્ય બની સેવા સ્મરણ દ્વારા પૂર્ણ પ્રભુમય જીવન જીવે છે, જેમને શ્રીઠાકોરજી પોતાનો અનુભવ કરાવે છે, તે ભગવદીય - તાદૃશી. આવા ભગવદીય વિચાર, વાણી અને વર્તનની એકરૂપતાથી ભગવદીય જીવન જીવનારા હોય છે.

કાજળની કોટડીમાં રહેવાથી, સફેદ વસ્ત્રો કાળાં થાય છે. પાણીના સ્પર્શથી કોરાં વસ્ત્રો ભીનાં થાય છે, તેમ દુષ્ટ-લોકોના સંગથી આપણા આચાર-વિચાર અને જીવન દુષ્ટ બને છે. સજ્જનોની સોબતથી બગડેલો માણસ સુધરે છે. જ્ઞાનીના સંગથી અજ્ઞાની જ્ઞાની બને છે. એ જ ન્યાયે ભગવદીયના સંગથી

આપણને ભક્તિનો રંગ લાગે છે. ભગવદીયો સાથે રહેવાથી શ્રીઠાકોરજીના સ્વરૂપ અને સામર્થ્યનું દૃઢ જ્ઞાન થાય છે. ભગવદીયોનો દુઃખમાં પણ શ્રીઠાકોરજીનો દૃઢ વિશ્વાસ જોઇ, આપણો પણ શ્રીઠાકોરજીમાં વિશ્વાસ મજબૂત બને છે. ભગવદીયોની મનની સ્થિરતા, વિકટ સ્થિતિમાં શાંતિ બનાવી રાખવાની ક્ષમતા આપણે પણ અનાયાસ કેળવીએ છીએ. ભગવદીયો પાસેથી નિશ્ચિંતતાના પાઠ શીખાય છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવદીયોની સાથે બેસીને આપણે શ્રીઠાકોરજીને કરેલા નિવેદન - બ્રહ્મસંબંધનું હંમેશાં, અવશ્ય સ્મરણ - ચિંતન કરવું તેથી આપણા વાચિક સમર્પણને આપણે ભૂલી ન જઇએ. આપણું કર્તવ્ય આપણને યાદ રહે, તો તે કરવા આપણે તત્પર થઇએ. આપણામાં (awarehess) (જાગૃતિ) આવે તે જાગૃતિ ચિંતાઓને દૂર કરાવે.

ગીતાજીના બીજા અધ્યાયમાં ભગવાને સ્થિતપ્રજ્ઞ મનુષ્યની ઓળખાણ કરાવી. ભગવદીય આવા સ્થિતપ્રજ્ઞ છે. કીટભ્રમરન્યાય પ્રમાણે ભમરી ડંખ મારશે એવા વિચારને સતત સેવતાં કીડો ભમરી બની જાય છે, તેમ ભગવદીય સાથે નિવેદનનું સ્મરણ કરવાથી, આપણી બુદ્ધિ ભગવદીય બનતાં - સ્થિતપ્રજ્ઞ બનતાં, ચિંતાઓ આપોઆપ ચાલી જાય છે.

(૪) ભગવાન સર્વ કંઇ તેમની ઇચ્છાથી જ કરે છે - આ સત્ય જયારે સમજાઇ જાય, ત્યારે આપણી ઇચ્છાઓ સિદ્ધ કરવાના આપણા બંધ થઇ જાય. આપણે ભગવાનની ઇચ્છા સ્વીકારી લઇએ તો આપણી ઇચ્છા પૂરી કરવાનો આપણને હઠાગ્રહ જ ન રહે. પરિણામે ઇચ્છા પૂરી થવાની ચિંતા પણ ન રહે.

જગતમાં પણ નોકર જાણે છે કે તેણે માલિકની ઇચ્છા પ્રમાણે જ બધું કરવાનું છે. તેની પોતાની ઇચ્છાની કશી કિંમત નથી. તે એમ પણ સમજે છે કે શેઠની ઇચ્છામાં શેઠનો જ સ્વાર્થ વધુ છે. છતાં તેનો કોઇ ઉપાય ચાલતો નથી. ત્યારે તે ચિંતા છોડી સ્થિતિને અનુકૂળ બને છે. અનુકૂલન (adjusfment) ચિંતાથી માણસને છોડાવે છે.

વૈષ્ણવ તરીકે આપણે આપણા અલૌકિક સ્વામી ભગવાન શ્રીકૃષ્ણની ઇચ્છાને અનુકૂલ ન બનીએ - તેમની સાથે અનુકૂળ ન કરીએ તો આપણી ચિંતાઓ આપોઆપ ચાલી જશે, કારણ ભગવાન આપણા આત્મા છે, ઇશ્વર છે. આત્મા એને કહેવાય જે આપણું હિત કરે. આપણું હિત થાય તે જ ભગવાનની ઇચ્છા હોય છે.

(૫) જગતમાં જગદીશને જુઓ

જગત જગદીશનું આધિભૌતિક સ્વરૂપ છે. જગદીશ જગતમાં સર્વવ્યાપી છે. સર્વત્ર જગદીશ છે. એવી દૃષ્ટિનું ઘડતર કરવાથી જગતથી વ્યક્તિઓ અને વસ્તુઓમાં ભગવદ્સંબંધ અનુભવાશે. તે સર્વ ભગવદ્સંબંધી છે એમ સમજી તેમની સાથે વ્યવહાર કરવાથી આપણો જીવન વ્યવહાર સૌમનસ્યપૂર્ણ બનશે. દ્વેષ, અનાદર, તિરસ્કારના દુભાવોમાંથી આપણે મુક્ત થઈશું. સ્પર્ધાની દોડમાં નહીં જોડાઈએ. એના પરિણામે આપણે ચિંતા અને તેમાંથી જાગતા તનાવમાંથી મુક્ત થઈશું.

(૬) પ્રાણને કૃષ્ણમય બનાવો.

જગતમાં જગદીશને જોવા એ બાહ્ય દૃષ્ટિ છે. અંતઃકરણમાં કૃષ્ણને અનુભવવા એ આંતર દૃષ્ટિ છે. આંતર ચેતના જાગૃત થતાં મનનો મેલ ધોવાઈ જાય. ચિંતા મનનો મેલ છે. માણસે એની જવાબદારીઓ અદા કરવા વિચાર તો કરવા જ પડે. વિચારમાં સ્થિર થવું પડે અને વિચારનો અમલ કરવો પડે. પરંતુ પાણીના વમળમાં પડેલી વસ્તુ તેમાં ગોળગોળ ફર્યા જ કરે, તેમ આપણા મનમાં વિચારો ઘુમરાયા જ કરે, એક નિર્ણય ન થાય, ત્યારે તે વિચાર ચિંતાનું રૂપ ધારણ કરી લે છે. પછી એમાં ડૂબેલા બની જવાથી એનો અમલ મુશ્કેલ બને છે.

આ વમળમાંથી છૂટવાનો રસ્તો છે કૃષ્ણનું શરણ. કૃષ્ણને પ્રેમ કરીએ. આપણોને પ્રાણનો પ્રભુપ્રેમમય બનાવી દઈએ પ્રેમ વિના કૃષ્ણમય ન બનાય. પ્રેમ એટલે કૃષ્ણસેવા. સેવા પ્રેમની કલાત્મક અભિવ્યક્તિ છે. સેવારત બનનાર કૃષ્ણપ્રેમમાં એવો ગળાડૂબ બની જાય છે કે બીજા વિચાર કરવાનો અવકાશ જ મળતો નથી.

આથી શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધદીક્ષા દ્વારા આપણી જાતને કૃષ્ણ સાથે જોડી, આપણા જીવનને સેવામય બનાવવાંનો પ્રસન્ન મધુર સેવામાર્ગ બતાવ્યો.

(૭) સાક્ષીભાવ કેળવો.

પૃથ્વી પર માનવનું અવતરણ થયું ત્યારથી દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિના ઉપાયોની ખોજ ચાલે છે. તે વિષયમાં ત્રણે મુખ્ય મતો ધ્યાન ખેંચે છે.

(૧) બુદ્ધનો મત - શ્રીગૌતમ બુદ્ધના મતે જગતમાં સર્વત્ર દુઃખ જ છે. દુઃખ સિવાય બીજું કશું નથી. ત્યારે માણસે સર્વત્ર દુઃખનો જાતે અનુભવ કરવો. બીજાનાં દુઃખોનો વિચાર કરવો. એના પરિણામે દુઃખ સહ્ય બનશે અને સુખની ઇચ્છા જ મરી જશે.

(૨) ચાર્વાકનો મત - ચાવાર્ક નામના પ્રાચીન ચિંતક માને છે કે જેટલા ભોગ ભોગવી શકાય એટલા ભોગ યેનકેન પ્રકારે ભોગવી લેવા. દેવું કરીને પણ ઘી પીવું. એટલાં સુખ ભોગવો કે સુખનો અભાવ આવી જાય. ભોગવવાની ઇચ્છા જ મરી જાય.

(૩) શ્રીમહાપ્રભુજીનો મત - સુખદુઃખ તમારા હાથની વાત નથી. તમારી જાતને શ્રીઠાકોરજીને સોંપી દો-શ્રીઠાકોરજી સુખના સાગર છે. શ્રીઠાકોરજીને સ્નેહ કરો. સ્નેહમાં દુઃખ પણ સુખમય લાગે છે.

શ્રીઠાકોરજી જેનું સમર્પણ સ્વીકારે, તેને લૌકિકમાં સ્વસ્થ રહેવા દેતા નથી. પોતાનો કૃપાપાત્ર ભક્ત લૌકિક સુખોમાં ડૂબી, પોતાને ભૂલી જાય અને પોતાનાથી દૂર થઇ જાય તેવું શ્રીઠાકોરજી ઇચ્છતા નથી. એટલે ભક્તને જે જે લૌકિક વ્યક્તિ કે વસ્તુમાં મમતા બંધાય, તે તે વ્યક્તિ કે વસ્તુથી ભક્તને દૂર કરે છે. ત્યારે અજ્ઞાનવશ આપણને દુઃખ થાય છે. આપણે ગેરસમજ કરીએ છીએ કે મને શ્રીઠાકોરજીએ દુઃખ આપ્યું. મારું સુખ છીનવી લીધું. વાસ્તવમાં શ્રીઠાકોરજીએ દુઃખ છીનવ્યું છે. અંતે દુઃખ આપનારા પદાર્થોથી આપણને વેગળા કર્યા છે.

આપણો માર્ગ કૃપાનો માર્ગ છે. કૃપા કરવી પ્રભુનો સ્વભાવ છે માટે બધું પ્રભુ પર છોડી દો. જેમ કાદવવાળા જળમાં સુંદર, સ્વચ્છ, સુગંધી કમળ ખીલે, તેમ દુઃખમય જગતમાં અલિપ્ત રહી જીવતાં શીખવું એનું નામ સાક્ષીભાવ.

રસ્તા પર થયેલો અકસ્માત જોઇએ. તેનો ભોગ આપણે કે આપણા સ્વજન નથી બન્યા એની ખાત્રી થતાં આપણે નિશ્ચિંત થઇ જઇએ છીએ. આપણને દુઃખ થતું નથી. સાક્ષીભાવ જાગે છે. જેમાં આપણી મમતા ન હોય તેમાં સાક્ષીભાવ જાગે. સાક્ષીભાવ જાગતાં ચિંતા અને તેનું દુઃખ ન થાય. જગતની વ્યક્તિઓ અને વસ્તુઓમાંથી મમતા હટાવી લેવાથી ચિંતા મુક્ત બનાય છે.

(૮) સેવામાં ચિત્ત પરોવો

બ્રહ્મસંબંધ પછી, શ્રીગુરુદેવની આજ્ઞા લઈને અનુસાર ભગવદ્ સેવા કરવી એ આપણું કર્તવ્ય છે. સેવા કરતાં કરતાં મન પ્રયત્નપૂર્વક, વિચારપૂર્વક અને સ્નેહપૂર્વક શ્રીઠાકોરજીમાં પરોવો. મનમાં સુખના તરંગો ઊછળે ત્યારે દુઃખ-ચિંતા પજવતાં નથી. જેમ અગ્નિ ઠંડી ઉડાડે, તેમ સ્નેહપૂર્વક થતી સેવા આપણને ચિંતા અને દુઃખમાંથી મુક્ત કરે. શુદ્ધ ભાવથી સેવા કરનાર ચિંતામુક્ત થાય છે. સેવાપરાયણ ચિત્ત સુખ અનુભવે છે.

(૯) 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' નું રટણ કરો

શ્રીમહાપ્રભુજીએ ચિંતાનિવૃત્તિનો સચોટ ઉપાય બતાવ્યો કે ભગવાન શ્રીકૃષ્ણમાં પૂર્ણ પ્રેમભાવ રાખી, સતત શ્રીકૃષ્ણઃશરણં મમ એ અષ્ટાક્ષર મહામંત્રનું રટણ કરતા રહો. ભગવન્નામ અને નામાત્મક મંત્રોમાં અલૌકિક સામર્થ્ય છે. શ્રીઅષ્ટાક્ષર મંત્ર તો મહામંત્ર છે. એવો મંત્ર છે કે શુદ્ધ - અશુદ્ધ કોઈપણ સ્થિતિમાં તેનું રટણ થઇ શકે છે. તેના આઠ અક્ષર પૈકીના એક એક અક્ષર ભય, દુઃખ, ચિંતા જડમૂળથી દૂર કરવાનું દિવ્ય સામર્થ્ય ધરાવે છે.

જેમ સ્વરૂપમાં સાક્ષાત પ્રભુ બિરાજમાન છે, તેમ ભગવન્નામમાં પણ સાક્ષાત પ્રભુ બિરાજમાન છે. તેથી ભગવન્નામનું સતત રટણ કરવાની ટેવ પાડવાથી મન સ્થિર અને સ્વસ્થ બને છે. પછી એ પવિત્ર મનને કોઇ ચિંતા પજવી શકતી નથી. શ્રીઅષ્ટાક્ષરમંત્રનું રટણ આપણને નિર્ભય બનાવી, દુઃખો સામે લડવા બળ આપે છે.

આ નવ ઉપાયો નવ રત્નો જેવા છે. ગ્રહની પીડાઓ દૂર કરવા, જ્યોતિષશાસ્ત્રમાં નવ રત્નોને ધારણ કરવાનો પ્રકાર છે, તેમ આ નવ વિચાર રત્નોને ધારણ કરવાથી ચિંતાઓ રૂપી ગ્રહોની પીડા દૂર થાય છે. રત્ન અંધકારમાં પ્રકાશ આપે, તેમ આ વિચારરત્નો મનમાંથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી, મનને પ્રકાશિત, પ્રફુલ્લ, પમરાટભર્યું કરે છે. સમર્પણની ધૂપસળીથી મનને સુગંધી બનાવવાથી, ચિંતાની બદબૂ દૂર કરાય છે.

ફરીથી યાદ કરીએ

(૧) ભૂતકાળના બનાવોનું સ્મરણ અને ઊંડા વિચારોમાંથી ચિંતા જાગે છે. ચિંતા તનાવને જન્મ આપે છે. ચિંતા અને તનાવ તન-મનને અસ્વસ્થ બનાવી, રોગો નોતરે છે. માટે કદાપિ ચિંતા ન કરવી. ચિંતાઓને તત્કાલ તજવી.

(૨) ચિંતા દૂર કરવાના નવ ઉપાયો

(૧) ભગવાનની કૃપાશક્તિનું સ્મરણ કરો

(૨) ભગવાનમાં દૃઢ વિશ્વાસ રાખો

(૩) ભગવદીયોનો સંગ કરો

(૪) ભગવાન સર્વ કંઈ એમની ઇચ્છાથી જ કરે છે એ સત્ય સ્વીકારો

(૫) જગતમાં જગદીશને જુઓ

(૬) પ્રાણને કૃષ્ણમય બનાવો

(૭) સાક્ષીભાવ કેળવો

(૮) સેવામાં ચિત્ત પરોવો

(૯) સતત શ્રીકૃષ્ણઃ શરણં મમનું રટણ કરો.

* * *

૧૦. ભક્તિ કૃપાથી મળે અને ફળે

(‘શ્રીયમુનાષ્ટકમ્’ના આધારે)

શ્રીયમુનાષ્ટક સ્તોત્ર

શ્રીયમુનાષ્ટક એટલે શ્રીયમુનાજીની સ્તુતિના આઠ શ્લોક. એના છેલ્લા નવમા શ્લોકમાં ‘શ્રીયમુનાષ્ટક’ના પાઠ કરવાથી મળતાં ફળ બતાવ્યાં છે.

શ્રીમહાપ્રભુજી ચૌદ વર્ષની વયે પહેલી વખત ગોકુળ પધાર્યા. શ્રીયમુનાજીના કિનારે તેમને શ્રીયમુનાજીનાં જળ સ્વરૂપે તો દર્શન થયાં જ. તેઓ પુરાણોમાં બતાવેલા શ્રીયમુનાજીના માહાત્મ્યને પણ સારી રીતે જાણતા હતા. તેમને વધારામાં શ્રીયમુના મહારાણીજીનાં સાક્ષાત્ દર્શન પણ થયાં. તેમણે પૃથ્વી છંદમાં ‘શ્રીયમુનાષ્ટક’ રચી, તે ગાઇ, શ્રીયમુનાજીની સ્તુતિ કરી. ‘શ્રીયમુનાષ્ટક’ શ્રીમહાપ્રભુજીની પહેલી રચના. સં. ૧૫૪૯ના શ્રાવણ સુદ ત્રીજ (ઠકુરાની ત્રીજ) ના રોજ ગોકુળમાં તે રચાયું.

‘શ્રીયમુનાષ્ટક’માં શ્રીયમુનાજીની સ્તુતિ છે. તેથી તે ‘સ્તોત્ર’ છે. શ્રીપ્રભુ અને સર્વ દેવો સ્તુતિપ્રિય છે. શ્રીપ્રભુનાં દર્શન કરતાં ભક્ત તેમની સ્તુતિ બે હાથ જોડીને કરે છે. સ્તુતિથી શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે. વળી માણસ ભગવાનને શું આપી શકે? ભગવાન પાસે કંઇ ખોટ નથી. માણસ પાસે આપવા જેવું કંઇ નથી. માણસ ભક્તિથી, વિનમ્રતાથી હાથ જોડી, માથું નમાવી, કાલાઘેલા શબ્દોમાં કેવળ સ્તુતિ કરી શકે. એટલું કરવાથી શ્રીપ્રભુ પ્રસન્ન થઇ જાય. શ્રીપ્રભુની જેમ શ્રીયમુનાજી પણ તેમની સ્તુતિથી પ્રસન્ન થાય છે. આથી શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીની સ્તુતિ કરી.

શ્રીયમુના સ્વરૂપ

શ્રીયમુનાજીનાં ત્રણ સ્વરૂપ - આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક. આધિદૈવિક સ્વરૂપ એટલે શ્રીપ્રભુનાં શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ, જે સ્વરૂપનાં દર્શન આપણે ચિત્રમાં કરીએ છીએ, આધિભૌતિક સ્વરૂપ એટલે નદી રૂપે વહેતું જળ સ્વરૂપ, જેનાં દર્શન આપણી આંખોથી થાય છે, આધ્યાત્મિક સ્વરૂપ એટલે એમનું

શક્તિ - સામર્થ્ય - સ્વરૂપ. તેનો અનુભવ થાય. તે આંખથી ન દેખાય. શ્રીપ્રભુની મુખ્ય બાર શક્તિઓ. તેમાં ય મુખ્ય બે - આલ્હાદિની શક્તિ અને કૃપાશક્તિ. આલ્હાદિની શક્તિ શ્રીરાધાજી. કૃપાશક્તિ શ્રીયમુનાજી. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીનાં આ ત્રણે સ્વરૂપોનો પરિચય 'શ્રીયમુનાષ્ટક'માં કરાવે છે.

શ્રીયમુના નામ

'યમુના' નામ શ્રીયમુનાજીનું કૃપાશક્તિસ્વરૂપ બતાવનારું છે. તેનો અર્થ સંસ્કૃત ભાષામાં આ પ્રમાણે છે - જે જીવોને - મનુષ્યોને શુદ્ધ અને લાયક બનાવી શ્રીપ્રભુ પાસે લઇ જાય અને શ્રીપ્રભુને સોંપે તે શ્રીયમુનાજી. માણસ ગમે તેવો દુષ્ટ, પાપી, અપરાધી હોય, તે લાચાર હોય છતાં જો સચ્ચાઇથી શ્રીયમુનાજીને પોકારે, એમની સ્તુતિ કરે, એમના જળનું પાન કરે તો શ્રીયમુનાજી એટલાં દયાળુ છે કે તેનો ચોક્કસ ઉદ્ધાર કરે છે, શ્રીપ્રભુ સાથે મેળવી આપે છે. શ્રીયમુનાજીની સ્તુતિથી શ્રીપ્રભુ મળે છે. માટે શ્રીમહાપ્રભુજીએ સૌ પ્રથમ 'શ્રીયમુનાષ્ટક' ગાયું. સાત જ દિવસમાં તેમને શ્રાવણ સુદ અગિયારસની મધરાતે શ્રીઠાકોરજી સાક્ષાત્ મળ્યા.

નમનની રીત પ્રીત

આવાં શ્રીયમુનાજીને આપણે રોજ નમન કરીએ. **'નમામિયમુનામહં.'** માત્ર હાથ જોડવાથી નમન ન થાય. મન, વાણી અને શરીર ત્રણે વડે એક સાથે નમન કરાય. મનથી એટલે પ્રેમથી - ભક્તિથી નમવાનું. પ્રેમ છે માટે માથું નમી જાય. સ્વાર્થથી માથું નમે તે નમન નથી. વાણીથી - સ્તુતિ દ્વારા પ્રેમ પ્રગટ થાય, નમન થાય. શરીરથી દંડવત્ કરીને હાથ જોડીને નમન થાય. શ્રીયમુનાજીને આપણે મન, વાણી અને શરીરથી રોજ નમન કરીએ.

નમન કોઇના કહેવાથી, દબાણથી યે થાય અને આપોઆપ પ્રેમથી, આનંદથી થાય. શ્રીમહાપ્રભુજી કહે છે શ્રીયમુનાજીને આનંદથી - **'મુદા'**- નમન કરજો, પ્રેમથી નમજો. હૈયામાં, આંખમાં અને હોઠ પર આનંદના ભાવ સજાવીને નમન કરવું.

જ્યાંસુધી આપણે માણસ છીએ - સામાન્ય માણસ છીએ, સંત નથી બન્યા, ત્યાંસુધી મનમાં વત્તોઓછો સ્વાર્થ તો રહેવાનો. માણસમાત્રને મુખ્ય બે સ્વાર્થ - દુઃખ દૂર થાય અને સુખ મળે. દુનિયામાં એવી કોઇ વ્યક્તિ કે વસ્તુ નથી, જે આપણું

દુ:ખ કાયમ માટે દૂર કરી શકે અને કાયમ માટે સુખ આપી શકે. એ શક્તિ તો બેમાં છે - શ્રીપ્રભુમાં અને તેમનાં કૃપાશક્તિ શ્રીયમુનાજીમાં. શ્રીમહાપ્રભુજી કહે છે શ્રીયમુનાજી **'સકલસિદ્ધિહેતુમ્'** છે. બધી સિદ્ધિઓ આપવા સમર્થ છે, માટે તેમને પ્રેમથી, આનંદથી રોજ નમન કરો. નમનમાત્રથી રીઝી જવાનો તેમનો ગુણ છે.

જે કાયમી આનંદનો અનુભવ કરાવે, જે અનુભવ પછી કદી દુ:ખનો અનુભવ થાય જ નહીં, તેવું સુખ મળવું એ સાચી સિદ્ધિ- શ્રેષ્ઠ સિદ્ધિ. આવો પરમ આનંદ, પૂર્ણ આનંદ, સદા આનંદ કેવળ ભગવાન શ્રીકૃષ્ણ પાસે જ છે. **'પૂર્ણાનંદો હરિ:'**. ભગવાન શ્રીકૃષ્ણ મળે, સર્વ સુખ મળે, સર્વ દુ:ખ ટળે. તેઓ દેવાધિદેવ છે, સર્વોપરિ છે. સર્વ - પૂર્ણ કલાયુક્ત છે, માટે શ્રીમહાપ્રભુજીએ તેમને 'સકલ' કહ્યા. સર્વ કલા સહિત તે 'સકલ'. આવા **'સકલ'** શ્રીકૃષ્ણ આખેઆખા શ્રીયમુનાજી જ અપાવી શકે છે. તેથી શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને નમન કરે છે. જેઓ આખા ને આખા, સાક્ષાત ભગવાન મેળવી આપે, એમનો હસ્ત આપણા હાથમાં પકડાવી દે, એમને ભલા રોજ કોણ આનંદથી નમન ન કરે? માટે શ્રીયમુનાજીને નમન.

સકલ સિદ્ધિઓનું દાન

સાક્ષાત્ ભગવાન મળે, એનાથી વધીને બીજી કોઈ સિદ્ધિ ન હોય. ભગવાનનો અનુભવ બે રીતે થાય - આંખથી અને અંતરથી. ક્યારેક આપણી સામે આવે તો આંખથી દેખાય. ક્યારેક અંતરમાં પધારે તો અંતરથી અનુભવાય. સૂરદાસજીને આંખો ન હતી. અંતરમાં અનુભવ થતો. ભગવાનનો દિવ્ય અનુભવ ચાર પ્રકારે થાય. (૧) સાક્ષાત્ પ્રભુની સેવાને લાયક શરીરની પ્રાપ્તિ (૨) શ્રીપ્રભુની સાક્ષાત્ લીલાઓનાં દર્શન (૩) ભગવદ્‌લીલાઓમાં સામેલ થઈ લીલારસનો અનુભવ (૪) સર્વાત્મભાવ - નિરોધ·થવો. આમ ચારે પ્રકારે અનુભવ આંખથી થાય અને એ જ ચાર પ્રકારે અંતરથી પણ થાય. આઠ પ્રકારે ભગવાનનો અનુભવ તે આઠ સિદ્ધિ. શ્રીયમુનાજી આ અષ્ટસિદ્ધિ આપનારાં છે, એમ શ્રીગુસાંઈજીએ સમજાવ્યું.

શ્રીયમુનાપુલિનની દિવ્યતા

શ્રીમહાપ્રભુજી ગોકુળમાં ગોવિંદઘાટ - ઠકુરાનીઘાટ ઉપર બિરાજતાં જળ સ્વરૂપ શ્રીયમુનાજીનું આપણને દર્શન કરાવે છે. તેમના બેઉ કિનારે 'રેણૂત્કટામ'. પુષ્કળ રજ - રેતી - વાલુકા - રેણુકા - રેણુ છે. એ રેણુ પણ શ્રીયમુનાજીનું જ સ્વરૂપ છે. શ્રીયમુનાજી જળ રૂપે અને રેણુ રૂપે બંને સ્વરૂપે બિરાજે છે, દર્શન

આપે છે, આપણાં નમન સ્વીકારે છે. **'ઉત્કટામ્'** શબ્દથી શ્રીમહાપ્રભુજી એમ કહે છે કે જળ કરતાં રજ વધારે છે, શ્યામસુંદર શ્રીયમુનાજીનાં જળ અને રજ બે ય મેઘશ્યામ છે. એ રજ **'અમંદ'** - પુષ્કળ - વિપુલ છે.

વળી એ રજમાં એક બીજી અલૌકિકતા પણ છે. મુરારિ એવા શ્રીકૃષ્ણનાં ચરણકમળ એ રજને વારંવાર સ્પર્શ્યા છે. જેમ શ્રીરામના ચરણસ્પર્શથી શિલા અહલ્યા બની ગઇ, તેમ શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી આ રજ દિવ્ય ભગવદ્રૂપ બની ગઇ! **'સ્ફૂરત્'** - સ્ફૂરવું એટલે અનુભવ થવો. અર્જુનને દિવ્ય દૃષ્ટિ મળી તો જડ દેખાતા બ્રહ્માંડમાં ભગવાનના વિરાટ સ્વરૂપનો અનુભવ થયો હતો. એવી જ રીતે શ્રીયમુનાજીની કૃપા થાય તો તેમની રજના કણકણમાં શ્રીઠાકોરજીનો અનુભવ - સ્ફૂરણા - જરૂર થાય.

વળી અહીં **'મુરારિ'** શબ્દ વાપર્યો. ભગવાનની જે લીલા, શક્તિ કે ગુણ યાદ કરવા હોય તેને અનુરૂપ નામ વપરાય. મુરારિ એટલે મુર નામના રાક્ષસના શત્રુ. મુર જળદુર્ગનો સેનાપતિ હતો - તેને મારી શ્રીકૃષ્ણે સોળ હજાર અસહાય રાજકન્યાઓને છોડાવેલી, માટે શ્રીકૃષ્ણ મુરારિ કહેવાયા. જળ ગમે તેવું ઉત્તમ હોય, પણ તેમાં એક દોષ હોય છે. નદી એટલી ઊંડી હોય કે તરવાનું ન જાણનાર સામે કિનારે જઇ ન શકે. અસહાય બની રોકાઇ જાય. પરંતુ શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણનાં ચરણસ્પર્શ થતાં તેમનામાં એ દોષ નથી. તેમનામાં જળ ઓછું છે, રજ વધુ છે. તેથી તેમનું જળ ભગવાનને મળવામાં ભક્તોને અંતરાયરૂપ બનતું નથી. શ્રીયમુનાજીના આવા દિવ્ય રજ સભર કિનારાનું દર્શન કરાવતાં શ્રીમહાપ્રભુજીએ ગાયું - **'મુરારિ-પદપંકજસ્ફૂરદ્મંદરેણૂત્કટામ્.''**

એ કિનારા ઉપર માત્ર વિપુલ રેતી જ છે? તો તો મરુભૂમિ લાગે! શ્રીમહાપ્રભુજી કહે છે ના, એવું નથી. **'તટસ્થનવકાનન'** બેઉ કિનારે લીલાંછમ, સુંદર વન છે. એ વનનાં વૃક્ષો પુષ્પોથી લચી પડે છે. એ પુષ્પો જળમાં સતત ખરતાં રહે છે. જળમાં ભીંજાય છે, જળના પ્રવાહ સાથે વહે છે, ભીનાં પુષ્પોની ભીની ભીની સુગંધ પવન દ્વારા ચોમેર ફેલાય છે. **'પ્રકટમોદપુષ્પાંબુના'** આવો સુંદર, સુગંધિત શ્રીયમુનાજીનો તટ-પુલિન છે.

આવો રમણીય પુલિન સૂનકાર નથી. **'સુરાસુરસુપૂજિતઃ'** શ્રીયમુનાજીની શક્તિ - મહાનતા દેવો અને દાનવો બંને જાણે છે. તેઓ બંને શ્રીયમુનાજીની કૃપા

મેળવવા, તેમના કિનારે આવે છે અને તેમનું પૂજન કરે છે. અહીં વ્રજમાં ગોપીજનો રહે છે. તેમને ઇચ્છા છે શ્રીકૃષ્ણ તેમના પતિ થાય. તેઓ ગોરમા તરીકે શ્રીયમુનાજીની પૂજા કરે છે. આ ગોપીજનોમાં કેટલાંકનો સ્વભાવ થોડો માનભાવવાળો છે, તો કેટલાંકનો દૈન્ય ભાવવાળો છે. એવાં સૌ ગોપીજનોના પૂજનની અહીં હંમેશાં ચહલપહલ છે.

આવા સુંદર સ્થાનમાં વનની નવનિકુંજમાં શ્રીયમુનાજી જળ સ્વરૂપે અને સ્વામિની સ્વરૂપે બિરાજે છે. એ શ્રીયમુનાજી છે કેવાં? શ્રીમહાપ્રભુજીએ કહ્યું - **'સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતિમ્' સ્મર** એટલે કામદેવ. **'સ્મરપિતુઃ'** એટલે કામદેવ જેમના પુત્ર બનીને આવ્યા તે શ્રીકૃષ્ણ. તેમના પુત્ર અનિરુદ્ધ કામદેવનું સ્વરૂપ. એવા શ્રીકૃષ્ણની સુંદરતા, મધુરતા, શોભાની કોઈ જોડ જગતમાં નથી. શ્રીકૃષ્ણની એ સુંદરતા, મધુરતા અને શોભા - **'શ્રિયં'** - શ્રીયમુનાજીએ ધારણ કરી છે. તેથી તેઓ શોભી રહ્યાં છે! શ્રીકૃષ્ણની જેમ તેઓ પણ મેઘશ્યામ વર્ણનાં. શ્રીકૃષ્ણનાં જ વસ્ત્ર - સૂથન, કાછની, પટકા અને મુગટ સહિત સોળ શૃંગારમાં શ્રીકૃષ્ણ જ લાગતાં! નક્કી કરવું મુશ્કેલ પડે કે બેમાં કોણ શ્રીકૃષ્ણ અને કોણ શ્રીયમુનાજી? એમનું જળ - વાલુકા પણ મેઘશ્યામ - ચમકતાં.

ઠકુરાનીઘાટ પર ઊભા રહી - આવાં શ્રીયમુનાજીના પુલિન અને જળનાં દર્શન કરો. અંતરચક્ષુથી શ્રીયમુનાજીના સ્વરૂપનું ધ્યાન ધરો. એમને આનંદથી મન, વાણી અને શરીરથી નમન કરો. શ્રીયમુનાષ્ટકનો આ પહેલો શ્લોક ગાતાં મનમાં આવાં શ્રીયમુનાજીનું ચિંતન કરો.

શ્રીમહાપ્રભુજીએ ગોકુળમાં ઠકુરાણીઘાટ ઉપર બિરાજતાં શ્રીયમુનાજીનાં આધિભૌતિક જળ - રજ સ્વરૂપનું દર્શન કરાવ્યું. શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરેલાં શ્રીમહારાણીજી સ્વરૂપનું - આધિ દૈવિક સ્વરૂપનું દર્શન કરાવ્યું. દેવો - દાનવો - ગોપીજનોથી પૂજાતાં અને ભગવાન શ્રીકૃષ્ણ રૂપી સકલ સિદ્ધિ આપવા સમર્થ શ્રીયમુનાજીના આધ્યાત્મિક સામર્થ્ય સ્વરૂપનું દર્શન પણ પહેલા શ્લોકમાં કરાવ્યું.

આપણને પ્રશ્ન થાય કે આવાં અલૌકિક શ્રીયમુનાજી ગોકુળમાં ક્યાંથી પધાર્યાં? કેવી રીતે પધાર્યાં? શ્રીમહાપ્રભુજી કહે છે એનું દર્શન કરવા હવે ચાલો હિમાલયમાં.

શ્રીયમુના પ્રાકટ્ય

શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીની ઓળખ આપે છે - **'પદ્મબંધોઃ સુતા'** કમળના મિત્ર સૂર્યનાં પુત્રી છે. આમ તો બધી ભૌતિક નદીઓ સૂર્યસૂતા કહેવાય. સૂર્યના તાપથી સાગરજળનું બાષ્પીભવન થાય અને આકાશમાંથી પર્વત ઉપર તે પાણી વરસે, નદી બની પૃથ્વી ઉપર વહે અને સમુદ્રને મળે. શ્રીયમુનાજી આવાં ભૌતિક નદી નથી. કાર્બન ડાયોકસાઇડના અગ્નિઝરતા પ્રચંડ સૂર્યની ગરમીથી વરસેલું એમનું (H_2O) - ભૌતિક જળ નથી. તો કયો સૂર્ય? બીજો કોઇ સૂર્ય ખરો?

શ્રીમહાપ્રભુજી કહે છે - હા. તે 'સવિતા' - પ્રસવિતા. જેમનામાંથી આખું બ્રહ્માંડ પ્રકટ થયું છે તે પરમાત્મા. તેઓ અનંત સૂર્યોથી વિશેષ તેજસ્વી છે. તેમના શ્રીઅંગમાંથી આખું ગોલોકધામ પ્રગટ થયું. તેમના હૃદયમાંથી શ્રીરાધાજી અને શ્રીયમુનાજી પ્રકટ થયાં. શ્રીયમુનાજી સરિતા અને સ્વામિની બંને સ્વરૂપે પ્રકટ થયાં - ગોલોકમાં બિરાજ્યાં, માટે તેમને **'પદ્મબંધોઃ સુતા'** કહ્યાં. શ્રીઠાકોરજીની ઇચ્છાથી આખું ગોલોકધામ પૃથ્વી ઉપર પ્રગટ થયું, ત્યારે શ્રીયમુનાજી પણ ગોલોકધામમાંથી પૃથ્વી ઉપર પધાર્યાં. પૃથ્વી ઉપર કેવી રીતે પધાર્યાં તેનું દર્શન શ્રીમહાપ્રભુજી હવે બીજા શ્લોકમાં કરાવે છે.

'કલિંદગિરિમસ્તકે' હિમાલયની વિશાળ ગિરિમાળામાં અનેક નામવાળા પર્વતો છે. તેમાં એક કલિંદ પર્વત છે. તે ઘણો જ પવિત્ર છે. કળિયુગના દોષોનો નાશ કરવાની શક્તિવાળો છે, તેથી **'કલિંદ'** કહેવાયો. ભગવાન પવિત્ર વંશમાં પ્રકટ થાય. તેમ શ્રીયમુનાજી ગોલોકમાંથી પવિત્ર કલિંદ પર્વતના શિખર ઉપર પધાર્યાં. ઉપરથી નીચે આવવું હોય તો ભૂસ્કો જ મારવો પડે ! તેમાં જળ ઉપરથી નીચે ભૂસ્કો મારે ત્યારે ધોધ રૂપે દેખાય. શ્રીયમુનાજીનું જળ શ્યામ, પણ પર્વતના શિખર ઉપર ધોધરૂપે પધાર્યાં, ત્યારે એકદમ ઉજ્જવળ, શુભ્ર-શ્વેત ! એ ધોધ નાનો નહીં. **'અમંદ પૂર'** જેવો બહુ મોટો, અતિ ભવ્ય. નાયગરાનો ધોધ જોઇએ તો શ્રીયમુનાજીના ધોધનો થોડો ખ્યાલ આવે! **'પતદમંદપૂરોજ્જવલા'**

ગોલોકધામની ઊંચાઇએથી પૂરવેગથી પર્વતના શિખરે પડતા જળધોધથી પર્વતીય પ્રદેશમાં નાનામોટા ખાડા પડી જાય. વળી પર્વત ઢોળાવવાળો હોય. આથી પર્વતના શિખર પરથી ભૂમિ તરફ લસરતાં શ્રીયમુનાજીનું દર્શન શ્રીમહાપ્રભુજી કરાવે છે.

"વિલાસગમન ઉલ્લસત્." પોતાના પ્રિયતમના પ્રણયમાં ગળાડૂબ રમણી, પ્રિયતમને મળવા અધીરી બની, અભિસારે નીકળી હોય એમ શ્રીયમુનાજી સરિતા અને સ્વામિની બંને સ્વરૂપે પ્રિયતમ શ્રીકૃષ્ણને મળવા, વ્રજમાં પહોંચવા વિલાસગતિથી ભૂમિ તરફ પધારી રહ્યાં છે. કવિઓએ સ્ત્રીગતિને ગજગતિ અને હંસગતિ સાથે સરખાવી છે. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીની ગતિને 'વિલાસગતિ' કહે છે. પર્વતના માર્ગમાં પડેલા ખાડાટેકરા અને ઢોળાવને કારણે એમની ગતિ ઉછળતી કૂદતી - **'ઉલ્લસત્'** - છે. 'ઉલ્લસત્'નો બીજો અર્થ છે ઉલ્લાસ-ઉમંગપૂર્વક શ્રીયમુનાજી પધારી રહ્યાં છે. એમની ગતિમાં શ્રીપ્રભુના મિલન માટેનો ઉલ્લાસ છે.

એમના ભારે જળપ્રપાતથી પર્વતના પથ્થરો તૂટી, ઘસાઇ દડા જેવા શિલાખંડ બન્યા છે. પૂર વેગે ઘસતાં - વહેતાં શ્રીયમુનાજીના પ્રવાહમાં એ શિલાખંડો ઉછળે છે., જાણે જળક્રીડા કરતા હાથીઓ જળમાં ડૂબકી મારી, એમનાં ગંડસ્થળ (માથાં) બહાર ઉછાળતા ન હોય ! શ્રીયમુનાજી સરિતા સ્વરૂપની સાથે જ સ્વામિની સ્વરૂપે પણ પધારી રહ્યાં છે. પ્રણયાતુર રમણી બે હાથમાં ફૂલના દડાઓ ઉછાળતી, કૂદતી પર્વત ઉતરતી હોય. એવાં શ્રીયમુનાજીનાં દર્શન થાય છે **'પ્રકટગંડશૈલોન્નતા'**

સરિતા પૂરવેગે પર્વતમાંથી માર્ગ કરીને વહેતી હોય ત્યારે એનો કલકલનિનાદ મધુર લાગે છે. શ્રીયમુનાજી પણ આવો કલકલનિનાદ કરતાં સરિતા સ્વરૂપે પધારી રહ્યાં છે. - **'સઘોષ ગતિદંતુરા'**. શ્રીસ્વામિનીજી સ્વરૂપે આપે ચરણારવિંદમાં ધરેલાં નુપૂરો રણઝણી રહ્યાં છે. એ નુપૂરનાદ મનમાં જાગતા વિવિધ રસભાવોનો જ ઘોષ કરે છે.

શ્રીયમુનાજીની સરિતાસ્વરૂપે ઊંચીનીચી થતી વિલાસપૂર્ણ ગતિ જોઇને શ્રીમહાપ્રભુજીને એમ લાગે છે કે શ્રીયમુનાજી સુંદર પાલખીમાં બિરાજીને પધારી રહ્યાં છે. ઢોળાવને કારણે પાલખી ઊંચીનીચી થઇ રહી છે. **'સમધિરૂઢદોલોત્તમા'** શ્રીસ્વામિનીજી સ્વરૂપે શ્રીયમુનાજી વ્રજમાં - સાસરે પધારી રહ્યાં છે, નવવધૂ રૂપે પાલખીમાં બિરાજીને.

આપણને પ્રશ્ન થાય કે તેઓ પાલખીમાં બિરાજીને પધારે છે, ત્યારે નૂપુરનાદ કેવી રીતે થાય? શ્રીગુસાંઇજી કહે છે કે તેઓ શ્રીકૃષ્ણને મળવા એટલાં અધીરાં થયાં છે કે પાલખીની ગતિ તેમને બહુ જ ધીમી લાગે છે, તેથી તેઓ વચ્ચે વચ્ચે પાલખીમાંથી ઉતરી, દોડતાં દોડતાં પર્વત ઉતરે છે. આથી નૂપુરનાદ થાય છે. **'સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા.'**

આવાં નવોઢા શ્રીયમુનાજી શ્રીકૃષ્ણનું મન જીતી લે તેમાં શી નવાઇ? ભગવાન શ્રીકૃષ્ણ માટે સૌને પ્રેમ હોય, પરંતુ શ્રીકૃષ્ણને શ્રીયમુનાજી ઉપર અતિ પ્રેમ છે. શ્રીયમુનાજી મનોહર હાવભાવથી શ્રીકૃષ્ણનો તેમના માટેનો પ્રેમ - **'રતિ'** - વધારે છે. **'મુકુંદરતિવર્ધિની.'**

ભગવાનનો સદા સર્વત્ર જય થાય જ. ભગવાન સૌ પર વિજય મેળવે. એવા ભગવાનને શ્રીયમુનાજી પોતાના પ્રેમથી જીતી લે છે. અહીં શ્રીકૃષ્ણને **'મુકુંદ'** કહ્યા, કારણ તેઓ મુક્તિ જલ્દી આપી દે, ભક્તિ જલ્દી ન આપે. મુક્તિ આપવાનો તેમનો સ્વભાવ. સમજુ, સુશીલ, નવોઢા પતિના વર્ષોથી ઘડાયેલા સ્વભાવને જાદુ કર્યો હોય તેમ બદલી નાખે. એમ શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનો મોક્ષ આપવાનો સ્વભાવ બદલી, શરણે આવેલા જીવોને શ્રીપ્રભુ પાસે ભક્તિ અપાવે છે. એથી ભક્તો કહે છે **'જયતિ'**. શ્રીયમુનાજીનો આ જય છે, વિજય છે.

શ્રીયમુનાજી **'પદ્મબંધોઃ સુતા'** છે - ભાનુતનયા છે. બાપના ગુણદોષ સંતાનમાં આવે. સૂર્ય પ્રખર ગરમ-પણ એમની આ દીકરી એકદમ શીતળ સ્વભાવનાં. શીતળ જળની જેમ દાઝેલાં-દુઃખીને શીતળતા બક્ષનારાં. એમનો તો સદા 'જય' જ થાયને? માટે **'જયતિ પદ્મબંધોઃ સુતા.'**

આમ, બીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ ગોલોકધામમાંથી કલિંદ પર્વત દ્વારા ભૂમિ તરફ પધારી રહેલાં શ્રીયમુનાજીના રમણીય, મનોહર સરિતા સ્વરૂપનું અને શ્રીકૃષ્ણનાં નવોઢા પ્રિયતમા સ્વામિની સ્વરૂપનું લલિત દર્શન કરાવ્યું.

શ્રીયમુનાજીનું વ્રજમંડળ તરફ પ્રયાણ

હવે ત્રીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી સરિતા અને સ્વામિની સેવારૂપે વ્રજમંડળમાં પધારતાં શ્રીયમુનાજીનું આપણને દર્શન કરાવે છે. **'ભુવંભુવનપાવનીમ્ અધિગતા.'** શ્રીયમુનાજી ભૂમિ ઉપર પધાર્યાં. શ્રીયમુનાજીના સ્પર્શથી પૃથ્વીલોક પવિત્ર થઇ ગયો. જેમ શ્રીઠાકોરજીની ચરણરજથી ભૂમિ પવિત્ર બને, તેમ શ્રીયમુનાજીની ચરણરજથી ભૂમિ પવિત્ર બની, વ્રજપ્રદેશે ગોલોકધામની દિવ્યતા ધારણ કરી. શ્રીયમુનાજીના પધારતાં જ વ્રજ, આહીરોના નેસડાઓના સમૂહોનું સ્થાન - ગોલોક બની ગયું.

નવવધૂને એના શ્વસુરપક્ષની સમવયસ્ક સખીઓ મંગલગીત ગાતાં શ્વસુરભવનના દ્વારે દોરી લાવે, તેમ શ્રીયમુનાજીને વ્રજમાં મંગલગીતો ગાતાં -

"અનેક સ્વનૈઃ" - કલરવ કરતાં સખીઓ સમાન પક્ષીઓ પધરાવી લાવે છે. એમાં મુખ્ય છે **'શુકમયૂરહંસાદિભિઃ'**- પોપટ,મોર અને હંસ. શ્રીયમુનાજીના જળમાં હંસ તરી રહ્યા છે, કિનારે મોર નાચી રહ્યા છે, ઉપર આસમાનમાં પોપટ વગેરે ઊડી રહ્યા છે. નવોઢાને પિયર છોડ્યાનું દુઃખ ભૂલાવવા અને સાસરિયે અજાણ્યું - અતડું ન લાગે માટે સખીઓ હાંસીવિનોદ કરી એના મનને પ્રસન્ન રાખે, તેમ અહીં આ પક્ષીઓ રૂપી પ્રિય સખીઓ એમના નૃત્યગાન, મધુર ગતિ, સહવાસ આદિથી શ્રીયમુનાજીને વ્રજમાં આવકારવાની - પ્રસન્ન કરવાની સેવા કરે છે. **'પ્રિયાભિરિવ સેવિતામ્.'**

શ્રીયમુનાજીએ નવોઢાનાં વસ્ત્રાભરણ ધારણ કર્યા છે. એનું રમણીય દર્શન કરાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે - **'તરંગભુજકંકણ પ્રકટમુક્તિકાવાલુકા'**. સરિતા સ્વરૂપે દર્શન કરીએ તો શ્રીયમુનાજીના જળમાં નાનાં નાનાં વલયાકાર તરંગો-મોજાં ફેલાઈ રહ્યાં છે. તે કિનારાની મોતીની જેમ ચમકતી વાલુકા પર છવાય છે. એ તરંગો શ્રીયમુનાજીએ તેમની ભુજામાં ધારણ કરેલાં સૌભાગ્યચિહ્ન રૂપી મોતીનાં કંકણો છે. કંકણ દ્વારા સોળે શણગારનું સૂચન કરી દીધું ! સ્વામિની સ્વરૂપે આપે મેઘશ્યામ વર્ણની ભુજાઓમાં મોતીનાં કંકણો ધારણ કર્યાં છે, જે અત્યંત શોભે છે. શ્યામ-શ્વેત વર્ણની શોભા મનોહારી છે.

મોતીનાં કંકણોથી શોભતી ભુજાઓ શ્રીયમુનાજીના પુષ્ટ નિતંબને સ્પર્શે છે. નારી સૌંદર્યમાં પાતળી કટિ અને પુષ્ટ નિતંબનો નિર્દેશ સૌંદર્યશાસ્ત્ર કરે છે. અહીં નિતંબના નિર્દેશ દ્વારા એમ સમજાવ્યું કે શ્રીયમુનાજીનું અપૂર્વ સૌંદર્ય છે. શ્રીપ્રભુજીનું ય મન મોહી લે એવાં સુંદર - **'સુંદરીમ્'** - છે. સરિતા સ્વરૂપે ભરપૂર વાલુકાસભર બે વિશાળ કિનારા એમના પુષ્ટ નિતંબ સ્વરૂપ છે. સ્વામિની સ્વરૂપે પુષ્ટ નિતંબથી અત્યંત લાલિત્યમય છે, માટે કહ્યું **'નિતંબરતટસુંદરીમ્.'**

આવાં શ્રીયમુનાજી **'કૃષ્ણતુર્યપ્રિયા'** છે. તુર્ય એટલે ચોથાં. શ્રીકૃષ્ણનાં ચાર સ્વામિની (૧) શ્રીરાધિકાજી (૨) શ્રીચંદ્રાવલીજી (૩) શ્રીરાધાસહચરીજી (૪) શ્રીયમુનાજી. વ્રજનાં ગોપીજનોના ભાવને અનુરૂપ ચાર મુખ્ય યૂથ. તે દરેક યૂથનાં એક એક સ્વામિની. શ્રીયમુનાજી નિર્ગુણભાવવાળાં ગોપીજનોનાં યૂથાધિપતિ - સ્વામિની છે. નિર્ગુણભાવ એને કહેવાય કે જેમાં ભક્ત મન, વચન, કર્મથી કેવળ ભગવાનનું સુખ કરે. ભગવાનના સુખને પોતાનું સુખ સમજે. પોતાના અલગ સુખનો - સ્વાર્થનો એને વિચાર જ ન હોય. એવાં ભક્તોનાં સ્વામિની શ્રીયમુનાજી

છે. માટે તેમને 'તુર્યપ્રિયા' કહ્યાં. ભક્તિના વિવિધ ભાવોમાં નિર્ગુણભાવ સર્વોચ્ચ છે, માટે શ્રીયમુનાજીને 'મહારાણી' અથવા 'ભક્તિમહારાણી' કહ્યાં છે.

જેમ આપણે શ્રીઠાકોરજીને નમનથી વિશેષ કંઇ કરી શકતા નથી, તેમ શ્રીયમુનાજીને ય માત્ર નમન કરી શકીએ છીએ. આથી શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી - **'નમત કૃષ્ણતુર્યપ્રિયામ્.'** શ્રીકૃષ્ણનાં ચતુર્થ સ્વામિની શ્રીયમુનાજીને નમન કરો.

ત્રીજા શ્લોકમાં નવોઢાના શણગારમાં સખીઓથી ઘેરાઇ, વ્રજ રૂપી સાસરે પધારતાં શ્રીયમુનાજીનું દર્શન કર્યું.

ગોલોકમાંથી કલિંદ પર્વત પર થઇ, ભૂમિ પર અને ત્યાંથી વ્રજમંડળમાં પધારી, ગોકુળમાં સદા બિરાજમાન સરિતાસ્વરૂપ અને સ્વામિની સ્વરૂપ શ્રીયમુનાજીનાં ઉભય દર્શન શ્રીમહાપ્રભુજીએ કરાવ્યાં. શ્રીયમુનાજીની પ્રાકટ્યલીલા, અવતારલીલા અને સ્વરૂપલીલાનું દર્શન કર્યું.

શ્રીયમુનાજીના ગુણો

હવે ચોથા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીની ગુણલીલાનું દર્શન કરાવે છે. શ્રીઠાકોરજીમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યના છ દિવ્ય ગુણો છે. એ જ છ દિવ્ય ગુણો શ્રીયમુનાજીમાં પણ છે. જેમ મેઘશ્યામ સ્વરૂપની બંનેમાં સમાનતા છે, તેમ સર્વ ગુણોની પણ બંનેમાં સમાનતા છે. છ ગુણો સહિતના એમના ભગવદ્સ્વરૂપનું દર્શન ચોથા શ્લોકમાં છે.

શ્રીયમુનાજીના આ છ ગુણો જાણીએ, તે પહેલાં એ છ ગુણો માણસમાં અને પ્રભુમાં કયા સ્વરૂપે રહેલા છે, તે જાણી લઇએ.

ગુણો	**લૌકિક મનુષ્યમાં**	**મર્યાદા સ્વરૂપમાં**	**પુષ્ટિસ્વરૂપમાં**
ઐશ્વર્ય	ભૌતિક સત્તા	ત્રિલોકની સત્તા	અલૌકિક સામર્થ્ય
વીર્ય	ભૌતિક બળ	દિવ્ય બળ	લીલામાટે દિવ્ય બળ
યશ	ભૌતિકકીર્તિ	દિવ્યકીર્તિ	ભક્તોનો યશવિસ્તાર
શ્રી	ભૌતિક સંપત્તિ	દિવ્ય સંપત્તિ	અલૌકિક સંપત્તિ
જ્ઞાન	ભૌતિક જ્ઞાન	ત્રિકાળ જ્ઞાન	લીલાપરક દિવ્ય જ્ઞાન
વૈરાગ્ય	ભૌતિક ત્યાગ	અનાસક્તિ	ભક્તો માટે સ્વસુખનો ત્યાગ

'અનંતગુણભૂષિતે' - શ્રીયમુનાજી અનંત ગુણોથી શોભાયમાન છે. આ તેમનો **"ઐશ્વર્ય"** ગુણ છે. લૌકિક ગુણો અલ્પ અને ગણતરીના હોય. કાયમ એક સરખા પ્રમાણમાં પણ ન હોય. ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીમાં સદા પૂર્ણરૂપે અનંત ગુણો રહેલા છે.

'શિવવિરંચિદેવસ્તુતે' - શિવ, બ્રહ્મા જેવા મહા દેવો પણ ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના આ ગુણોના સામર્થ્ય - બળની સ્તુતિ કરે છે. તે શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનો **'વીય'** ગુણ છે. વીર્ય - સામર્થ્ય - વાળાને ભલભલા નમે.

'ઘનાઘનનિભે સદા' - શ્રીયમુનાજીનું સ્વરૂપ સજલ શ્યામ મેઘ સમાન અતિ સુંદર છે. શ્રીકૃષ્ણ પણ તેવા જ છે. એ બંનેનો આ 'શ્રી' ગુણ છે. 'શ્રી' એટલે શોભા. 'શ્રી' એટલે સંપત્તિ. બંનેનું રૂપ સુંદર છે. બંને વરસાદની જેમ ઉદાર હૃદયનાં, સૌનો તાપ હરનારાં છે. જળ મોટી સંપત્તિ છે, જેનું દાન મેઘ કરે છે. તેમ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી આનંદ રૂપી તેમની સંપત્તિનું દાન કરે છે.

'ધ્રુવપરાશરાભીષ્ટદે' - બાળક ધ્રુવ અને ઋષિ પરાશરે શ્રીયમુનાજીના કિનારે ઉગ્ર તપ કર્યું. એમની મનોકામના શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીએ પૂરી કરી. આમ, અબુધ બાળકથી લઈને મોટા ઋષિમુનિ સુધીના સૌને તેમણે વરદાન આપ્યાં છે. તેથી તેમનો **'યશ'** ગુણ પ્રસિદ્ધ છે.

'વિશુદ્ધમથુરાતટે' - મથુરાનગરી શ્રીયમુનાજીના કિનારે છે. શ્રીકૃષ્ણ ત્યાં પ્રકટ થયા અને બિરાજ્યા. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના દિવ્ય **'જ્ઞાન'** ગુણનો પ્રભાવ મથુરાનગરી પર પડ્યો છે. જ્ઞાનનો સ્વભાવ જ્ઞાનીને વિશુદ્ધ બનાવવાનો છે અને પછી મોક્ષ આપવાનો છે. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના સંબંધથી મથુરાનગરી જીવોને વિશુદ્ધ બનાવી મોક્ષ આપે છે.

'સકલગોપગોપીવૃતે' - 'સકલ એટલે સર્વકલાયુક્ત શ્રીકૃષ્ણ. આવા શ્રીકૃષ્ણ રાતદિવસ શ્રીયમુનાજીના કિનારે ગોપ-ગોપીઓ સાથે વિવિધ લીલાઓ કરે છે. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી ભક્તોથી ઘેરાયેલાં રહે છે. ભક્તોને સુખદાન કરવું એ તેમનો સ્વભાવ છે. ભક્તો પર તેઓ અતિશય પ્રેમવાળાં છે. તેથી તેમને ભક્તો પ્રત્યે પ્રેમ સિવાય અન્ય સર્વ બાબતોમાં અનાસક્તિ **"વૈરાગ્ય"** છે.

"કૃપાજલધિસંશ્રિતે" - આવા છ ગુણયુક્ત શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી કૃપાસાગર છે. તેમના છ ગુણો તેમનામાં નિત્ય છે, પણ સદા પ્રકટ હોતા નથી.

તે પ્રસંગે પ્રકટ થાય છે. કૃપાગુણ નિત્ય અને સદા પ્રકટ છે. કૃપા વિના કોઈ લીલા સંભવતી નથી. આ ગુણ મુખ્યરૂપે હોવાથી કૃપાસાગર સ્વરૂપ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનું ધર્મીસ્વરૂપ છે જેમાં સર્વ ધર્મ રહેલા હોય તે ધર્મી. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીમાં કૃપાગુણના આધારે સર્વગુણ રહેલા છે. તેથી કૃપાસ્વરૂપ તેમનું **'ધર્મી'** સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકમાં અદ્ભુત ખૂબી બતાવી છે. શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી બંનેનું સ્વરૂપ જેમ સમાન વર્ણનું છે, તેમ ગુણો અને ધર્મી સ્વરૂપ પણ Congrusht Trianglesની જેમ એક સમાન છે. તે સત્ય કહેવા આ સાતે પદાવલિઓનો વિશિષ્ટ પ્રયોગ કર્યો છે. સંસ્કૃતમાં પુંલિંગ (નરજાતિ)માં નામોની સાતમી વિભક્તિ એકવચન અને સ્ત્રીલિંગ (નારીજાતિ) નાં નામોની સંબોધન વિભક્તિ એકવચનનાં રૂપો એક સરખાં જ થાય છે. જેમકે, 'કૃષ્ણ'ની સપ્તમી એ. વ. 'કૃષ્ણે' થાય. 'કૃષ્ણા' નું સંબોધન એ.વ પણ 'કૃષ્ણે' થાય. એટલે એક જ પદાવલિથી શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના ગુણો કહ્યા બંનેની સમાનતા સમજાવી દીધી.

એ યુગલ સ્વરૂપને વિનંતી કરી - **"મમ મનઃ સુખં ભાવય"** - આપના આવા દિવ્ય ગુણોયુક્ત સ્વરૂપથી મારા મનને સુખનું દાન કરો. મને આપના દિવ્ય આનંદનો અનુભવ કરાવો.

સરિતાસ્વરૂપે પણ શ્રીયમુનાજળ અનંત ગુણયુક્ત છે. એમની સ્તુતિ દેવો કરતા રહ્યા છે - પુરાણો, મહાન આચાર્યો પણ કરે છે. એ જળસ્વરૂપ યમયાતના દૂર કરવા સમર્થ હોવાથી, તેમનો યશ સર્વત્ર છે. એમના કિનારે મુનિઓ, તપસ્વીઓ, ભક્તો વાસ કરી મનવાંછિત ફળ પામે છે. મથુરાજી જેવી તીર્થનગરી ત્યાં આવેલી છે. ત્યાં ગોપ-ગોપીજનોની શ્રીકૃષ્ણ સાથેની અનેક લીલાસ્થલી છે. તેઓ ભૌતિક સરિતા નથી, કૃપાનો સાગર છે. એમનાં દર્શને અને સહવાસે મન પ્રસન્ન બને છે.

આ ચોથા શ્લોકનું ગાન કરતાં શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના છ દિવ્ય સમાન ધર્મો, ધર્મી સ્વરૂપ અને આધિભૌતિક સ્વરૂપે પણ અનુભવાતા એમના દિવ્ય ગુણોનું ચિંતન મનન જરૂર કરવું.

પાંચમા શ્લોકમાં શ્રીયમુનાજીની ગુણલીલાનું નિરૂપણ છે. બીજાને દુઃખી

કરે તે દાનવ. બીજાને મદદ કરે તે માનવ. દુઃખ હરે તે દેવ. દેવોનો જગતમાં ઉત્કર્ષ કરે, પોતાના ભક્તોને મહાનતા બક્ષે તે દેવાધિદેવ ભગવાન. શ્રીયમુનાજી ભગવાનનાં અધીશ્વરી. દોષવાન જીવને ભગવદીયતાના શિખરે મૂકી દેનારાં. આ શ્લોકમાં શ્રીયમુનાજીની બે ગુણલીલાનું શ્રીમહાપ્રભુજી દર્શન કરાવે છે.

ગંગાજી ભગવાનનાં **'ચરણપદ્મજા'** છે. ભગવાનનાં ચરણકમળમાંથી પ્રકટ થયાં છે, માટીનો ઠંડકનો ગુણ માટીના ઘડામાં આવે. ભગવાનનાં ચરણકમળ શીતળ, ભક્તિ સ્વરૂપ, દોષ દૂર કરવા સમર્થ, તેથી ગંગાજી પણ જીવોના દોષો, પાપો દૂર કરી તેમને શુદ્ધ બનાવવા સમર્થ. એમનું સેવન કરનારને ભક્તિ આપનારાં. પરંતુ એમનામાં એક દોષ. એમનું જળ નિત્ય ભગવાનનાં ચરણકમળ પખાળે એટલે સ્નાનનું જળ કહેવાય. સ્નાન કરેલું જળ પ્રભુના ઉપયોગમાં ન આવે. ગંગાજી પ્રભુની પ્રીતિ સંપાદન કરી શક્યાં નથી. ભગવદ્‌સેવાથી ભગવદ્‌પ્રસન્નતા પમાય. ગંગાજીને ભગવદ્‌સેવાનો અધિકાર નથી મળ્યો.

આવાં ગંગાજી પૃથ્વી પર શ્રીયમુનાજીને મળ્યાં - શ્રીયમુનાજીના શરણે આવ્યાં. અલ્હાબાદ (પ્રયાગ) પાસે શ્રીયમુનાજી સાથે ગંગાજીનો સંગમ થયો. **'સમાગમનતો ભવત્.'** કૃપાસાગર શ્રીયમુનાજીએ ગંગાજીને **'મુરરિપોઃ પ્રિયંભાવુકા'** બનાવ્યાં - ભગવાનને જે અપ્રિય હતાં, તેમને ભગવાનને પ્રિય બનાવ્યાં. તુલસીજીની જેમ ગંગાજી ભગવદીય - ભગવાનનાં પ્રીતિપાત્ર બન્યાં. એટલું જ નહીં **'સકલસિદ્ધિદા સેવતામ્'**. એમનું સેવન કરનારને સકલ સિદ્ધિઓનું દાન કરવા સમર્થ બન્યાં. આ શ્રીયમુનાજીનો કૃપાપ્રતાપ. પ્રભુથી વિમુખ જીવને પ્રભુ સન્મુખ તો કરે જ, પણ સાથે જગતમાં એ ભક્તનો ઉત્કર્ષ પણ પ્રકટ કરે એને મહાન બનાવે છે. શ્રીયમુનાજીની આ એક ગુણલીલા.

હવે બીજી ગુણલીલા જોઈએ. ભગવાનનાં પત્ની લક્ષ્મીજી. જગતમાં એમની ભારે બોલબાલા. લાલચુ લોકો ભગવાનને ભૂલી, લક્ષ્મીજીને રીઝવવા મથે. લક્ષ્મીજીને એમના રૂપનું ગુમાન. ભગવાનનાં પત્નીપદનું ગુમાન. સંપત્તિ - ઐશ્વર્યનું ગુમાન. એ ગુમાનને લઈને ભગવાન ઉપર પણ રોફ કરી બેસે. પરિણામે **'કમલજા'** લક્ષ્મીજીને ભગવાનનું પત્નીપદ ભલે મળ્યું, ભગવાનનો પ્રેમ ન મળ્યો. જગતમાંય કોઈ સ્ત્રી એના પતિની પત્ની બને, પણ પતિના પ્રેમનું પાત્ર-પ્રિયતમા-ન પણ બને. લક્ષ્મીજી ભગવાનનાં પત્ની ખરાં, પ્રિયતમા નહીં. એ બંને સ્થાન તો

શ્રીયમુનાજીને પ્રાપ્ત થયાં, માટે શ્રીમહાપ્રભુજી કહે છે શ્રીયમુનાજી લક્ષ્મીજીથી વિશેષ છે. લક્ષ્મીજી અને શ્રીયમુનાજી **'સપત્ની'** શોકય નથી, સમાન નથી. એ બેમાં પત્નીત્વની સમાનતા છે, પ્રિયત્વની સમાનતા નથી. શ્રીયમુનાજી ભક્તાનુગુણા છે. - ભક્તો પર ગુણ કરનારાં છે, ભક્તોનાં હિતકારી છે, પરમ ઉદાર છે. લક્ષ્મીજી ઈર્ષાળુ છે, ભક્તાનુગુણા નથી. એમનું સ્થાન અન્ય કોઈ ન લઈ લે માટે સદા શંકિત છે. શ્રીયમુનાજી પુષ્ટિલીલામાં પ્રભુનાં પત્ની અને પ્રિયતમા છે. લક્ષ્મીજી મર્યાદાલીલામાં પ્રભુનાં પત્ની છે, પુષ્ટિલીલામાં તેમનો પ્રવેશ નથી. લક્ષ્મીજીમાં શ્રીયમુનાજી સાથે આંશિક સમાનતા છે, સંપૂર્ણ સમાનતા નથી. આથી લક્ષ્મીજી પણ શ્રીયમુનાજીની બરાબરી કરી શકતાં નથી. શ્રીયમુનાજી સર્વોપરિ છે. **'તયા સદૃશતામિયાત્ કમલજા સપત્નીવ યત્.'**

આવી ગુણલીલાનાં અધીશ્વરી શ્રીયમુનાજી **'હરિપ્રિયકલિંદયા'** છે. કલિયુગના દોષો દૂર કરનારાં તેથી કાલિન્દી. શરણાગત જીવોના દોષો દૂર કરી, તેઓ તેમને ભક્તિનું દાન કરી, ભક્ત બનાવી શ્રીહરિને પ્રિય બનાવે છે. શ્રીહરિનો પ્રેમ માત્ર પોતે જ પામે એવાં એકલપેટાં નથી. શ્રીહરિનો પ્રેમ સૌને મળે એવો ભાવ રાખનારાં - ભક્તાનુગુણા છે.

જ્ઞાન, કર્મ, યોગ, ઉપાસના સાધનબળે અને પુણ્યબળે મળે, ભક્તિ ન મળે. ભક્તિ કેવળ કૃપાબળે મળે, માટે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને વિનંતી કરે છે કે- **'મનસિ મે સદા સ્થીયતામ્.'** મારા મનમાં સદા બિરાજો - સર્વ ભાવોનું ઉગમસ્થાન મન છે. શ્રીયમુનાજી ભક્તિમહારાણી છે. જીવોને વિશુદ્ધ કરી ભક્તિનું દાન કરવામાં સદા પ્રસન્નતા અનુભવે છે. શ્રીયમુનાજી મનમાં બિરાજે, તો મનમાં ભક્તિભાવ અનાયાસ પ્રકટ થાય - વળી શ્રીઠાકોરજી શ્રીયમુનાજી વિના એકલા રહી શકતા નથી. જ્યાં શ્રીયમુનાજી પધારે ત્યાં શ્રીઠાકોરજી અવશ્ય પધારે. આપણા મનમાં શ્રીયમુનાજીને પધરાવીએ એટલે શ્રીઠાકોરજી પણ પધારે. શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી' માં આજ્ઞા કરે છે કે ''જો શ્રીગોકુલપતિને સર્વાત્મભાવપૂર્વક હૃદયમાં ધારણ કરી લીધા છે, તો હવે લૌકિક વૈદિકમાં બીજું કંઈ કરવાનું બાકી રહે છે ખરું?' માટે શ્રીયમુનાજીને વિનંતી કરીએ કે આપ મારા હૃદયમાં સદા બિરાજો.

શ્રીયમુનાજીના સ્વરૂપ અને ગુણોનું કીર્તન - શ્રવણ - સ્મરણ કરીને શ્રીયમુનાજીને હૃદયમાં ધારણ કરી શકાય. માટે આ પાંચમા શ્લોકમાં શ્રીયમુનાજીની ગુણલીલા દ્વારા ગંગાજી અને લક્ષ્મીજી કરતાં પણ શ્રીયમુનાજીનો વિશેષ ઉત્કર્ષ બતાવ્યો.

શ્રીયમુનાજીની ચરિત્રલીલા

ગુણલીલાના નિરૂપણ પછી છઠ્ઠા શ્લોકમાં શ્રીયમુનાજીની ચરિત્રલીલાનું દર્શન છે. પુરાણો અનુસાર શ્રીપ્રભુ આધિદૈવિક સૂર્ય સ્વરૂપ. શ્રીપ્રભુને બિરાજવાનું સ્થાન - અક્ષરબ્રહ્મ એ દિવ્ય રવિમંડલ. એમાંથી શ્રીપ્રભુના ઉચ્છ્વાસ રૂપે વેદત્રયી - ઋક્, યજુ, સામ - પ્રગટ થયાં. તે આધ્યાત્મિક આદિત્ય સ્વરૂપ. વેદના રહસ્યની સમજનું આધ્યાત્મિક સ્વરૂપ તે સંજ્ઞા. વેદનારાયણ અને સંજ્ઞાદેવી દંપતી. તેમાંથી 'ધર્મ' પ્રકટ થયો. તે યમરાજ. તેમાંથી કૃપા પ્રકટ થઇ. તે શ્રીયમુનાજી. આથી આધ્યાત્મિક સ્વરૂપે શ્રીયમુનાજી યમરાજનાં નાનાં બહેન. જગતમાં કંસના અપવાદને બાદ કરતાં એવો કોઇ ભાઇ નથી, જે નાની બહેનને રાજી ન રાખે !

જે ભાઇ એનાં ભાણેજનું હિત કરે, એના ઉપર એની બહેન રાજી રહે, કારણ બહેનમાં માતૃત્વનો ભાવ વિશેષ છે. સંતાન દુષ્ટ પાકે તો યે માતા એનું હિત જ ઇચ્છે. જે બાળક સ્તનપાન કરે, તેના પર સ્ત્રીને માતૃત્વનો જ ભાવ રહે, પછી તે કદાચ બીજાનું સંતાન કેમ ન હોય!

જે જીવો શ્રીયમુનાજીનું પયપાન કરે છે, તેમના ઉપર શ્રીયમુનાજી માતૃત્વનો ભાવ રાખે છે. એમનું અહિત ન થાય એવો શ્રીયમુનાજીનો ભાવ રહે છે. શ્રીયમુનાપાન કરનારા બધા ભક્તો નથી હોતા. ઘણા પાપી, દુષ્ટ, અપરાધી હોય છે. એમના નસીબમાં સ્વાભાવિક રીતે યમયાતના જ હોય ! પણ યમરાજ લાચાર બને છે, કારણ બહેને એને દીકરો કર્યો છે - પયપાન કરાવ્યું છે ! પોતાના ભાણેજને મામા નરકયાતના કેવી રીતે આપે? શ્રીયમુનાપાન કરનાર મહાદુષ્ટ પણ ફાવી ગયો! શ્રીયમુનાજીની આથી વિશેષ કૃપા શી હોય? લૌકિક માતા પણ દુષ્ટ સંતાન પર આટલી કૃપા ન કરે!

'ન જાતુ યમયાતના ભવતિ તે પયપાનતઃ ।
યમોપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ ॥'

શ્રીયમુનાજી અને જીવ વચ્ચે માતાપુત્રનો સંબંધ એક બીજી રીતે પણ છે. આપણું શરીર પંચમહાભૂતનું બનેલું છે. તે પંચ તત્ત્વોમાં એક તત્ત્વ જળ છે. શ્રીયમુનાજી પણ જળસ્વરૂપ છે. જેમ સંતાનમાં અંશ રૂપે માતાપિતા હોય, તેમ આપણો જળના અંશરૂપે શ્રીયમુનાજી સાથે માતા - સંતાનનો સહજ સંબંધ છે. તેથી જીવ જ્યારે શ્રીયમુનાપાન કરે. ત્યારે તે પાન માતાનું પયપાન છે. એટલે યમદેવ એ જીવને યમયાતનાનો દંડ આપતા નથી.

શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને કહે છે : **'તવ ચરિત્રમત્યદ્ભુતમ્'** તમારું આ ચરિત્ર અતિ અદ્ભુત છે. શ્રીઠાકોરજીના ચરિત્ર માટે પણ શ્રીમહાપ્રભુજીએ આમ જ કહેલું - **''અદ્ભુતકર્મણે''** તમે અદ્ભુત કર્મ કરનારા છો. અસાધન અને નિઃસાધનનું સાધન તમે પોતે જ બની જઇ, તેનો ઉદ્ધાર કરો છો. એના દોષોનો વિચાર કરતા નથી. શ્રીયમુનાજી પણ એવાં જ છે. કોઇએ પણ તેમનું પયપાન કર્યું એટલે તેનો ઉદ્ધાર થઇ ગયો! આ તો અદ્ભુત કર્મ, પણ એમાં અતિ અદ્ભુતના તો એ કે જળપાન કરનારને ખબર પણ ન હોય કે આ યમુનાજળ છે. તેણે માત્ર તરસ છીપાવવા જળ માનીને પીધું હોય. શ્રીયમુનાપાનનું માહાત્મ્ય જાણીને, શ્રીયમુનાપાનના ભાવથી ભલે ન પીધું હોય, તો ય શ્રીયમુનાજી તો તેનો પુત્ર તરીકે સ્વીકાર કરી, ઉદ્ધાર કરે જ ! આટલી અનહદ કૃપાનું ચરિત્ર અતિ અદ્ભુત ચરિત્ર છે.

શ્રીમહાપ્રભુજી કહે છે : હે શ્રીયમુનાજી ! તમારું આવું અતિ અદ્ભુત ચરિત્ર તમારી કૃપાથી જ સમજાય. એ સમજાયા પછી અમે તમને સદા નમન જ કરીએ. **'નમોસ્તુ યમુને સદા'**

શ્રદ્ધાથી અને ભક્તિથી થાય તે સાચું નમન. શ્રીયમુનાજીમાં આપણી શ્રદ્ધા ક્યારે જાગે? જ્યારે શ્રીમહાપ્રભુજી કૃપા કરી આપણો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવે, શ્રીયમુનાજીનું જ્ઞાન કરાવે. શ્રીયમુનાજીનું જ્ઞાન થતાં તેમનામાં શ્રદ્ધા અને સ્નેહ જાગે. ત્યારે હાથ, માથું, શરીર સાચી રીતે નમે. આ શ્લોકથી શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીનું અતિ અદ્ભુત ચરિત્ર કહી, તેમનામાં આપણી શ્રદ્ધા અને સ્નેહ વધારે છે.

શ્રીમહાપ્રભુજીએ આ અતિ અદ્ભુત ચરિત્રલીલા બતાવી. તે સર્વ જીવો માટેની લીલા છે. હવે પુષ્ટિજીવો માટેની શ્રીયમુનાજીની અતિ અદ્ભુત ચરિત્રલીલા આપ બતાવે છે. **''પ્રિયોભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ''**

નંદભવનમાં સોળ હજાર કુમારિકાઓ શ્રીઠાકોરજીની સેવામાં હતાં. તેમણે ગોપ માસમાં (કારતક વદ એકમ થી માગસર સુદ પૂનમ) કાત્યાયનીવ્રત કર્યું. વહેલી સવારે સ્નાન કરી, સુંદર વસ્ત્રો પહેરી, પૂજનની સામગ્રી લઇ, મંગલ ગીતો ગાતાં શ્રીયમુનાજી જાય. ત્યાં શ્રીયમુનાજીની વાલુકામાંથી, તેમની મૂર્તિ બનાવી, પૂજન કરે. શ્રીયમુનાસ્નાન કરે. શ્રીયમુનાજીને હાથ જોડી વીનવે : હે દેવી! શ્રીનંદકુમાર અમને પતિરૂપે મળે એવી કૃપા કરો. કુમારિકાઓની સેવા - વ્રતચર્યાથી શ્રીયમુનાજી પ્રસન્ન થયાં. શ્રીકૃષ્ણે શરદની રાતે રાસલીલા દ્વારા કુમારિકાઓના

મનોરથ પૂર્ણ કર્યા. કુમારિકાઓએ શ્રીયમુનાજીની શ્રદ્ધા અને સ્નેહથી સેવા કરી. શ્રીયમુનાજીની કૃપા થઇ. એ ગોપિકાઓ શ્રીહરિને પ્રિય બન્યાં.

શ્રીરાધિકાજીને કોઈકે પૂછયું : 'હે રાધે, ત્રિભુવનનાયક શ્રીકૃષ્ણ તમને પ્રિયતમ પતિરૂપે પ્રાપ્ત થયા. તે માટે તમે કઇ ગોરમાને પૂજી હતી ? કૌને ગોરતે પૂજી તેને, રાધે?' શ્રીરાધાજીએ જવાબ આપ્યો : 'શ્રીયમુનાજી ગોરતે પૂજી મૈને.' શ્રીરાધાજી અને શ્રીઠાકોરજી વચ્ચે જ્યારે પ્રગાઢ માન થાય, ત્યારે બંનેનું પુનઃ મિલન શ્રીયમુનાજી જ કરાવે. અન્ય કોઇનું સામર્થ્ય નહીં. શ્રીયમુનાજી દ્વારા જ સર્વ વ્રજાંગનાઓ શ્રીહરિને પ્રિય થયાં છે.

એવી કોઇ સ્ત્રી હોય જે સામા પગલે પોતાનામાં પરમ આસક્ત પતિને અન્યને સોંપે અને અન્યના સુખે પ્રસન્ન થાય? આ મહોદારતા શ્રીયમુનાજીની જ! શ્રીરાધિકાજી કદાચ આવું અદેયદાન જલ્દી ન આપે - શ્રીયમુનાજી જ અદેયદાન દક્ષ છે, માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આવું અદેયદાન પામવા શ્રીયમુનાજીને સદા નમન કરો. એમનું ચરિત્ર અદ્‌ભુત જ નથી, અતિ અદ્‌ભુત છે.

અલૌકિકક ફળનું દાન

હવે સાતમો શ્લોક શ્રીયમુનાજીને વિનંતીનો છે. સાતમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને અલૌકિક ફળનું દાન કરવા વિનંતી કરે છે - **'મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમ્'** તમારા સાન્નિધ્યમાં મને તનુનવત્વ પ્રાપ્ત થાવ.

શાસ્ત્રોના મતે લૌકિક વિષયદોષોથી ભરેલ શરીર, હૃદય અને મનથી પ્રભુનો અનુભવ અને પ્રભુમાં પ્રેમ થઇ શકતો નથી. પ્રભુના સાક્ષાત અનુભવ અને પ્રેમ માટે બે બાબતો જરૂરી છે (૧) તન-મનની નિર્દોષતા (૨) તન-મનની અલૌકિકતા. શ્રીમહાપ્રભુજીએ આ વાત **'સંન્યાસનિર્ણય'** ગ્રંથમાં કહી - **'વિષયાક્રાંત-દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ'** વિષયોથી ભરેલા શરીરમાં શ્રીહરિનો આવેશ કદી થતો નથી. કોલસાની વખારમાં સ્વચ્છ સફેદ વસ્ત્રો ન રહી શકે. ઉકરડામાં શુદ્ધ પવિત્ર વાતાવરણ સંભવ નથી. તો નિર્દોષ દિવ્ય પ્રભુ કામ, ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સરના ઉકરડા રૂપી તન-મનમાં કેમ બિરાજે ? જ્યાં સુધી આપણામાં આવો ઉકરડો ભર્યો હોય, એ ગંદકી ગમી ગઇ હોય તો એ છોડી પ્રભુમાં તન-મનની વૃત્તિઓ કેવી રીતે વળે? તદ્‌ન અશક્ય.

તન-મનના વિષયોના ઉકરડાને સાફ કરવા, કચરાને બાળી નાંખી તેનો નિકાલ કરવાના શમ, દમ, નિયમ આદિ માર્ગો શાસ્ત્રોએ બતાવ્યા છે. પણ તે બધાના વશના નથી. વળી તેનાથી સો ટકા શુદ્ધિ અને પવિત્રતા થવાની ખાતરી પણ નથી. આ જન્મમાં તન-મન નિર્દોષ અને અલૌકિક ન પણ બને. પરિણામે ભગવદ્પ્રાપ્તિ અને ભગવદ્પ્રેમ અસંભવ!

તો બીજો ઉપાય શો? શ્રીમહાપ્રભુજીએ બીજો ઉપાય બતાવ્યો. શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં રહો. **'મમાસ્તુ તવ સન્નિધૌ'** અને સાચા મનથી શ્રીયમુનાજીનાં ગુણગાન, સ્તુતિ કરો. **"અતોસ્તુ તવ લાલના."** ભૂતકાળમાં ગોપીજનોએ આ બે કાર્યો કર્યાં હતાં. ગોપીજનો પણ મનુષ્યદેહધારી, સંસારી હતાં. શ્રીયમુનાજીના સ્નાનપાન, સહવાસ અને સ્તુતિથી તેમના ઉપર શ્રીયમુનાજીની કૃપા થઇ. શ્રીયમુનાજીએ અસાધન ગોપીજનોના સંસારદોષો અને વિષયરસો દૂર કર્યા. તેમને શ્રીપ્રભુને લાયક નિર્દોષ અને દિવ્ય તન-મન બક્ષ્યાં અને તે દ્વારા રાસલીલાનું દાન કરી, સ્વરૂપાનંદનો અનુભવ એ જન્મમાં જ કરાવ્યો.

આયુર્વેદમાં કાયાકલ્પનો પ્રયોગ છે. વિવિધ ઉપચારોથી રોગીષ્ટ શરીરની ભીતર રહેલા રોગો, વિકારો, અશુદ્ધિઓનું વમન-વિરેચન કરાવી તન-મનને તંદુરસ્ત બનાવવામાં આવે છે. પ્રૌઢોને યુવાની બક્ષવામાં આવે છે. એવી જ રીતે શ્રીયમુનાજી આપણા તન-મનને તેમના અલૌકિક સામર્થ્યથી 'તનુનવત્વ' આપી શકે છે. 'નવત્વ' એટલે પ્રભુને લાયક નવીનતા. તન-મનના દોષો દૂર થઇ જાય. તન-મનમાં પ્રભુ પ્રત્યે ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રેમ પ્રગટ થાય. દિવ્ય પ્રેમ પ્રભુનું જ સ્વરૂપ છે. પ્રેમનું તન-મનમાં અવતરણ થાય. પ્રભુના દિવ્ય ગુણો તન-મનમાં પ્રકટ થાય. બહારથી ભૌતિક દેખાતો દેહ અને ઇન્દ્રિયો ભીતરથી અલૌકિક સામર્થ્યવાળાં બને. પરિણામે એ 'તનુનવત્વ'થી પ્રભુનાં સાક્ષાત દર્શન અને સાક્ષાત લીલાઓનો અનુભવ થાય. બાહ્ય દેહ હોય એવો જ રહે, આંતર કલેવર સમૂળું બદલાઇ દિવ્ય બની જાય. તેનું નામ **'તનુનત્વ.'**

૮૪-૨૫૨ ભગવદીયોને ભગવદ્કૃપાથી 'તનુનવત્વ' પ્રાપ્ત થયું હતું. આજે પણ ઘણા ભગવદીયોને 'તનુવત્વ'નો અનુભવ છે જ. આપણે સેવા કરીએ છીએ, ત્યારે શ્રીઠાકોરજી 'સાવરણ' - મૂર્તિ કે ચિત્રના આવરણ સાથે બિરાજે છે. આપણને એમનો સાક્ષાત અનુભવ નથી. પરંતુ 'તનુવત્વ' પ્રાપ્ત થતાં સાક્ષાત

અનુભવ - આવરણ વિનાનો અનુભવ થાય. સાક્ષાત અનુભવ માટે તનુનવત્વ આવશ્યક છે. માટે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજી પાસે તનુનવત્વ માગે છે.

શ્રીયમુનાજી આધિદૈવિક સ્વામિની સ્વરૂપે વ્રજમંડળમાં જ બિરાજમાન છે. તેથી તેમનું આધિદૈવિક સરિતા સ્વરૂપ પણ વ્રજમાં જ બિરાજે છે, અન્યત્ર આધિભૌતિક સ્વરૂપ છે. તનુનત્વનું દાન આધિદૈવિક સ્વરૂપથી મળે, આધિભૌતિક સ્વરૂપથી ન મળે. માટે પુષ્ટિભક્તો વ્રજમાં ગોકુળ-વૃંદાવનમાં શ્રીયમુનાજીના તીરે વાસ ચાહે છે. ત્યાં રહી, શ્રીયમુનાજીનાં નિત્ય સ્નાન-પાન કરી, તેમની સેવા કરી, ભોગ ધરી તેમનાં ગુણગાન કરે, તો શ્રીયમુનાજી તેમના પર કૃપા કરી, તેમને તનુનવત્વનું અવશ્ય દાન કરે છે. જેમ શરીરમાં દવા જતાં, અંદરના વિષાણુઓ નાશ પામી શરીર નીરોગી બને, તેમ આધિદૈવિક શ્રીયમુનાજળ મુખ દ્વારા આપણા શરીરમાં જતાં, તેમના દિવ્ય પ્રભાવથી સંસારદોષો અવશ્ય દૂર થાય છે. આથી પુષ્ટિભક્તો શ્રીયમુનાજળનાં ઝારી શ્રીઠાકોરજીને ધરી, તે જળનું પાન કરે છે. એવા સેવાતત્પર વૈષ્ણવોને ભગવદ્‌સેવામાં રુચિ વધે છે, સેવામાં શરીરના દોષો ઉપદ્રવ કરતા નથી. તેમને ભગવદ્ અનુભવ પણ થાય છે.

જે વૈષ્ણવના ઘરમાં શ્રીઠાકોરજી સેવાય છે, ત્યાં સાક્ષાત શ્રીઠાકોરજી નિશ્ચિત રૂપે બિરાજે છે. શ્રીઠાકોરજી જ્યાં બિરાજે ત્યાં વ્રજ છે, ત્યાં શ્રીયમુનાજી પણ ઝારીજી સ્વરૂપે બિરાજે છે. સેવામાં વૈષ્ણવ ઝારીજી ભરે અને ધરે - એ શ્રીયમુનાજીનું સાન્નિધ્ય છે. તે ભરતાં અને ધરતાં શ્રીયમુનાષ્ટકનો પાઠ કરીએ, તે તેમનું ગુણગાન છે. સવાર-સાંજની સેવામાં ઓછામાં ઓછાં આઠેક વખત ઝારીજી ભરાય. એ રીતે શ્રીયમુનાજીનું સતત સાન્નિધ્ય અને ગુણગાન બની રહે. પ્રસાદી યમુના-જળનું પાન થતું રહે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી પોતાના સાન્નિધ્ય અને ગુણગાનનું દાન કરવા શ્રીયમુનાજી આપણા ઘરમાં સામેથી પધારી, બિરાજે છે. આ ભાવથી આપણે સેવાના આગ્રહી થઈએ તો શ્રીયમુનાજીની કૃપાથી 'તનુનવત્વ' અવશ્ય મળે.

એક વખત તનુનવત્વ મળ્યું એટલે મુરારિ શ્રીકૃષ્ણની પ્રીતિ થઈ સમજો. - પછી તે પ્રીતિ દુર્લભ ન રહે - સુલભ બને **'એતાવતા ન દુર્લભતમા રતિઃ મુરરિપોઃ'** શ્રીયમુનાજી જ પ્રભુની પ્રીતિ અપાવી શકે, પ્રભુમાં પ્રીતિ કરાવી શકે, કારણ **'મુકુંદપ્રિયે'**. તેઓ શ્રીમુકુંદ ભગવાનનાં પ્રિયતમા છે. ભગવાન તેમને વશ છે, તેમના કહ્યામાં છે. માટે શ્રીયમુનાજીને રાજી કરો. શ્રીઠાકોરજી જરૂર રાજી થશે.

માતાને રાજી કરવી. સહેલી પિતાને રાજી કરવા અઘરા. માતા રાજી થાય તો તે પિતાને રાજી કરી, આપણું ઇચ્છિત પિતા પાસેથી અપાવે. માતા મીઠાં વચનોથી તરત રાજી થાય. માટે કહ્યું **'અતોસ્તુ તવ લાલના'** અમે તમારી લાલના કરીએ-કાલાઘેલા શબ્દોમાં તમારી સ્તુતિ કરીએ. એ સ્તુતિ કરવાની શક્તિ પણ તમે જ આપજો, શ્રીયમુનાજી! અમારામાં એ શક્તિ પણ નથી.

શ્રીમહાપ્રભુજીએ એમ સૂચવ્યું કે ભક્તની દીનતા અને નિઃ સાધનાથી જ શ્રીઠાકોરજી રીઝે છે, તેમ શ્રીયમુનાજી પણ રીઝે છે. બાળકના પ્રેમભર્યા કાલાઘેલા શબ્દોથી માતા રાજી થાય, તેમ ભક્તની દીનતાભરી વાણીથી શ્રીયમુનાજી પ્રસન્ન થાય છે.

શ્રીયમુનાજીના સાન્નિધ્યથી જેમ ગોપીજનોને તનુનવત્વ મળ્યું, તેમ શ્રીયમુનાજી સાથેના સંગમથી ગંગાજીને પણ વિશેષ કીર્તિ મળી. શ્રીયમુનાજીના સંબંધથી પુષ્ટિભક્તોએ ગંગાજીનું ગુણગાન કર્યું **'સુરધુની પરં સંગમાત્ વૈવ ભુવિ કીર્તિતા.'** શ્રીયમુનાજીના સંગમથી ગંગાજીને તનુનત્વ મળ્યું. શ્રીયમુનાજીના સંબંધ વિના ગંગાજીની પુષિટસ્થિતિ કદાપિ સંભવિત નથી **'ન તુ કદાપિ પુષ્ટિસ્થિતિઃ'** પુષ્ટિમાર્ગમાં ગંગાજીનો સ્વીકાર શ્રીયમુનાજીના સંબંધે જ છે. શ્રીયમુનાજી જે જીવનો હાથ પકડે તેને જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મળે.

શ્રીમહાપ્રભુજી ગોપીજનો અને ગંગાજીને શ્રીયમુનાજીથી પ્રાપ્ત થયેલ તનુનવત્વના ઉદાહરણથી આપણને સમજાવે છે કે શ્રીયમુનાજીના સાન્નિધ્ય અને સેવનથી આપણને પણ તનુવત્વ જરૂર પ્રાપ્ત થાય.

લક્ષ્મીજીથી અધિક ઐશ્વર્ય

સાતમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યુંઃ હે શ્રીયમુનાજી ! અમે તમારી લાલના - કાલીઘેલી ભાષામાં ગુણગાન કરીએ. પરંતુ સ્તુતિ કરવાનું ય જીવનું શું ગજું ? એની પાસે સ્વરૂપ અને ગુણનું શું જ્ઞાન? એની પાસે શબ્દની કઇ શક્તિ? એની પાસે સ્વાર્થ છે. સ્વાર્થથી પ્રાર્થના થાય, સ્તુતિ ન થાય. સ્તુતિ સ્નેહથી થાય. એવો સ્નેહ ક્યાં? જીવ તો સાવ નિઃસાધન, માટે શ્રીમહાપ્રભુજી કહે છે **'સ્તુતિં તવ્ કરોતિ કઃ?'** હે શ્રીયમુનાજી, તમારી સ્તુતિ કોણ કરી શકે?

શ્રીયમુનાજીને **'કમલજાસપત્નીપ્રિયે'** કહ્યાં. કમલજા એટલે લક્ષ્મી. લક્ષ્મીજી પણ ભગવાનનાં પત્ની. શ્રીયમુનાજી પણ ભગવાનનાં પત્ની. તેથી લક્ષ્મીજી અને શ્રીયમુનાજી વચ્ચે શોક્યનો સંબંધ. ભગવાનને એમનાં પત્ની દ્વારા પામી શકાતું હોય તો લક્ષ્મીજીની સ્તુતિ કેમ ન કરવી? શ્રીયમુનાજીની જ સ્તુતિ કેમ કરવી?

એનાં બે કારણ શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં આપે છે. લક્ષ્મીજીનાં બે રૂપ (૧) વિભૂતિરૂપ (૨) ભગવદ્પત્નીરૂપ. વિભૂતિ - દેવી રૂપ લક્ષ્મીજી ભગવાનથી સ્વતંત્ર રીતે પૂજાય છે. એમની પૂજા કરનારા જીવો બહુધા આસુરી - પ્રવાહી જીવો છે. સંપત્તિના સ્વાર્થ માટે તેઓ લક્ષ્મીપૂજન કરે છે. લક્ષ્મીજી રીઝે તો એ જીવોને ધનદોલત આપે. તેથી વિશેષ કંઇ નહીં. ભગવદ્પત્ની રૂપ લક્ષ્મીજીની પૂજા મર્યાદા ભક્તો શ્રીનારાયણની સાથે કરે છે, અથવા શ્રીનારાયણની પૂજા કર્યા પછી લક્ષ્મીજીની પૂજા ભગવદ્પત્ની રૂપે કરે છે. એ ભક્તોને લક્ષ્મીજી વધુમાં વધુ મોક્ષ આપે છે. **'હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ'** લક્ષ્મીજી ઈર્ષાળુ છે. તેથી તેમના ભક્તોને બહુધા થોડું ધન આપી, પોતાના પતિ ભગવાનથી વિમુખ રાખે છે. કોઇ તેમનો હરીફ બને એવું ઇચ્છતાં નથી.

આથી પુષ્ટિભક્તો ક્યારેય લક્ષ્મીજીની સ્તુતિ કરતા નથી. પુષ્ટિભક્તોને ધનદોલતથી લઇને મોક્ષ સુધીનું કોઇ ફળ જોઇતું નથી.

શ્રીયમુનાજીનું સામર્થ્ય લક્ષ્મીથી અધિક છે. - **'ઇયમ્ તવ કથાધિકા.'** શ્રીઠાકોરજીએ રાસ કર્યા બાદ વ્રજાંગનાઓ સાથે શ્રીયમુનાજીમાં જલવિહાર કર્યો રાસના પ્રસંગથી ભગવાન અને ભક્તો એટલા પ્રસન્ન થયા કે તેમના શ્રીઅંગના રોમરોમમાંથી દિવ્ય આનંદરસનાં કણો શ્રીઅંગ પર પ્રકટ થયાં. એ દિવ્ય આનંદ રસકણો શ્રીયમુનાજીના જળમાં એકરસ થયાં. **'સકલ ગોપિકાસંગમઃ સ્મરશ્રમ જલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમઃ'** શ્રીયમુનાજીનું આધિદૈવિક સરિતા સ્વરૂપ આનંદરસપૂર્ણ તો હતું જ. તેમાં ભગવદ્લીલારસ વિશેષ રૂપે ભળ્યો. શ્રીયમુનાજીએ એકલપેટાં બની એ દિવ્ય રસનો આસ્વાદ ન કર્યો. એમનાં સ્નાન અને પાન દ્વારા આપણને પણ એ અલૌકિક ભગવદ્રસનો આસ્વાદ કરાવે છે. ભગવાનની રાસાદિ લીલા નિત્ય છે. તેથી શ્રીયમુનાજળમાં 'સ્મરશ્રમજલ' નિત્ય ભળે છે. તેથી શ્રીયમુનાજી સદા ભગવદ્લીલારસથી પરિપૂર્ણ રહી, પોતાના ભક્તોને એ રસનું દાન કરી, ભગવલ્લીલાના સુખના અધિકારી બનાવે છે. આ સામર્થ્ય લક્ષ્મીજીમાં નથી. શ્રીયમુનાજીનું ચરિત્ર, આમ, લક્ષ્મીજીથી અધિક છે, માટે શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે.

શ્રીયમુનાજી આઠ અશ્વર્ય આપે છે.

આમ, શ્રીમહાપ્રભુજીએ આઠ શ્લોકથી શ્રીયમુનાજીની સ્તુતિ કરી. ત્રણ શ્લોકમાં સ્વરૂપ લીલા, બે શ્લોકમાં ગુણલીલા અને ત્રણ શ્લોકમાં ચરિત્રલીલા ગાઈ. ગંગાજી અને લક્ષ્મીજીથી શ્રીયમુનાજીની મહાનતા બતાવી. શ્રીઠાકોરજી સાથે સમાનતા બતાવી. શ્રીઠાકોરજી પાસે ધાર્યું કરાવાનું અને જીવ પર અચિંતનીય કૃપા કરવાનું સામર્થ્ય બતાવ્યું. આ સૌ શ્રીયમુનાજીની દિવ્ય સંપત્તિ - અલૌકિક ઐશ્વર્ય છે. શ્રીમહાપ્રભુજીએ આઠ શ્લોકમાં શ્રીયમુનાજીનાં આઠ અલૌકિક ઐશ્વર્ય બતાવ્યાં, જે અન્યમાં નથી. આ આઠ અલૌકિક ઐશ્વર્યો નીચે પ્રમાણે છે.

(૧) શ્રીયમુનાજી સાક્ષાત સેવોપયોગી દેહ, સાક્ષાત ભગવદ્લીલાનું દર્શન, ભગવદલીલારસાનુભવ, સર્વાત્મભાવ જેવી પુષ્ટિસિદ્ધિઓ આપનારાં છે. **'સકલસિદ્ધિહેતુમ્.'**

(૨) ભક્તોનો ભગવાનમાં પ્રેમ વધારનારાં છે **'મુકુંદરતિવર્ધિની'**

(૩) પુષ્ટિજીવ પુષ્ટિપ્રભુને લાયક બને, પ્રભુને પ્રાપ્ત કરવામાં તેને નડતા પ્રતિબંધો દૂર કરનારાં શ્રીયમુનાજી છે. **'ભુવંભુવનપાવનીમ્.'**

(૪) શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજીના સમાન ગુણો હોવાથી, શ્રીયમુનાજી ભક્તો પર કૃપાસાગર વરસાવનારાં છે. **'કૃપાજલધિસંશ્રિતે'**

(૫) ભગવાનને પ્રિય પુષ્ટિજીવોમાં રહેલા કલિયુગના દોષો દૂર કરે છે. **'કલિંદયા.'**

(૬) શ્રીયમુનાજીના સેવનથી ગોપીજનોની જેમ પુષ્ટિજીવો પ્રભુના પ્રીતિપાત્ર બને છે. **'પ્રિયો ભવતિ સેવનાત્.'**

(૭) તેમના સાન્નિધ્યમાં રહી, તેમનું સેવન કરનાર પુષ્ટિ જીવોને તેઓ તનુનવત્વનું ફળ આપે છે. **'તનુનવત્વમેતાવતા'**

(૮) સ્મર-શ્રમ-જલ સંમિલિત શ્રીયમુનાજળ પ્રભુના સાક્ષાત આનંદરસનો અનુભવ કરાવે છે, **'સ્મરશ્રમજલાણુભિઃ'**

શ્રીપ્રભુએ પોતાનાં આઠ અલૌકિક ઐશ્વર્યો શ્રીયમુનાજીને આપ્યાં છે, જે શ્રીયમુનાજી નિત્યલીલાસ્થ અને ભૂતળસ્થ પુષ્ટિ જીવોને દાન કરે છે.

શ્રીયમુનાષ્ટકના પાઠનું ફળ

છેલ્લા નવમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી બે વાત કહે છે : (૧) આ સ્તોત્રનો પાઠ કેવી રીતે કરવો? (૨) તેનો પાઠ કરવાથી શો લાભ થાય?

હે સૂર્યસુતા - **'સૂરસુતે'**- તમારા આ અષ્ટકનો **"તવાષ્ટકમિદં"** પાઠ કરનારને **'પઠતિ'** વિવિધ ફળ મળે છે. સંસ્કૃતમાં 'પઠ્' ધાતુનો અર્થ મોટેથી વાંચવું - પાઠ કરવો એવો થાય છે. 'શ્રીયમુનાષ્ટક' પૃથ્વી છંદમાં છે. પૃથ્વી છંદ ગેય છે - ગાઇ શકાય છે. તેથી છંદોબદ્ધ લયમાં 'શ્રીયમુનાષ્ટક' મોટેથી ગાવાની - ગાઇને પાઠ કરવાની આજ્ઞા છે. વિદ્યાર્થી અભ્યાસનું પુસ્તક મોટેથી વાંચી, તેને કંઠસ્થ કરે છે. ત્યારે વિદ્યાર્થી તે પુસ્તકનો ભાવાર્થ બોલવાની સાથે સમજવાની - વિચારવાની કોશિશ પણ કરે છે. તે કેવળ પોપટિયું રટણ કરતો નથી. તેવી રીતે વૈષ્ણવે 'શ્રીયમુનાષ્ટક'ના એકએક શ્લોકના અર્થના ચિંતનપૂર્વક, લયબદ્ધ તાલમાં 'શ્રીયમુનાષ્ટક' ગાવું- તેનો પાઠ કરવો. માત્ર બોલવા ખાતર બોલી ન જવું.

લયબદ્ધ રીતે ગાવાથી ચિત્તને પ્રસન્નતા અને એકાગ્રતાનો અનુભવ થાય છે. શ્રીમહાપ્રભુજીની વાણી મંત્રાત્મક છે. મંત્રપાઠ અને મંત્રજાપ નિશ્ચિત લયમાં થવો જોઇએ. ફ્રન્ટિયર મેલની જેમ ઝડપથી બોલી નાખવાથી, તે કંટાળાજનક થકવી નાખનારી ક્રિયા બને છે. અર્થના ચિંતન વિના પાઠ કરવાથી જીભ પાઠ કરે અને મન બીજે ભટકે. માટે વિચાર અને વાણી બંને જોડાયેલાં રહે તેવી રીતે પાઠ કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે.

આ પાઠ **'સદા'** કરવો. સદા એટલે દરરોજ હંમેશાં નિયમથી કરવો.

વળી આજ્ઞા કરી, **'મુદા'** આનંદપૂર્વક કરવો. ચિત્તની પ્રસન્નતા રાખીને કરવો. માત્ર કરવા ખાતર ન કરવો. એક બાળક તેની માતાને જેટલા પ્રેમથી બોલાવે, એવો પ્રેમ શ્રીમહારાણીમા ઉપર રાખીને, તેમની સાથે સ્નેહથી વાત કરતા હોઇએ એ રીતે આનંદપૂર્વક પાઠ કરવો. કોઇને પ્રેમથી બોલાવીએ તો તે પ્રસન્ન થાય. શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી બંને પ્રેમથી વશ થાય છે.

કેટલીકવાર આપણે શ્રીયમુનાષ્ટકના નવ, એકતાલીસ, ચોર્યાસી કે એકસો આઠ પાઠ કરવાનું ઉત્સાહથી નક્કી કરીએ છીએ. પછી થોડા પાઠ થાય ત્યાં સુધી ઉત્સાહ રહે. ત્યારબાદ થાક લાગવા માંડે. કંટાળો આવે. ક્યારે સંખ્યા પૂરી થાય તેનું ટેન્શન થાય. આ રીતે શ્રીયમુનાષ્ટકના પાઠ ન કરવા એવો શ્રીમહાપ્રભુજીનો

અભિપ્રાય જણાય છે. બાળકને માતાની પ્રેમભરી યાદ જ્યારે આવે, ત્યારે તે માતાને બોલાવે. તે નિયમ લેતું નથી કે હું રોજ પચીસ વખત માતાને બોલાવીશ. એમ શ્રીયમુનાજી ઉપર આપણો પ્રેમ જેમ જેમ વધતો જાય, તેમ તેમ સહજ રીતે શ્રીયમુનાજી વધુને વધુ યાદ આવે અને શ્રીયમુનાષ્ટકનો પાઠ પ્રસન્નતાપૂર્વક સહજ રીતે થાય.

આવી રીતે શ્રીયમુનાષ્ટકના પાઠ કરવાથી પાંચ અલૌકિક ફળ મળે છે. પહેલું ફળ છે. **'સમસ્તદુરિતક્ષયઃ'** - આપણા મનમાં, બુદ્ધિમાં અને ઈન્દ્રિયોમાં જેટલા દોષો - વિકારો છે તે બધા નાશ પામે છે. આપણું તન-મન-આત્મા દોષમુક્ત અને પવિત્ર બને છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગમાં આ દોષોમાંથી મુક્ત થવાના જે માર્ગ અને સાધનો બતાવ્યાં છે, તે ખૂબ જ કઠિન છે. ત્યારે શ્રીમહાપ્રભુજી આપણને તદ્દન સરળ માર્ગ બતાવે છે. પ્રેમથી રોજ શ્રીયમુનાષ્ટક ગાવ. શ્રીયમુનાજીની કૃપાથી શુદ્ધ અને પવિત્ર થશો. પછી એ દોષો આપણને કનડશે નહિ.

જ્યાંસુધી મનમાં કામ, ક્રોધ વગેર ભરેલા છે, ત્યાંસુધી દુનિયાની વ્યક્તિઓ અને વસ્તુઓમાં આપણો મોહ અને લોભ વળગેલો રહે છે. પરિણામે આપણી અહંતામમતા છૂટતી નથી. લૌકિક આસક્તિ ઘટતી નથી. એટલે પ્રભુમાં આપણને પ્રેમ થતો નથી. મન પ્રભુમાં લાગતું નથી. જેમ રાત વીતે એટલે સૂર્યોદય થાય, પ્રકાશ થતાં અંધકાર જાય, તેમ મનના દોષો દૂર થતાં, અહંતામમતા નાશ પામે. લૌકિક આસક્તિ દૂર થાય એટલે પ્રભુમાં પ્રેમ પ્રકટે. શ્રીયમુનાષ્ટકના પાઠથી મનના મેલ ધોવાતાં **'ભવતિ વૈ મુકુંદે રતિઃ'** શ્રીકૃષ્ણ પ્રભુમાં નિશ્ચિતરીતે પ્રેમ થાય છે. શ્રીકૃષ્ણમાં આપણું મન લાગી જાય છે. - ભક્તિ જાગે છે. શ્રીયમુનાજી આપણને કૃષ્ણભક્તિનું દાન કરે છે. આ બીજું ફળ છે.

ભક્તિમહારાણી અને કૃપાશક્તિ શ્રીયમુનાજીએ ભક્તિનું દાન કર્યું એટલે આપણને શ્રીઠાકોરજીના સેવાસ્મરણમાં પ્રીતિ જાગે, રસ પડે, આનંદ આવે. ભક્તિના માર્ગમાં આગળ વધાય. ભક્તિના ફળ રૂપે **'તયા સકલ સિદ્ધયોઃ'** - પ્રથમ શ્લોકમાં બતાવેલી સર્વ સિદ્ધિઓનું શ્રીયમુનાજી દાન કરે છે. અર્થાત્ આ જન્મમાં, આ દેહથી અને દેહ છૂટયા પછી અલૌકિક દેહથી નિત્યલીલામાં શ્રીઠાકોરજીનાં સાક્ષાત્ દર્શન, શ્રીઠાકોરજીની સર્વ લીલાઓનાં દર્શન, એ લીલારસનો અનુભવ, શ્રીઠાકોરજીમાં સર્વાત્મભાવ પ્રાપ્ત થાય છે. સ્વર્ગ-મોક્ષ આદિ ફળ તો મૃત્યુ પછી મળે. એથી યે વિશેષ આ ફળ તો આ જન્મમાં અને પરજન્મમાં ય મળે. શ્રીયમુનાષ્ટકના પાઠનું આ ત્રીજું ફળ છે.

આવા ભક્ત ઉપર શ્રીઠાકોરજી સદા પ્રસન્ન રહે. **'મુરરિપુશ્ચ સંતુષ્યતિ'** શ્રીઠાકોરજી પ્રસન્ન થાય એટલે એમના અલૌકિક આનંદનું દાન કરે. આનંદ પ્રાપ્ત થયો એટલે જીવનની પૂર્ણતા. આ ચોથું ફળ.

પાંચમું ફળ છે - **'સ્વભાવવિજયો ભવેત્'** સ્વભાવ ઉપર વિજય. **'સ્વભાવ'**ના દસ અર્થ ટીકાકારોએ આપ્યા છે.

(૧) મુક્તિદાન એ ભગવાનનો સ્વભાવ. શ્રીયમુનાજીએ બદલી તેમને ભક્તિદાતા કર્યા. આવાં શ્રીયમુનાજી જીવનો લૌકિક રસવાળો સ્વભાવ (Nature) બદલી ભક્તિરસવાળો બનાવે છે. તે સ્વભાવવિજય - સ્વભાવપરિવર્તન.

(૨) જીવનો સ્વભાવ બહિર્મુખ છે. સંસારમાં રસવાળો છે. અભિમાની છે, ક્રોધી અને લોભી છે, મોહગ્રસ્ત, ઈર્ષાળુ છે. શ્રીયમુનાજી આવા જીવને ભક્તિપરાયણ, દીનતા અને નિઃસાધનતાયુક્ત, સેવાસ્મરણમાં રુચિ અને પ્રીતિવાળો બનાવે છે.

(૩) 'સ્વભાવ' એટલે મન. લૌકિક વૃત્તિઓથી પરતંત્ર બનેલા મનને, સ્વતંત્ર કરી પ્રભુમાં નિરુદ્ધ કરે છે.

(૪) સ્વ-જીવભાવ : ભગવદ્સેવા રૂપી આત્મધર્મ - જીવમાં ભગવદ્ સેવારૂપી સહજ ધર્મનો પરમ ઉત્કર્ષ થાય - માનસી ફળરૂપા સેવા સિદ્ધ થાય.

(૫) વિજયનો એક અર્થ છે 'પરાવૃત્તિ' - પુનઃ સેવન - સેવામાં ચિત્તની એકાગ્રતા સંપૂર્ણ રીતે થાય. જીવન પૂર્ણતઃ સેવામય બને.

(૬) વિજય : વિવિધ મનોરથોની પૂર્તિ. ભગવદ્સુખાર્થે સ્વભાવ વિવિધ મનોરથો કરવામાં તત્પર રહે.

(૭) જીવનો કામભાવવાળો સ્વભાવ સર્વાત્મભાવવાળો બને.

(૮) સાત્ત્વિક, રાજસ, તામસ લૌકિક ગુણો લીલામાં અલૌકિક સ્વરૂપવાળા રસરૂપ બને.

(૯) માનભાવવાળો સ્વભાવ દૈન્યભાવવાળો બને

(૧૦) લૌકિક તરફનો સતત મનોવેગ પ્રભુમાં સ્થિર થાય.

ટૂંકમાં કહીએ તો, આખું જીવન - વિચાર, વાણી અને વર્તન - લૌકિક મટી અલૌકિક બની જાય.

આપણને પ્રશ્ન થાય કે આ પાંચે ફળ શ્રીયમુનાષ્ટકના પાઠથી મળશે જ તેની ખાત્રી શી?

શ્રીમહાપ્રભુજી તેની ખાત્રીરૂપી પ્રોમિસરી નોટ લખી આપે છે. **'વદતિ વલ્લભઃ શ્રીહરેઃ'** - શ્રીહરિ - શ્રીસ્વામિનીજીઓ સહિત શ્રીપ્રભુને વલ્લભ - વ્હાલા - છે એવા શ્રીવલ્લભ આજ્ઞા કરે છે. જેમ વેદવાક્ય પ્રમાણ છે. તેમ શ્રીવલ્લભવાક્ય પણ પ્રમાણ છે. કારણ વેદ ભગવદ્મુખારવિંદની વાણી છે, તેવી રીતે શ્રીવલ્લભ ભગવદ્ મુખારવિંદ સ્વરૂપ હોવાથી તેમની વાણી વેદવાણી જ છે. શ્રીવલ્લભ કદી મિથ્યા ન કહે.

શ્રીવલ્લભ શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીના હૃદયને સારી રીતે જાણનારા છે. શ્રીયમુનાજીની જેમ શ્રીવલ્લભ પણ કૃપાશક્તિનું જ સાક્ષાત સ્વરૂપ છે, તેથી શ્રીયમુનાજી અને શ્રીવલ્લભ બે ભિન્ન સ્વરૂપ હોવા છતાં એક જ સ્વરૂપ છે. એટલે શ્રીયમુનાજી કઇ અને કેટલી કૃપા કરે, તે શ્રીવલ્લભથી વિશેષ બીજું કોણ જાણે?

આથી શ્રીવલ્લભની આજ્ઞામાં દૃઢ વિશ્વાસ રાખી, જો આપણે નિત્ય શ્રદ્ધાપૂર્વક, અર્થના ચિંતન સહિત, પ્રસન્ન ચિત્તથી શ્રીયમુનાષ્ટકના લયતાલબદ્ધ રીતે પાઠ કરીએ તો અવશ્ય ઉપરોક્ત પાંચે અલૌકિક ફળ પ્રાપ્ત થાય.

એટલું યાદ રાખીએ કે શ્રીયમુનાજી અન્ય દેવીઓ જેવાં કોઇ સાધારણ દેવી નથી, જે રીઝેથી થોડા લૌકિક ભોગ આપે. તેઓ સાક્ષાત ભગવદ્સ્વરૂપ છે, શ્રીપ્રભુનું જ અવર રૂપ છે. તેઓ માતાથી યે વિશેષ કૃપાળુ છે. પારસમણિ મળે તો તેની પાસે હીરો ય તુચ્છ છે. શ્રીયમુનાજી આપણાં પારસમણિ છે, કલ્પવૃક્ષ છે, કામધેનુ છે. એમનું દૃઢ શારણ ગ્રહણ કરવા તેમના આ સ્તોત્રથી તેમની સ્તુતિ કરતા રહીએ.

શ્રીયમુનાષ્ટક પુષ્ટિના મહેલમાં પ્રવેશવાનું દ્વાર છે. તેથી ષોડશગ્રંથમાં તે પ્રથમ છે. શ્રીયમુનાજી જ પુષ્ટિજીવન અને પુષ્ટિફળ આપનારાં છે. પુષ્ટિના મહેલમાં પ્રવેશવા શ્રીયમુનાજીની કૃપા જરૂરી છે, જે શ્રીયમુનાષ્ટક દ્વારા પ્રાપ્ત થાય છે.

શ્રીયમુનાજીની સ્તુતિ કરતાં અનેક સ્તોત્રો આદિ શંકરાચાર્યજીથી લઇને આજ પર્યંત રચાયાં છે. તે સર્વમાં શ્રીમહાપ્રભુજી રચિત શ્રીયમુનાષ્ટક સ્તોત્ર અનુપમ અને અદ્વિતીય છે.

ફરીથી આપણે યાદ કરીએ

(૧) શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજી રૂપ અને ગુણમાં એક જ છે. શ્રીયમુનાજી

શ્રીઠાકોરજીનું કૃપાશક્તિની સ્વરૂપ છે. તેથી તેઓ શ્રીઠાકોરજીનાં ચતુર્થ સ્વામિની અને પ્રિયતમા છે.

(૨) શ્રીયમુનાજી નિત્યલીલામાં અને પૃથ્વી ઉપર સરિતા અને સ્વામિની ઉભય સ્વરૂપે બિરાજે છે. તેમનાં આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિદૈવિક ત્રણ સ્વરૂપો છે.

સ્વરૂપ	સરિતા સ્વરૂપ	સ્વામિની સ્વરૂપ
આધિદૈવિક	લીલામાં સ્મરશ્રમ જલયુક્ત દ્રવીભૂત રસસ્વરૂપ	ચતુર્થ સ્વામિની સ્વરૂપ
આધ્યાત્મિક	યમયાતના નિવૃત્ત કરવાની શક્તિ રૂપા	તનુનવત્વ દ્વારા ભગવદ્ રસાનુભવ કરાવવાની શક્તિરૂપા
આધિભૌતિક	નદી-જળ સ્વરૂપ	સેવામાં બિરાજતું સ્વરૂપ જેમનાં દર્શન ચર્મચક્ષુથી થાય.

(૩) શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં વાસ કરી, તેમનું સેવા - સ્મરણ કરવાથી અષ્ટવિધ ઐશ્વર્ય અને સિદ્ધિઓનું શ્રીયમુનાજી દાન કરે.

(૪) જીવ શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીને પ્રસન્નતાથી નમન કરવા સિવાય અધિક કંઈ કરી શકતો નથી. માટે શ્રીયમુનાજીને મન, વાણી, શરીરથી પ્રેમપૂર્વક નિત્ય નમન કરવું.

(૫) શ્રીયમુનાપાન અજાણતામાં કરનારની યે યમયાતનામાંથી મુક્તિ થાય છે.

(૬) શ્રીયમુનાજીના સંગથી ગંગાજી પ્રભુને પ્રિય બન્યાં, પુષ્ટિભક્તિ આપનારાં થયાં. શ્રીયમુનાજી ભક્તોનો સદા ઉત્કર્ષ કરે છે.

(૭) લક્ષ્મીજી કરતાં ય શ્રીયમુનાજી મહાન છે. લક્ષ્મીજી વધુમાં વધુ મોક્ષ આપે છે. શ્રીયમુનાજી તનુનવત્વ આપી પ્રભુની પ્રાપ્તિ કરાવે છે.

(૮) શ્રીયમુનાષ્ટકનો નિત્ય આનંદ અને શ્રદ્ધાપૂર્વક પાઠ કરનારના સર્વ દોષો દૂર થાય છે, ભગવાન શ્રીકૃષ્ણમાં પ્રેમ થાય છે, સકલ સિદ્ધિઓ મળે છે, ભગવાન શ્રીકૃષ્ણ તેના પર પ્રસન્ન રહે છે અને તેનો લૌકિક સ્વભાવ બદલાઈ અલૌકિક બને છે.

(૯) શ્રીયમુનાજી પુષ્ટિભક્તિનું દાન કરે છે.

* * *

૧૧. આંબે આવ્યા મ્હોર

('ભક્તિવર્ધિની'ના આધારે)

ભક્તિનો બીજભાવ

દહેરાદુન બાસમતી ચોખા પકવવા માટે એ જ ચોખાનું બિયારણ જોઇએ. એકલું બિયારણ પણ ન ચાલે. એ ચોખાના પાકને અનુકૂળ આવે તેવી જમીન, વરસાદ અને વાતાવરણ પણ જોઇએ, આથી બાસમતી ચોખા દહેરાદુનના પ્રદેશમાં જ પાકે છે, ગુજરાતમાં નહીં. ગુજરાતમાં કમોદ જાતના ચોખા પાકે, તે પણ કચ્છ - બનાસકાંઠાની રેતાળ જમીન અને ઓછા વરસાદની ભૂમિમાં તો નહીં જ.

દહેરાદુન બાસમતીના ઉત્તમોત્તમ ચોખાનો પાક વધુ જથ્થામાં મેળવવા માટે ઉત્તમ ખાતર પણ જમીનને આપવું પડે. ખાતર માપસરનું જોઇએ. ઓછું ન ચાલે. વધારે પડે તો પાક બાળી નાખે. ખેતરમાં ઊગેલો લીલો પાક ઢોરઢાંખર ખાઇ ન જાય તે માટે ખેતરને કાંટાળી વાડ પણ કરવી પડે.

બિયારણ વાવ્યા પછી, ચોખા મળે ત્યાં સુધી ખેડૂતે તબક્કાવાર મંહેનત પણ દિલ લગાવીને કરવી પડે.

આટલું બધું કર્યા પછી પણ, પાક કેટલો થવો તે શ્રીહરિની ઇચ્છા પર આધારિત છે. આપણી ફરજ પાક મેળવવા પ્રયત્ન કરવાની છે.

બધા જ પાક લેવા આટલી બાબતો જરૂરી છે. કેરી જેવાં ફળ માટે પણ આ જ પ્રક્રિયા છે.

આવું જ માનવશરીરનું પણ છે. એમાં હૃદય રૂપી ભૂમિ છે. પૃથ્વી પર વિવિધ પ્રકારની ભૂમિ છે, તેમ મનુષ્યોમાં પણ વિવિધ પ્રકારની હૃદયભૂમિ છે. એ મુખ્ય ત્રણ પ્રકારના પાક લઇ શકે છે. જ્ઞાન, કર્મ, ભક્તિના. કેટલીક હૃદયભૂમિ જ્ઞાનને, કેટલીક કર્મને અને કેટલીક ભક્તિને અનુકૂળ છે. કોઇપણ ભૂમિમાં કોઇપણ પ્રકારનો પાક ઊગતો નથી. ખેડૂત ભૂમિની જાત પ્રમાણે પાક લે છે.

જે પ્રવાહી જીવો છે, તેમની હૃદયભૂમિમાં જ્ઞાન, કર્મ કે ભક્તિનો કોઇપણ

પાક ઊગતો નથી. તે રણભૂમિ છે. જે મર્યાદા જીવો છે, તેમની હૃદયભૂમિ ત્રણ પ્રકારની હોય છે (૧) જ્ઞાનને લાયક (૨) કર્મને લાયક (૩) ભક્તિને લાયક. જે પુષ્ટિજીવો છે, તેમની હૃદયભૂમિ પુષ્ટિભક્તિને લાયક છે.

જાણકાર ખેડૂત ભૂમિને અનુકૂળ બિયારણ વાવે છે. પ્રભુ દરેક મનુષ્યની હૃદયભૂમિને સારી રીતે ઓળખી, તેને અનુકૂળ જ્ઞાન, કર્મ, યોગ, ઉપાસના, મર્યાદા ભક્તિ કે પુષ્ટિભક્તિનું બિયારણ તે તે હૃદયભૂમિમાં રોપે છે. તેને બીજભાવ કહેવામાં આવે છે.

કેરીનો ગોટલો વાવવાથી આંબો થાય. લીંબોળી વાવવાથી લીમડો થાય. જાંબુનો ઠળિયો વાવવાથી જાંબુડો થાય. તેમ ઈશ્વરે જે હૃદયભૂમિમાં જ્ઞાનનો બીજભાવ વાવ્યો છે, તેમાંથી જ્ઞાનનો વડ પ્રકટે છે, કર્મના બીજભાવમાંથી કર્મની નાળિયેરી વિકસે છે અને ભક્તિના બીજભાવમાંથી રત્નાગીરી આફુસ જેવો આંબો વિકસે છે.

પુષ્ટિજીવોમાં પુષ્ટિભક્તિનો બીજભાવ ભગવાન શ્રીકૃષ્ણે વાવ્યો છે, એટલે રત્નાગીરી આફુસનો આંબો જ વિકસે, વડ કે નાળિયેરી નહીં.

વડ, નાળિયેરી ને આંબાની માવજતમાં પણ ફરક પડે. આંબાને જે માવજત અપાય, તે વડ કે નાળિયેરીને ન અપાય. ત્રણેની ઉછેરપદ્ધતિ, પાણી, ખાતર પણ અલગ અલગ. આથી શ્રીમહાપ્રભુજી ભક્તિ રૂપી આંબાની માવજતની રીત 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં બતાવે છે.

ભક્તિના બીજભાવની માવજત

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે કેરીના વાવેલા બધા જ ગોટલા વૃક્ષ રૂપમાં અંકુરિત થતા નથી. અંકુરિત થતા બધા છોડ વૃક્ષ બનતા નથી. બીજનું વૃક્ષ બનવું મનુષ્યની ઇચ્છા પર આધારિત નથી, ઈશ્વરની ઇચ્છા પર આધારિત છે. તેવી રીતે ભક્તિનો બીજભાવ અંકુરિત થવો આપણી ઇચ્છા - અનિચ્છા પર આધારિત નથી. આપણે ભક્તિનો બીજભાવ આપણા હૃદયની ભૂમિમાં વાવી શકતા નથી. તે વવાય છે અને અંકુરિત થાય છે ભગવદિચ્છાથી. આપણે તેની માવજત જરૂર કરી શકીએ છીએ.

ભક્તિરૂપી બીજની માવજત માટે બે બાબતો જરૂરી છે. ત્યાગ અને શ્રવણકીર્તન.

જેમ જમીનમાં ખાતર નાખવાથી જમીન પોચી અને ફળદ્રુપ બનતાં, બીજ જલ્દી વિકાસ પામી, અંકુરિત થાય છે, તેમ ત્યાગ રૂપી ખાતરથી હૃદયની ભૂમિ પોચી અને ભક્તિના વિકાસને લાયક બને છે.

ત્યાગ એટલે અહંતામમતાનો ત્યાગ. વ્યક્તિમાં સૌથી વધુ નડતરરૂપ અહંતામમતા છે. તે અભિમાનને પોષે છે. જ્યાં સુધી મનમાં અભિમાન રહે, ત્યાં સુધી દીનતા ન આવે. દીનતા વિના દાસભાવ દૃઢ ન થાય. દાસભાવ વિના ભક્તિ ન થાય, અહંતામમતા રજોગુણ વધારે. રજોગુણ વધતાં કામક્રોધ વધે. કામ લોભ, મોહ વધારે. ક્રોધ મદ, મત્સર વધારે. રજોગુણ અને તમોગુણ ભક્તિમાં બાધક છે. ભક્તિ માટે સાત્ત્વિક હૃદય જોઇએ. જ્યાંસુધી હૃદય સાત્ત્વિક ન બને, ત્યાં સુધી ભક્તિની વૃદ્ધિ ન થાય.

ત્યાગ બે પ્રકારે થાય (૧) આવેશથી (૨) સમજથી. કોઇ સ્વજન સાથે અણબનાવ થતાં, આવેશમાં આવી તેમનો ત્યાગ કરીએ. કોઇ સ્વજન આપણને સાનુકૂળ નહીં જ બને, એવા અનેક અનુભવો પછી, બહુ વિચારપૂર્વક તેમનાથી છૂટા પડી જઈએ. ડૉકટરે ગળપણ ન ખાવાની સલાહ આપી. દરદી ગળપણ છોડે. છોડયા પછી પણ તે ખાવાની મનમાં તલપ તો રહે જ. ગળપણ તબિયત બગાડશે. માટે સમજપૂવર્ક ગળપણ છોડનાર, ગળપણ સામે પણ ન જુએ. આવેશથી છોડવું તે ત્યાગ છે. સમજથી છૂટે તે વૈરાગ્ય છે.

સંન્યાસ લેનાર વ્યક્તિ જીવનની બાબતોથી દુઃખી થઇને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ભગવા વસ્ત્ર પહેરી લેતો હોય છે. પરંતુ ઘર, ધન અને વ્યક્તિઓનો ત્યાગ એણે સમજપૂવર્ક કર્યો હોતો નથી. પરિણામે એક સંસાર છોડ્યા બાદ, બીજો સંસાર વસાવવાની ખટપટમાં પડે છે. રંગીન વસ્ત્રો છોડી કીમતી ભગવા વસ્ત્રોનો મોહ રાખે છે. ઘર છોડી મઠ કે આશ્રમ બંધાવી તેનો માલિક થઇ બેસે છે. આજીવિકા છોડી દાન, ભેટ અને ફંડફાળાથી ધન એકઠું કરે છે. કુટુંબ છોડી ચેલા વધારે છે. તેમાંથી અનેક કૌભાંડો સર્જાય છે. આ ત્યાગ સાચો ત્યાગ નથી.

કેટલીક વ્યક્તિઓ સંસારની નશ્વરતાને બરોબર સમજીને આત્મજ્ઞાન માટે ગૃહસ્થાશ્રમ છોડી વનમાં પર્વતની ગુફામાં એકાંત વાસ કરે છે. જગતની સર્વ વ્યક્તિઓ અને વસ્તુઓ તરફ તેમના મનનું જરાપણ ખેંચાણ રહેતું નથી. તેઓ સાચા અર્થમાં વૈરાગ્ય ધારણ કરે છે. તેમનો ત્યાગ સાચો ત્યાગ છે.

એવા પણ કેટલાક લોકો હોય છે, જે ગૃહસ્થાશ્રમ છોડીને ભગવા વસ્ત્રો પહેરતા નથી. ઘરકુટુંબ છોડીને સંન્યાસી થઇ જતા નથી, છતાં મનથી તેઓ વિરક્ત હોય છે. જગતમાં રહેવા છતાં, તેમની જવાબદારીઓ બજાવવા છતાં, તેઓ સંસારથી અલિપ્ત રહે છે. મનથી વૈરાગ્યવાળા હોય છે. આવા ગૃહસ્થ ત્યાગીઓ ભક્તિને લાયક હૃદયવાળા હોય છે. તેથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે સંન્યાસી બનીને ભક્તિ થઇ શકશે નહિ. ગૃહસ્થ રહીને ભક્તિ સારી રીતે થઇ શકે છે. જેમ ગંદાપાણીમાં કમળ તેની સ્વચ્છતા અને સુગંધ જાળવીને રહે છે, તેમ ભક્તે જગતમાં ગૃહસ્થ રહીને, ગંદા પાણી જેવા અહંતા-મમતાના ખ્યાલોમાંથી મુક્ત રહેવાનું છે.

વિજ્ઞાનનો નિયમ છે કે એક પાત્રમાં કોઇ એક વસ્તુભરેલી હોય તો તેમાં બીજી વસ્તુ ભરી શકાતી નથી. વાસણમાં હવા ભરેલી હોય તો, તેમાં પાણી ભરી શકાતું નથી. વાસણમાં પાણી જેમ જેમ ભરાય તેમ તેમ હવા તેમાંથી બહાર નીકળી જાય છે. હલકી વસ્તુ બહાર નીકળે અને ભારે વસ્તુ વાસણમાં સમાય. આ જ નિયમ આપણા મનને પણ લાગુ પડે છે. અહંતામમતા રૂપી નકામા ખ્યાલો જે હવા જેવા છે, તે જેમ જેમ મનમાંથી દૂર થાય, તેમ તેમ ભક્તિરૂપી બીજને મનમાં વિકસવા જોઇતી જગ્યા મળે.

બાઇબલ કહે છે કે, દુનિયામાં કોઇપણ માણસ એકી સાથે બે માલિકની ચાકરી કરી શકતો નથી. બંને પાસેથી લાભ મેળવી શકતો નથી. આપણે જગત અને જગદીશ બંનેની ચાકરી કરી, બંને પાસેથી લાભ મેળવવા મથીએ છીએ. એક સાથે દૂધ અને દહીં બંનેમાં પગ રાખવાની કોશિશ કરીએ છીએ. પરિણામે આપણી સ્થિતિ બાવાના બંને બગડે એવી થાય છે. તેથી, કાંતો માણસે જગદીશને સ્વીકારી જગતમાંથી મોહ છોડવો જોઇએ અથવા જગતને સ્વીકારી જગદીશનો વિચાર છોડવો જોઇએ.

શ્રીભાગવતજીમાં રાજા ભરતનો પ્રસંગ છે. ચક્રવર્તી સમ્રાટ રાજા ભરતે સંન્યાસ લીધો. પરંતુ દયાભાવથી એક હરણીને બચાવવા જતાં તેના બચ્ચાની આસક્તિ વળગી. પરિણામે સંન્યાસી ઋષિ ભરતને બીજા બે જન્મ લેવા પડ્યા. આ પ્રસંગ સમજાવે છે કે, જેમને ભગવાન મેળવવા છે તેમણે ભોગ છોડીને ભક્તિમાં જ મન પરોવવું જોઇએ. ભક્તિ અને ભોગ વચ્ચે ઉત્તર દક્ષિણ ધ્રુવનું અંતર છે. એક સાથે ભક્તિ અને ભોગ આપણા મનમાં રહી શકતાં નથી અને મેળવી શકાતાં નથી. આથી શ્રીમહાપ્રભુજીએ ભક્તિરૂપી બીજનો વિકાસ કરવા માટે સૌથી પહેલું સાધન ત્યાગનું બતાવ્યું.

શ્રીમહાપ્રભુજીએ બતાવેલો ત્યાગ સમજપૂર્વકનો ત્યાગ છે. જ્યારે આપણે વ્યક્તિઓ અને વસ્તુઓનો સમજપૂર્વક મનથી ત્યાગ કરી શકતા નથી, ત્યારે શ્રીમહાપ્રભુજી કહે છે કે, મનનો સ્વભાવ કોઇકની સાથે મળવાનો છે. મન એકલવાયું રહી શકતું નથી. મનને પ્રેમની ભૂખ રહે છે. જગતના કોઇ પદાર્થ સાચા પ્રેમને લાયક નથી, એમને પ્રેમ કરવાથી સાચો પ્રેમ મળતો નથી. જગતના પદાર્થોમાં મન હંમેશા લાગેલું રહેતું પણ નથી. તેથી શુદ્ધ અને પૂર્ણ પ્રેમસ્વરૂપ પ્રભુને પ્રેમ કરવો જોઇએ. એમનામાં મનને મેળવી દેવું જોઇએ. આપણી આંખ, કાન નાક, મોં, હાથ એ સર્વ ઇન્દ્રિયોના વિષય પ્રેમસ્વરૂપ પ્રભુને બનાવી દઇએ તો આપોઆપ આપણું મન પ્રભુપરાયણ બનશે. તે સાથે જ આપણું મન જગતના ભોગોમાંથી અને આસક્તિઓમાંથી મુક્ત થશે.

મનને પ્રભુપરાયણ બનાવી લૌકિક આસક્તિઓમાંથી મુક્ત કરવા માટે શ્રીમહાપ્રભુજી કથાશ્રવણ અને કીર્તનનો માર્ગ બતાવે છે. કથાશ્રવણ અને કીર્તન ભક્તિરૂપી બીજને વિકસવા માટેનું પાણી છે.ગરમ ખાતર આપ્યા પછી પૂરતું પાણી ન મળે તો બીજ બળી જાય છે. કેવળ ત્યાગથી ભક્તિનું બીજ બળી જવાનો સંભવ રહે છે. તેની વૃદ્ધિ માટે કથાશ્રવણ અને કીર્તનનું પાણી આપવું એટલું જ જરૂરી છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે જ્યાં સુધી કોઇ વ્યક્તિની શકિત અને સામર્થ્યનો આપણને સંપૂર્ણ અંદાજ ન આવે ત્યાં સુધી તેનામાં શ્રદ્ધા દૃઢ થતી નથી. શ્રદ્ધા વિના પ્રેમ જાગતો નથી. પ્રેમ વિના નિષ્ઠા થતી નથી. જ્ઞાનમાં અને કર્મમાં જેટલી નિષ્ઠા જરૂરી છે તેટલી જ ભક્તિમાં પણ જરૂરી છે. નિષ્ઠા વિનાની ભક્તિ ભવાઇ બની જાય છે. તેથી ભક્તિ માટે ભગવાનની શક્તિ, સામર્થ્ય અને સ્વરૂપને સારી રીતે જાણી સમજી લેવાં ખાસ જરૂરી છે. શક્તિ, સામર્થ્ય અને સ્વરૂપના જ્ઞાનને શાસ્ત્રની પરિભાષામાં માહાત્મ્ય જ્ઞાન કહેવાય છે. માહાત્મ્ય એટલે મહિમા. મહિમા જાણીએ એટલે માન જન્મે. માનમાંથી પ્રેમ જન્મે. તેથી શ્રીમહાપ્રભુજીએ જેમની ભક્તિ કરવી છે એવા ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા સુપેરે જાણવા માટે કથાશ્રવણ અને કીર્તનનો માર્ગ બતાવ્યો.

ભગવદ્કથાઓનું શ્રવણ શ્રદ્ધાપૂર્વક કરવાથી ભગવાનનું સ્વરૂપ સમજાય છે. તેમના વિશેની શંકા-કુશંકા દૂર થાય છે. તેઓ કોઇ મહામાનવ નથી, પણ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા જ છે એ સત્ય દૃઢ થાય છે. તેમની શક્તિ અને સામર્થ્યનું

જ્ઞાન થતાં તેમના સેવક બનવાની તત્પરતા વધે છે. સ્વામી તરીકે તેમનો સ્વીકાર કરવા આપણું મન સજ્જ બને છે. તેમનું શરણ સ્વીકારીએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણની કથાઓના શ્રવણથી તેમના માટે આપણા મનમાં જે શ્રદ્ધા જાગે છે. તે શ્રદ્ધાને તેમનું કીર્તન પ્રેમમાં ફેરવે છે.

કીર્તનમાં શબ્દોની સાથે સૂર, લય અને તાલ મળે છે. તેમાંથી સંગીત પ્રગટે છે. સંગીતમાં મનને એકાગ્ર કરવાની અને આનંદ આપવાની શક્તિ છે. તેથી ભક્તકવિઓ કીર્તન દ્વારા તેમનાં અને ભકતોનાં મનને પ્રભુમાં તન્મય કરી શકતા હતા આજે પણ કીર્તનનું શ્રવણ અને કીર્તન આપણા મનને આનંદપૂર્વક પ્રભુમાં તન્મય કરી દે છે. તેના પરિણામે પ્રભુમાં પ્રેમ જાગે છે. મન પ્રભુમાં લાગેલું રહે છે. વારંવાર કીર્તન સાંભળવાથી, ગાવાથી અને મન તેમજ વાણીથી ગણગણવાથી આપણે મનથી પ્રભુમય બનીએ છીએ. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે, કથાશ્રવણની સાથે કીર્તનને જોડવું જરૂરી છે. કીર્તન વિનાનું કથાશ્રવણ ભૂલાઇ જશે. કથા વિનાનું કીર્તન માત્ર સંગીત બની રહેશે. કથાશ્રવણ અને કીર્તન પરસ્પરનાં પૂરક છે. બંને આપણને કૃષ્ણમય બનાવે છે. મનને ભક્તિમય બનાવે છે.

શ્રીભાગવતજીના પહેલા સ્કંધમાં શ્રીભાગવતજીના વક્તા અને શ્રોતાઓ બતાવ્યા છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શ્રીશુકદેવજી અને રાજા પરીક્ષિત ઉત્તમ વક્તાશ્રોતા હતા. એટલો અધિકાર શ્રીવેદવ્યાસજી અને શ્રીનારદજીનો પણ ન હતો. કારણ કે, શ્રીશુકદેવજી અને રાજા પરિક્ષિતમાં પૂર્ણ વૈરાગ્ય અને પૂર્ણ શ્રદ્ધા હતા કથાશ્રવણ અને કીર્તન માટે પૂર્ણ વૈરાગ્ય અને શ્રદ્ધા જરૂરી છે. તો જ મન કથાશ્રવણકીર્તન સાત્વિક બની શકે છે.

આમ, ભક્તિરૂપી બીજની માવજત કરવાનાં બે સાધનો ત્યાગ અને વૈરાગ્ય આપણે જોયાં. આ બંને સાધનો એક સાથે જ્યારે આપણે અપનાવીએ, પ્રયત્નપૂર્વક ટકાવીએ ત્યારે ભક્તિરૂપી બીજ હૃદયરૂપી ભૂમિમાંથી અંકુર બનીને ફૂટે છે.જ્યાં સુધી જીવનમાં ત્યાગ અને કથાશ્રવણ - કીર્તનનો પ્રેમ ન આવે ત્યાં સુધી સાચી ભક્તિ અંકુરિત થશે નહિ. ગુલાબનું સાચું ફૂલ સુંદર અને સુગંધથી ભરેલું હોય છે. તેમાંથી ગુલાબજળ, અત્તર અને ગુલકંદ બને છે. સુગંધ વિનાના વિલાયતી ગુલાબમાંથી કે કાગળના અથવા પ્લાસ્ટિકના ગુલાબમાંથી ગુલાબજળ, અત્તર અને ગુલકંદ બનતાં નથી. એવી જ રીતે ત્યાગ અને કથાકીર્તન વિનાની

ભક્તિમાંથી ભક્તિનો આંબો મ્હોરતો નથી અને કેરીઓ આવતી નથી. તે જમીનમાંથી બહાર અંકુરિત જ થતો નથી. આજે આપણી કહેવાતી ભક્તિ કૃત્રિમ છે. એટલે એનાં મધુર ફળ આપણે પામી શકતા નથી. એટલે ભક્તિનું મધુર ફળ પામવાની સૌથી પહેલી શરત છે, ત્યાગપૂર્વક કથાકીર્તનમાં તન્મય થવાની.

શાસ્ત્રોએ પણ ભક્તિનાં નવ સોપાન બતાવતાં પહેલાં ત્રણ સોપાન રૂપે શ્રવણ, કીર્તન અને સ્મરણ કહ્યાં, બ્રહ્મસંબંધ લઈને શ્રીઠાકોરજી પધરાવીને સેવા શરૂ ન કરી હોય ત્યારે પણ કથાશ્રવણ, કીર્તન અને સ્મરણ થઈ શકે છે. તે દ્વારા ભગવાનમાં સ્નેહ જાગતાં, સેવા કરવા મન તત્પર બને છે. માટે ત્યાગપૂર્વક કથાશ્રવણ અને કીર્તન ભક્તિરૂપી બીજને અંકુરિત કરનાર ખાતર અને પાણી છે.

ભક્તિરૂપી બીજનો છોડ

ત્યાગ, કથાશ્રવણ અને કીર્તન દ્વારા ભક્તિના બીજભાવની માવજત થતાં, હૃદયની ભૂમિમાંથી ભક્તિ રૂપી આંબાનો અંકુર ફૂટે છે. કોમળ અંકુરમાંથી છોડ અને વૃક્ષ બને તે માટે તેની કાળજી લેવાનો ઉપાય શ્રીમહાપ્રભુજી બતાવે છે. તેના બે વિકલ્પ છે.

પહેલો વિકલ્પ ત્યાગ અને શ્રવણકીર્તન દ્વારા મનને સંસારાસક્તિમાંથી મુક્ત કરી, પ્રભુપ્રેમથી ભીંજાયેલા મનને શ્રીઠાકોરજીની સેવા અને સ્મરણમાં લગાડી દેવું. ઘરમાં રહીને સમર્પિત જીવન જીવવું. તન-મન-ધન ત્રણેનો સેવા તથા કથા-શ્રવણકીર્તનમાં એક સાથે વિનિયોગ કરવો. મનને લૌકિકમાં ભટકવા ન દેવું. આવી મનની પ્રભુપરાયણ સ્થિતિને શ્રીમહાપ્રભુજી **'અવ્યાવૃત્તિ'**ના નામથી ઓળખાવે છે. સેવાસક્તિ અને કથાસક્તિ દ્વારા સ્વરૂપાસક્તિ એ ભક્તિ રૂપી આંબાનું વૃક્ષ છે.

બીજો વિકલ્પ. આપણું મન અવ્યાવૃત્ત ન બની શકે તો મન પરોવીને સેવા કરવી મુશ્કેલ બને. મનની એ સ્થિતિ એટલે **વ્યાવૃત્તિ**. મન સંસારાસકિતમાંથી મુક્ત ન થાય, ત્યાં સુધી વ્યાવૃત્ત રહે. એ પરિસ્થિતિમાં શક્ય તેટલા પ્રમાણમાં મનને શ્રીઠાકોરજીમાં લગાડવાનો પ્રયત્ન કરતાં કથાશ્રવણ, કીર્તન, સ્મરણ કરતા રહેવું. મનને પ્રભુપરાયણ બનાવવાના પ્રયત્નો કરવા. એમ કરવાથી પણ ભક્તિના અંકુરમાંથી વૃક્ષ બને છે.

શ્રીમહાપ્રભુજી ખાત્રી આપે છે કે જે પુષ્ટિજીવો સેવા અને કથાના માધ્યમથી, અથવા સેવા કે કથાના માધ્યમથી શ્રીઠાકોરજીમાં દૃઢ આસકિતવાળા થાય

છે. તેમના ભક્તિના બીજભાવનો અને વૃક્ષનો કદી પણ નાશ થતો નથી. વિષમ સંજોગોમાં પણ તે ટકી રહે છે.

ભક્તિવૃક્ષનાં પાન

આંબો એનાં લીલાં ઝુમખાદર ઘટાદાર પાનની ડાળીઓથી રમણીય લાગે છે. ભક્તિરૂપી આંબાનાં પાન એટલે શ્રીઠાકોરજીમાં ભકતનો શુદ્ધ,નિઃસ્વાર્થ પ્રેમ. પ્રેમરૂપી પાન ફૂટ્યા પછી તેનો વિકાસ થાય છે.

લૌકિક વ્યક્તિઓ અને વસ્તુઓનો ભોગ કરવાની વૃત્તિથી તેમના માટે જાગતો પ્રેમ મોહ છે. મોહમાંથી શોક, દુઃખ અને રાગદ્વેષનાં દ્વંદ્વ જાગે છે. મોહ કલેશ કરાવનારો છે. શ્રીઠાકોરજી માટે હૃદયમાં જાગતો નિઃસ્વાર્થ સ્નેહ પ્રેમ - ભક્તિ છે. તે શોક, દુઃખ, રાગદ્વેષનાં દ્વંદ્વો મિટાડનાર અને દિવ્ય આનંદ આપનાર છે.

શ્રીઠાકોરજી આવો સ્નેહ થયો ક્યારે જાણીએ? ભકિત રૂપી વૃક્ષ પર પાન ફૂટ્યાં ક્યારે જાણીએ? જ્યારે લૌકિક વ્યક્તિઓ, વસ્તુઓ અને વિચારો તરફ સહજ વિરાગ જાગતાં, તેમનામાં રહેલો રાગ દૂર થાય અને શ્રીઠાકોરજી માટે ભાવ જાગે, ત્યારે જાણવું કે આપણો ભક્તિનો આંબો લીલાં પાનથી છવાઇ ગયો છે.

શ્રીદયારામભાઇ પ્રેમ થવા માટે ત્રણ કારણો બતાવે છે. (૧) રૂપ (૨) ગુણ (૩) દ્રવ્ય. લૌકિક માણસ સામી વ્યક્તિનું રૂપ જોઇ અથવા ગુણ જોઇ અથવા તેનું દ્રવ્ય જોઇ, તેના પ્રેમમાં પડે છે. ક્યારેક વધુ સમજદાર માણસ રૂપ, ગુણ અને દ્રવ્ય ત્રણે જોઇને પ્રેમમાં પડે છે. રૂપ, ગુણ અને દ્રવ્ય કાયમી નથી. તે નાશવંત - વિકારી છે. પરિણામે પ્રેમી પસ્તાય છે, તેનો પ્રેમ ખંડિત થાય છે.

શ્રીઠાકોરજીનાં રૂપ, ગુણ અને દ્રવ્ય અવિકારી, અચળ, અવિનાશી છે. તે સર્વોપરી છે. એમની સરખામણી કરે એવું બીજું કોઇ નથી. એમના સ્વરૂપ, સામર્થ્ય અને ઐશ્વર્યને જાણી, જો નિઃસ્વાર્થભાવે તેમને સ્નેહ કરવામાં આવે, તો તેને ‘પ્રેમ’ અથવા ભગવદ્ભાવ કહેવામાં આવે છે.

સાચા પ્રેમનું લક્ષણ એ છે કે તેમાં કદીપણ વધઘટ થતી નથી. ભરતીઓટ આવતાં નથી. કાયમ એકસરખો જ રહે છે. જ્યારે પણ સેવા અને કથાકીર્તન, સ્મરણના માધ્યમથી શ્રીઠાકોરજીની સન્મુખતા થાય, ત્યારે ભક્તનો શ્રીઠાકોરજી પ્રત્યેનો સ્નેહ ફૂવારાની જેમ ઊછળે છે. જ્યારે શ્રીઠાકોરજીનો વિયોગ થાય ત્યારે

તે તાપકલેશથી તન તપી ઊઠે - જાણે તાવ ન ચડ્યો હોય ! ભક્ત કંઇ પણ કામ કરે તો પણ તેનું મન તો શ્રીઠાકોરજીમાં જ લાગેલું રહેશે. તેની આંખ અને મનમાં સદા શ્રીઠાકોરજી રમતા હશે. આવી તન અને મનની સ્થિતિ થાય ત્યારે સમજવું કે આપણો શ્રીઠાકોરજીમાં પ્રેમ થયો છે.

શ્રીઠાકોરજી તો શુદ્ધ દિવ્ય પ્રેમનું સાકાર સ્વરૂપ છે. પ્રેમનો સ્વભાવ છે કે જ્યાં પ્રેમ જણાય ત્યાં ખેંચાય. તેથી શ્રીઠાકોરજી ભક્તની સંપત્તિ, શક્તિ કે સત્તાથી પ્રભાવિત થતા નથી. ભક્તના શુદ્ધ નિઃસ્વાર્થ પ્રેમને જ વશ થાય છે. જેમ ભક્ત ભગવાનથી અલગ રહી શકતો નથી, તેમ શ્રી ઠાકોરજી પણ ભક્તથી અળગા રહી શકતા નથી.

આવો પ્રેમી ભક્ત એક જ ભાવનાથી જીવન જીવે છે. તેના જીવનની સર્વ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને કેન્દ્રસ્થાને શ્રીઠાકોરજી જ હોય છે. તેના મનમાં સતત એક જ ભાવ ઉભરાય છે કે હું શ્રીઠાકોરજીને કેવી રીતે સુખ થાય તેમ કરું? શ્રીઠાકોરજીના સુખને પુષ્ટિમાર્ગમાં **"તત્સુખ"** કહેવામાં આવે છે. તત્સુખને જ પ્રેમી ભક્ત સ્વસુખ માને છે. શ્રીઠાકોરજીની પ્રસન્નતામાં પ્રેમી ભકતને પોતાની પ્રસન્નતાનો અનુભવ થાય છે. શ્રીઠાકોરજી રાજી તો તે રાજી. આવી મનની સ્થિતિ એ ભગવદ્પ્રેમનું પરિણામ છે.

ભક્તિરૂપી વૃક્ષનાં ફૂલ :

વસંત ઋતુ આવતાં આંબા ઉપર મ્હોર આવે છે. આછી સુગંધવાળો મ્હોર આંબાનાં પુષ્પ છે. મ્હોરનાં અનેક ઝુમખાંઓથી આંબો શોભી ઊઠે છે. ભક્તિના આંબાનો મ્હોર એટલે શ્રીઠાકોરજીમાં આસક્તિ. આસક્તિ શબ્દનો અર્થ છે ચારે બાજુથી પૂરેપૂરું ચોંટી જવું. એકવાર ચોંટી ગયા પછી ત્યાંથી ન ઉખડવું. જ્યારે આપણું મન શ્રીઠાકોરજીમાં આવી રીતે સજ્જડ ચોંટી જાય ત્યારે તેને ભગવદાસક્તિ કહેવામાં આવે છે. આ ભગવદાસક્તિ ભક્તિના આંબાનો મ્હોર છે. શ્રીમહાપ્રભુજીએ આસક્તિનું લક્ષણ બતાવ્યું કે, જ્યારે મન શ્રીઠાકોરજીમાં પૂરેપૂરું ચોંટી જાય ત્યારે ઘર, જગત અને સંસારમાંથી ઉખડી જાય છે. તેને ઘર અને ગૃહસ્થજીવનના વ્યવહારોમાં અરુચિ જાગે છે. ઘર બંધનરૂપ લાગે છે. જગત અકળાવે છે. તે પ્રેમી ભક્ત શ્રીઠાકોરજીમાં એટલો આસકત બની ગયો હોય છે કે, શ્રીઠાકોરજીને છોડીને બીજુ કંઇપણ કરવા તે તૈયાર થતો નથી. ભગવદ્પ્રેમ આટલો ઉત્કટ અને સુદૃઢ બને ત્યારે તેને આસક્તિ કહેવાય છે.

શ્રીદયારામભાઇ આસકિતનું લક્ષણ બતાવે છે. તેઓ કહે છે. કે, આખા દિવસમાં એક વખત પણ શ્રીઠાકોરજીને મળ્યા વિના મન રહી ન શકે ત્યારે જાણવું કે શ્રીઠાકોરજીમાં આસક્તિ થઇ છે. શ્રઠીકોરજીના વિરહમાં વિકળતા વધે એ આસક્તિનું લક્ષણ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આસકિતની આવી ભાવસ્થિતિમાં ઘર અને ગૃહસ્થ જીવન અકળાવનારાં લાગતાં હોય તો પણ તેમનો ત્યાગ ન કરવો. જેમ આંબાના મ્હોરમાં કેરીના રસનો સ્વાદ નથી આવતો, તેમ શ્રીઠાકોરજીરૂપી દિવ્ય આનંદરસ આસકિતની સ્થિતિમાં પૂર્ણ રીતે પ્રાપ્ત થતો નથી. ઘર અને ગૃહસ્થ જીવન છોડીને સંન્યાસી થઇ જવાથી દુ:સંગ લાગવાનો વધુ ભય છે. ગમે તે લોકોના ઘેરથી ભિક્ષા માંગીને ભોજન કરવાથી પણ દુષ્ટ અન્નનું ભોજન આપણાં મન-બુદ્ધિને શ્રીઠાકોરજીથી બહિર્મુખ કરે છે. પરિણામે ફરીથી તે ભકત સંસારસકત થાય છે. દુષ્ટ સંગ અને દુષ્ટ ભોજન વાવઝોડા જેવાં છે. વાવઝોડું વૃક્ષ પરથી મ્હોરને ખેરવી દે છે તેથી કેરીઓ બેસતી નથી. તેમ દુ:સંગ અને દુષ્ટ અન્ન ભગવદાસક્તિને દૂર કરે છે. પરિણામે ભક્તિરૂપી આંબા ઉપર શ્રીઠાકોરજીરૂપી કેરીઓ બેસતી નથી. આસક્તિની સ્થિતિમાં ગૃહત્યાગ ન કરવાની શ્રીમહાપ્રભુજીની ખાસ આજ્ઞા છે.

ભકિતરૂપી આંબાનું ફળ :

આંબાના મ્હોરમાંથી કેરીઓ બને છે. તે ધીમે ધીમે મોટી થાય છે. તાપમાં તપતાં કાચી કેરીઓ પાકી થાય છે. મીઠા રસથી ભરપૂર મઘમઘતી થાય છે. તે આંબાનું ફળ છે. બીજાં ફળો કરતાં કેરીના ફળની એક વિશેષતા છે. બીજા ફળના ઠળિયા મોંમાંથી બહાર કાઢ્યા પછી ફેંકી દઇએ છીએ. ફરીથી મોંમાં લઇ ચૂસતા નથી. પરંતુ કેરીનો ગોટલો વારંવાર ચૂસીએ છીએ. તે જલ્દી ફેંકી દેતા નથી. કેરીનાં છોતરાં અને ગોટલાને ચૂસવામાં પણ આનંદ આવે છે.

ભકિતરૂપી આંબાની કેરી એટલે વ્યસન અવસ્થા. વ્યસન શબ્દનો અર્થ છે. બીજા બધામાંથી મનને પૂરેપૂરું ખેંચી લઇ મનગમતી વસ્તુમાં ડુબાડી દેવું. લૌકિકમાં આવતાં દુ:ખોમાંથી ભાગવા માટે મનને ધૂમ્રપાન, શરાબ, કેફી પદાર્થો વગેરેમાં ડુબાડી દેવામાં આવે છે. તેના માદક નશામાં માણસ તેની જાતને ભૂલી જાય છે. પરિણામે, તે દુ:ખમાંથી મુક્ત થઇ ગયો હોય એવો તેને ભ્રમ થાય છે. દુનિયાનું ભાન ભૂલી જાય છે. આ નશો તન અને મનને નુકસાન કરી નાશ કરનારો હોય છે. તે સર્વથા નિંદનીય છે.

પ્રેમી ભક્તનું મન જ્યારે અહંતામમતાના સંસારમાંથી સંપૂર્ણ રીતે મુક્ત થઈને ભગવદ્પ્રેમના સાગરના ઊંડાણમાં પૂરેપૂરું ડૂબી જાય. બાહ્ય જગતનું ભાન ભૂલાવી દે, ત્યારે તે ભાવસ્થિતિને વ્યસન અવસ્થા કહેવામાં આવે છે.

આવી વ્યસન અવસ્થામાં ભક્તનો ભગવાનમાં પૂર્ણ નિરોધ થઈ જાય છે. તો સામે ભગવાનનો પણ ભકતમાં પૂર્ણ નિરોધ થઈ જાય છે.બંને એક ક્ષણ માટે પણ એકબીજાથી અલગ અને વેગળા રહી શકતા નથી. આસકિત અવસ્થામાં ભગવાન પોતાનાં સાક્ષાત સ્વરૂપે ભક્તને દર્શન આપે છે અને તેની સાથે વાતો પણ કરે છે. ભગવાન ભકતની આંખોનો વિષય બને છે. એ જ ભગવાન ભકતની વ્યસન અવસ્થામાં એની આંખોની સાથે એના અંતઃકરણનો પણ વિષય બને છે. ભકતનાં ચિત્તચક્ષુ ખૂલી જાય છે. અંતઃકરણની આંખોથી ભકત શ્રીઠાકોરજીની સર્વ લીલાઓનો અનુભવ સર્વકાળમાં કરે છે. શ્રીઠાકોરજીની સાક્ષાત સેવા અંતઃકરણમાં કરે છે. સેવા માટે જરૂરી સર્વ પદાર્થો દિવ્ય સ્વરૂપમાં તેને પ્રાપ્ત થાય છે. અંતઃકરણમાં થતી આ સાક્ષાત સેવાને શ્રીમહાપ્રભુજી માનસી સેવા કહે છે. તનુવિત્તજા સેવાનું ફળ માનસી સેવા છે. તે પુષ્ટિમાર્ગનું પણ પરમ ફળ છે. ભક્તિરૂપી આંબા પર વ્યસન અવસ્થારૂપી કેરી આવતાં અને પાકતાં માનસી સેવારૂપી ફળના અલૌકિક આનંદરસનું ભકતને રોમરોમ દ્વારા પાન કરવા મળે છે. આમ, ભક્ત બાહ્ય અને આંતર ચક્ષુઓ દ્વારા સતત શ્રીઠાકોરજીનો રસાનુભવ કરતો રહે એ વ્યસન અવસ્થા છે. કોઈ વીરલા પ્રેમી ભક્ત જ આ અવસ્થા સુધી પહોંચી શકે છે. વ્યસન અવસ્થામાં શ્રીઠાકોરજી સાથે તન્મયતા થઈ જતાં સામસામે હૃદય વીંધાય છે. ક્યારેક બાહ્ય શરીર બેભાન બની જાય છે.

આ ત્રણે અવસ્થાનું દાન આપણા પ્રયત્નોથી મળતું નથી. શ્રીઠાકોરજી અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી મળે છે. શ્રીદયારામભાઈ સમજાવે છે કે પ્રેમી ભક્તમાં ચાર લક્ષણો પ્રત્યક્ષ દેખાય છે (૧) **દગરુચિ** - શ્રીઠાકોરજીના દર્શન કરવાની વારંવાર ઇચ્છા થવી અને જ્યાં સુધી દર્શન થતા રહે ત્યાં સુધી ત્યાંથી ન હટવું (૨) **સ્મૃતિ** - શ્રીઠાકોરજીનાં દર્શન ન થાય ત્યારે વારંવાર તેમનું સ્મરણ થયા કરે. કોઈપણ વસ્તુ જોઈએ ત્યારે શ્રીઠાકોરજીને લાયક છે એવો વિચાર આવે (૩) **અભિલાષા** - શ્રીઠાકોરજીને કેવી રીતે લાડ લડાવીએ એવા મનોરથો થાય. તે ઇચ્છાઓ પ્રકટ થાય. (૪) **ઉદ્વેગ** - મન સંસાર તરફ દોડતાં અને શ્રીઠાકોરજીથી વિમુખ થતાં ઉદ્વેગ થાય. બેચેની લાગે.

આસક્તિનાં ત્રણ લક્ષણો શ્રીદયારામભાઇ બતાવે છે. (૧) **વ્યાધિ** - વિના કારણે શરીર રોગી બને. તાવ આવે. અશક્તિ લાગે. શરીરની સ્ફૂર્તિ ચાલી જાય. કશું કરવું ન ગમે. શ્રીઠાકોરજીનો વિરહ અતિશય વધવાથી શરીરની આવી સ્થિતિ થાય છે. તેમાંથી ઘણા રોગો જન્મે છે. (૨) **પ્રલાપ** - જેમ રોગી માણસ રોગના આક્રમણથી બેભાન થાય ત્યારે બેભાન અવસ્થામાં પણ તે બબડતો હોય, એમ આસક્તિવાળો ભક્ત એકલો બેઠો હોય કે હરતોફરતો હોય, ત્યારે શ્રીઠાકોરજી સાથે વાતો કરતો રહે છે. તેના શબ્દો સમજાતા નથી. એટલે પ્રલાપ કરતો હોય એવું લાગે છે. (૩) **ઉન્માદ** - પ્રેમના અતિશય આવેશમાં અને શ્રીઠાકોરજીના સાનુભવના આનંદમાં આસક્તિવાળો ભક્ત ઉન્માદમાં આવી જાય છે. ગાંડા માણસની જેમ એકલો હસે છે યા રડે છે. નાચે છે, કૂદે છે કે ગાય છે. બહારથી પાગલ જેવો જણાય છે. પરંતુ મનથી અત્યંત સ્વસ્થ હોય છે.

વ્યસન અવસ્થાનાં બે લક્ષણો છે. (૧) **જડતા** - જડ માણસ જેમ એક સ્થાનમાં પડયો રહે, દુનિયાથી અલિપ્ત બની રહે, એમ વ્યસન અવસ્થાવાળો ભક્ત બહારથી જડ જેવો દેખાય છે. (૨) **મૂર્છા** - તેને વારંવાર મૂર્છા આવી જાય છે. પરંતુ અંતઃકરણથી તે જાગૃત હોય છે. ક્યારેક આ મૂર્છા શબવત જણાય છે. જાણે તેનું શરીર મૃત્યુ પામ્યું હોય એવું લાગે છે.

ભક્તિના ઉછેરમાં જરૂરી સાવધાની :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આસક્તિ અવસ્થામાં ઘરનો કદી ત્યાગ ન કરવો. પરંતુ વ્યસન અવસ્થા પ્રાપ્ત થયા પછી ઘરમાં ન રહેવું. ઘરનો ત્યાગ કરીને ભગવદ્ અનુભવરૂપી ફળ પ્રાપ્ત કરવા માટે એકાંતવાસ કરવો.

ભક્તિરૂપી વૃક્ષના ઉછેર માટે જ્યાં શ્રીઠાકોરજી બિરાજતા હોય અને જ્યાં ભગવદીયો શ્રીઠાકોરજીની સેવા કરતા હોય ત્યાં જઇને રહેવું. એવા ભગવદીયોનો સંગ કરવો. પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું. તે ભગવદીયોના દોષ આપણા ચિત્તમાં ન આવે તે માટે તેમની સાથે એટલા નજીક કે દૂર રહેવું.

આજીવન યથાશક્તિ સેવા અને કથામાં તત્પર રહેવું.

જ્યાં સુધી વ્યસન અવસ્થા સિદ્ધ ન થાય ત્યાં સુધી ઘર છોડી એકાંતવાસ ન કરવો.

જીવનમાં વિઘ્નો આવે ત્યારે શ્રીહરિ ભગવાન મારું સર્વ પ્રકારે રક્ષણ કરશે એવો દઢ વિશ્વાસ રાખી, એમના અનન્ય થઈને રહેવું. શ્રીઠાકોરજીની કૃપામાં સંશય ન કરવો.

ફરીથી યાદ કરીએ :

(૧) શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને બ્રહ્મસંબંધ કરાવી આપણામાં પુષ્ટિભક્તિનું બીજ રોપ્યું છે.

(૨) આ બીજમાંથી અંકુર ફૂટે તે માટે અહંતા-મમતાનો ત્યાગ અને ભગવદ્કથાઓનું શ્રવણ તથા કીર્તન જરૂરી છે.

(૩) શ્રીઠાકોરજીમાં તેનાથી સુદૃઢ પ્રેમ થાય છે.

(૪) પ્રેમી ભક્તે શ્રીઠાકોરજીમાં પૂરેપૂરું મન લગાવી આજીવન સેવા અને કથામાં આસક્ત બનીને રહેવું.

(૫) જો તે શક્ય ન હોય તો યથાશક્ય કથાશ્રવણ કીર્તન કરતાં મનને શ્રીઠાકોરજી સાથે જોડવાનો સતત પ્રયત્ન કરવો.

(૬) લૌકિકમાંથી પ્રેમ દૂર થવો અને શ્રીઠાકોરજીમાં પ્રેમ લાગવો તે ભગવદ્પ્રેમનું મુખ્ય લક્ષણ છે.

(૭) ભગવદ્પ્રેમ જ્યારે સુદૃઢ બને ત્યારે તેને આસક્તિ કહેવામાં આવે છે. આસક્તિની અવસ્થામાં મન શ્રીઠાકોરજીમાં લાગી જતાં ઘરમાં બેચેની થાય છે. શ્રીઠાકોરજીનો સાક્ષાત અનુભવ થાય છે.

(૮) આસક્તિ ઉત્કટ બનતાં વ્યસન અવસ્થા સિદ્ધ થાય છે. અંતઃકરણમાં શ્રીઠાકોરજીની લીલાઓનો સાક્ષાત અનુભવ થવા લાગે છે. તનુવિત્તજા સેવા છૂટી માનસી સેવા સિદ્ધ થાય છે. તે પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે.

(૯) આવું ભગવદીય જીવન જીવવા માટે કેટલીક બાબતોની સાવધાની જરૂરી છે. આસક્તિની અવસ્થામાં ઘરમાં બેચેની લાગે તો પણ ઘરનો ત્યાગ ન કરવો. દુષ્ટ સંગ અને દુષ્ટ ભોજનથી બચતા રહેવું. હરિસ્થાનમાં ભગવદીયોની સાથે રહી તેમના દોષ ન દેખાય તે રીતે તેમનો સંગ કરવો. વિઘ્નો આવે ત્યારે શ્રીઠાકોરજીનું દઢ શરણ રાખવું. વ્યસનઅવસ્થા થતાં ઘર છોડી એકાંતવાસ કરવો.

* * *

૧૨. પ્રસાદને અનુરૂપ પાત્ર જોઇએ

('પંચપદ્યાનિ'ના આધારે)

ઉત્તમ રસ માટે ઉત્તમ પાત્ર જરૂરી :

ભક્તકવિ શ્રીદયારામભાઈએ એમના એક પદમાં બહુ જ સુંદર અને સચોટ વાત સમજાવી છે. કોઈપણ વસ્તુ ગમે તેટલી ઉત્તમ હોય, પરંતુ તે વસ્તુ મેળવવા કે ભોગવવા માટે માણસમાં પાત્રતા હોવી જોઈએ. માણસ તે વસ્તુને લાયક ન હોય તો તેને મળેલી ઉત્તમ વસ્તુ પણ નકામી જાય છે. શ્રીદયારામભાઈએ સિંહણના દૂધનું દૃષ્ટાંત આપ્યું છે. એવી કવિકલ્પના છે કે સિંહણનું દૂધ સોનાના વાસણમાં જ ટકે, બીજી કોઈપણ ધાતુના વાસણમાં સિંહણનું દૂધ ભરવામાં આવે તો વાસણ ફાટી જાય, તેમાં તે ટકે નહીં. આપણા ભોજનનું પણ એવું છે. ઉત્તમ ભોજન માટે તંદુરસ્તી જરૂરી હોય છે. જેમને લીવરની, આંતરડાની કે એવી બીજી કોઇ બિમારી હોય, જેમની પાચનશક્તિ મંદ પડી ગઇ હોય તેઓ મનભાવતાં મિષ્ટ ભોજન અને ફરસાણ જમી શકતા નથી. તેમને તે પચતાં નથી.

એવું જ ભક્તિરસનું પણ છે. શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં સમજાવ્યું કે ભક્તિરૂપી બીજ વૃક્ષ બને તે માટે તેની માવજત થવી જોઈએ. ભક્તિરૂપી બીજની માવજત માટે તેમણે કથાશ્રવણ અને કીર્તનનો એક ઉપાય બતાવ્યો. આ ઉપાયનો વિચાર કરતાં આપણને પ્રશ્ન થાય છે કે દરેક વૈષ્ણવ તેની શક્તિ અને મતિ પ્રમાણે કથા સાંભળે છે અને કીર્તન કરે છે. ભગવન્નામનું રટણ પણ કરે છે, છતાં તેનામાં ભક્તિનો ભાવ કેમ વિકસતો અને સુદૃઢ થતો નથી?

આનો જવાબ શ્રીમહાપ્રભુજી 'પંચપદ્યાનિ' ગ્રંથમાં આપે છે. જેમ શ્રીભાગવતના પ્રથમ સ્કંધમાં શ્રોતા અને વક્તાનાં લક્ષણો બતાવ્યાં છે, તેમ અહીં પણ ભગવન્નામ લેનાર અને સાંભળનાર વૈષ્ણવોનાં-શ્રોતાઓનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. ઘણીવાર એવું બને કે આપણી ભીતર શક્તિ પડી હોય, પરંતુ આપણને તેનો ખ્યાલ જ ન હોય. તેને લઈને તે શક્તિ બહાર પ્રગટ કરવા આપણે પ્રયત્નશીલ

બનીએ નહીં અને તે શક્તિ અંદર જ પડી રહે, તેનો યોગ્ય ઉપયોગ ન થાય. એવું જ આપણા મનમાં ઘરબાઇ રહેલા ભક્તિના ભાવનું પણ બને. ભક્તિની માવજત કરવા માટે આપણામાં શક્તિ હોય, પરંતુ આપણને તેનો ખ્યાલ જ ન હોય, એટલે બીજાની દેખાદેખી આપણે શક્તિને પ્રગટ કરવાનો સાચો ઉપાય લેવાને બદલે કંઇક ખોટા ઉપાયોના રવાડે ચડી જતા હોઇએ. આથી, એક વૈષ્ણવ તરીકે આપણે ભગવદ્કથાનું શ્રવણ કરનારા કેવા શ્રોતા બનવું જોઇએ, એ જાણી લેવું જરૂરી છે.

ભગવદ્કથાના શ્રોતાઓ :

શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગના ગુરુ છે. તેમના સેવકોને પુષ્ટિના માર્ગ પર ચલાવવા પ્રયત્નશીલ છે. વૈષ્ણવોને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનો ઉપદેશ આપનારા છે. તેથી શ્રીમહાપ્રભુજી ષોડ્શ ગ્રંથોમાં માત્ર પુષ્ટિજીવોને ધ્યાનમાં રાખીને જ ઉપદેશ આપે છે, મર્યાદા અને પ્રવાહી જીવોનો વિચાર કરતા નથી. એટલે આ ગ્રંથમાં પણ શ્રીમહાપ્રભુજી કેવળ પુષ્ટિમાર્ગીય શ્રોતાઓની જ વાત કરે છે.

આગળ જોઇ ગયા કે પુષ્ટિજીવો મુખ્ય ચાર પ્રકારના છે- શુદ્ધપુષ્ટિ, પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા અને પુષ્ટિપ્રવાહી. તેમાં શુદ્ધપુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ જીવો ઉત્તમ અધિકારવાળા છે. પુષ્ટિમર્યાદા જીવો મધ્યમ અધિકારી છે, પુષ્ટિપ્રવાહી જીવોનો અધિકાર હીન છે. આ ત્રણેય અધિકારવાળા જીવો ભગવદ્કથાના શ્રોતાઓ તો છે જ, પરંતુ શુદ્ધપુષ્ટિ અને પુષ્ટિપુષટિ જીવો મુખ્ય અથવા ઉત્તમ શ્રોતા છે, પુષ્ટિમર્યાદા જીવો મધ્યમ શ્રોતા છે, પુષ્ટિપ્રવાહી જીવો હીન શ્રોતાઓ છે. આ ત્રણેય પ્રકારના શ્રોતાઓનાં લક્ષણો આપણે સમજવાં જરૂરી છે, જેથી જો આપણી ભીતર એ લક્ષણોનાં બીજ હોય તો તેમને બહાર પ્રગટ કરી શકીએ અને તેવા શ્રોતા બની શકીએ. જ્યાં સુધી ભગવદ્કથાનું સુપેરે શ્રવણ ન કરી શકીએ, ત્યાં સુધી ભક્તિના બીજભાવની આપણે માવજત કરી શકીશું નહીં. ભક્તિનો બીજભાવ પાંગરશે નહીં.

ઉત્તમ અધિકારવાળા શ્રોતા :

શુદ્ધપુષ્ટિ અને પુષ્ટિ જીવો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને અનુસરીને, સેવાની સાથે સાથે ભગવદ્કથાનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરતા રહે છે. શ્રીમહાપ્રભુજીએ આ માટે એવો જીવનક્રમ બનાવી આપ્યો કે સવારે ઉઠતાં ભગવદ્કીર્તન અને સ્મરણ

થાય, સ્નાન બાદ સેવા થાય. સેવામાં પણ ભગવદ્કીર્તન અને લીલાભાવના તથા ભાવભાવનાનું સ્મરણ ચાલુ રહે, બપોરે અનવસરના સમયમાં ભગવદ્કથાનું શ્રવણ અને ભગવદ્ગુણગાન થાય, સાંજે ભગવદ્સેવાના ક્રમમાં કીર્તન દ્વારા શ્રવણ અને ગુણગાન થાય. આમ, કથા કીર્તન અને સેવાનો એક સતત ક્રમ વૈષ્ણવના જીવનમાં ચાલવો જોઇએ. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે જ્યારે આ ક્રમ તૂટી જાય અથવા ખોવાઇ જાય ત્યારે તે વૈષ્ણવ શ્રીઠાકોરજીથી બહિર્મુખ થાય છે. બહિર્મુખ થતાંની સાથે અહંતા-મમતા સંસારરૂપી સાગરમાં ઢસડાઇ જાય છે અને તેનો વિનિપાત થાય છે. માટે, જે શુદ્ધપુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ જીવો છે તેઓ સેવાની સાથે સાથે સતત કથાશ્રવણ, કીર્તન અને સ્મરણ પણ કરતા રહે છે.

શુદ્ધપુષ્ટિ જીવો અને પુષ્ટિપુષ્ટિ જીવોને કથાશ્રવણ અને કીર્તનમાં વિશેષ આસક્તિ થાય છે. તેનું કારણ તેમનો ભગવદ્પ્રેમ છે. તેઓ ભગવાનમાં અત્યંત સ્નેહવાળા હોવાથી સ્નેહી એવા પ્રભુની કથા આનંદવિભોર બનીને સાંભળવી તેમને ગમે છે. એ જ એમનું જીવન છે, એ સિવાય તેઓ બીજું કંઇ જાણતા નથી. ભગવદ્કથાનું શ્રવણ કરતાં તેઓ તેમાં એવા તન્મય થઇ જાય છે કે દેહગેહનું ભાન ભૂલી જાય છે. ભગવદ્કથામાં સાંભળેલી લીલાઓ તેમના અંતઃકરણમાં તેઓ અનુભવવા લાગે છે.

પુષ્ટિપુષ્ટિ જીવો ભગવાનના સ્વરૂપને ભક્તિનાં સાધનોને સારી રીતે જાણનારા હોય છે. તેમનામાં સ્વરૂપાસક્તિ અને જ્ઞાનનિષ્ઠા બંને હોય છે. તેને કારણે જેટલી આસક્તિ ભગવાનની સેવામાં હોય છે. તેટલી જ આસક્તિ ભગવદ્કથામાં પણ હોય છે. પરિણામે તેઓ ભગવદ્કથાના ઉત્તમ શ્રોતા બને છે.

શ્રીમહાપ્રભુજીએ ઉત્તમ શ્રોતાનાં ત્રણ લક્ષણો બતાવ્યાં છે - શ્રીકૃષ્ણના કથારસથી જેમનું મન બેચેન બને છે. ભગવદ્ભક્ત ભગવાન તરફ સ્નેહભાવવાળો હોય છે. સ્નેહનો સ્વભાવ આનંદ આપવાનો છે. સ્નેહીની હાજરીમાં અને ગેરહાજરીમાં સ્નેહીનું સ્મરણ મનને આનંદ આપે છે અને સાથે સાથે વિહ્વળ પણ બને છે. સાચા ભગવદ્ભક્તોને શ્રીઠાકોરજી માટે શુદ્ધ સ્નેહ હોવાથી શ્રીઠાકોરજીની સેવામાં તેમનાં ચિત્ત આનંદમય બને છે. શ્રીઠાકોરજીની કથાના શ્રવણમાં પણ તેમના મન ભાવવિભોર બને છે, તેમની આંખમાંથી વિરહનાં આંસુ સરે છે, તેમના રોમરોમ કંપે છે, શરીર અસ્વસ્થ થાય છે, મન આકુળવ્યાકુળ બની જાય છે, સર્વ ઇંદ્રિયો ક્ષુબ્ધ થાય છે. આવી મનની સ્થિતિ ભગવદ્કથાના શ્રવણથી થાય ત્યારે તે ભક્ત-શ્રોતા કૃષ્ણમય બની જાય છે. તેઓ ઉત્તમ શ્રોતા છે.

આવા ઉત્તમ શ્રોતાનું એક બીજું લક્ષણ છે. ભગવાનમાં સ્નેહ થતાં તેઓ લૌકિક આસક્તિ ગુમાવી દે છે. જેમજેમ સેવાની અને કથાની આસક્તિ વધે, તેમ તેમ લૌકિક આસક્તિ ઘટે. સામાન્ય લોકોને કથાશ્રવણમાં પ્રેમનો અભાવ હોય છે, કારણ કે પ્રભુમાં પ્રેમનો અભાવ હોય છે. ઉત્તમ ભક્તોમાં ભગવદ્પ્રેમ અત્યંત છલકાય છે, તેને લઈને તેમની કથામાં તેઓ તત્પર અને તન્મય બને છે. ભગવદ્કથા સિવાય અન્ય લૌકિક વિષયોમાં તેમનો વૈરાગ્ય દૃઢ થાય છે.

ઉત્તમ શ્રોતાનું ત્રીજું લક્ષણ છે - તેમને લૌકિક અને વૈદિક કાર્યોમાં તેમનાથી મળતાં ફળોમાં જરા પણ રુચિ હોતી નથી. તેમની રુચિ કેવળ ભગવદ્કથાના શ્રવણમાં જ હોય છે.

આવા ત્રણ લક્ષણવાળા ભક્તો કથાશ્રવણમાં ઉત્કટ ઉત્સુકતાવાળા હોય છે. તેથી તેમને મુખ્ય શ્રોતા કહ્યા છે.

મધ્યમ અધિકારવાળા શ્રોતા :

શ્રીમહાપ્રભુજીના મતે પુષ્ટિમર્યાદા જીવો મધ્યમ અધિકારવાળા શ્રોતાઓ છે. તેઓ ભગવાનના ગુણોને જાણનારા અને તેમાં પ્રીતિવાળા હોય છે. તેમનામાં સેવાશક્તિ ગૌણ અને કથાશક્તિ મુખ્ય હોય છે. આવા શ્રોતાઓના પણ ત્રણ લક્ષણો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યાં છે.

શ્રીમહાપ્રભુજી પહેલું લક્ષણ બતાવે છે. આ શ્રોતાઓને ભગવાનના ગુણો તરફ વિશેષ રુચિ હોવાથી તેમનુ મન ભગવાનના અલૌકિક રસથી ભીંજાયેલું રહે છે, તેથી તેમનામાં કથાશ્રવણની વધારે ઉત્કંઠા હોય છે.

શ્રીમહાપ્રભુજીએ બીજું લક્ષણ બતાવ્યું કથા સાંભળવાથી તેમને ભગવાનનું સ્મરણ વિશેષ રૂપે થઈ આવે છે. તેને કારણે તેઓ ભગવાનના વિરહતાપથી વિહ્‌વળ બની જાય છે, છતાં તેમની નિષ્ઠા ભક્તિના બદલે ભક્તિનાં સાધનોમાં વધારે હોય છે. તેઓ કથાશ્રવણને ભક્તિનું એક સાધન માને છે. માટે તેમને મધ્યમ અધિકારી કહ્યા છે.

શ્રીમહાપ્રભુજીએ આવા શ્રોતાઓનું ત્રીજું લક્ષણ બતાવ્યું. તેઓ જે શાસ્ત્રોની કથાનું શ્રવણ કરે છે તે શાસ્ત્રોના અર્થમાં તેમની નિષ્ઠા વધારે હોય છે, પરંતુ તેમનામાં પુષ્ટિભાવ વિશેષ હોવાથી કથાશ્રવણમાં માત્ર સિદ્ધાંતો સમજવાને

બદલે તેમને ભગવાનના સ્વરૂપના, લીલાઓના અને ગુણોના વર્ણનમાં વધારે રસ પડે છે. તેમનો સ્વભાવ ભગવાનની આનંદયુક્ત લીલાઓના શ્રવણમાં પ્રેમવાળો હોય છે.

આવા શ્રોતાઓને ભગવાનની કથામાં શુદ્ધ નિષ્ઠા હોતી નથી, પરંતુ કંઈક મેળવવાની અપેક્ષાવાળી સકામ નિષ્ઠા હોય છે.માટે તેમને મધ્યમ અધિકારી કહ્યા છે.

રાજા પરીક્ષિત અને વિદુરજી બંને ભગવાનની કથાઓનું શ્રવણ કરતા હતા. ભાગવતજીમાં પરીક્ષિતને ઉત્તમ શ્રોતા કહ્યા છે, પરંતુ વિદુરજીની સરખામણીમાં પરીક્ષિતને મધ્યમશ્રોતા કહ્યા છે. કારણ કે પરીક્ષિતને મોક્ષ મેળવવાની ઈચ્છા હતી, તેથી તેઓ કથાશ્રવણ કરતા હતા. વળી, તેઓ કથાશ્રવણ માટે ગંગાજીના કિનારે જઈને બેઠા હતા, કારણ કે તેઓ એમ સમજતા હતા કે તીર્થસ્થાનમાં કથા સાંભળવાથી વધારે ફળ મળે. વિદુરજીએ મૈત્રેયમુનિ પાસેથી કથાશ્રવણ કર્યું, પરંતુ તેમને કોઈ ફળની કામના ન હતી. વળી મૈત્રેયમુનિ જ્યાં હતાં ત્યાં જઈને તેમણે કથા સાંભળી. તીર્થસ્થાને જવાનો આગ્રહ રાખ્યો ન હતો.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ મધ્યમ અધિકારવાળા શ્રોતાનાં લક્ષણો બતાવ્યાં.

હીન અધિકારવાળા શ્રોતા :

શ્રીમહાપ્રભુજી હીન અધિકારવાળા પુષ્ટિપ્રવાહી જીવોને હીન અધિકારવાળા શ્રોતા કહે છે. તેમનાં ચાર લક્ષણો છે. આવા જીવોમાં પ્રવાહીપણું વધારે હોવાથી ભગવાન પ્રત્યે તેમનો નિષ્કામ ભાવ હોતો નથી, ભગવાનના ગુણોને જાણીએ ભગવાનને પ્રેમ કરનારા હોતા નથી. તેઓ સેવા કરે કે શ્રવણ-કીર્તન-સ્મરણ કરે, તેમાં ક્રિયા જ મુખ્ય હોય છે, મન કે પ્રેમ હોતો નથી. તેથી તેમને કથાશ્રવણનું હીન ફળ મળે છે.

તેમનું પહેલું લક્ષણ એ છે કે તેઓ જ્યારે કથા સાંભળે છે ત્યારે તેમના મનમાં કોઈ પણ શંકા વિના એવું જ્ઞાન જાગે છે કે શ્રીકૃષ્ણ જ પુર્ણપુરુષોત્તમ છે, તેઓ સાક્ષાત્ ભગવાન છે, પરમ કૃપાળુ અને દીનબંધુ છે, પાપીઓનો ઉદ્ધાર કરનારા છે, જગતના સર્વ નામરુપો એમનાં જ છે. આ શ્રોતાઓને શ્રીકૃષ્ણના સ્વરૂપમાં કોઈ શંકાઆશંકા હોતી નથી.

તેમનું બીજું લક્ષણ એ છે કે જ્યારે તેઓ કથા સાંભળે છે. ત્યારે તેટલો

જ સમય તેમનામાં ભગવાનનો આવેશ થતાં તેઓ વિકળ બને છે. આ વિકળતા કાયમ રહેતી નથી. તેઓમાં ભક્તિ ઓછી અને જ્ઞાન વધારે હોય છે. તેને કારણે કથામાં અર્થનિષ્ઠાને બદલે શબ્દનિષ્ઠા વધુ હોય છે.

તેમનું ત્રીજું લક્ષણ એ છે કે તેઓ ભગવાનમાં પ્રેમવાળા ઓછા અને જ્ઞાનબુદ્ધિવાળા વધારે હોય છે.

તેમનું ચોથું લક્ષણ એ છે કે તેઓ અહંતા-મમતાવાળા સંસારમાં આસક્ત હોય છે. લૌકિક સુખો મેળવવા માટે કથાનું શ્રવણ કરે છે. આવું હીન ફળ મેળવવાના હેતુવાળા હોવાથી તેમનો હીન અધિકાર બતાવ્યો છે.

શરણમાર્ગીય શ્રોતા :

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોનું વર્ગીકરણ અન્ય પ્રકારે પણ કર્યું છે. તેમાં ભક્તિમાર્ગીય અને શરણમાર્ગીય એવા બે પ્રકારો બતાવ્યા છે. ઉપર જોઇ ગયા તે બધા જીવો પુષ્ટિમાર્ગીય જીવો છે, કારણ કે તેઓ તેમના અધિકાર પ્રમાણે સેવા અને કથા બંને કરે છે. પરંતુ કેટલાક પુષ્ટિજીવો શરણમાર્ગીય જીવો છે, કારણ કે તેઓ સેવા કરી શકતા નથી, કેવળ કથાશ્રવણ દ્વારા પ્રભુમાં મન પરોવવાનો પ્રયત્ન કરે છે. આવા શરણમાર્ગીય જીવોને ભગવાનના સ્વરૂપમાં મોક્ષ મળે છે. આ શરણમાર્ગીય શ્રોતાઓનું એક લક્ષણ શ્રીમહાપ્રભુજી બતાવે છે.

ભગવાનમાં તેમની અનન્યતા હોય છે. તેઓ ભગવાનને દૃઢ રીતે શરણાગત હોય છે. તેથી શાસ્ત્રોમાં બતાવેલ દેશ, કાલ, દ્રવ્ય, કર્મ, મંત્ર અને કર્તાના છ સાધનોમાં એમની આસક્તિ અને અભિમાન હોતાં નથી. તેમની જ્ઞાનદૃષ્ટિ બાહ્ય છે. એટલે તેમનામાં ભગવદ્ભક્તિ ઓછી છે. પરિણામે ભગવાન સિવાયના પદાર્થોમાં પણ તેમની સ્ફૂર્તિ રહે છે. તેઓ ભગવાનમાં અનન્ય મન રાખીને કથાશ્રવણ કરે છે.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ ચાર પ્રકારના શ્રોતાઓ બતાવ્યા. આપણે આપણા અધિકાર પ્રમાણે કયા પ્રકારમાં બંધબેસતા આવીએ, એનો વિચાર કરવો જોઇએ. તે લક્ષણોને પ્રયત્નોથી ખીલવવાં જોઇએ અને તે દ્વારા ભગવદ્કથાશ્રવણમાં તત્પર થવું જોઇએ. તેમ કરવાથી આપણામાં રોપાયેલું ભક્તિનું બીજ પાંગરે છે.

ફરીથી યાદ કરીએ :

(૧) ફળની દૃષ્ટિએ પુષ્ટિજીવો ત્રણ પ્રકારના અધિકારવાળા છે. શુદ્ધ પુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ જીવો ઉત્તમ, પુષ્ટિમર્યાદા જીવો મધ્યમ અને પુષ્ટિપ્રવાહી જીવો હીન અધિકારવાળા છે.

(૨) કથાશ્રવણ માટે પણ આ ત્રણ અધિકારવાળા જીવો ત્રણ પ્રકારના શ્રોતાઓ છે. શુદ્ધ પુષ્ટિ અને પુષ્ટિપુષ્ટિ જીવો ઉત્તમ પ્રકારના, પુષ્ટિમર્યાદા જીવો મધ્યમ પ્રકારના અને પુષ્ટિપ્રવાહી જીવો હીન પ્રકારના શ્રોતાઓ છે.

(૩) ઉત્તમ પ્રકારના શ્રોતામાં ત્રણ લક્ષણ જોવા મળે છે. ભગવદ્‌કથાના શ્રવણથી શ્રીકૃષ્ણમાં તેમનુ મન એટલું બધું આસકત થાય છે કે તે ભાવવિભોર બની લૌકિકમાં આકુળવ્યાકુળ થઈ જાય છે. તેમનો દેહ અસ્વસ્થ બને છે. શ્રીઠાકોરજીમાં ચોંટી જતા તેમને જગતનું વિસ્મરણ થાય છે. શ્રીઠાકોરજીમાં પ્રેમ વધતાં કથાશ્રવણમાં પ્રેમ વધે છે. કથાશ્રવણ વિના તેઓ રહી શકતા નથી. પરિણામે લૌકિક અને વૈદિક કાર્યોથી તેમની આસકિત છૂટી જાય છે. આવા લક્ષણો જેમનામાં દેખાય તે ઉત્તમ શ્રોતા.

(૪) મધ્યમ અધિકારવાળા શ્રોતાના પણ ત્રણ લક્ષણ છે. ભગવાનના ગુણોમાં વિશેષ રુચિ હોવાથી કથાશ્રવણથી તેમનું મન ભગવદ્‌ભાવથી ભીંજાઈ કોમળ રહે છે. કથાશ્રવણથી ભગવાનનું વિશેષ રૂપે સ્મરણ થતા તેઓ વિહ્‌વળ બને છે. તેમનામાં કથાશ્રવણથી અર્થનિષ્ઠા આવે છે.

(૫) હીન શ્રોતાના ચાર લક્ષણ છે. કથાશ્રવણથી શ્રીકૃષ્ણમાં અનન્ય બને છે. તેઓ સકામ ભાવે કથા સાંભળે છે. પરિણામે કથાશ્રવણથી વિકળતા થતી નથી. તેમનામાં અર્થનિષ્ઠાને શબ્દનિષ્ઠા હોય છે. તેમની સંસાર આસક્તિ છૂટી હોતી નથી.

(૬) જે પુષ્ટિ જીવો શરણમાર્ગીય છે અને કથાશ્રવણમાં તત્પર છે. તેમનામાં ભગવાન પ્રત્યે કથાશ્રવણથી અનન્યતા અને દૃઢ શરણાગતિ સિદ્ધ થઈ હોય છે.

* * *

૧૩. સુખસાગરના મરજીવા

('જલભેદ'ના આધારે)

જળ અને જીવનનું સામ્ય :

શ્રીમહાપ્રભુજીએ વેદની વિચારધારા દ્વારા જળ અને જીવન વચ્ચેનું સામ્ય ખૂબ જ મૌલિક રીતે સમજાવ્યું છે. વેદમાં જુદાજુદા ઓગણીસ પ્રકારના જળનું વર્ગીકરણ, તે જળ જે પાત્રમાં રહે છે તેના આધારે કરવામાં આવ્યું છે. મૂળભૂત રીતે જળ શુદ્ધ, શીતળ અને સાત્ત્વિક હોય છે. તે મધુર પણ હોય છે, શરીરને પોષક હોય છે, અન્નને પાચક હોય છે. પરંતુ તે જળ જે જે પાત્રમાં ભરાય છે તે તે પાત્રના ગુણદોષ તેમાં ભરાયેલા જળમાં આવે છે. તેના પરિણામે તે જળ જે તે પાત્રના ગુણદોષવાળું બને છે. તેથી કેટલાંક પાત્રોનું જળ જીવનને તંદુરસ્તી બક્ષનારું હોય છે, તો કેટલાંક પાત્રોનું જળ પ્રદુષિત હોવાથી જીવનને રોગી બનાવનારું બને છે. આથી જળની પસંદગી તેના પાત્રના આધારે આપણે કરીએ છીએ.

વેદમાં બતાવેલાં જળના પ્રકાર :

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વેદમાં જે ઓગણીસ પ્રકારનાં જળ બતાવવામાં આવ્યાં છે તે આ પ્રમાણે છે (૧) કૂવાનું જળ (૨) નહેરનું જળ (૩) ખેતરમાં કરવામાં આવેલી નીકનું જળ (૪) જમીનના નીચેના ભાગમાં ભરાઇ રહેલું ખાડાનું ગંદુ જળ (૫) નદીના પટમાં ખોદેલા વીરડાનું જળ (૬) નદીના ઊંડા ધરાનું જળ (૭) વાવનું જળ (૮) સરોવરનું જળ (૯) નાના તળાવનું જળ (૧૦) તળાવડીનું જળ (૧૧) વરસાદનું જળ (૧૨) પરસેવાનું જળ (૧૩) પર્વત પરથી પડતા ધોધનું જળ (૧૪) ઝાકળનું જળ (૧૫) ઝરણાનું જળ (૧૬) એક જ સ્થળમાં સ્થિર થઇને રહેલું જળ (૧૭) નદીનું જળ (૧૮) મોટી નદીનું જળ (૧૯) સમુદ્રનું જળ.

સંસ્કૃતમાં જળને જીવન કહેવામાં આવ્યું છે. જેમ જળ વહેતું રહે છે, તેમ જીવન પણ વહેતું રહે છે. જળ તેના પાત્રના ગુણદોષ ધારણ કરે છે, તેમ આપણું જીવન પણ જેમનો સંગ થાય છે. તેમના ગુણદોષ ધારણ કરે છે. જળ શુદ્ધ કે અશુદ્ધ બનાવી શકાય છે, તેમ જીવનને પણ ઉત્તમ કે હીન બનાવી શકાય છે. જળ

ભગવદ્સેવાના ઉપયોગમાં લઇ શકાય છે અને લૌકિક જીવનના ઉપભોગમાં પણ વાપરી શકાય છે, તેમ આપણું જીવન પણ ભગવદ્સેવામય અથવા લૌકિક ભોગમય બનાવી શકાય છે. આમ જળ, અને જીવન વચ્ચે મૂળભૂત રીતે ઘણું સામ્ય છે.

જળના ભેદો દ્વારા ભક્તિના મનોભાવોના ભેદો

આથી શ્રીમહાપ્રભુજીએ જળના વિવિધ ભેદો દ્વારા ભગવદ્ભક્તોના વિવિધ મનોભાવોના ભેદ 'જલભેદ' નામના ગ્રંથમાં બતાવ્યા છે.

શાસ્ત્રોમાં ભક્તિના ચોયાસી પ્રકારો બતાવ્યા છે. દરેક ભક્તના મૂળ સ્વરૂપ અને અધિકાર પ્રમાણે આ ચોર્યાસી પૈકી કોઇ એક પ્રકારની ભક્તિનું બીજ તેના હૃદયમાં પ્રભુ દ્વારા રોપાયેલું હોય છે. આ બીજની માવજત કરવાનો માર્ગ શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમા બતાવ્યો હતો. કથાકીર્તન દ્વારા ભક્તિના બીજભાવની માવજત થઇ શકે છે, એમ શ્રીમહાપ્રભુજીએ ત્યાં સમજાવ્યું હતું.

શ્રીમહાપ્રભુજી અહીં સમજાવે છે કે ભગવદ્ગુણગાન દરેક ભક્ત કરે છે. આ ભગવદ્ગુણગાન ક્યારેક ભક્ત કેવળ પોતાના શ્રવણ માટે કરે છે. તેનો શ્રોતા તે પોતે જ હોય છે. ક્યારેક ભક્ત ભગવદ્ગુણગાન અન્ય ભક્તોની મંડળી વચ્ચે તે તે ભક્તોના ભાવના પોષણ માટે કરે છે. ક્યારેક ભક્ત ભગવદ્કથાનો વકતા બનીને શ્રોતાઓના મોટા સમૂહ સામે ભગવદ્કથા કરે છે. આમ, ભગવદ્ગુણગાન. વિવિધ સ્વરૂપોમાં થાય છે.

આપણે એક દૃષ્ટાંત લઇને આ વાત સમજીએ. શ્રીમદ્ ભાગવત ભગવદ્લીલાઓનું મહાપુરાણ છે. કોઇ ભક્ત પોતાના ભાવના પોષણ માટે સેવાના અનોસરના સમયમાં, અર્થના અનુસંધાન સાથે, નિયમથી શ્રીભાગવતના અધ્યાયોનો રોજ પાઠ કરે, ત્યારે તે ભક્તના મુખમાંથી નીકળેલ શ્રીભાગવતની કથા તેના કાન દ્વારા તેના હૃદયમાં પ્રવેશે છે, એટલે તે ભક્ત તેના માટે શ્રીભાગવતીકથાનો જેમ શ્રોતા છે, તેમ વકતા પણ છે.

બીજો એક ભક્ત એવો છે કે જે નિત્ય વૈષ્ણવોની નાની મંડળીમાં બેસીને શ્રીભાગવતકથાનું વાચન કરે છે. તે ભક્ત શ્રીભાગતકથાનો વકતા પણ છે અને શ્રોતા પણ છે.

ત્રીજો એક ભક્ત એવો છે કે જે શ્રીભાગવત શાસ્ત્રને સારી રીતે સમજીને, શ્રોતાઓના મોટા સમૂહને કથાશ્રવણ કરાવે છે. તે કથાનો મુખ્ય વક્તા છે, સાથે સાથે શ્રોતા પણ છે.

આમ, વિવિધ હેતુઓથી, વિવિધ ભક્તો ભગવદ્ગુણગાન કરે છે.

આપણને પ્રશ્ન થાય કે શ્રીભાગવતકથા તો એક જ છે, જે શ્રીવેદવ્યાસજીએ લખી અને શ્રીશુકદેવજીએ કહી, જેના પર શ્રીમહાપ્રભુજીએ 'શ્રીસુબોધિનીજી' લખ્યાં. કોઈપણ માણસ તે કથાના વકતા બની તે કથા સંભળાવે તો કથા સાંભળવાનું ફળ એકસરખું મળવું જોઈએ. વક્તા બદલાવાથી કથાનું ફળ ઓછુંવત્તું કેમ થાય?

શ્રીહરિરાયજી 'શિક્ષાપત્ર'માં આ પ્રશ્નનું સુંદર સમાધાન કરે છે. કથા એક જ છે. તે જળ જેવી છે. જળમાં પાત્રના ગુણદોષ આવે છે, તેમ કથાના વક્તાના મનના ભગવદ્ભાવોના ગુણદોષ તેમની વાણીમાં પ્રકટ થાય છે, એટલે ભગવદ્ગુણગાનના વક્તાના મનમાં જે ભાવો હોય તે ભાવોને અનુરૂપ તેમના મુખે કહેવાયેલી ભગવદ્કથાનું ફળ તેના શ્રોતાઓને મળે છે. વક્તા પોતે પણ પોતાની કથાનો શ્રોતા હોવાથી વક્તાને પણ તેમના ગુણગાનનું ફળ, તેમના મનોભાવોને અનુરૂપ મળે છે. ભગવદ્ગુણગાન ભગવદ્ભાવને દૃઢ કરી તેની વૃદ્ધિ કરવા માટે છે. ભગવદ્ગુણગાનથી આપણા ચિત્તનો ભગવાનમાં નિરોધ થાય છે. ભગવદ્ગુણગાન ઉત્તમ સાધન હોવા છતાં તે કોના મુખથી થાય છે, તેના ઉપર તેના ફળનો આધાર રહે છે. આપણે અંગત જીવનમાં જે ભગવદ્ગુણગાન કરીએ તે ગુણગાન કરતી વખતે આપણા મનોભાવ કેવા કેળવવા જોઈએ તે પણ આ ગ્રંથથી સમજાય છે. આ ગ્રંથ માત્ર વકતાઓની પસંદગી કરવા માટે જ નથી, પરંતુ આપણા નિજી જીવનમાં આપણાથી હરહંમેશ થતા ગુણગાન માટે પણ મનમાં કેવા ભાવ રહેવા જોઈએ, તે સમજવા માટે પણ છે.

આમ, શ્રીમહાપ્રભુજીએ વિવિધ પ્રકારના જળ અને વિવિધ પ્રકારના મનોભાવવાળા ભક્તોના જીવનની સરખામણી કરી છે. આ સરખામણી ખૂબ જ રસમય છે.

પ્રથમ પ્રકારનો મનોભાવ :

શ્રીમહાપ્રભુજી પહેલા પ્રકારના મનોભાવવાળા ભક્તોની સરખામણી કૂવાના જળ સાથે કરે છે.

કેટલાક કૂવા ઉત્તમ હોય છે, કેટલાક કૂવા તીર્થમય-પવિત્ર હોય છે, કેટલાક કૂવા અમૂક સમય પૂરતા જ ઉત્તમ હોય છે. અમૂક વિશેષ દિવસે તેનું જળ તીર્થરૂપ ગણાય છે. કેટલાક કૂવા સાધારણ હોય છે, કેટલાક કૂવા સૂકા હોય છે, કેટલાક

કૂવાનું જળ મોળું હોય છે તો કેટલાકનું ખારું હોય છે. કેટલાક કૂવાનું જળ મીઠું પણ હોય છે. ખારું જળ વાપરવા લાયક હોતું.નથી, મીઠું જળ ગુણકારી હોય છે.

કેટલાક કૂવા છીછરા હોય છે, તો કેટલાક ઘણા ઊંડા હોય છે.ઊંડા કૂવામાંથી જળ મેળવવું ઘણું કષ્ટદાયક હોય છે. છીછરા કૂવામાંથી જલદી જળ લઇ શકાય છે. છતાં કૂવા સુધી જઇને દોરડાથી જળ ખેંચી, જળ ઘર સુધી લઇ આવી, વાપરવાનું કાર્ય કષ્ટદાયક અવશ્ય હોય છે.

કેટલાક ભક્તો આવા કૂવા જેવા હોય છે. કેટલાકના મનમાં ભક્તિનો ઉત્તમ ભાવ હોવાથી તેવા ભક્તો જંગમ તીર્થરુપ હોય છે. કેટલાક ભક્તો લૌકિકમાં રચ્યાપચ્યા હોવા છતાં ભગવદ્‌ગુણગાન કરતી વખતે તેમાં તન્મય બને છે. એટલે તેટલા સમય પૂરતા તેઓ તીર્થમય હોય છે. કેટલાક ભક્તોનો ભક્તિભાવ અતિ સાધારણ કે અલ્પ હોય છે, તો કેટલાક ભક્તોમાં ભક્તિનો બાહ્ય દેખાવ જ હોય છે, મનમાં ભગવદ્‌ભાવ હોતો નથી.

આવા ભક્તો પૈકી કેટલાક ભક્તો જ્યારે ભગવદ્‌ગુણગાન કરે છે. ત્યારે તેમના હૃદયમાં બિરાજમાન શ્રીપ્રભુના ચરણકમળોને વિરહતાપાત્મક અગ્નિથી ભરેલા એ ગુણગાનના શબ્દોનો સ્પર્શ થાય છે. જેમ ચંદનની સુગંધ ધૂપ રૂપે સર્વત્ર ફેલાય, તેમ ભગવાનના દિવ્ય છ ગુણોવાળી ભગવદ્‌કથારૂપી ધૂપની સુગંધ હૃદયમાં બિરાજમાન શ્રીપ્રભુને અંગીકાર થઇ, ભકતોના મુખમાંથી શબ્દો રૂપે બહાર આવે, ત્યારે ભગવદ્‌નામનો અલૌકિક રસ સાંભળનારના કાન દ્વારા હૃદયમાં પ્રવેશે છે, ત્યાં સ્થિર થાય છે. તે ભગવદ્‌રસ ભગવદ્‌ભાવનું સ્વરૂપ ધારણ કરે છે. અને ભક્તિને સુદૃઢ બનાવે છે.

પરંતુ કેટલાક ભક્તોની વાણી હૃદયમાંથી નીકળવાને બદલે કેવળ મુખમાંથી નીકળે છે, ત્યારે તે કૂવાના મોળા જળ જેવી લાગે છે. કોઇક ભક્ત ભગવદ્‌સ્વરૂપ અને શાસ્ત્રને સમજ્યા વિના, મનોકલ્પિત રીતે ભગવદ્‌ગુણગાન કરે છે, ત્યારે તેની વાણી કૂવાનાં ખારા જળ જેવી લાગે છે. તેનું શ્રવણ ભક્તિભાવ વધારનારું બનતું નથી.

કેટલાક કૂવાનું પાણી ગંદું, વાસ મારતું, પીવાલાયક હોતું નથી. એવી રીતે ગંધર્વો અને અપ્સરાઓ, જે મોજશોખ અને વિષયવાસનામાં લંપટ બનેલાં છે, તેમના મુખથી થતું ભગવદ્‌ગુણગાન દૂષિત કૂવાના જળ જેવું હોય છે. તે

ભગવદ્ગુણગાન મનમાં ભગવદ્ભાવ વધારવાને બદલે ભગવદ્ભાવનો નાશ કરે છે. દુનિયામાં પણ જે લોકો ઇન્દ્રિયોના સુખભોગ માટે મદોન્મત્ત બનીને ગાન કરનારા છે, તે ભલે શ્રીકૃષ્ણનાં પદ ગાતા હોય, પરંતુ તેમના મુખની વાણી આપણો ભક્તિભાવ વધારતી નથી, વિષયભોગની વૃત્તિને વધારે છે.

કેટલાક કૂવામાંથી જળ મેળવવાનું કામ કઠણ હોય છે, કારણ કે તે કૂવા ઊંડા હોય છે. એવી રીતે, કેટલાક ભગવદ્ભક્તો એકાંતસેવી અને ઓછું બોલનારા હોય છે. તેમને ખૂબ પ્રસન્ન કરવામાં આવે ત્યારે જ તેઓ તેમનું હૃદય ખોલી ભગવદ્ગુણગાન સંભળાવે છે. તેઓ જ્યાં ત્યાં ભગવદ્ગુણગાન કરતા નથી.

કેટલાક ભક્તો પૂર્ણપુરુષોત્તમનું ગુણગાન કરે છે, કેટલાક પૂર્ણપુરુષોત્તમના વિવિધ અવતારો અને વિભૂતિઓનું ગુણગાન કરે છે. કેટલાક દેવદેવીઓનાં ગુણગાન ગાય છે. તેમાં કેટલાક નિષ્કામ ભાવવાળા હોય છે, કેટલાક મોક્ષની કામનાવાળા હોય છે, કેટલાક સ્વર્ગની કામના વાળા હોય છે, તો કેટલાકને લૌકિક સુખોની કામના હોય છે. જેમ કૂવાના જળના અનેક પ્રકાર છે, તેમ ભગવદ્ગુણગાન કરનારના પણ અનેક પ્રકારો છે.

કેટલાકની ભક્તિ નિર્ગુણા હોય છે. કેટલાક સાત્ત્વિક, કેટલાક રાજસ અને કેટલાક તામસ ભક્તો પણ હોય છે. સાત્ત્વિક, રાજસ અને તમોગુણના પરસ્પર મિશ્રણથી નવ પ્રકાર બને છે. આવા ગુણભેદને લઇને પણ ભક્ત જ્યારે ગુણગાન કરે છે, ત્યારે તેના મનમાં ગુણભેદને કારણે ભક્તિનો જે ભાવ પ્રગટ થયો હોય તે પ્રકારે જ ગુણગાન થાય છે. આ રીતે પણ ભગવદ્ગુણગાન કરનાર જેટલા ભક્ત એટલા પ્રકારનાં ગુણગાન સંભવે છે.

બીજા પ્રકારનો મનોભાવ :

જળનો બીજો પ્રકાર નહેરના જળનો છે. કૂવામાંથી ખેતર સુધી જળ પહોંચાડવા માટે અથવા નદીમાંથી ખેતર સુધી જળ લઇ જવા માટે નહેર બનાવવામાં આવે છે. તેનો એક છેડો નદી કે કૂવા સાથે જોડાયેલો હોય છે અને બીજો છેડો ખેતર સાથે જોડાયેલો હોય છે. નદી કે કૂવામાં જેવું જળ હોય એવું જળ નહેર વાટે ખેતરમાં મળે છે. નહેરનું જળ તેનું પોતાનું સ્વતંત્ર હોતું નથી. નહેરમાં વહેતું પાણી પીવાના, સ્નાન કરવાના અને અનાજ પકવવાના ઉપયોગમાં આવે છે. નહેરનું કાર્ય પરોપકારનું છે.

એવી રીતે આપણા ત્યાં કેટલાક ભક્તો એવા છે કે જે વ્યવસાયે પૌરાણિકો છે. તેઓ તેમની વંશપરંપરાથી વેદ અને પુરાણોનો અભ્યાસ કરે છે. તે શાસ્ત્રોમાં તેમની પ્રીતિ હોય છે. તેમણે જે જ્ઞાન મેળવ્યું છે, તે સમાજને પહોંચાડવાનું કાર્ય કરે છે. તેઓ પુરાણોની કથા શ્રોતાઓ સામે કહે છે, એટલે તેઓ નહેર જેવા છે. તેમના હૃદયના ભાવ પ્રમાણે તેમના દ્વારા કહેવાતી કથા લોકોનું અજ્ઞાન દૂર કરે છે, લોકોને ધર્મનો બોધ કરાવે છે અને લોકોને ભકિતમાર્ગે લઇ જાય છે.

કૂવા કે નદીમાંથી નહેરમાં સતત પાણી વહેવું જોઇએ, નહીં તો પાણીનો પ્રવાહ બંધ થઇ જાય અને નહેરમાં ભરાયેલું પાણી અશુદ્ધ બને, તેમ, પૌરાણિક ભક્તો નિત્ય પુરાણોનો પાઠ ન કરે, પુરાણોનું મનન - ચિંતન ન કરે તો તેમના હૃદયમાં જાગેલો ભગવદ્ભાવ ક્ષીણ થઇ જવાનો સંભવ રહે છે.

ત્રીજા પ્રકારનો મનોભાવ :

કૂવા કે નદીમાંથી નીકળતી નહેર ખેતરની અંદર જતી નથી, તે ખેતર પાસેથી પસાર થાય છે. ત્યારે નહેરના પાણીને ખેતરમાં વાળવા માટે નહેરમાંથી ખેતર સુધી નીક અથવા ગટર બનાવવી પડે છે. તે પાણી ખેતરના કયારાઓમાં ભરી, ત્યાં અનાજ પકવવામાં આવે છે. સંસ્કૃતમાં ખેતરને ક્ષેત્ર કહેવામાં આવે છે, તેમ સ્ત્રી માટે પણ સંસ્કૃતમાં ક્ષેત્ર શબ્દ વપરાય છે. ખેડૂત ક્ષેત્રમાં ઢાળિયા બનાવી જરૂર પ્રમાણે તેમાં પાણી વાળીને અનાજ પકવે છે. તેવી રીતે જે ભક્તો ભક્તિ કરવા માટે સ્ત્રી અને દેહમાંથી આસક્તિ છોડી શકતા નથી, તેમના હૃદયના મનોભાવો કેવળ ભગવાન તરફ ન વહેતાં, અન્ય લૌકિક વાસનાઓની પૂર્તિ તરફ વહે છે. એવા ભક્તો દ્વારા થતું ગુણગાન તેમના ભગવદ્ભાવને વધારવા માટે હોતું નથી. ખેતરમાં જતું પાણી અનાજ પકવવા માટે હોય છે, તેમ આવા ભક્તોનું ગુણગાન તેમના પેટ ભરવાના હેતુ માટે હોય છે. જે ભક્ત થઇને ભગવદ્ગુણગાન દ્વારા ધન મેળવવાનો વિચાર રાખે છે, તેના મનમાં ભિક્ષાનો ભાવ હોય છે. તેમના મનમાં સંસારનો ભાવ હોય છે.એટલે તેમનું ગુણગાન સાંભળનારના મનમાં સંસાર વધારનારું બને છે.

ખેતરનું જળ પીવાના કામમાં આવતું નથી, કારણ કે તે માટીવાળું ગંદું થયેલું હોય છે. તેથી પરોપકાર માટેના કૂવાના અને નહેરના જળ કરતાં ખેતરનું

જળ હીન કક્ષાનું ગણાય છે. એવી રીતે, ઉદરજીવી ગાયકો અને કથાકારોને ખેતરના કયારાના જળ જેવા હીન કક્ષાના કહ્યા છે. જેઓ પોતાના નિર્વાહ માટે ગુણગાન કરે છે, તેમને પોતાને પણ તે ગુણગાનથી ભક્તિમાં કોઇ લાભ થતો નથી, બલ્કે, નુકસાન જ થાય છે.

ચોથા પ્રકારનો મનોભાવ :

ખેતરમાં વાળવામાં આવેલું પાણી નીચાણ તરફ વહીને ક્યારેક કોઇક નાનકડા ખાડામાં ભરાઈ જાય છે, તેમાં લાંબા સમય સુધી રહે છે. સ્થિર થઇ જવાથી અને તેનો ઉપયોગ ન થવાથી તે પાણીમાં જીવજંતુ પેદા થાય છે. પાણીમાંથી દુર્ગંધ આવે છે, અનેક દોષો જન્મે છે. તે કોઈપણ કામ માટે યોગ્ય રહેતું નથી.

કેટલાક કહેવાતા ભક્તો ભક્તિના નામે સ્વચ્છંદી અને વ્યભિચારી બને છે, સ્ત્રીઓના સંગમાં રચ્યાપચ્યા રહે છે. કેટલાક સંસારના દુર્ગુણમાં લપટાય છે, સ્વેચ્છાચારી બને છે. તેમનાં મન મલિન બને છે. આવા લોકો તેમના સ્વાર્થને પોષવા માટે, જ્યારે ભગવદ્ગુણગાનનો ઉપયોગ કરે છે, ત્યારે તેમને ખાડાના ગંદા જળ સાથે સરખાવવામાં આવે છે.

તેઓ ભગવાનને જાણીને, ભગવાનના માહાત્મ્યથી પ્રેરાઈને કે ભગવાનમાં પ્રીતિ થવાથી ભગવાનનું ગુણગાન કરતા હોતા નથી, માત્ર તેમનો કંઠ સારો હોવાથી લૌકિક મનુષ્યોને રીઝવવા માટે જ તેઓ ગાતા હોય છે. સસ્તું ધન મેળવવાનો જ તેમનો હેતુ હોય છે, તેથી તેમનું ગાન કૂવા અને નહેરના જળની પેઠે સાંભળનારને સંતોષી, સંસારના તાપ દૂર કરી, ભગવદ્ભાવ વધારતું નથી. આવા ગુણગાન કરનારાઓનો સંગ ન કરવો

પાંચમાં પ્રકારમો મનોભાવ :

ઘરનું ગંદુ જળ આંગણામાં ગંદકી ન ફેલાવે, માટે ઘર પાસે ખાડો ખોદી, તેમાં એકઠું કરવામાં આવે છે. તે કોઇ કામમાં વાપરવાલાયક રહેતું નથી, એવી રીતે પીવાના પાણીનું જલાશય સૂકાઇ જાય ત્યારે નદીના પટમાં ખાડા ખોદી વીરડા બનાવવામાં આવે છે. તેનું જળ ડહોળું હોવાથી પીવાલાયક રહેતું નથી. વળી જુદી જુદી જાતિના માણસોએ તેમાંથી જળ પીને તેને એઠું કરેલું હોય છે, તેથી તે અપવિત્ર અને અશુદ્ધ હોય છે.

આ બંને પ્રકારના ખાડાના જળ જેવા, હલકી કક્ષાના ગાયકજનો જાતિગત દોષવાળા હોય છે. આવા ગાયકજનોના હૃદયમાં ભગવદ્ભાવ હોતા નથી, તેમના લૌકિક મનોભાવથી ભગવદ્ગુણગાનનું સ્વરૂપ અને ફળ દૂષિત બન્યું હોય છે. તેમનું ગુણગાન પણ શ્રવણ યોગ્ય નથી.

છઠ્ઠા પ્રકારનો મનોભાવ :

અત્યાર સુધી હીન અને મધ્યમ કક્ષાના ભક્તોના મનોભાવ આપણે જોયા હવે ઉત્તમ કક્ષા ભક્તોના મનોભાવ શ્રીમહાપ્રભુજી બતાવે છે.

જે ભક્તો ભગવદ્શાસ્ત્રોમાં તત્પર - પંડિત છે, તે નદીના ઊંડા ધરાના જળ જેવા છે. તેમની બુદ્ધિ શાસ્ત્રના અભ્યાસથી પ્રજ્ઞારૂપ બનેલી હોય છે. તેઓ શાસ્ત્રના અર્થને જાણનારા અને સમજનારા હોય છે. ભગવદ્શાસ્ત્રો તો અનેક છે, પરંતુ ગીતાજી, ભાગવતજી અને અન્ય વૈષ્ણવશાસ્ત્રોનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે અને તેના મનન ચિંતનમાં સદા તત્પર રહે છે, તેવા ઉત્તમ પંડિતો નદીના ઊંડા ધરા સમાન છે.

ક્યાંક નદીમા ઊંડો વિશાળ ખાડો હોય છે. તેમાં અગાધ જળ ભરેલું રહે છે. તેને ધરો કહેવામાં આવે છે. અગાધ જળથી ભરેલા ધરા જેવું ઉંડું અને ગંભીર હૃદય ધરાવતા પંડિતો ભગવદ્ભક્તો પણ હોવાથી તેમનું ગુણગાન ભગવદ્ભાવને વધારે છે.

સાતમા પ્રકારનો મનોભાવ :

કેટલાક પંડિતો ભગવદ્શાસ્ત્રના મર્મજ્ઞ હોવા ઉપરાંત ગંભીર મન અને અગાધ હૃદયવાળા હોય છે. અગાઉ બતાવેલા પંડિતો કરતાં તેઓ ચડિયાતા છે. તેમને વાવના જળ સાથે સરખાવવામાં આવ્યા છે. વાવની અંદર પગથિયાં ઉતરીને જતાં જળ ભરેલો કૂવો હોય છે. તેનું પાણી ગરમીમાં પણ સૂકાતું નથી. તે શીતળ હોય છે. વાવની અંદરનું વાતાવરણ પણ શીતળ હોય છે. જળ અને વાતાવરણની શીતળતા મનને પ્રસન્ન કરે છે. એવી રીતે, ગંભીર મન અને અગાધ હૃદયવાળા શાસ્ત્રજ્ઞાની પંડિતભક્તો શ્રોતાઓનો જ્ઞાનપ્રાપ્તિનો અધિકાર જાણી, તેમને હિતકારી હોય એવો ઉપદેશ આપે છે, અધિકાર વિનાના શ્રોતાઓને ઉપદેશ આપતા નથી. તેમના ઉપદેશથી શ્રોતાઓના સંદેહ દૂર થાય છે. તેઓ અંતર્નિષ્ઠ હોય છે. શ્રોતાઓની જિજ્ઞાસા તેમની પાસે ગુણગાન કરાવે છે.

આઠમા પ્રકારનો મનોભાવ :

શાસ્ત્રના જ્ઞાની, ગંભીર મન અને અગાધ હૃદયવાળા પંડિતભક્તો કરતાં પણ વધારે ઊંચી કક્ષાના વિદ્વાનોમાં વિશેષ ગુણ હોય છે. તેઓ શ્રીઠાકોરજીના પરમ ભકત હોય છે. શ્રીઠાકોરજી માટે તેમને અત્યંત અને અનન્ય પ્રેમ હોવાથી લૌકિકમાં પ્રીતિ હોતી નથી. આવા વિદ્વાન ભકતો કમળથી શોભતા, છલોછલ છલકાતા, સ્વચ્છ જળવાળા સરોવર જેવા હોય છે. કમળથી સુંદર અને સુગંધિત બનેલા સરોવરમાં જેમ શીતળતા અને મધુરતા હોય છે, તેમ, આવા વિદ્વાન ભક્તો દ્વારા થતાં ગુણગાન શ્રોતાઓના હૃદયમાં ભગવદ્ભાવની છોળો ઉછાળે છે.

નવમા પ્રકારનો મનોભાવ :

કેટલાક ભક્તો એવા હોય છે કે જેમણે પદ્ધતિસર શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોતો નથી. તેમનો શાસ્ત્રનો અભ્યાસ અધકચરો હોય છે. પરંતુ તેમનામાં શ્રીઠાકોરજી માટે અત્યંત - વધુ પ્રમાણમાં પ્રેમ હોય છે. તેઓ જ્ઞાની ઓછા અને ભક્ત વધારે હોય છે. આવા અલ્પ વિદ્વાન ભક્તો છીછરા નાના તળાવ જેવા છે. તળાવ છીછરું હોય તો પશુઓ તેમાં પેસી, તેના જળને ગંદું કરે છે. તેમ, આવા ભક્તો બીજાઓ પાસેથી સાંભળીને ભગવદ્ગુણગાન કરે છે, તેથી તેમના મનોભાવ ડહોળાઇ જાય છે, તે વિશુદ્ધ રહેતા નથી. તેમનો સંગ ભક્તિભાવ વધારતો નથી.

દસમા પ્રકારનો મનોભાવ :

કેટલાક લોકોની આસક્તિ ભક્તિ કરતાં કર્મમાં વધુ હોય છે. આવા જીવો જ્યારે ભગવદ્ગુણગાન કરે છે, ત્યારે તેઓ તળાવડી જેવા લાગે છે. તળાવડીનું જળ વારંવાર ગંદું થઇ જાય છે. તેવી રીતે, આવા ગુણગાન કરનારની વાણી તેમના અને સાંભળનારાના મનના ભાવોને ડહોળી નાખે છે.

અગિયારમા પ્રકારનો મનોભાવ :

યોગ, ધ્યાન વગેરમાં વિશેષ રુચિ રાખનાર લોકો વરસાદના જળ જેવા છે. યોગ, ધ્યાનમાં તેમની રુચિ હોવાથી તેઓ ભક્તિને યોગનું સાધન કહે છે. એમના મુખથી થતું ગુણગાન વરસાદના જળ જેવું છે. વરસાદનું જળ સર્વ સ્થળે પડે છે, તેમ, આવા યોગીઓના હૃદયમાં ભગવદ્ગુણો પ્રકટ થાય છે. વરસાદનું જળ દરેક ઋતુમાં સુલભ નથી, તેમ આ યોગીઓ પણ બધે સુલભ નથી. વરસાદનું જળ

જમીનમાં જ પાક પકવે છે, તેમ ઉત્તમ યોગીઓ જ ભગવદ્ગુણગાનથી અહંતા-મમતાનો નાશ કરે છે. કુયોગીઓ તેમનો સંસાર વધારે છે.

બારમા પ્રકારનો મનોભાવ :

જે તપસ્વી લોકો છે, તેમના ગુણગાનને પરસેવાના જળ સાથે સરખાવ્યા છે. તપસ્વીઓ વિવિધ પ્રકારનાં વ્રતો કરે છે, દેહદમન કરે છે, વર્ણાશ્રમધર્મનું કડકાઈથી પાલન કરે છે. તેમાં જ રચ્યાપચ્યા હોવાથી તેમના મનમાં ભક્તિનો કોઈ ભાવ પ્રકટયો હોતો નથી, એટલે તેમનું ગુણગાન નિરર્થક બને છે. શરીરમાંથી નીકળતા પરસેવાનું પાણી ગંદું હોય છે, કોઈ કામમાં આવતું નથી. તે શરીરને થોડીકવાર ઠંડક આપે છે, તેમ, તપસ્વીઓના ગુણો તેમને જ લાભ આપે છે. બીજા કોઈને ઉપયોગી બનતા નથી.

તેરમા પ્રકારનો મનોભાવ :

કેટલાક લોકો વિધિપૂર્વક ગુરુ પાસેથી જ્ઞાન મેળવે છે, તો કેટલાક એવા પણ હોય છે કે જેમણે ગુરુ પાસે અભ્યાસ કર્યો હોતો નથી. તેમના ઉપર પ્રભુની જ વણમાગી કૃપા વરસવાથી તેમના હૃદયમાં આપોઆપ જ્ઞાનનો પ્રકાશ થાય છે. આવા વિલક્ષણ ભક્તોના મનમાં ભગવદ્ શરણાગતિ દૃઢ હોય છે. પ્રભુ પ્રત્યે અનન્ય પ્રેમ હોય છે. તેમના મુખથી થતું ભગવદ્ગુણગાન ભગવત્કૃપાના કારણે જ થાય છે. આવા ભક્તો પર્વતો પરથી પડતા જળના ધોધ જેવા છે. ધોધનો અવાજ દૂર સુધી પહોંચે છે, તેનું જળ એકદમ નિર્મળ હોય છે. તેવી રીતે, આવા ભક્તોનો મનોભાવ તેમની વાણી દ્વારા દૂર દૂર સુધી પહોંચે છે અને સૌને ભક્તિના માર્ગે ખેંચી લાવે છે.

ચૌદમા પ્રકારનો મનોભાવ :

પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણને છોડીને અન્ય દેવ-દેવીઓની પૂજા - ઉપાસના કરનારા અને તેમનું ગુણગાન કરનારા ભક્તો ઝાકળના પાણી જેવા છે. ઝાકળનું પાણી સૂર્યોદય થતાં બાષ્પીભવન પામે છે, તેમ, અન્ય દેવોના ઉપાસકોમાં જે અહંકારરૂપી ગરમી રહી છે, તે સાચા જ્ઞાનનું બાષ્પીભવન કરે છે.

પંદરમા પ્રકારનો મનોભાવ :

નિષ્કામ કર્મને વરેલા મર્યાદામાર્ગીય ભક્તો ઝરણાના પાણી જેવા છે.

ભક્તિ કરતાં કરતાં તેમના હૃદયમાં ભગવાનના ધર્મો પ્રકટ થાય છે. પોતાની ભક્તિ તેઓ ભગવાનને અર્પણ કરે છે. તેમનો ભક્તિભાવ કલકલ કરતા, વહેતા નાનકડા ઝરણાના જળ જેવો હોય છે.

સોળમા પ્રકારનો મનોભાવ :

કેટલાક મર્યાદાભક્તો ભક્તિ કરે છે, પણ તેમની ભક્તિ વધતી નથી. હોય છે એટલી જ સ્થિર રહે છે. તેઓ એક જ સ્થળમાં સ્થિર થઈને રહેલા જળ જેવા છે. તે જળ સ્થળના વાતાવરણને શીતળ બનાવે છે. તેમ, આવા ભક્તોનું ગુણગાન તેમના હૃદયને ભક્તિમય રાખે છે.

સત્તરમા પ્રકારનો મનોભાવ :

અનેક જન્મોનાં પુણ્યોથી અને ભગવદ્કૃપાથી જ્યારે ભક્તિ સિદ્ધ થાય છે, ત્યારે તે પ્રેમલક્ષણાભક્તિવાળા ભક્તો નદીના જળ જેવા છે. નદીનો પ્રવાહ વધતો-ઘટતો રહે, તેમ, આવા ભક્તોના મનોભાવો પણ વધતા-ઘટતા રહે છે. તેમની ભક્તિનો પ્રવાહ એકસરખો રહેતો નથી.

અઢારમા પ્રકારનો મનોભાવ :

ઉત્તમ ભગવદ્ભક્તોને સંગ, કાલ કર્મ, દેશ અને સ્વભાવથી થતા દોષો લાગતા નથી. એવા ભક્તો સિંધુ જેવી મોટી નદી જેવા છે. મોટી નદીનું જળ દેખાવમાં અને સ્પર્શમાં સુંદર હોય છે. ઉત્તમ ફળ આપે છે, લાંબા સમય સુધી પીવાના ઉપયોગમાં આવે છે. ઉત્તમ ભગવદ્ભાવવાળા ભક્તોમાં પણ આવા ગુણ રહેલા છે.

ઓગણીસમા પ્રકારનો મનોભાવ :

જેમને ભગવાન સાથે અતૂટ સંબંધ છે, એવા ભગવદીયો પર ભગવાનની પૂર્ણ કૃપા હોવાથી ભગવાન તેમના હૃદયમાં બિરાજે છે. તેમના હૃદયને ભગવાનનો સીધો સંબંધ થવાથી તેમનામાં ભગવાનના છ દિવ્ય ગુણો પ્રકટ થાય છે, તેથી તેઓ ભગવદીય કહેવાય છે. આવા પૂર્ણ ભગવદીયો સૌથી ઉત્તમ ભગવદ્ભક્તો છે. આવા ઉત્તમ ભગવદ્ભક્તોમાં શેષનાગજી, વેદવ્યાસજી, 'અગ્નિપુરાણ'ના વક્તા અગ્નિ, 'વાયુપુરાણ'ના વક્તા વાયુ, જડભરતજી, નારદજી અને મૈત્રેયજી જેવા ભગવદીયોનો સમાવેશ થાય છે. તેમના હૃદયનો ભગવદ્ભાવ મીઠા સમુદ્રના જળ જેવો હોય છે.

તેઓ સૌથી ઉત્તમ વક્તા છે. તેમનું ગુણગાન તેમને અને સાંભળનારને ભક્તિરસમાં ડૂબાડી દે છે. આવા પૂર્ણ ભગવદીયો ક્યારેક પોતાની પ્રસન્નતાથી, સ્વેચ્છાએ ઉપદેશ આપે છે. તો ક્યારેક કોઇના પૂછવા છતાં પણ કહેતા નથી. તેઓ જે કહે છે તે ભગવદ્પ્રેરણાથી જ કહે છે, માટે તેમનાં વચન અમૃતબિંદુ જેવાં હોય છે. પાપયોનિમાં જન્મેલાઓ પણ જો આવા ભગવદીયોનો આશ્રય કરે, તો તેઓ ભગવાનને પામવા અધિકારી બને છે.

આવા ભગવદીયોના મુખથી ભગવદ્કથા સાંભળતાં સાંભળતાં કથાસક્તિ થતાં, વ્યસનઅવસ્થા સિદ્ધ થાય, ત્યારે તે કથાશ્રવણનો સ્વાદ અમૃતમય બને છે, તેનાથી હૃદય ભક્તિપૂર્ણ બને છે, ભગવાનમાં દૃઢ સ્નેહ થાય છે. આવા ભગવદીયો અમૃતના સાગર જેવા છે.

ફરીથી યાદ કરીએ :

(૧) ભગવદ્ગુણગાન તો ભગવાનની જેમ દિવ્ય, દ્રવીભૂત, આનંદરસનું સ્વરૂપ છે.

(૨) જળ તેના પાત્ર પ્રમાણે પવિત્ર કે અપવિત્ર, શુદ્ધ કે અશુદ્ધ બને છે. તેમ, ભગવદ્ગુણગાન પણ જેમના મુખથી થાય છે, તેમના મનોભાવ પ્રમાણે વિવિધ ફળઆપનારું બને છે.

(૩) વેદમાં ઓગણીસ પ્રકારનાં જળ બતાવ્યાં છે. તેથી તેની સાથે શ્રીમહાપ્રભુજી ઓગણીસ પ્રકારના મનોભાવવાળા ભક્તોને સરખાવે છે.

(૪) સ્વરતાલ માટે ભગવદ્ગુણોના શબ્દોનો ઉપયોગ કરનારા ગંધર્વો કૂવાના જળ જેવા છે.

(૫) પુરાણોની કથા કરનાર પુરાણીઓ નહેરના જળ જેવા છે.

(૬) કુટુંબના ભરણપોષણ માટે કે ધનસંગ્રહ અથવા યશ મેળવવા કથા કહેનારા વક્તાઓ ખેતરમાં જળ પહોંચાડનારી નીકના જળ જેવા છે.

(૭) સ્વેચ્છાચારી અને વ્યભિચારી ગાયકો ખાડામાં ભરાયેલા ગંદા જળ જેવા છે. આજીવિકા માટે ભગવદ્ગુણગાનને વ્યવસાય બનાવનાર ખાડાના ગંદા જળ જેવા છે.

(૮) ભગવદ્શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ કરનાર પંડિત નદીના જળ જેવા છે.

શાસ્ત્રના અભ્યાસથી સાંભળનારના સંદેહનું નિવારણ કરનાર પીવાલાયક પાણીવાળા શુદ્ધ તળાવ જેવા છે. શાસ્ત્રના અભ્યાસી અને ભક્તિપૂર્ણ હૃદયવાળા ભક્ત સુંદર કમળથી રમણીય બનેલા સરોવર જેવા છે. ભગવાનમાં પ્રેમવાળા, પરંતુ અલ્પજ્ઞાની ભક્ત નાના તળાવડા જેવા છે.

(૯) નિષ્કામ ધર્મનિષ્ઠ પરંતુ શાસ્ત્રને ન જાણનારા તથા ભક્તિહીન નાની તળાવડી જેવા છે. યોગ, ધ્યાનમાં પ્રવૃત્ત વરસાદના જળ જેવા છે. તપસ્વી પરસેવાના જળ જેવા છે. ભગવદ્કૃપાથી જેમને આપોઆપ અલૌકિક જ્ઞાન થયું છે, તેવા ભક્તો ધોધના જળ જેવા છે. દેવદેવીઓની સકામ ઉપાસના કરનાર ઝાકળબિંદુ જેવા છે. વર્ણાશ્રમનું પાલન કરતાં મર્યાદાભક્તિમાં તત્પર વરસાદી જળથી વહેતી નદી જેવા છે. નિષ્કામ મર્યાદાભક્તો બારમાસી નદી જેવા છે. અનન્ય જન્મો બાદ ભક્તિને પ્રાપ્ત થયેલા ભક્તો સતત વહેતી નદી જેવા છે. જેમનો ભગવદ્ભાવ દૃઢ છે, તેવા ભક્તો મહાનદી જેવા છે. પૂર્ણ ભગવદીયો અમૃતના સાગર જેવા છે.

* * *

૧૪. વેશ ટેક છે આડી ગલી

(‘સંન્યાસનિર્ણય’ના આધારે)

જીવન અને જગતથી ભાગનાર કાયર છે

એક કવિ કહે છે : “વેશટેક છે આડી ગલી, પેઠો ન શકે નીકળી.” કેશ મુંડાવી, વેશ બદલવાથી સંસાર છૂટતો નથી. એ તો શાહમૃગની નીતિ થઈ. દુશ્મનનો ભય સામે જોઈ, શાહમૃગ જમીનમાં ખાડો ખોદી, તેમાં તેનું મોં સંતાડી દે છે. તેથી તે દુશ્મનથી બચી શકતું નથી. દુશ્મન તેને પીંખી નાખે છે. એવી જ રીતે જગતમાં સંસાર - અહંતામમતાના કારણે જીવનથી ભાગી, ભગવાં પહેનાર સંસારથી બચી શકતા નથી. એમનો સંસાર - અહંતામમતા - નાશ પામતો નથી. તેમાંથી તેઓ મુક્ત થતા નથી. એ સંસારના વિષયો બદલાય છે, સંસાર તો રહે છે જ. એમનો કહેવાતો સંન્યાસ એમનું અધઃપતન કરે છે.

જે જગત અને જીવનનો સામનો કરવાને બદલે તેને છોડી, ભાગવાની ચેષ્ટા કરે છે, તે કાયર છે. જે સામી છાતીએ સામનો કરી, જંગ જીતે છે તે શૂરવીર છે. કવિએ કહ્યું : “હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ.” બીજા કવિ કહે છે :” રે શિર સાટે નટવરને વરીએ.”

જ્ઞાન બધું મિથ્યા સિદ્ધ કરે છે તેથી જ્ઞાનનો માર્ગ જીવનથી ભાગવાનો માર્ગ છે. ભક્તિ બધું જગદીશનું છે, જગદીશ માટે છે એવું સિદ્ધ કરે છે. તેથી ભક્તિનો માર્ગ જીવનને આનંદથી માણવાનો માર્ગ છે. જ્ઞાની સંન્યાસી બનવા પ્રેરાય છે, ભક્ત શ્યામસ્નેહી બનવા તત્પર હોય છે જ્યાં સ્નેહ હોય, ત્યાં સંન્યાસ ન સંભવે. જ્યાં સંન્યાસ હોય ત્યાં સ્નેહ ન સંભવે.

આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પ્રેમલક્ષણાવાળા પુષ્ટિમાર્ગીય ભક્તોના જીવનમાં વિધિવત્ સંન્યાસને ક્યારે ય કોઈ સ્થાન નથી. ભક્ત સંસારથી વિરક્ત રહે, પણ સંન્યાસી ન બને. એમના શરણે આવવા ઈચ્છુક કેટલાક સંન્યાસીઓનો સંન્યાસ તેમણે ઉતરાવ્યો છે.

ક્યારેક બીજા સંન્યાસીઓના અતિ સંપર્ક કે સત્સંગથી આપણને સંન્યાસ બનાવી તલપ લાગે, તો ક્યારેક અસહ્ય દુઃખોની વેદના ઘરબાર છોડવા મજબૂર કરે. ક્યારેક ઘરમાં સરખીરીતે સેવાસ્મરણ સ્વજનો ન કરવા દે, તો કયારેક સ્વજનો ભક્તિમાં આડખીલી રૂપ બને. આવા કોઈપણ સંજોગમાં જોગી બનવાની શ્રીમહાપ્રભુજીની મનાઈ છે. શ્રીમહાપ્રભુજીનો માર્ગ ભાગેડુઓ અને કાયરોનો માર્ગ નથી. એ વાત શ્રીમહાપ્રભુજી 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં સમજાવે છે.

વૈષ્ણવી ત્યાગ

શ્રીમહાપ્રભુજીએ અગાઉ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં ભક્તિના બીજભાવને દૃઢ કરવા માટે શ્રવણ-કીર્તનની સાથે ત્યાગનું સાધન બતાવ્યું છે. ત્યારબાદ તેમાં ભક્તિની વૃદ્ધિના બે માર્ગ બતાવ્યા છે : (૧) અવ્યાવૃત થઈને સેવા તથા કથાશ્રવણ કરવાં (૨) અવ્યાવૃત્ત ન થઈ શકે તેમણે કેવળ કથાશ્રવણ કરવું. આ બંને માર્ગથી લૌકિક તરફની વૈષ્ણવની રુચિ નાશ પામે છે. લૌકિક રુચિ નાશ પામતાં ભગવાનમાં પ્રેમ, પછી આસક્તિ અને અંતે વ્યસનદશા સિદ્ધ થાય છે. ભગવાનમાં પ્રેમ થતાં લૌકિક વ્યક્તિઓ, વસ્તુઓ અને વિચારોનો પ્રેમ નાશ પામે છે. ભગવાનમાં આસક્તિ થતાં જે ઘર અને કુટુંબ તથા ધન સેવામાં ઉપયોગી બની શકતાં નથી, તેમના માટે અરુચિ જાગે છે. તેઓ ભક્તિમાં બાધક બની, ભક્તિનો નાશ કરનારાં થઈ શકે છે. આવી સ્થિતિમાં ભક્તિની દૃઢતા માટે શ્રીમહાપ્રભુજીએ ઘરનો ત્યાગ કરવાની આજ્ઞા 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં કરી હતી. આમ, 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં ભક્તિના બીજભાવની દૃઢતા માટે લૌકિક ત્યાગ કરવાની આજ્ઞા થઈ હતી તેમજ ભક્તિની દૃઢતા માટે ગૃહત્યાગની આજ્ઞા થઈ હતી.

આ બંને પ્રકારના ત્યાગ વૈષ્ણવે કઈ અવસ્થામાં, કેવી રીતે અને કયા હેતુથી કરવા જોઈએ, તેની સ્પષ્ટતા 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં કરવામાં આવી ન હતી, એટલે ત્યાં બાકી રહેલો ત્યાગનો વિચાર શ્રીમહાપ્રભુજી આ ગ્રંથમાં વિસ્તારથી સમજાવે છે.

સામાન્ય રીતે માણસ તેની પરિસ્થિતિને વશ થઈ, વસ્તુઓ કે વ્યક્તિઓનો ત્યાગ કરતો હોય છે, જેમ કે માંદગી આવતાં ન પચી શકે તેવાં પકવાનોનો ત્યાગ કરે છે, પૈસા ગુમાવતાં ગરીબીની સ્થિતિમાં કિંમતી વસ્ત્રો, આભૂષણો અને મોજશોખનો ત્યાગ કરે છે. પતિ કે પત્નીના મૃત્યુથી કામજીવનનો ત્યાગ કરે છે. કુટુંબ સાથે અસહ્ય કલેશ થવાથી ઘરનો ત્યાગ કરે છે. આ બધા ત્યાગ તે તેની

પરિસ્થિતિને વશ થઈ કરતો હોય છે. સાચા મનથી, સમજપૂર્વક વિષયોને છોડવા માટે, સ્વેચ્છાથી તે ત્યાગ કરતો હોતો નથી. એટલે પરિસ્થિતિ બદલાતાં માણસ ત્યાગ કરેલી વસ્તુઓનો ફરીથી સ્વીકાર કરતો જોવા મળે છે. આવા ત્યાગને સ્મશાનવૈરાગ્ય કહેવામાં આવે છે. આ ત્યાગ બહારનો દેખાવ હોવાથી તેને બાહ્યત્યાગ પણ કહેવામાં આવે છે.

પરંતુ ક્યારેક માણસને સત્યનું જ્ઞાન થાય છે. શાસ્ત્રોનો સ્વાધ્યાય થવાથી માણસ પોતાના આત્મા અને શરીરની ભિન્નતાને સમજે છે, ત્યારે શરીર સાથે જોડાયેલા પદાર્થોનો ત્યાગ કરવાની તેનામાં પ્રબળ વૃત્તિ જ્ઞાનના પરિણામ રૂપે જાગે છે. એટલે સ્વભાવથી તે દુનિયાની વસ્તુઓ, વ્યક્તિઓ અને વિચારોનો ત્યાગ કરે છે. ઉશ્કેરાટમાં, આવેશમાં કે કોઈના કહ્યાની અસરમાં આવીને તે આવો ત્યાગ કરતો હોતો નથી. વસ્તુઓમાંથી તેનો રાગભાવ નાશ પામતાં તેનામાં વિરાગ જન્મે છે, પરિણામે તે ત્યાગ કરે છે. આવો ત્યાગ અંતઃકરણથી થયેલો હોઈ, તેને 'આંતરત્યાગ' કહેવામાં આવે છે. તેને આપણે 'વૈરાગ્ય' કહીએ છીએ. આવો વૈરાગ્ય જાગતાં માણસ ગૃહસ્થાશ્રમ છોડીને સંન્યાસ સ્વીકારે છે.

ધર્મશાસ્ત્રોમાં આવા વૈરાગ્યનો ઉપદેશ આપવામાં આવ્યો છે. માણસના ઉદ્ધાર માટે આવા વૈરાગ્યની જરૂર બતાવવામાં આવી છે. વ્યક્તિથી તેના અનંત જન્મોમાં અગણિત પાપકર્મો અને અપરાધો થયા હોય છે. તે સૌનું પ્રાયશ્ચિત કરવા માટે ધર્મશાસ્ત્રોએ સંન્યાસ લેવાનો ઉપદેશ આપ્યો છે.

વેદમાર્ગ પ્રમાણે સમાજમાં ચાર આશ્રમોની વ્યવસ્થા બતાવવામાં આવી છે. તે મુજબ ચોથો આશ્રમ સંન્યાસ છે. ન્યાસ એટલે ત્યાગ. જેમાં સારી રીતે, સમજપૂર્વક સર્વ વસ્તુઓનો અને સ્નેહીજનોનો મનથી પૂરેપૂરો ત્યાગ કરવામાં આવે તેને સંન્યાસ કહેવાય છે. સંન્યાસમાં તનથી અને મનથી ત્યાગ કરવો જરૂરી છે. ગૃહસ્થ આશ્રમ ભોગવ્યા પછી ત્યાગ તરફ વ્યક્તિએ વળવાનું છે. તેના પગલા રૂપે ત્રીજો આશ્રમ વાનપ્રસ્થ છે. વ્યક્તિ ઘર, કુટુંબ અદિ સર્વ છોડી, દુનિયાની આસક્તિમાંથી મુક્ત થવા તરફ પ્રસ્થાન કરે. વનમાં એકલો અથવા પત્નીને સાથે રાખીને રહે અને થોડાં વર્ષ પ્રભુચિંતનમાં ગાળે તે વાનપ્રસ્થાશ્રમ છે. વાનપ્રસ્થાશ્રમથી શરૂ થયેલો ત્યાગ અને વૈરાગ્ય સંન્યાસ આશ્રમમાં પૂર્ણ કક્ષાએ પહોંચે છે, ત્યારે તે સંન્યાસી થઈ, જગત સાથેના સર્વ સંબંધો તોડી, પરમાત્મા સાથેના સંબંધો સુદૃઢ કરે છે. પોતાનાથી થયેલાં અનંત પાપોનું પ્રાયશ્ચિત કરે છે.

સંન્યાસ માટેનો આ સિદ્ધાંત હોવા છતાં માણસ હંમેશા સાચો વૈરાગ્ય જાગ્યા પછી સંન્યાસ લેતો હોતો નથી. ઘણીવાર જગતની વિષમ પરિસ્થિતિથી થાકેલો દુઃખી થયેલો માણસ મનમાં વૈરાગ્ય જાગ્યા વિના જ ભગવાં કપડાં પહેરી લઇ, સંન્યાસી બની જાય છે. આવેશમાં આવીને સંન્યાસ લેવાતાં એ વ્યક્તિ સંન્યાસધર્મને સાચી રીતે જીવી શકતો નથી, તેથી તેનો ઉદ્ધાર થવાને બદલે તેનું પતન થાય છે. પરિવાર છોડનાર વ્યક્તિ પુત્રની ઇચ્છા છોડે છે, પરંતુ શિષ્યો બનાવવાની ઇચ્છા છોડી શકતી નથી. બે-ચાર પુત્રો પેદા થતાં પુત્રની ઇચ્છા સંતોષાય છે, પરંતુ બે-ચાર હજાર શિષ્યો થવા છતાં શિષ્યો બનાવવાની ઇચ્છા સંતોષાતી નથી. પરિવારના પોષણની જવાબદારીમાંથી મુક્ત થયો હોય છે, પરંતુ મઠ કે આશ્રમ ચલાવવાની જવાબદારીમાં તે મુક્ત થઇ શકતો નથી. એટલે તે પૈસા મેળવવામાં અને મઠો ચલાવવામાં ડૂબલો રહે છે. એક ગૃહસ્થને દુનિયામાં કીર્તિની જેટલી લાલસા નથી હોતી, એટલી લાલસા સંન્યાસીને પોતાના ત્યાગની કીર્તિ વધારવાની હોય છે. આમ, વિરકત બનેલાની ત્યાગસાધના અને ત્યાગીની વૈરાગ્યસાધનામાં ઘણું અંતર જોવા મળે છે. જો વૈરાગ્ય સાચો હોય તો વ્યક્તિનો ઉદ્ધાર થાય છે, વૈરાગ્યહીન ત્યાગ વ્યક્તિનું અધઃપતન કરે છે.

આથી શ્રીમહાપ્રભુજીએ ત્યાગનો ઉપદેશ ન કરતાં એવો સિદ્ધાંત સમજાવ્યો કે કોઇપણ વસ્તુનો વૃથા ત્યાગ કરવાને બદલે તે વસ્તુ શ્રીઠાકોરજીને સમર્પિત કરી દેવી. તેથી તે વસ્તુ આપણું પતન કરનારી બનતી નથી, તેનાં પાપ અને દોષ આપણને લાગતાં નથી. જ્યારે આપણે કોઇ વસ્તુ શ્રીઠાકોરજીને સમર્પિત ન કરી શકીએ, ત્યારે ભગવાનના પ્રેમમાં તન્મય બનીને તે વસ્તુનો સમજપૂર્વક ત્યાગ કરવો. તેનાથી મન લૌકિકમાં વૈરાગ્યવાળુ બનશે. આથી શ્રીમહાપ્રભુજી સંન્યાસ લેવો કે નહીં, તેનો નિર્ણય કેવળ વૈરાગ્યના સંદર્ભમાં કરતા નથી.

સંન્યાસના પ્રકાર

આપણાં શાસ્ત્રોના મત મુજબ કર્મ, જ્ઞાન કે ભક્તિમાંથી કોઇ એકની સાથે જ્યારે વૈરાગ્ય પ્રકટ થાય છે ત્યારે સંન્યાસ અથવા ત્યાગનો વિચાર કરવામાં આવે છે. કર્મ, જ્ઞાન અને ભક્તિના ત્રણ મુખ્ય ભેદ અને તેમાં અનેક ઉપભેદો રહેલા છે. તે સૌને ધ્યાનમાં રાખીએ તો આઠ પ્રકાર સંન્યાસનો વિચાર કરી શકાય. શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં સંન્યાસનો નિર્ણય આ આઠ પ્રકારને ધ્યાનમાં રાખીને આપ્યો છે. તેને આપણે એક વૃક્ષના રૂપમાં નીચે પ્રમાણે સમજી શકીએ છીએ.


સંન્યાસ
કર્મમાર્ગીય
ભક્તિમાર્ગીય
જ્ઞાનમાર્ગીય
કર્મફલ ત્યાગરૂપ (૧)
ચતુર્થ આશ્રમરૂપ (૨)
જ્ઞાનાર્થ (૭)
જ્ઞાનોતર (૮)
ભકત્યર્થ
ભકત્યુત્તર
ભક્તિ સાધક શ્રવણાદિ નિર્વાહાર્થ (૩)
ભક્તિ બાધક ગૃહાદિ ત્યાગાર્થ (૪)
વિરહાનુભવાર્થ (૫)
પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ સ્વભાવસિદ્ધ (૬)

(૧) કર્મફળના ત્યાગરૂપ કર્મમાર્ગીય સંન્યાસ :

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, વ્યક્તિ જે વર્ણ અને આશ્રમમાં હોય તે વર્ણ અને આશ્રમનાં નક્કી થયેલાં કર્મોનો ત્યાગ કરવો તેના માટે યોગ્ય નથી. કેવળ નિત્ય કર્મનું ફળ આત્મસુખરૂપ હોય છે અને તેનો ત્યાગ કરતાં અપરાધ લાગે છે. આ નિત્યકર્મ બ્રહ્મવિદ્યા સહિત બ્રહ્માનંદનું દાન પણ કરે છે, માટે નિત્યકર્મોનો ત્યાગ કરવો નહીં. ભગવદ્ ભક્તિની સાથે નિષ્કામભાવથી કર્મ કરનારાઓને ભજનાનંદ પ્રાપ્ત થાય છે. બ્રહ્મજ્ઞાન માટે જે શુદ્ધિ જરૂરી છે, તે પ્રાપ્ત કરવા પણ નિષ્કામ કર્મો કરવાં જરૂરી છે.

કર્મમાર્ગમાં કર્મફળની આશાવાળાં કામ્યકર્મનો ત્યાગ કરવાની આજ્ઞા છે. કામ્યકર્મોનો ત્યાગ કરવો એ જ કર્મમાર્ગનો સાચો સંન્યાસ છે. વર્ણ અને આશ્રમ માટે નિયત થયેલાં કર્મોનો ત્યાગ કરવો, તે કર્મમાર્ગનો સંન્યાસ નથી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પુષ્ટિમાર્ગમાં પણ જયા સુધી શરીરની શુદ્ધિ રહે, ત્યાં સુધી નિયત કર્મોની સાથે ભક્તિમાર્ગીય કર્તવ્યોનું પાલન કરવું જરૂરી છે.

સંન્યાસ આશ્રમમાં ગૃહત્યાગ જરૂરી હોવાથી ત્યાં પોતાના ઘરમાં સેવા બની શકતી નથી. માટે સંન્યાસ આશ્રમમાં કૃષ્ણદર્શનની લાલસા સાથે નિરંતર તીર્થયાત્રા કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. એટલે પુષ્ટિમાર્ગીય જીવોએ કર્મમાર્ગના દૃષ્ટિકોણથી પણ સંન્યાસ ગ્રહણ કરવાની જરૂરી નથી અને સાધનદશામાં ગૃહત્યાગ કરવાની પણ જરૂર નથી.

(૨) ચોથા આશ્રમરૂપ કર્મમાર્ગીય ત્યાગ :

શાસ્ત્રોમાં જીવનને ચાર આશ્રમોમાં વહેંચી નાખ્યું છે. તેમાં ચોથો આશ્રમ સંન્યાસ આશ્રમ છે. વાનપ્રસ્થ આશ્રમ પછી સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરવા માટે શાસ્ત્રોમાં આજ્ઞા કરવામાં આવી છે શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે બ્રહ્મચર્ય, ગૃહસ્થ અને વાનપ્રસ્થ આશ્રમો દ્વારા બ્રહ્મણ જે બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ ચાહે છે, તે જ બ્રહ્મની પ્રાપ્તિ સંન્યાસ આશ્રમ દ્વારા ચાહે છે. પુત્ર, ધન કે લૌકિક - સર્વ કામનાઓ છોડીને જે ભિક્ષાટન કરે છે તેને કરેલાં કે નહીં કરેલાં કર્મોનું ફળ ભોગવવાનો સંતાપ રહેતો નથી. શ્રીભાગવતનાં પણ સંન્યાસ ધર્મનું નિરુપણ કરવાનાં આવ્યું છે. તે પરથી સમજાય છે કે ચતુર્થ આશ્રમરૂપ સંન્યાસ ગ્રહણ કરવો તે નિયતકર્મ છે. પરંતુ સાથે સાથે એમ પણ ભારપૂર્વક કહેવાયું છે કે વૈરાગ્ય થયા વિના સંન્યાસ લેવો જોઇએ નહીં. શ્રીમહાપ્રભુજીના મતે મર્યાદામાર્ગીય સાધકો માટે સંન્યાસ આવશ્યક છે, પુષ્ટિમાર્ગીય સાધકો માટે તે આવશ્યક નથી. જેમને મોક્ષની પણ ઇચ્છા નથી એવા ભક્તો માટે જ્ઞાન, વૈરાગ્ય, તપ, દાન, ધર્મ વગેરેની અપેક્ષા નથી. જ્ઞાન, વૈરાગ્ય વિના સંન્યાસ લઇને જીવનારાઓની શ્રીભાગવતમાં નિંદા કરવામાં આવી છે. આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કળિયુગના દુઃપ્રભાવને કારણે ચતુર્થ આશ્રમરૂપ કર્મમાર્ગીય સંન્યાસ દુઃસાધ્ય છે, તેથી પુષ્ટિજીવો માટે આવશ્યક નથી.

(૩) ભક્તિ માટે જરૂરી કથાશ્રવણ વગેરેના નિર્ણય દ્વારા ભક્તિની પ્રાપ્તિ માટે સંન્યાસ :

શ્રીભાગવતજીમાં કહ્યું છે કે ભગવદ્કથાના શ્રવણ માટે સંન્યાસ લેવો પરંતુ આ વિધાન કર્મમાર્ગ માટે નથી. વૈરાગ્ય અને શ્રદ્ધા જન્મે ત્યાં સુધી કર્મત્યાગ ન કરવા માટે છે. આથી પ્રેમરૂપા ભક્તિના શ્રવણ-કીર્તન વગેરે નવ અંગોની સાધના માટે સંન્યાસ લેતાં પાંચ મુશ્કેલીઓ આવે છે. (અ) સંન્યાસધર્મ પ્રમાણે વ્યક્તિને

નિરપેક્ષપણે એકાકી બનીને ફરવું પડે, જ્યારે ભક્તિમાં કથાશ્રવણ વગેરે માટે સત્સંગની અપેક્ષા રહે છે. (બ) ભક્તિના નવ અંગોની સાધના માટે જરૂરી સાધનોની રક્ષા કરવા માટે ધનની જરૂર પડે છે. તે સંન્યાસધર્મના અપરિગ્રહના નિયમથી વિરુદ્ધ છે. (ક) સંન્યાસ લેવાતાં વ્યક્તિને તેનું અભિમાન આવે છે. ભક્તિમાં દૈન્ય અને દાસભાવ જરૂરી છે. કથાશ્રવણથી તત્ત્વ નક્કી કરવા માટે શાસ્ત્રચર્ચા ઉપયોગી હોય છે. પરંતુ સંન્યાસ ધર્મમાં શાસ્ત્રચર્ચા વર્જિત છે. (ડ) ભક્તિમાં શ્રવણ વગેરે અંગોનો વારંવાર ઉપયોગ થવો જોઇએ. તેને માટે ભક્તોની સમીપમાં રહેવું જરૂરી છે, જ્યારે સંન્યાસમાં નિરંતર ભ્રમણ કરવું જરૂરી છે. (ઇ) ભક્તિનાં નવધા સાધનોનો અંતિમ હેતુ ભગવાનની સેવા માટે યોગ્યતા પ્રાપ્ત કરવાનો છે. સંન્યાસધર્મ સાધકને સેવા માટે અયોગ્ય બનાવે છે. આથી ભક્તિમાર્ગની સાધના માટે સંન્યાસ યોગ્ય નથી.

(૪) ભક્તિમાં બાધક બનતા ઘર વગેરેના ત્યાગ દ્વારા ભક્તિની પ્રાપ્તિ માટે સંન્યાસઃ

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, જ્યારે ઘરમાં રહેલાં બધાં સંબંધીઓ અને પદાર્થો આપણી ભક્તિમાં બાધક બનતાં હોય ત્યારે ભક્તિ નિર્વિઘ્ન રીતે વધે, તે માટે તે વ્યક્તિઓ અને વસ્તુઓને પૂરેપૂરો ત્યાગ કરવો. પરંતુ ભક્તિનું બીજ દૃઢ ન થયું હોય તો આવો ગૃહત્યાગ ક્યારેક પાખંડ બની જાય છે. તે ત્યાગમાં બે દોષ જન્મે છે : (૧) દુઃસંગ (૨) અન્નદોષ. તેનાથી ભક્તિ કરવાનું અધઃપતન થાય છે. આવી સ્થિતિમાં સંન્યાસ લેવાથી ત્રણ મુશ્કેલીઓ આવે છે : (અ) ગૃહત્યાગ પછી ભિક્ષા માટે ઘેર ઘેર ફરવું પડે છે. તે ઘરનું અન્ન ભગવાનને પસંદ ન હોય તો તેવું અન્ન બુદ્ધિને બગાડનારું છે (બ) કલિયુગના પ્રભાવને લઇને બાહ્યત્યાગ થાય, પણ અંદર આસક્તિ કે વાસનાનો નાશ ન થાય એ સ્થિતિમાં ત્યાગી બનવાને બદલે માણસ પાખંડી બને છે (ક) ત્યાગનું આવું પાખંડ કરનાર વિષયી વ્યક્તિના શરીરમાં કયારેય ભગવાનનો પ્રવેશ થતો નથી. આથી જેમનો ભક્તિનો બીજભાવ દૃઢ થયો નથી, એવા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ સંન્યાસ લેવો જોઇએ નહીં.

(૫) ભગવાનના વિરહના અનુભવ માટે ભક્તિની ઉત્તર અવસ્થાનો સંન્યાસઃ

ભક્તિની ચરમ કક્ષા એટલે વ્યસન અવસ્થા. તે સિદ્ધ થતાં ઘરમાં

ભગવાનની સેવા નભી શકતી જ નથી તીવ્ર વિપ્રયોગને લઈને ઘરમાં અનેક વિઘ્નો ઊભા થાય છે. તે અવસ્થામાં ઘરનો ત્યાગ કરવાની છૂટ આપવામાં આવી છે. વ્યસન અવસ્થામાં સર્વાત્મભાવ દ્વારા ચિત્તને નિરંતર ભગવાન સાથે જોડેલું રાખવામાં અને તીવ્ર વિરહ તાપનો અનુભવ કરવામાં ભગવદ્પ્રેમ પૂર્ણ વૈરાગ્યમૂલક સંન્યાસની રીત બતાવવામાં આવી છે. ત્યાં એમ કહેવામાં આવ્યું છે કે આવી અવસ્થામાં કુટુંબના લોકોનો મોહ આપણા તરફથી છૂટતો ન હોય તો કુટુંબથી છૂટવા સંન્યાસીનો વેશ ધારણ કરી લેવો જોઈએ. આવો ત્યાગ કરનાર માટે ગુરુની કોઈ અપેક્ષા નથી. આવા સંન્યાસમાં ગુરુ તરીકે ગોપીજનનો સ્વીકાર કરવો જોઈએ આવા વિરહના અનુભવ માટે સંન્યાસમાં કેવળ ભાવ જ સાધનરૂપ છે.

ભગવાન મથુરા પધાર્યા ત્યારે ગોપીજનને ભગવાનના વિરહનો તીવ્ર અનુભવ થતાં તેમનું મન ભગવાનમાં તલ્લીન બની ગયું હતું. જ્યારે આપણને ઘરમાં ભગવાનની સેવાનું સુખ ન મળતું હોય ત્યારે ભગવાન મથુરા પધાર્યા છે, એવી ભાવના કરીને, ગોપીજનોની જેમ વિરહમાં રહેવું જોઈએ. તેમ કરતાં એક દિવસ મન એટલું વિકળ બની જશે કે તે ભક્ત ભગવાનને શોધવા ઘર છોડીને અનાયાસ જ નીકળી પડશે. આ ત્યાગ શુષ્ક વૈરાગ્યપ્રેરિત નથી. પરંતુ પ્રભુના મધુર ગુણોને લઈને અનુરાગ પ્રેરિત છે. આવો ત્યાગ ભક્તિમાર્ગમાં પ્રશંસનીય છે.

ભક્તિમાર્ગીય જીવ ભાવનાઓના બળ ઉપર ગોલોકમાં ચાલતી ભગવાનની નિત્યલીલાઓમાં સ્થિર થઈ શકે છે. ભગવાનની બધી લીલાઓ, જે ભક્તના અંતઃકરણમાં પ્રગટ થઈ હોય છે. તે ક્યારેક બહાર પ્રગટ થઈ જાય છે, ત્યારે શરીરનાં બંધન તૂટી જાય છે. એવી સ્થિતિ થતાં પહેલાં વિપ્રયોગમાં ભક્તના પ્રાણોને ભગવાનના ગુણો જ ટકાવે છે.

(૬) અહંતા-મમતાની વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસક્તિ થતાં ભક્તિથી થતો સંન્યાસ :

ગોપીજનોના લોક-વેદના ત્યાગપૂર્વક સર્વાત્મભાવવાળી ભક્તિથી દેહ-ગેહનો જે ત્યાગ થયો તે કોઈ આશ્રમરૂપ સંન્યાસ ન હતો, ન કોઈ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણેની પણ હતો, કારણ કે ચતુર્થ આશ્રમ રૂપ સંન્યાસ કેવળ બ્રાહ્મણપુરૂષો માટે જ છે, જે બ્રાહ્મણ નથી અથવા સ્ત્રીઓ છે તેમના માટે નથી. ગોપીજનોનો ત્યાગ ભગવાનમાં આસક્તિના સહજ સ્વભાવને કારણે હતો, કેવળ પ્રેમભાવથી વિવશ થઈ, થતો ત્યાગ બહુ દુર્લભ છે.

(૭) જ્ઞાન માટે સંન્યાસ :

પુષ્ટિમાર્ગીય જીવોને જ્ઞાન માટે સંન્યાસ લાભદાયક નથી. કારણ કે તેવો સંન્યાસ લેતાં પહેલાં વેદોનો અભ્યાસ, દાન, યજ્ઞ વગેરે કર્તવ્યો કરી, ચિત્તને શુદ્ધ કરવું જરૂરી હોય છે. કલિયુગમાં ચિત્તશુદ્ધિ નથી, તેથી જે લોકો કલિયુગમાં સંન્યાસ લે છે, તેમને પાછળથી પસ્તાવું પડે છે, તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે સંન્યાસ લેવો ન જોઈએ.

(૮) જ્ઞાનપ્રાપ્તિ બાદનો સંન્યાસ :

જ્ઞાન પ્રાપ્ત થતાં વૈરાગ્ય પ્રગટ થાય છે. વૈરાગ્ય પ્રગટ થતાં સ્વભાવગત સંન્યાસ લેવાય છે. પરંતુ પુષ્ટિમાર્ગીય જીવોને આવા સંન્યાસની, તેના ફળની કે તેના જ્ઞાનની કોઈ મહત્તા હોતી નથી. ગીતાજીમાં કહ્યું કે હજારો વર્ષો સુધી જ્ઞાનમાર્ગ પર ચાલ્યા બાદ ક્યારેક જીવ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિની દિશામાં વળે છે. તેથી કૃષ્ણભક્તિની દિશામાં વળેલાઓએ ફરી જ્ઞાનમાર્ગની દિશામાં જવાની જરૂર નથી. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સંન્યાસ લેનારાઓને કૃષ્ણભક્તિમાં હજારો જન્મોનો અંતરાય આવી પડે છે.

ભક્તિમાર્ગમાં પણ દોષની સંભાવના અને તેનું નિરાકરણ:

કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં પાખંડ, વિષયાસક્તિ વગેરે દોષો સંન્યાસમાં અંતરાયરૂપ બતાવ્યા, તેમ ભક્તિમાર્ગમાં પણ તેનો સંભવ છે. દોષો કાલના પ્રભાવથી, જીવાત્માના સ્વભાવથી અને પરમાત્માની ઈચ્છાથી ઉત્પન્ન થાય છે. કલિયુગનો પ્રભાવ ભક્તિમાર્ગ પર પડતો નથી. વિષયાસક્તિ અને કલિકાલ ભક્તિમાર્ગમાં દોષ ઉત્પન્ન કરી શકતા નથી. પુરાણોમાં તપસ્વીઓ ખોટા રસ્તે ચડી ગયાનાં ઉદાહરણો છે, તેવાં ભક્તોનાં કોઈ ઉદાહરણ નથી.

જીવના સ્વભાવને કારણે દોષ ઉત્પન્ન થાય છે. માટે ભક્તિમાર્ગમાં પણ ત્યાગ ન કરવાની વાત સમજાવી છે. ભક્તિનું બીજ દૃઢ થયા પછી ત્યાગ કરવામાં આવે તો તે દોષ ઉત્પન્ન કરતો નથી.

ગોપીજનોને જ્ઞાનનો ઉપદેશ અપાવી, ભગવાન પોતે તેમને વિરહવ્યાધિમાંથી છોડાવવા ચાહતા હતા. તેથી ભગવાને ઉદ્ધવજીને વ્રજમાં મોકલ્યા હતા. પરંતુ વ્રજભકતોમાં ઉદ્ધવજીના જ્ઞાનનો ઉપદેશ ભાવનું ખંડન કરી શક્યો નહીં. વ્રજભક્તોના

ભાવે ઉદ્ધવજીના જ્ઞાનના અભિમાનનું ખંડન કર્યું. તેથી નક્કી થાય છે કે વિરહની તન્મય અવસ્થામાં ભગવાન પણ બાધા પહોંચાડી શકતા નથી. જ્યારે વ્યસન અવસ્થા સિદ્ધ થઇ હોય ત્યારે ભક્તિના વૃક્ષને કાપી નાખવાનું ભગવાનના માટે પણ સંભવ નથી. તો કાલ, કર્મ અને સ્વભાવ ભક્તિને ખંડિત કરી શકતા નથી. ભગવાન પોતે પોતાના ભક્તોને મોહ પમાડતા નથી કે જ્ઞાનીઓના વચનથી પણ મોહ પામવા દેતા નથી.

આ સર્વ શાસ્ત્રવચનોથી નક્કી થાય છે કે ભક્તિનો બીજભાવ પૂરેપૂરો દૃઢ થાય અને વ્યસનદશા પ્રાપ્ત થાય ત્યારે ઘરમાં ભગવદ્સેવા ન થઇ શકે, એવી સ્થિતિમાં જ પુષ્ટિજીવે ઘરનો ત્યાગ કરવો જોઇએ, તે સિવાય ઘરનો ત્યાગ કરવો જોઇએ નહિ. શ્રીમહાપ્રભુજીનો આ દૃઢ અભિપ્રાય છે.

આત્માના ઉદ્ધાર માટેના કર્મ, જ્ઞાન અને ભક્તિના ત્રણે માર્ગોમાં સંસાર માટેની અહંતામમતાને બાધક માનવામાં આવી છે. તેથી અહંતામમતામાંથી મુક્ત થવાના સાચા ઉપાય વૈરાગ્ય સહિત જ્ઞાનનો અથવા વૈરાગ્ય સહિત કર્મનો અથવા વૈરાગ્ય સહિત ભક્તિનો બતાવવામાં આવ્યો છે. કેવળ ત્યાગ કે કેવળ સંન્યાસથી આત્માનો ઉદ્ધાર થતો નથી. જે લોકો ભ્રામક ઉત્સાહથી કર્મ, જ્ઞાન કે ભક્તિમાં પૂર્ણ નિષ્ઠા અને વૈરાગ્ય વિના ત્યાગ અથવા સંન્યાસની ઉતાવળ કરે છે, તેઓ સ્વમાર્ગ અને સન્માર્ગથી ભટકી જાય છે. પુષ્ટિમાર્ગીય જીવો પણ કયારેક મિથ્યા આચારવાળા આવા ત્યાગ કે સંન્યાસના ચક્કરમાં પડી જઇ શકે છે. ખાસ કરીને પોતાના ઘરમાં જેમનાથી સેવા બની શકતી નથી, તેવા દૃઢ બીજભાવવાળા વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી ગૃહત્યાગનો ઉપદેશ આપે છે. તેનું રહસ્ય સારી રીતે સમજ્યા વિના, પુષ્ટિમાર્ગીય વિવેક વિના, ઉતાવળમાં આવી જઇને કોઇ વૈષ્ણવ ત્યાગ કરી લે અથવા સંન્યાસ લઇ લે તો તેને પાછળથી પસ્તાવા સિવાય કશું મળતું નથી. તે પુષ્ટિમાર્ગીય ફળથી વંચિત બની જાય છે. એટલે વૈષ્ણવો મહાપાખંડનું એક નાટક ન બનાવી લે તેટલા માટે શ્રીમહાપ્રભુજી આ ગ્રંથમાં ત્યાગ અને સંન્યાસ સંબંધી તેમના વિચારો સ્પષ્ટ કરે છે. સાથે સાથે નરહરિ સંન્યાસીની જેમ જો કોઇ મનુષ્યો સંન્યાસ લઇ ચૂક્યા હોય અને તેઓ પુષ્ટિજીવો હોય તો તેમને ભક્તિના માર્ગ ઉપર પાછા આવવાનો અવસર આપવા શ્રીમહાપ્રભુજી આ ગ્રંથમાં ઉપદેશ આપે છે.

ફરીથી યાદ કરીએ :

(૧) જ્ઞાનમાર્ગ મિથ્યાપણાનો બોધ કરાવી સંન્યાસ લેવા પ્રેરે છે.

(૨) ભક્તિમાર્ગ સર્વ કંઇ શ્રીશ્યામસુંદર માટે છે, એવો બોધ કરાવી સેવા કરવા પ્રેરે છે.

(૩) સેવા સંન્યાસ અવસ્થામાં ન થાય તેથી પુષ્ટિમાર્ગમાં સંન્યાસને સ્થાન નથી.

(૪) વસ્તુનો ત્યાગ પૂર્ણતયા શક્ય નથી. વસ્તુનો વૃક્ષા ત્યાગ કરવાને બદલે, તે વસ્તુ શ્રીઠાકોરજીને સમર્પી દો. મનને પ્રેમના માધ્યમથી શ્રીઠાકોરજીમાં તન્મય કરી દો, પરિણામે મન લૌકિક પ્રત્યે વિરાગવાળું બનશે.

(૫) સંન્યાસનો વિચાર આઠ પ્રકારે કરવામાં આવ્યો છે. તેમાં કર્મમાર્ગીય સંન્યાસ અને જ્ઞાનમાર્ગીય સંન્યાસ બબ્બે પ્રકારના છે. તે અસ્વીકાર્ય છે.

(૬) ભક્તિમાર્ગીય સંન્યાસ ચાર પ્રકારના છે. તેમાં ભક્તિની વૃદ્ધિ માટેનો સંન્યાસ બે પ્રકારનો છે (૧) ભક્તિની સાધના માટે જરૂરી શ્રવણકીર્તન વગેરે કરવા માટેનો (૨) ભક્તિમાં બાધક બનતાં ઘરબાર વગેરેના ત્યાગ માટેનો

(૭) ભક્તિ સિદ્ધ થયા પછીનો સંન્યાસ પણ બે પ્રકારનો છે. (૧) વિરહના અનુભવ માટેનો (૨) સંસારના વિસ્મરણપૂર્વક ભગવદ્આસક્તિ સિદ્ધ કરવા માટેનો સ્વભાવ ઘડનારો. આવો સંન્યાસભાવ પુષ્ટિમાર્ગમાં આવકાર્ય છે. વ્યસન અવસ્થા સિદ્ધ થતાં તે આપોઆપ સિદ્ધ થાય છે.

* * *

૧૫. સુખનું એવરેસ્ટ

('નિરોધલક્ષણ'ના આધારે)

વિષયાનંદ વિષ છે

માનવ શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો મળીને કુલ દસ ઇન્દ્રિયો છે. મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર એ ચાર મળીને અંતઃકરણ છે. પાંચ પ્રાણ છે. એક શરીર છે. અને એક આત્મા છે. આમ, કુલ સત્તર તત્ત્વો છે. આ સત્તર તત્ત્વોની સત્તર વૃત્તિઓ છે.

જે દસ ઇન્દ્રિયો છે, એમને બે વિભાગમાં વહેંચી શકાય. ગ્રહણ કરનારી ઇન્દ્રિયો અને વિસર્જન કરનારી ઇન્દ્રિયો. આંખ, નાક, કાન જીભ વગેરે ઇન્દ્રિયો ગ્રહણ કરે છે. મળ-મૂત્રનો ત્યાગ કરનારી બે ઇન્દ્રિયો વિસર્જન કરે છે.

જગતમાં સુખનો આસ્વાદ કરાવનાર પાંચ પ્રકારના વિષયરસો છે. રૂપ, શબ્દ, ગંધ, સ્વાદ અને સ્પર્શ. આ પાંચ વિષયરસો સામાન્ય રીતે દરેક મનુષ્યમાં હોય છે. તેમનો સંબંધ લૌકિક પદાર્થો સાથે હોય છે. મનુષ્ય આંખથી રૂપનો, કાનથી શબ્દનો નાકથી ગંધનો, જીભથી સ્વાદનો અને હાથથી સ્પર્શનો ભોગ કરે છે, તે ઉપરાંત, તેની ઉપસ્થ નામની ઇન્દ્રિયથી કામસુખનો ભોગ પણ કરે છે. આ છએ પ્રકારના ભોગ વિષયભોગ કહેવાય છે. તેમાંથી મળતો આનંદ વિષયાનંદ કહેવાય છે.

વિષયાનંદ લૌકિક છે. કારણ કે વિષયો લૌકિક છે. લૌકિક વિષયો ક્ષણિક હોય છે. તેથી વિષયાનંદ પણ ક્ષણિક હોય છે. વિષયાનંદ બે પ્રકારનો હોય છે. શરીરથી ભોગવાતો વિષયાનંદ અને મનથી ભોગવાતો વિષયાનંદ. શરીરથી ભોગવાતા વિષયાનંદને મજા (Pleasure) કહેવામાં આવે છે. મનથી ભોગવાતા વિષયાનંદને સુખ (Happiness) કહેવામાં આવે છે. આ બંને વિષયાનંદની શરૂઆતમાં અને અંતમાં દુઃખ રહેલું છે. તેથી વિષયો ભોગવવાથી મળતા આનંદની કદી તૃપ્તિ થતી નથી. અગ્નિમાં ઘી પડતાં અગ્નિ વધારે સળગે, તેમ વિષયભોગો ભોગવવાથી વિષયવાસનાઓ સંતોષાતી નથી, પણ વધારે ને વધારે વધે છે. આ વિષયવાસનાઓ અને તેને લઈને થતા વિષયભોગો શરીર તથા મનને નબળાં પાડે છે. રોગગ્રસ્ત બનાવે છે. ઘડપણ અને મૃત્યુ વહેલાં લાવે છે. આત્માને

પરમાત્માથી ભટકાવી દે છે. પરલોક બગાડે છે અને નરકયાતનાઓ સહન કરવાની સ્થિતિ લાવે છે.

ઈન્દ્રિયોના નિરોધ (દમન) નો યોગમાર્ગીય ઉપાય

આથી, શાસ્ત્રોએ મનુષ્યની સત્તર વૃતિઓ ઉપર પૂરો કાબુ રાખવાનો ઉપદેશ આપ્યો. તેમાં યોગશાસ્ત્રે વિષયભોગો ઉપર કાબૂ મેળવવા માટે યોગનો રસ્તો બતાવ્યો. તેમાં કહેવામાં આવ્યું કે આપણી બધી ચિત્તવૃત્તિઓનો પૂરેપૂરો નિરોધ કરવો જોઈએ. તેનું નામ જ યોગ છે. તે માટે આઠ અંગ પણ બતાવ્યાં. યોગનાં વિવિધ આસનો પણ બતાવ્યાં. પ્રાણાયામ જેવી પ્રક્રિયાઓ પણ બતાવી. એ બધાની મદદથી દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, પ્રાણ અને આત્મા ઉપર કાબુ રાખવાની સલાહ આપવામાં આવી. તેને સંસ્કૃતમાં નિગ્રહ કહે છે. નિગ્રહ એટલે ખૂબ સારી રીતે મજબૂતાઈથી પકડી રાખવું. દેહ-દમન અને મન-દમન દ્વારા શરીર, ઈન્દ્રિયો વગેરેને પૂરેપૂરો કાબૂમાં લેવાં અને વિષયભોગ તરફ ન છટકવા દેવાં, તેનું નામ નિરોધ અથવા નિગ્રહ.

જેમ કોઈ માણસને મરણતોલ માર માર્યો હોય અથવા ખૂબ થકવી, બેહોશ જેવો બનાવી દીધો હોય, તો તેને તે સ્થિતિમાં કોઈ વિષયભોગ કરવાની ઈચ્છા જાગતી નથી. તેનું તન, મન અને ઈન્દ્રિયો અત્યંત શિથિલ થઈ ગયાં હોય છે. એટલે યોગશાસ્ત્રે એમ કહ્યું કે, 'શરીર, મન અને ઈન્દ્રિયોમાં જે વિષયવૃત્તિઓ રહેલી છે, જેને લઈને અહંતા-મમતા જન્મે છે, તેમને ખૂબ જ કચડી નાખો. જેથી તેમાં વિષયવાસના જાગે જ નહીં. અહંતા, મમતા રહે જ નહીં. એમ થતાં આત્માનો ઉદ્ધાર થશે. શરીર સ્વસ્થ રહેશે. વિષયભોગથી થતાં દુઃખો, રોગો ટાળી શકાશે. ટૂંકમાં કહીએ તો યોગશાસ્ત્રે મનને મારી નાખવાનો માર્ગ બતાવ્યો. નિરોધ ને નિગ્રહ શબ્દોનો જેમ એક અર્થ પૂરેપૂરું વશ કરવું છે, એમ બીજો અર્થ 'મારી નાખવું' અથવા 'નાશ કરવો' એવો પણ છે.

આપણે ઘણા યોગીઓ અને ઋષિમુનિઓનાં ચરિત્રો જાણીએ છીએ. તેમણે સેંકડો અને હજારો વર્ષો સુધી ઘોર તપ કર્યાં. યોગસાધના કરી. દેહ દમન અને મન-દમન કર્યું. પરંતુ કોઈ અપ્સરા કે સુંદર સ્ત્રીને જોતાં તેમનું કચડાયેલું મન અને ઈન્દ્રિયો અનેક ગણા વેગથી ઉછાળો મારવા લાગ્યાં. તેમના ઉપરનો તેમનો કાબુ તેમણે ગુમાવી દીધો. પરિણામે તેઓ યોગભ્રષ્ટ થયા અને તપોભ્રષ્ટ પણ થયા. આથી સમજાય છે કે, સમર્થ યોગીઓ માટે પણ ચિત્તવૃત્તિઓનો નિરોધ સો ટકા શક્ય નથી. દમન થયેલ ઈન્દ્રિયો બમણા વેગથી ઉછળે છે.

ભક્તિમાર્ગીય નિરોધ

આ સ્થિતિમાં ભક્તિમાર્ગનાં શાસ્ત્રોએ નિરોધનો સહજ, સરળ અને સુગમ પ્રકાર બતાવ્યો. શ્રીભાગવતજીએ કહ્યું કે, ઇન્દ્રિયોને પાંચ વિષયો ભોગવવામાં સહજ વૃત્તિ છે. શરીર અને મનને સુખ ભોગવવાની સહજ વૃત્તિ છે. તેઓ હંમેશાં એક-એકથી ચડિયાતા વિષયભોગ માટે પ્રવૃત્ત રહે છે. તેમની આ વૃત્તિઓને નથી કચડી શકાતી, કે નથી મૂળમાંથી મારી શકાતી. ત્યારે તેમનું ઉર્ધ્વીકરણ કરવું જોઇએ. લૌકિક વિષયોને બદલે આ ઇન્દ્રિયોને અલૌકિક વિષયો સાથે જોડવી જોઇએ. પરિણામે તેઓ લૌકિક ભોગથી અને તેનાં પરિણામોથી બચશે. તેમને અલૌકિક ભોગનું અલૌકિક ફળ મળશે. જે તેમના આત્માનો ઉદ્ધાર કરશે. અને મનુષ્ય જીવનને સાર્થક પણ કરશે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ અલૌકિક આનંદરસનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેમનામાં રૂપ, શબ્દ, સુગંધ, સ્વાદ અને સ્પર્શના પાંચે અલૌકિક વિષયો રહેલા છે. પાંચે ઇન્દ્રિયોથી રસાત્મક ભગવાન શ્રીકૃષ્ણના પાંચ અલૌકિક વિષયોનો ભોગ કરવાનો માર્ગ મન, ઇન્દ્રિયો અને શરીરને બતાવી દેવાથી તેઓ પછી લૌકિક ભોગ તરફ અને લૌકિક વિષયો તરફ નજર પણ નહીં કરે. એમાંથી એમનો લૌકિક રસ આપોઆપ નાશ પામશે. તેમના મનનો નિરોધ અથવા નિગ્રહ અલૌકિક ભગવાન શ્રીકૃષ્ણમાં થઇ જશે. ભક્તિમાર્ગનો નિરોધ કે નિગ્રહ મનને મારી નાખવાનો નિરોધ કે નિગ્રહ નથી. મનને ભગવાનમાં મેળવી દેવાનો રસાત્મક નિરોધ કે નિગ્રહ છે. તેથી શ્રીમહાપ્રભુજીએ સેવાની વ્યાખ્યા કરતાં કહ્યું કે, 'ભગવાનમાં આપણા ચિત્તને ઓતપ્રોત કરી દેવું, એનું નામ જ સેવા છે.' ત્યાં આ નિરોધની જ વાત કરવામાં આવી છે. આ નિરોધ અત્યંત સરળ અને સહજ છે, કારણ કે દરેક આત્મા પરમાત્માનો અંશ છે. તેથી આત્માને પરમાત્મા તરફ સહજ સ્નેહ અને સહજ આકર્ષણ છે. પરમાત્માનું સાકાર શ્રીકૃષ્ણ સ્વરૂપ એટલું મધુર છે કે તેઓ આપણી સર્વ ઇન્દ્રિયોના વિષય બની જાય છે. એમનાથી ચડિયાતો કોઇ વિષય જગતમાં નથી. એટલે શ્રીકૃષ્ણમાં મન લાગ્યા પછી મન બીજે ક્યાંય લાગશે નહીં. બીજે લાગેલું મન સદાને માટે ઉખડી જશે. આપણા ત્યાં રસખાનજીનું ઉદાહરણ છે. લૌકિક બાળકના રૂપથી પાગલ બનેલા રસખાન શ્રીનાથજીના ચિત્રજીનાં દર્શનમાત્રથી અલૌકિક રૂપ તરફ ઢળી ગયા અને આજીવન વ્રજમાં શ્રીનાથજીના સ્વરૂપ અને લીલાઓમાં ડૂબેલા રહ્યા. પછી ક્યારેય તેમને પેલા રૂપાળા બાળકની યાદ પણ આવી નહીં. આ ભક્તિમાર્ગીય નિરોધ છે.

વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણ સાથે વસનારાં જીવોમાં મુખ્ય ચાર પ્રકારના જીવો હતા. વાત્સલ્યભાવવાળાં નંદયશોદા અને પ્રૌઢ વ્રજવાસીઓ હતાં. સખ્ય ભાવવાળા ગોપબાળકો હતા. માધુર્યભાવવાળાં ગોપીજનો હતાં. પશુપક્ષી, નદી, પર્વત વગેરે સ્થાવર જંગમ પદાર્થો પણ હતાં. ભગવાને પોતાની વિવિધ લીલાઓથી સમસ્ત વ્રજનો પોતાનામાં નિરોધ કર્યો હતો. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવાને જ્યારે પૃથ્વી ઉપર સાક્ષાત્ અવતાર ધારણ કર્યો હોય છે. ત્યારે તેઓ પોતાના સ્વરૂપ અને લીલાઓથી જીવોનો નિરોધ કરે છે. આ સર્વ વ્રજવાસીઓ સવાર-સાંજ ભગવાનની વ્રજમાં સેવા કરતા. ભગવાનને સુખ થાય, એવી રીતે લાડ લડાવતાં. ભગવાન બપોરે ગૌ-ચારણ માટે વનમાં પધારે ત્યારે ભગવાનનાં કથા કીર્તન કરતાં. ભગવાન શ્રૃંગાર રસનું અલૌકિક સાક્ષાત્ સ્વરૂપ છે. શ્રૃંગાર રસના બે દલ, સંયોગ અને વિયોગ છે. તે બંનેનો અનુભવ વ્રજવાસીઓને થતો હતો. તેથી તેમનો ભગવાનમાં સંપૂર્ણ નિરોધ થયો હતો.

મથુરાલીલા અને દ્વારાકાલીલા વખતે પણ ભગવાને મથુરા અને દ્વારકામાં રહેતા પોતાના ભક્તોનો નિરોધ વિવિધ લીલાઓ વડે કર્યો હતો. તેથી શ્રીભાગવતના દશમ સ્કંધની સંપૂર્ણ કૃષ્ણલીલા નિરોધલીલા છે.

ગુણગાન દ્વારા નિરોધ

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જ્યારે ભગવાન સાક્ષાત સ્વરૂપે આપણી વચ્ચે ન બિરાજતા હોય, ત્યારે ભગવાનના સ્વરૂપની સેવા અને ભગવાનની લીલા તથા ગુણોની કથા કરવી જોઇએ. જે હાલ આપણે કરીએ છીએ. ભગવદ્ સેવામાં સવાર-સાંજ સંયોગનું સુખ અને બાકીના સમયમાં ભગવદ્ કથા દ્વારા વિયોગનું સુખ લઇએ છીએ. આપણી સર્વ ઇન્દ્રિયો સેવા-સ્મરણમાં જોડાઇ જાય છે. ત્યારે અલૌકિક રસમાં ઓતપ્રોત થઇ જાય છે. આમ, ભગવાનના અનવતાર કાલમાં ભગવદ્ સેવા અને ભગવદ્ કથા દ્વારા આપણો નિરોધ થાય છે.

શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં ત્રણ પ્રકારના ભક્તો બતાવ્યા. ઉત્તમ ભક્તો, સેવા અને કથા બંને કરે છે. મધ્યમ ભક્તો, થોડી સેવા અને વિશેષ કથા-તત્પર હોય છે. ત્રીજા પ્રકારના ભક્તો કેવળ કથા-તત્પર હોય છે. આ ત્રણે પ્રકારના ભક્તોને સેવા અને કથાના માર્ગથી અથવા કેવળ કથાના માર્ગથી ભગવાનમાં અવશ્ય નિરોધ સિદ્ધ થાય છે. પુષ્ટિમાર્ગમાં સેવા અને કથાનું પરિણામ

જ નિરોધસિદ્ધિ છે. નિરોધસિદ્ધિનું ફળ શ્રીમહાપ્રભુજી હવે પછીના 'સેવાફલ'ગ્રંથમાં બતાવશે.

પુષ્ટિમાર્ગીય નિરોધની વ્યાખ્યા

પુષ્ટિમાર્ગીય નિરોધની વ્યાખ્યા ચાર બાબતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે : (૧) નિરોધનું કારણલક્ષણ, (૨) સ્વરૂપલક્ષણ, (૩) કાર્યલક્ષણ (૪) પ્રયોજન લક્ષણ ભગવાન જ્યારે સાક્ષાત્ ભગવાન પોતાની સર્વ શક્તિઓ સાથે પૃથ્વી ઉપર ક્રીડા કરવા પ્રગટ થાય છે, ત્યારે પોતાના સ્વરૂપથી અને લીલાઓથી ભક્તોનો વગર સાધને અને પ્રયત્ને નિરોધ કરી લે છે. અહંતા-મમતા રૂપી સંસારનો આવેશ ભક્તના હૃદયમાં રહેલી ભક્તિને અશુદ્ધ બનાવતો હોય છે. તેથી ભક્તિની શુદ્ધતા માટે ભક્તોનો નિરોધ જરૂરી હોય છે. એ કારણથી જ ભગવાન પૃથ્વી પર પ્રગટ થાય છે. આમ, પોતાની લીલાઓ દ્વારા પોતાના ભક્તોનો નિરોધ કરવો, એ નિરોધનું કારણ-લક્ષણ છે. જેવી રીતે અવતાર કાલમાં ભગવાન પ્રગટ થતાં ભક્તો ભગવાનમાં નિરૂદ્ધ થતા, તેવી રીતે હાલના સમયમાં ભગવાનના ગુણધર્મોની કથાઓના નિરંતર શ્રવણ, કીર્તન, સ્મરણથી આધુનિક ભક્તો ભગવાનમાં નિરૂદ્ધ થઇ શકે છે.

માનવ સ્વભાવ છે કે વધુ ઉત્તમ વસ્તુ મળે ત્યારે આગલી વસ્તુ ભુલાઇ જાય છે તેમ ભગવાન મળતાં મિથ્યા અહંતા-મમતા, જેને પ્રપંચ કહેવામાં આવે છે, તે ભુલાઇ જાય છે. આમ, પ્રપંચ રૂપી અહંતા-મમતાની વિસ્મૃતિ થવી અને ભગવાનમાં દૃઢ આસક્તિ થવી તે નિરોધનું સ્વરૂપ - લક્ષણ છે. ભગવદ્ સેવા અને ભગવદ્ કથા બંને સરખી રીતે કરવાથી હાલના સમયમાં આવો નિરોધ થઇ શકે છે.

હવે નિરોધનું કાર્ય-લક્ષણ જોઇએ ભગવાનમાં ભક્તની ભગવાન પૂર્ણ આસક્તિ થતાં ભગવાનના સંયોગરસ અને વિયોગ-રસનો અનુભવ થવા લાગે છે, તે અવસ્થાને 'વ્યસન-દશા' કહેવામાં આવે છે. એ સ્થિતિમાં એક ક્ષણનો પણ ભગવાનનો વિયોગ સહન થઇ શકતો નથી. તે નિરોધનું કાર્યલક્ષણ છે.

આમ તો ભક્તિનો હેતુ ભક્તિ જ છે. પુષ્ટિ ભક્તિનું પ્રયોજન કોઇપણ ફળ મેળવવાનું નથી. છતાં ભક્તિ સ્વયં ફળ આપનારી છે. તેથી નિરોધ સિદ્ધ થતાં સેવા દ્વારા સાક્ષાત્ ભગવાન ભક્તની સામે પ્રગટ થાય છે, તે નિરોધનું પરમ ફળ છે. જે

કેવળ કથા તત્પર છે, તેમના હૃદયમાં ભગવાન પ્રગટ થાય છે. તે પણ નિરોધનું ફળ છે. બંને પ્રકારે ભગવાનનો અનુભવ થતાં ભક્ત આપોઆપ અહંતા-મમતાને ભૂલી ભગવાનમાં આસક્ત થાય છે. ક્યારેક આવો નિરોધ પૂર્ણ રીત સિદ્ધ ન થવાથી આ જન્મમાં ભગવાનનો અનુભવ ન થાય તો મૃત્યુ બાદ ભગવાનમાં સાયુજ્ય રૂપી મોક્ષ કે વૈકુંઠ લોકમાં સેવોપયોગી દેહ તો અવશ્ય મળશે જ.

આ રીતે આ ચારે લક્ષણોને સાથે લઈને નિરોધનું સ્વરૂપ સમજીએ તો અવતારકાલમાં ભગવાન અને તેમની લીલાઓથી, અને અનવતારકાલમાં ભગવાનની સેવા અને કથાથી ભક્તની અહંતા-મમતા નાશ પામી ભક્તનું મન ભગવાનમાં આસકત થાય છે. ભક્તનું મન ભગવાનમાં આસક્ત થતાં લૌકિક અહંતા-મમતાનું સંપૂર્ણ વિસ્મરણ થાય છે અને ભગવાનના સંયોગ તથા વિયોગ-રસનો અનુભવ થવા લાગે છે. તેથી વ્યસન દશા પ્રાપ્ત થાય છે. તેના ફળ રૂપે આ જન્મમાં સાક્ષાત ભગવદ્ અનુભવ કરવાનું અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થાય છે. તે શક્ય ન બને તો મૃત્યુ બાદ ભગવાનમાં મોક્ષ રૂપી સાયુજ્ય અથવા વ્યાપિ વૈકુંઠ એટલે ગોલોકધામમાં સેવોપયોગી દેહ મળે છે.

નિરોધનું વર્ગીકરણ

મહાનુભાવોએ આ અલૌકિક નિરોધનું વર્ગીકરણ પણ કર્યું છે, તે સાધન-નિરોધ અને ફલ-નિરોધ છે. સાધન-નિરોધમાં કરણ-નિરોધ અને વ્યાપાર-નિરોધનો પણ સમાવેશ થાય છે. પૃથ્વી પર પ્રગટ થયેલા ભગવાન ભક્તોની વચ્ચે લીલાઓ કરે છે, ત્યારે એ લીલાઓ રૂપી સાધનથી ભક્તો જગતને ભૂલી જગદીશમાં તન્મય બને છે. જીવ પોતાના સ્વભાવને પોતાની શક્તિથી બદલી શકતો નથી, ત્યારે ભગવાન ભક્તના સ્વભાવને અનુરૂપ સ્વરૂપ ધારણ કરી, એ પ્રકારની લીલાઓ કરી ભક્તના મનનો નિરોધ કરે છે, તેને કરણ નિરોધ કહેવામાં આવે છે. માટીનો ઘડો બનાવવામાં માટી ઉપાદાન કારણ છે, અને પૈડું તથા દંડો નિમિત્ત કારણ છે. નિમિત્ત કારણ નિષ્ક્રિય બને તો ઘડો બની શકતો નથી, તેમ ભગવદ્ લીલા દ્વારા પ્રપંચની વિસ્મૃતિ થાય છે. અને ભગવાનમાં આસક્તિ વધે છે તે વ્યાપાર નિરોધ છે, કારણ કે ભગવદ્લીલાની સક્રિયતાથી જ આ નિરોધ સિદ્ધ થાય છે.

આમ, જ્યારે ભગવદ્ લીલાઓથી અથવા સેવા અને કથાથી ભક્તનાં સર્વ લૌકિક બંધનો તૂટી જાય છે, ત્યારે ભક્તને ક્યાંતો સાક્ષાત્ અથવા હૃદયમાં

ભગવાનનો અનુભવ થાય છે. તેના પરિણામે ભક્ત સાથે જોડાયેલા બધા લૌકિક પદાર્થો અને ભાવો અલૌકિક બની જાય છે. ભક્તનું શરીર, ઘર બધું જ અલૌકિક બને છે. જેને તનુનવત્વ કહેવામાં આવે છે. પરિણામે ભક્તને સર્વત્ર આનંદસ્વરૂપ ભગવાનનાં જ દર્શન થાય છે. બધા પદાર્થો ભગવદ્રૂપ બની જાય છે. આવી સ્થિતિ બની આવે, તેને ફલરૂપ નિરોધ કહેવામાં આવે છે.

દશમ સ્કંધમાં વિવિધ અધિકારવાળા વ્રજભક્તો માટે ભગવાને પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એમ ચાર પ્રકારે લીલાઓ કરીને તેમનો નિરોધ સિદ્ધ કર્યો હતો. આવા નિરોધનું વાસ્તવિક સ્વરૂપ કેવળ શ્રીમહાપ્રભુજી જ બતાવી શક્યા છે. અન્ય કોઈએ બાતવ્યું નથી. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવો ઉપર ઘણી મોટી કૃપા કરીને નિરોધનો સુચારુ માર્ગ બતાવ્યો છે. નિરોધનો માર્ગ એટલે ભગવદ્ સેવા અને ભગવદ્ કથા કરતાં લૌકિક આસક્તિઓ છોડતા જઈને ભગવદાસક્તિ વધારતાં ભગવાનમાં સર્વ સત્તર વૃત્તિઓને ઓતપ્રોત કરી દેવાનો માર્ગ. એ માર્ગનું પરમ ફળ ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ છે. જેની પાસે દુનિયાનો વિષયાનંદ અને શાસ્ત્રોનો બ્રહ્માનંદ પણ તુચ્છ છે. માટે જ શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ' ગ્રંથના અંતમાં આજ્ઞા કરી કે ''ષોડશ ગ્રંથમાં કે અન્યત્ર શ્રીઅષ્ટાક્ષર અને પંચાક્ષર મંત્રના જપનાં જે સાધન બતાવ્યાં તે બંને સાધન એટલાં ઉત્તમ નથી જેટલાં નિરોધપૂર્વક કૃષ્ણની સેવા અને કથામય જીવનનું સાધન છે.' શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, 'શ્રીયમુનાષ્ટક, શ્રીકૃષ્ણશ્રય કે શ્રીસર્વોત્તમ વગેરે સ્તોત્રો પણ આ નિરોધ કરતાં વધારે ઉત્તમ નથી. શાસ્ત્રોમાં બતાવેલી બ્રહ્મવિદ્યા કે તીર્થયાત્રાઓ પણ નિરોધથી ઉત્તમ નથી. આ નિરોધથી ઉત્તમ કંઇ પણ હોય તો તે સેવા-કથા દ્વારા તનુનવત્વ અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ છે, જેમાં આ દેહથી આ જગતમાં સાક્ષાત્ ભગવાનના સ્વરૂપાનંદનો અનુભવ પ્રાપ્ત થાય છે.

પુષ્ટિમાર્ગનું સ્વરૂપ

શ્રીમહાપ્રભુજીએ 'સંન્યાસનિર્ણય' ગ્રંથમાં સમજાવ્યું કે, 'પ્રભુના વિરહનો અનુભવ કરવા માટે ભક્તિમાર્ગીય ત્યાગ જરૂરી છે. આ ત્યાગ માત્ર ભગવાન તરફના પ્રેમથી જ સિદ્ધ થાય છે. પ્રભુ પ્રત્યેના પ્રેમને શ્રીમહાપ્રભુજી 'ભાવ' શબ્દથી ઓળખાવે છે. ભાવ એટલે પ્રભુ પ્રત્યેનો પ્રેમ. આવો ભાવ ભાવનાઓ દ્વારા હૃદયમાં વધે છે. પ્રભુના સ્વરૂપની લીલાઓની અને ગુણોની જેમ જેમ વધુને વધુ ભાવના

આપણાં મન, બુદ્ધિ કરતાં રહે, તેમ તેમ પ્રભુ પ્રત્યેનો આપણો ભાવ વધતો રહે. જેમ જેમ પ્રભુમાં ભાવ વધે, તેમ તેમ આપણાં મન, ચિત્ત અને બુદ્ધિમાંથી લૌકિક તરફનો આપણો રાગ ઘટતો જાય. પ્રભુમાં પ્રેમ વધે, એટલે મન પ્રભુ સાથે વળગેલું રહે. એ મનને પ્રભુનાં ગુણગાન સિવાય બીજા કશામાં રસ ન પડે.'

શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં સમજાવ્યું કે, 'ભક્તિનો બીજભાવ દૃઢ કરવા માટે બે માર્ગ છે. જેમનું મન લૌકિકમાંથી છૂટીને પ્રભુમાં લાગતું હોય, તેમના માટે સેવા અને કથાનો માર્ગ છે. જેમનું મન લૌકિકમાંથી પૂરેપૂરું ન છૂટવાથી સેવામાં લાગી શકતું ન હોય, તેમના માટે કથાનો માર્ગ છે આ બંને માર્ગથી ભગવાનમાં પ્રેમ થાય છે. પ્રેમ વધતાં આસક્તિ થાય. આસક્તિ થતાં ઘરમાં અરુચિ થાય છે. એ સ્થિતિમાં જ્યારે ઘરનો ત્યાગ થઇ જાય, ત્યારે ભક્તે ભગવદીયોની સાથે રહી ભગવદ્ ગુણગાન કરવું જોઇએ. એ સ્થિતિ ન થાય, ત્યાં સુધી ઘરમાં રહી કથાકીર્તન કરવાં.'

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે, 'અવતારકાલમાં ભગવાન પોતાના સ્વરૂપ અને લીલાઓ દ્વારા ભક્તોની અહંતા-મમતાનો નાશ કરી પોતાનમાં આસક્તિ કરાવી, ભક્તોને પોતાનો નિરોધ ધીમે ધીમે સિદ્ધ કરાવે છે. અનવતારકાલમાં પ્રભુ ભક્તોની રુચિ પોતાનાં કથા-કીર્તનમાં જગાડે છે. ભગવદ્ કથાઓ ભગવાનની ગુણલીલાઓની કથાઓ છે. જે સામર્થ્ય અને છ ગુણો ભગવાનમાં છે, તે જ સામર્થ્ય અને તે જ છ ગુણો ભગવાનની કથાઓમાં પણ છે. ભગવાન પોતે આનંદનું ઘનીભૂત સ્વરૂપ છે, તો ભગવાનની કથાઓ એ જ આનંદનું દ્રવીભૂત સ્વરૂપ છે. તેથી જેમ ભગવાન પોતાના સાક્ષાત્ સ્વરૂપ અને લીલાઓ દ્વારા ભક્તોની અહંતા-મમતાનો નાશ કરી ભક્તોનો નિરોધ સિદ્ધ કરે છે. તેમ પોતાના વિયોગના સમયમાં અથવા પોતાના અનવતારકાલમાં પોતાના કથાશ્રવણ અને કીર્તન દ્વારા ભક્તોનો નિરોધ સિદ્ધ કરે છે.

પૃથ્વી ઉપર અને ભકતના હૃદયમાં, બંને સ્થળે ભગવાનનું પ્રાગટ્ય ભક્તના દુઃખને દૂર કરવા માટે જ થાય છે. ભક્તોને બે જાતનાં દુઃખ પજવે છે. પહેલું દુઃખ, એમને ભક્તિ કરવામાં નડતા અંતરાયોનું દુઃખ છે. ભક્તિ કરવાની પ્રબળ ઇચ્છામાં લૌકિક લોકોના અંતરાયો ભક્તોને કષ્ટ આપે છે. આ દુઃખ દૂર કરવા પ્રભુ પ્રગટ થાય છે. ભક્તોને બીજું દુઃખ, ભગવાનનો સાક્ષાત્ અનુભવ ન થવાનું હોય છે. ભગવાનનાં દર્શન માટેનો એમનો વિરહ તાપકલેશ કરાવે છે.

જેમ અગ્નિ પૂર્ણ સ્વરૂપે પ્રગટ થાય, ત્યારે લોખંડને પણ તપાવી અગ્નિમય બનાવે છે, તેમ ભક્તોનાં બંને દુઃખો ચરમ સીમાએ પહોંચે, ત્યારે જ ભગવાન ભક્તોની સામે અને ભક્તોના મનમાં પ્રગટ થઇ તેમને નિરોધનું દાન કરે છે. જ્યાં સુધી આવું અલૌકિક દુઃખ અતિ ઉત્કટ ન બને, ત્યાં સુધી નિરોધ સિદ્ધ થતો નથી. માટે ભક્તો ભગવાન પાસે દુઃખ માગે છે, સુખ માગતા નથી.

કુન્તાજી મર્યાદા ભક્ત હતાં, છતાં તેમણે ભગવાન પાસે દુઃખ માગ્યું , કારણ કે દુઃખ વધે, તો જ ભગવદ્ભાવ વધે અને ભગવદ્ભાવ વધે, તો જ નિરોધ સિદ્ધ થાય.

વ્રજભંક્તોનો નિરોધ

શ્રીમહાપ્રભુજી સારસ્વતકલ્પની કૃષ્ણલીલાના સમયના વ્રજભક્તોની વાત કરે છે. તે સમયે વ્રજમાં મુખ્ય ત્રણ પ્રકારના ભાવવાળા ભક્તો હતા. તેમાંનાં એક શ્રીયશોદાજી હતાં. બીજા શ્રીનંદરાયજી હતા. ત્રીજાં શ્રીગોપીજનો હતાં. આ ત્રણે ભક્તોના ભાવ એક-બીજાથી અલગ-અલગ હતા, એમ સૂચવવા માટે શ્રીમહાપ્રભુજીએ 'ચ' શબ્દ ત્રણ વખત વાપર્યો છે. 'ચ' શબ્દ ત્રણ વખત વાપરીને શ્રીમહાપ્રભુજી એવું પણ સૂચન કરે છે કે આ ત્રણ પ્રકારના ભાવવાળા ભક્તોને ત્રણ પ્રકારનાં દુઃખ હતાં. જેમને જેવું દુઃખ હતું. એ દુઃખ દૂર કરવા અને જેમને જેવા ભાવ હતો, એ ભાવવાળી લીલા કરી નિરોધ કરવા, ભગવાન પૂર્ણપુરુષોત્તમ વ્રજગોકુળમાં ધર્મી કૃષ્ણ સ્વરૂપે પ્રગટ થયા.

શ્રીયશોદાજીનો ભગવાનમાં બાલભાવ હતો. ભગવાને તેમને પોતાના મુખમાં બ્રહ્માંડનું દર્શન કરાવ્યું અને અનેક લીલાઓ દ્વારા પોતાની અલૌકિક શક્તિનો પરચો બતાવ્યો. છતાં તેઓ ભગવાન કૃષ્ણને પોતાના નાનકડા પુત્ર જ સમજે છે. તેમને ભગવાનના સ્વરૂપના અજ્ઞાનનું દુઃખ હતું. બાલભાવને લઇને ભગવાનને દોરડે બાંધવા પણ લાગ્યાં હતાં. તેમના દુઃખનું મુખ્ય કારણ અજ્ઞાન હતું.એથી દુઃખી થયેલાં શ્રીયશોદાજીને ભગવાને બાલલીલાઓ દ્વારા પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવ્યો. ભગવાન મથુરા પધાર્યા ત્યારે એ જ ભગવાન શ્રીયશોદાજીના હૃદયમાં બિરાજમાન હોવા છતાં શ્રીયશોદાજીને ભગવાનના વિરહનું ઉત્કટ દુઃખ રહ્યું. એ દુઃખને લઇને જ જગતમાંથી તેમની અહંતા-મમતા છૂટી ગઇ અને તેમનો ભગવાનમાં નિરોધ થયો.

શ્રીનંદરાયજી વગેરે જે ગોપો વ્રજમાં રહેતા હતા, તેમને કંસ વગેરે

અસુરોથી ઘણું દુઃખ હતું. એ દુઃખમાંથી તેમને મુક્ત કરવા માટે ભગવાને વ્રજમાં આવેલા સર્વ અસુરોનો સંહાર કરી, આ ગોપભક્તોનો નિરોધ સિદ્ધ કર્યો. શ્રીનંદરાયજી વગેરેને શ્રીકૃષ્ણમાં કિશોરભાવ હતો તેથી તેમના માટે ભગવાને કિશોરલીલાઓ કરી.ભગવાન મથુરા પધાર્યા. ત્યાં પણ આ ગોપસખાઓએ ભગવાનનું સામર્થ્ય જોયું.નજરોનજર સામર્થ્ય જોયા પછી તેમની ભગવાનમાં દૃઢ આસક્તિ થઇ. તેથી તેમને જ્યારે ભગવાનનો વિરહ થયો, ત્યારે ફરીથી વિરહનું દુઃખ થયું. તેમાં તેમની અહંતા-મમતા છૂટી અને તેમનો નિરોધ થયો.

વ્રજનાં ગોપીજનો કાલથી દુઃખી હતાં. વ્રજમાં ચાર પ્રકારનાં ગોપીજનો છે. વેદની શ્રુતિઓ લાંબા સમયથી ભગવાનને પામવા માટે વિરહાતુર હતી. તે ગોપીસ્વરૂપે પ્રગટી. તેઓ શ્રુતિરૂપા ગોપીજનો કહેવાયાં. રામાવતારમાં દંડકારણ્યમાં રહેતા ઋષિઓને ભગવાન પતિરૂપે મળે એવો મનોરથ હતો. તે સૌ કુમારિકાઓ બનીને વ્રજમાં આવ્યાં. તે કુમારિકા ગોપીજનો કહેવાયાં. ગોલોકમાં બિરાજતાં ગોપીજનો કોઇક અપરાધને કારણે પૃથ્વી પર આવ્ય.ાં તે બધાં નિત્યસિધ્ધા ગોપીજનો કહેવાયાં શ્રીયમુનાજીની સાથે ગોલોકમાંથી ભગવદ્‌સેવા કરવા જે ગોપીજનો વ્રજમાં આવ્યાં, તે નિર્ગુણ ગોપીજનો કહેવાયાં. આ બધાં ગોપીજનોને કાલનું દુઃખ હતું. કાલે તેમને ભગવદ્‌વિમુખ કર્યાં હતાં. આ ગોપીજનોમાં ભગવાન પ્રત્યે પ્રૌઢભાવ-માધુર્યભાવ હતો. તેથી વિરહ ભાવાત્મા ભગવાને પ્રગટ થઇ તેમને સ્વરૂપાનંદનું દાન કર્યું. ભગવાન મથુરા પધાર્યા, ત્યારે પોતાનું ભાવાત્મા સ્વરૂપ ગોપીજનોના હૃદયમાં પધરાવી દઇ તેમને આંતરઅનુભવ દ્વારા વિપ્રયોગના દુઃખનું દાન કર્યું. તે રીતે તેમનો નિરોધ સિદ્ધ થયો.

દુઃખના દાન દ્વારા નિરોધ

આજ પ્રકારે અત્યારના અનવતારકાલમાં આવા ત્રણ ભાવવાળા, ત્રણ પ્રકારનાં દુઃખવાળા વૈષ્ણવોને શ્રીઠાકોરજી દુઃખનું દાન કરી પોતાની સેવા અને કથા દ્વારા અહંતા-મમતાનો નાશ કરાવી નિરોધ કરાવે છે.

શ્રીમહાપ્રભુજીએ 'ક્વચિત્' શબ્દ વાપર્યો છે. તેનો અર્થ છે 'કોઇપણ સ્થળે' એટલે કે દુઃખનું દાન પ્રભુ માત્ર વ્રજમાં રહેનારને જ કરતા નથી ભગવાનમાં ભક્તિવાળો જીવ કોઇપણ સ્થળે હોય, તો તેને તેના સ્થાનમાં દુઃખનું દાન કરી તેનો નિરોધ સિદ્ધ કરે છે. ભક્તને પ્રભુમાં બાલભાવ, કિશોરભાવ કે પ્રૌઢભાવ,

કોઈપણ પ્રકારનો ભાવ હોય તો તે ભાવ દ્વારા ભગવાન તે ભક્તની આસક્તિ પોતાનામાં કરાવીને તેને નિરોધરૂપી સુખનું દાન કરે છે. આમ, નિરોધ સિદ્ધ થવામાં ભગવાનને પ્રાપ્ત કરવા માટેનો વિરહતાપ જ સાધનરૂપ છે. દુઃખ દ્વારા પ્રાપ્ત થતો નિરોધ સાધન નિરોધ છે.

શ્રીમહાપ્રભુજી શ્રીઠાકોરજી પાસે એ જ યાચના કરે છે કે, 'વ્રજમાં વસેલા ત્રણે પ્રકારના દુઃખવાળા અને ત્રણે પ્રકારના ભાવવાળા ભક્તોને જે દુઃખનું દાન પ્રાપ્ત થયું, તે દુઃખનું દાન મને પણ પ્રાપ્ત થાય. 'શ્રીમહાપ્રભુજી આચાર્ય છે, તેથી પોતે આચરણ કરીને આપણને ભક્તિમાર્ગનું આચરણ શીખવે છે, કે મારી જેમ તમે પણ ભગવાન પાસે લૌકિક દુઃખ દૂર કરવાની માગણી ન કરશો. પરંતુ ભગાવન પ્રગટ થાય અને ભગવાનમાં નિરોધ થાય, તે માટેનું અલૌકિક દુઃખ જ માગજો.'

સંયોગ દ્વારા નિરોધ

મધ્યમ અધિકારવાળા ભક્તો અત્યંત વિપ્રયોગના ભાવવાળા હોય છે. તેમને અગાઉ બતાવેલ ત્રણ પ્રકારનાં દુઃખ હોતાં નથી. તેમને માત્ર ભગવદ્ વિરહનું આધ્યાત્મિક દુઃખ જ હોય છે. અગાઉ બતાવેલાં ત્રણે દુઃખ ક્લેશપ્રધાન છે, જ્યારે વિરહનું દુઃખ રસપ્રધાન છે. કારણ કે વિયોગ શૃંગારરસનું એક દલ છે. તેથી આવા ભક્તોને પ્રભુના પ્રાગટ્ય સાથે જ પ્રભુમાં સીધી આસક્તિ થઈ જાય છે. તેમની ભક્તિ આસક્તિનું સ્વરૂપ ધારણ કરતાં તેમને ભગવાનમાં સર્વાત્મભાવ પ્રાપ્ત થાય છે. વ્રજગોપીકાઓમાં ચાર યૂથના સ્વામિનીઓ શ્રીરાધાજી, શ્રીચંદ્રાવલીજી, શ્રીરાધાસહચરીજી, અને શ્રીયમુનાજી એટલા માટે સ્વામિનીપદને પામ્યાં છે, કે તેમનામાં પ્રભુના પ્રાગટ્ય સાથે જ આવો સર્વાત્મભાવ સિદ્ધ થયો છે.તેને લઈને તેમને પ્રભુની રાત્રિકાલીન સંયોગલીલાનું તેમજ દિવસકાલીન ગૌચારણ વખતની વિપ્રયોગલીલાનું સુખ સદા મળ્યા કરે છે. તેઓ રાત-દિવસ આવા અલૌકિક ભગવદ્રસના સાગરમાં તન અને મનથી ડૂબલાં રહે છે. જેમ સાગરમાં ભમરીઓ થતાં તેમાં ફસાયેલ માણસ બહાર આવી શકતો નથી, તેમ આ ગોપિકાઓ ભગવદ્લીલાના રસસાગરમાં આસક્તિરૂપી ભમરીઓમાં તન્મય રહેવાથી દેહગેહનું ભાન ભૂલેલાં હોય છે. તેમને ભગવદ્લીલાના સુખનો રસાનુભવ ભગવાનમાં નિરોધ સિદ્ધ કરાવે છે.

'ગોપિકા' શબ્દમાં 'ગો' શબ્દનો અર્થ 'ભગવદ્રસ' છે. 'પી' શબ્દનો અર્થ

'પીનાર' છે. જે સદા ભગવદ્ રસનું પાન કરે છે, તે ગોપિકા કહેવાય છે. આવાં ગોપિકાઓને લીલાસુખ દ્વારા ભગવાન પોતાના નિરોધનું દાન કરે છે.

શ્રીમહાપ્રભુજીએ સર્વાત્મભાવવાળાં આવાં ગોપિકાઓની સાથે બીજા ભક્તોનો પણ નિર્દેશ કર્યો. પરંતુ તે ભક્તો આ ગોપિકાઓ કરતાં ન્યૂન ભાવવાળા છે. બંનેનો ભાવ સમાન નથી, એમ બતાવવા માટે તેમનો અલગ નિર્દેશ 'સવ વ્રજ વાસીઓ' એ પદથી કર્યો અને બંનેને અલગ બતાવવા 'ચ' શબ્દ મૂક્યો.

શ્રીમહાપ્રભુજી સમજાવી રહ્યા છે કે. 'આ મધ્યમ અધિકારી ભક્તોને ભગવાનના સંયોગધર્મી સ્વરૂપનું જે સુખ અવતાર કાલમાં પ્રાપ્ત થયું હતું, એવું સુખ આજે ભગવાનના અનવતાર કાલમાં મને શું પ્રાપ્ત થશે? ભગવાને વ્રજમાં આવા ભક્તોને રસાનંદનું દાન કરવા દાનલીલા, માનલીલા, પનઘટલીલા, રાસલીલા, હોળીલીલા, અન્નકૂટલીલા જેવી અનેક લીલાઓ કરીને સર્વાત્મભાવ સિદ્ધ કર્યો હતો. ભગવાનના અનવતાર કાલમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે બ્રહ્મસંબંધ લઇને પૂરા સમર્પણભાવથી શ્રીઠાકોરજીને ઘરમાં પધરાવીને તનુવિત્તજા સેવા કરનારા ચોર્યાસી બસો બાવન ભગવદીયોને તનુવિત્તજા સેવાના ફળરૂપે ભગવાને અલૌકિક સામર્થ્યનું દાન કરતાં આ જ જન્મે તેમને સાક્ષાત્ ભગવદ્ દર્શન અને ભગવદ્ લીલાનો અનુભવ પ્રાપ્ત થયો હતો. સંયોગનું સુખ પ્રાપ્ત થતાં તેમનો ભગવાનમાં નિરોધ સિદ્ધ થયો હતો. આવો સંયોગ-નિરોધ ભવિષ્યમાં શું મને પ્રાપ્ત થશે? આવી આશા દરેક વૈષ્ણવે રાખવી જોઇએ. માત્ર આશા રાખીને બેસી ન રહેવાય. તે માટે ભાવપૂવર્ક તનુવિત્તજા સેવા પણ કરવી જોઇએ. તનુવિત્તજા સેવા કરીને સ્વગૃહે બિરાજતા પ્રભુના સંયોગધર્મ સ્વરૂપને રિઝવવાથી સંયોગધર્મીસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થાય છે. અન્યથા સંયોગધર્મી સ્વરૂપનો અનુભવ દુર્લભ છે. આથી શ્રીમહાપ્રભુજીએ અહીં પ્રશ્ન કર્યો કે, 'શું મને એ સુખ પ્રાપ્ત થશે? ' કથાના ગુણગાનના શ્રવણ-કીર્તનથી થતા નિરોધ કરતાં ભગવદ્સેવાથી થતા નિરોધને વધુ ઉત્તમ અધિકારી ભક્તનું કાર્યલક્ષણ કહ્યું.

ઉત્તમ અધિકારી ભકતોનો નિરોધ

જે ભક્તો અવ્યાવૃત્ત બનીને સેવાકાલમાં શ્રીઠાકોરજીની સેવામાં અને અનવસરકાલમાં શ્રીઠાકોરજીના ગુણગાનમાં તત્પર રહે છે, તેમને ઉત્તરોત્તર ભગવાનમાં પ્રેમ, આસક્તિ અને વ્યસનદશા સિદ્ધ થાય છે. અંતે ફલદશા સિદ્ધ થાય છે. આવા

ભક્તો ઉત્તમ અધિકારી છે. આવા ભક્તોને પહેલાં પ્રભુના સાક્ષાત્ સંયોગધર્મી સ્વરૂપનો અનુભવ થાય છે. તે સ્વરૂપ તેમની આંખોથી અંતર્ધાન થતાં તેમને વિપ્રયોગ થાય છે. વિપ્રયોગની ભાવસ્થિતિમાં તેમના અંતઃકરણમાં તેમને ભગવાનના વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થાય છે. તેમનો વિપ્રયોગ અત્યંત ઉત્કટ બનતાં એ સાક્ષાત્ પ્રભુ ફરીથી સંયોગધર્મી સ્વરૂપે પ્રગટ થઇ, તેમની આંખોનો વિષય બની, તેમનો પૂર્ણ નિરોધ સિદ્ધ કરે છે. પછી તેમને ફલાનુભવની આ ભાવસ્થિતિમાં તનુવિત્તજા સેવા કરવાની આવશ્યક્તા રહેતી નથી. તેઓ ગૃહ, સેવા આદિ સર્વ સાધનોમાંથી આપોઆપ છૂટા થઇ, પ્રભુ સાથે આંતરબાહ્ય રમણમાં જોડાઇ જાય છે. તેમનું તન-મન સદા ભગવદ્ લીલાઓના ઉત્સવોનો આનંદ લેતાં રહે છે. આ ફલરૂપ નિરોધ છે. તે ઉત્તમ અધિકારવાળા ભક્તોને પ્રાપ્ત થાય છે.

ઉત્સવ એને કહેવાય કે જેમાં હૃદયમાં રહેલો સ્નેહનો સ્થાયીભાવ રતિ આનંદરૂપે અંદર અને બહાર ઉછળવા લાગે. શ્રીઠાકોરજી વ્રજમાં અગિયાર વર્ષ અને બાવન દિવસ સુધી સાક્ષાત્ બિરાજ્યા, ત્યારે વ્રજભક્તો માટે પ્રત્યેક દિવસ મહાન ઉત્સવનો દિવસ હતો. આથી ભગવદીયોએ ગાયું છે, 'મહા મહોત્સવ શ્રીગોકુલ ગામ' અને 'નંદમહરઘર સદા વધાઇ'. આપણો સેવા-પ્રકાર મુખ્યત્વે ઉત્સવોનો જ સેવાપ્રકાર છે. ઉત્સવના ભાવથી જ પ્રતિદિન શ્રીઠાકોરજીને રાગ, ભોગ અને શૃંગાર અંગીકાર થાય છે. વ્રજભક્તો પણ એમ જ કરતાં હતાં.

જ્યારે ભગવાન મથુરા પધાર્યા, ત્યારે વ્રજભક્તોની નજર સામે બિરાજતું ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ ન રહેતાં તેમને પરમ વિયોગ થયો. વિયોગના ફળરૂપે તેમને હૃદયમાં વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થયો. તેથી શ્રીઠાકોરજીના સંયોગસુખના અભાવમાં પણ તેમના પ્રાણો ટક્યા. ઉદ્ધવજી વ્રજમાં આવતાં ભગવાનના સખાના દર્શને તેમને ભગવાનના સ્વરૂપની અનુભૂતિ કરાવી. ઉદ્ધવજીની હાજરીમાં ભગવાનનું ગુણગાન થયું. તેના ફળરૂપે હૃદયમાં બિરાજતા ભગવાન ગોપીજનોની સામે પ્રગટ થયા અને ગોપીજનો માટે એ અવસર મહોત્સવનો અવસર બની ગયો.

શ્રીમહાપ્રભુજી એમ સૂચવે છે કે, 'ઉત્તમ અધિકારવાળા પુષ્ટિજીવો આવી રીતે સેવારસ અને કથારસ બંનેમાં અવ્યાવૃત્ત બનીને તત્પર થાય છે, ત્યારે તેમને પ્રતિક્ષણ ભગવદ્ રસાનુભવનો ઉત્સવ હૃદયમાં અને બહાર માણવા મળે છે. તેમની દરેક ક્ષણ અને દરેક રોમ ભગવાનમાં નિરૂદ્ધ થઇ જાય છે. તેમને ફલરૂપ નિરોધની

પ્રાપ્તિ થાય છે. આ ઉત્તમ અધિકારવાળા ભક્તોનો નિરોધ છે.

ઉદ્ધવજીના આગમને વ્રજભક્તોને પ્રભુના સ્મરણ રૂપી ઉત્સવનો અનુભવ થયો. એમ આપણને પ્રભુના સ્મરણરૂપી ઉત્સવની ઈચ્છા થાય, ત્યારે જાણવું કે એવી ઈચ્છા આપણી ભક્તિ વધારનાર નિરોધનું લક્ષણ છે. જે ભક્તો પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં આસક્ત બને છે, એમને જ આવો ભાવ ક્યારે સિદ્ધ થાય, એની તાલાવેલી રહે છે. એ ભક્તોને બીજા કોઈ સ્વરૂપમાં ક્યારેય આસક્તિ થતી નથી. ભગવાન પણ આવા અનન્ય આસક્ત ભક્તો પર જ પરમ અનુગ્રહ કરીને તેમનો ફલરૂપી નિરોધ સ્વયં સિદ્ધ કરે છે. આવા ભક્તોને નિરોધ સિદ્ધ કરવા કોઈ સાધનની જરૂર પડતી નથી.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની ગોકુળલીલાને અર્થાત્ બાલલીલાને પ્રમાણલીલા કહી છે, જ્યારે વૃંદાવનની લીલાને અર્થાત્ રાસલીલાને પ્રમેયલીલા કહી છે. પ્રમાણ લીલાના અધિકારી જીવોને ગોકુળલીલાના અનુભવ દ્વારા ભગવાન નિરોધ સિદ્ધ કરે છે. જ્યારે પ્રમેયલીલાના અધિકારી જીવોને વૃંદાવનલીલાના અનુભવ દ્વારા ભગવાન નિરોધ સિદ્ધ કરે છે. એટલે વૃંદાવનલીલાના અધિકારવાળા જીવો પર ભગવાનનો અધિક અનુગ્રહ છે, એમ સમજવું. આ બંને અધિકારી જીવોનો ભેદ બતાવવા માટે આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ ગોકુલ અને વૃંદાવન, એમ બે પદ મૂક્યાં, અને તેમને 'વા' શબ્દથી જોડ્યાં. 'વા' વિકલ્પસૂચક શબ્દ છે. તેનો અર્થ છે 'અથવા' અર્થાત્ પ્રમાણલીલાનો અનુભવ અથવા પ્રમેયલીલાનો અનુભવ. ઉત્તમ અધિકારી જીવોને આ પૈકી કોઈ એક લીલાનો અનુભવ થાય, અથવા વિશેષ કૃપા થતાં બંને લીલાનો અનુભવ પણ થાય. અલબત્ત આવો અનુભવ પુષ્ટિમાર્ગીય ભક્તોને જ થાય છે. અન્ય ભક્તિમાર્ગીય ભક્તોને આ પુષ્ટિલીલાનો અનુભવ થતો નથી, એમ સમજવું.

શ્રીહરિરાયજીના મતે નિરોધનાં બે નિમિત્તકારણ છે. ભાવના અને ગુણગાન. સેવામાં વિવિધ ભાવનાઓ કરવાથી અને અનોસરમાં મનમાં વિવિધ ભાવનાઓ કરવાથી નિરોધ સિદ્ધ થાય છે. આ ભાવનાઓનું સ્વરૂપ કેવું હોય, તે આ ત્રણ શ્લોકમાં બતાવ્યું આ પ્રકારે આપણે ભાવનાકરવી જોઈએ આ ભાવ-ભાવનાઓ સર્વના માટે સુગમ નથી. બહુ દુર્લભ છે. ભગવદ્ કૃપા વિના ભાવ-ભાવના ભક્તો કરી શકતો નથી. એટલે ભક્તે ભાવ-ભાવના કરવા માટે ભગવદ્કૃપા માગવા ભગવાનને પ્રાર્થના કરવી જરૂરી છે.

ભગવદ્‌ગુણાનુવાદથી આનંદાનુભવ

આ શ્લોકમાં કહેવામાં આવ્યું કે, આનંદના સમૂહ રૂપ પ્રભુનું કીર્તન સુખ આપનારું છે. જે આવું કીર્તન કરે છે, તેમનાં ઉપર ભગવાન દયા કરે છે. અહીં દયાનો અર્થ કૃપા લેવાનો છે. આવા કીર્તન- ભક્તિમાં ડૂબેલા ભક્તને ભગવાન પોતાના સ્વરૂપમાં તન્મય કરી દે છે. અહીં 'તાવત્' શબ્દનો અર્થ જયાં સુધી' લેવાનો છે. તે વાક્ય પ્રથમની સ્થિતિ દર્શાવે છે. જ્યારે 'યાવત્' શબ્દ 'ત્યાં સુધી' ના અર્થમાં લેવાનો છે. જે પાછલી સ્થિતિનું વર્ણન કરે છે. એટલે આ શ્લોકનો આવો અર્થ થાય છે કે, જ્યારે આનંદઘન ભગવાનનું કીર્તન આપણને આપે છે, ત્યારે તે ભગવાન આપણા પર કૃપા કરી આપણને તેમના સ્વરૂપમાં તન્મય બનાવે છે. અર્થાત્ તેમના સ્વરૂપમાં આપણો નિરોધ સિદ્ધ કરે છે.'

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, 'ભગવાનનું કીર્તન આપણી શક્તિથી કે બુદ્ધિથી થતું નથી. તે મોટાઓની કૃપાથી જ થઇ શકે છે. 'આ શ્લોકમાં વપરાયેલ 'મહતામ્ શબ્દ દ્વારા પરોક્ષ રીતે શ્રીમહાપ્રભુજી વ્રજભક્તોનું સૂચન કરે છે કારણ કે પુષ્ટિમાર્ગમાં સર્વ પુષ્ટિજીવોના આદ્યગુરુ વ્રજભક્તો છે. એટલે તેઓ જ મોટાં છે. આવાં મોટા કૃપાયુક્ત વ્રજભક્તોના આપણે કૃપાપાત્ર બનીએ, ત્યારે એમની કૃપાથી તેઓ આપણી પાસે હૃદયમાં પ્રભુના સ્મરણપૂર્વક જીભથી પ્રભુનાં નામ, લીલા અને ગુણોનું કીર્તન કરાવી, તે કીર્તન દ્વારા આપણને ભગાવનના સ્વરૂપમાં નિરોધ કરાવી દે છે. જે લીલા-સમુદ્રનો સાક્ષાત્ અનુભવ સુખ આપે છે, એ જ સુખ પ્રભુની લીલાનાં કીર્તન કરવાથી મળે છે. કીર્તન ગાતાં ગાતાં વ્યસન - અવસ્થાની ભાવસમાધિ સિદ્ધિ થઇ જાય, ત્યારે વ્યસનના ફલરૂપ નિરોધની પ્રાપ્તિ થાય છે. કીર્તન ગાતાં લોકલાજ અને કુલદાન છૂટી જાય છે. અહંતાનું અભિમાન ભૂલાઇ જાય છે, દીનતા અને વિરહ જાગે છે, ત્યારે આવો નિરોધ સિદ્ધ થાય છે.

લૌકિક અને અલૌકિક ગુણગાન વચ્ચેનો તફાવત

લૌકિક વિષયોનું કીર્તન ભક્તોને અલૌકિક સુખ આપતું નથી. ભગવદ્ કીર્તન પણ બે પ્રકારનું હોય છે. જે ભગવદીયોને ભગવાનને અલૌકિક સામર્થ્યનું દાન કર્યું તેમને તેમનાં નેત્રોથી ભગવાનની સાક્ષાત્ લીલાઓના અનુભવો થયા તે સાથે તેમના હૃદયમાં બિરાજતા ભગવાને તે ભગવદીયોની વાણીને પ્રેરી.તેના ફળ સ્વરૂપે તેમના અલૌકિક અનુભવો વિના પ્રયત્ને કીર્તન રૂપે પ્રગટ થયા. તે કીર્તનો તેમણે અને તેમના પછીના ભક્તોએ મન મૂકી ગાયાં. અષ્ટછાપ આદિ ભગવદીયોના કીર્તનોમાં તેમના અલૌકિક અનુભવો પ્રગટ થયા છે. આજ-કાલ કેટલાક કવિહૃદયવાળા

ભક્તો ભગવદ્લીલાઓ વાંચી સાંભળીને તેમને થતી પ્રેરણાથી પદો રચે છે, અને ગાય છે. આવાં પદો આજકાલ વિશેષ પ્રમાણમાં ગવાય છે. આવાં પદોમાં કોઈ સાક્ષાત્ અલૌકિક અનુભવનું વર્ણન હોતું નથી. તેથી તેમને કીર્તન ન કહેતાં ભજન કહેવામાં આવે છે.

કેટલીકવાર ભક્તો લૌકિક માણસોનાં ગુણગાન પણ ગાતાં હોય છે. અથવા મર્યાદાભક્તો કે ભગવાનના અન્ય અવતારોનાં ભજનો પણ ગાતા હોય છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે 'લૌકિક વિષયોનાં ભજનો, અન્ય દેવ-દેવીઓનાં ભજનો કે કેવળ પ્રેરણાથી રચાયેલાં ભજનો ભક્તોને અલૌકિક સુખ આપી શકતાં નથી. જેમ અગ્નિનો તાપ ઠંડીને દૂર કરે, પંરતુ અગ્નિનું ચિત્ર કે અગ્નિ વિશેનું ભજન ઠંડી દૂર કરી શકતું નથી, તેમ અલૌકિક અનુભવમાંથી પ્રગટેલી કીર્તનની અલૌકિક વાણીમાં ''અલૌકિક આનંદનો રસ-પ્રવાહ વહે છે. અન્ય વાણીમાં અલૌકિક રસપ્રવાહ વહેતો નથી. લૌકિક વાણી કે પ્રેરણાથી રચાયેલાં ભજનો અલૌકિક સુખનો અનુભવ કરાવી શકતાં નથી. તે ભજનો ગાવાથી બે ઘડી મજા આવે છે. પરંતુ ભગાવનમાં આપણો નિરોધ થતો નથી. અલૌકિક અનુભવોવાળાં કીર્તનો ગાવાથી જ ભગાવનમાં આપણો નિરોધ થાય છે. આવાં અલૌકિક કીર્તનોનું ગુણગાન પણ મોટાં એવાં વ્રજભક્તોની કૃપાથી આપણે કરી શકીએ છીએ.

લૌકિક ભજનોને શ્રીમહાપ્રભુજી ઘી ચોપડ્યા વિનાના લૂખા ભોજન સાથે સરખાવે છે. ઘી વિનાના ભોજનમાં પૌષ્ટિકતા હોતી નથી વળી, તેમાં સ્વાદ પણ આવતો નથી. એવી રીતે લૌકિક બુદ્ધિથી રચાયેલાં ભજનો ન ભગવદ્ભક્તિ વધારે છે, કે ન ભગવાનમાં નિરોધ સિદ્ધ કરે છે. અલૌકિક અનુભવવાળાં કીર્તનો ઘીવાળાં સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન જેવાં છે. તે તન-મનમાં ભગવદ્ભક્તિ વધારી ભગવદ્ભાવનું પોષણ કરી અહંતા - મમતા છોડાવી અલૌકિક સુખ આપે છે. અને ભગવાનમાં નિરોધ સિદ્ધ કરે છે.

આવાં અલૌકિક કીર્તનથી આનંદ પ્રગટતાં આપણા શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે. કંઠ ગદ્ ગદ્ થાય છે. આંખોમાંથી પ્રેમનાં આંસુઓની ધારાઓ વહેવા લાગે છે. હૃદય ભાવથી સભર બને છે. ત્યારે હૃદય શુદ્ધ બને છે. આમ, અલૌકિક કીર્તનોના ગુણગાનના સુખથી જે નિરોધ સિદ્ધ થાય છે, તે આગળ બતાવેલા નિરોધ કરતાં પણ ઉત્તમ પ્રકારનો નિરોધ છે. ગુણગાનથી પ્રાપ્ત થતા આ નિરોધનો લાભ પામનારા ભક્તો મધ્યમ અધિકારી છે.

નિરોધપ્રાપ્તિ - વ્રજભક્તોની કૃપાથી

જે ઉત્તમ અધિકારીઓ પ્રભુના ગુણગાનથી ઉત્તમ પ્રકારનો નિરોધ પ્રાપ્ત કરે છે, એમને પણ એ નિરોધ સ્વતંત્ર રીતે પ્રાપ્ત થતો નથી. વ્રજભક્તોની કૃપાથી જ પ્રાપ્ત થાય છે એમ સમજવું. આવા ઉત્તમ અધિકારીભક્તોને ભગવાનમાં અત્યંત પ્રેમ થવાથી, તે પ્રેમને લઈને તેઓ ભગવદ્ ગુણોનું જ્યારે હૃદયપૂર્વક કીર્તન કરે છે, ત્યારે તેમને અતિશય સુખની પ્રાપ્તિ થાય છે. એવું સુખ તો શુકદેવજી જેવા જ્ઞાની ભક્તોને શ્રીભાગવતજીના ગુણગાનથી પણ પ્રાપ્ત થતું નથી તો પછી એવું સુખ બીજા કોઈને અન્ય કોઈ સાધનથી કેવી રીતે પ્રાપ્ત થાય?

શુકદેવજી પહેલાં જ્ઞાની હતા. નિરાકારના ઉપાસક હતા. પછી તેઓ ભક્ત થયા. સાકાર સ્વરૂપમાં તેમને ભાવ થયો. છતાં તેઓ શુદ્ધ પુષ્ટિભક્ત તો નથી જ. આથી તેમને ભગવાનની લીલાઓના જે અનુભવો થયા, તે સીમિત અનુભવો હતા. તેનાથી તેમને મળેલું સુખ પણ સીમિત હતું. તેના ફળ રૂપે તેમને મળેલો મોક્ષ પણ મુખ્ય ફળ ન કહેવાય. તેમની સરખામણીમાં સૂરદાસજી આદિ પુષ્ટિકતોને થયેલા ભગવદ્‌લીલાના અનુભવો ઘણા મોટા પ્રમાણમાં છે. તેમને મળેલું એ કીર્તનોનું સુખ પણ ઘણું વધારે છે. તેના પરમ ફળરૂપ અલૌકિક સામર્થ્ય તેમને પ્રાપ્ત થયું છે, કારણ કે તેઓ શુદ્ધ પુષ્ટિભક્તો છે. આ શ્લોકમાં બતાવેલો નિરોધ શુદ્ધ પુષ્ટિભક્તોનો નિરોધ છે.

ગુણગાનપ્રિય શ્રીઠાકોરજી

પૃથ્વી ઉપરના પુષ્ટિ જીવોને જન્મ - મરણનો ધર્મ વળગેલો છે. તેથી શ્રીમહાપ્રભુજી તેમને 'જન' શબ્દથી ઓળખાવે છે. જે જન્મે તે જન. ભગવાનમાંથી છૂટો પડેલો જીવાત્મા ભગવાનનો અંશ છે. તે મનુષ્યદેહ ધારણ કરી જન્મે છે. ભગવાનમાંથી છૂટા પડતી વખતે જીવાત્મામાં ભગવાનના ત્રણે ગુણ સત્, ચિત્ અને આનંદ હોય છે. અગ્નિમાંથી છૂટો પડતાં તણખો બીજી જ ક્ષણે અગ્નિ સ્વરૂપ ગુમાવી કોલસાની કણી બની જાય છે, તેમ જીવાત્મા ભગવાનમાંથી છૂટો પડતાં ભગવાનનો આનંદ અંશ ગુમાવી માત્ર જડ અને ચેતન અંશોવાળો રહી જાય છે. ભગવાનના છ ગુણો તેનામાંથી ચાલ્યા જતાં તેનામાં અવિદ્યા પ્રવેશે છે. તેથી તેનામાં અવિદ્યાના પાંચ દોષ આવે છે. તે ભગવદ્‌સુખ ગુમાવી સંસારદુઃખમાં ડૂબી જાય છે.

આવા જીવો જ્યારે શ્રીમહાપ્રભુજીની કૃપાથી બ્રહ્મસંબંધ કરી, પ્રભુના શરણે આવે છે, ત્યારે તેમને પ્રભુને પ્રાપ્ત કરવાના વિરહનું અત્યંત દુઃખ થાય છે. તેમને અલૌકિક દુઃખ દુઃખી થતા જોઇને કૃપાસાગર પ્રભુ તેમના ઉપર બહુ મોટો અનુગ્રહ કરે છે. તેમને કીર્તનમાં રાગ જગાડે છે. આવા કીર્તનમાં તત્પર બનનારા ભક્તોને ભગવાન ભાવનાની પ્રબળતાનું દાન કરે છે, ત્યારે તેમનું હૃદય પ્રભુને લાયક શુદ્ધ અને પવિત્ર બને છે. સદાનંદ ભગાવન કીર્તનની વાણીમાં બિરાજમાન છે. તેઓ કીર્તન કરનારાના કાન દ્વારા તેના હૃદયમાં પધારે છે. પહેલાં હૃદયમાં પોતાનો અનુભવ કરાવે છે. તેથી ભક્તનો વિરહ વધારે અસહ્ય બને છે. ત્યારે ભગવાન હૃદયમાંથી બહાર પધારી ભકતે સાક્ષાત્ દર્શન આપે છે અને ભક્તનો નિરોધ સિદ્ધ કરે છે. આ નિરોધ ફલરૂપ નિરોધ છે.

રાસલીલાના પ્રસંગમાં ભગવાને ગોપીજનોની વચ્ચેથી અંતર્ધાન થવાની લીલા કરી. પોતાના ગુણગાન દ્વારા ભગવાન ગોપીજનોના હૃદયમાં પધાર્યા. વિરહતાપ અસહ્ય બનતાં ગોપીજનો ગુણગાન છોડી, રૂદન કરવા લાગ્યાં, ત્યારે એમને પોતાનો ફલાનુભવ આપવા ભગવાન તેમના હૃદયમાંથી જ તેમની સામે સાક્ષાત્ પ્રગટ થયા. ગોપીજનોને પરમ ફળ પ્રાપ્ત થયું. ગોપીજનોને ક્લાત્મક નિરોધ સિદ્ધ થયો.

ગુણગાન પ્રભુને રીઝવવાનું સાધન છે, તો સાથે સાથે ભગવાનમાં પ્રેમ વધારનારું સાધન પણ છે. પરંતુ ભગવાન સ્વયં ભક્તના કોઇ સાધનનો વિચાર કર્યા વિના જ તેની સામે પ્રગટ થઇ જાય, ત્યારે તેઓ નિઃસાધન ભાવાત્મા કહેવાય છે. એમના અલૌકિક પ્રાગટ્યથી તે ભક્તને કૃપાનંદનું દાન મળે છે. તે ફલાત્મક નિરોધ છે. આ ક્લાત્મક નિરોધ સૌથી ઉત્તમ છે.

સ્વરૂપાનંદના દાતા શ્રીઠાકોરજી

હૃદયમાં બિરાજતા પ્રભુ સદાનંદ છે. તેથી તેઓ કૃષ્ણ કહેવાય છે. સદાનંદ એટલે સંયોગ વિયોગનો આનંદ. હૃદયમાં બિરાજતા સદાનંદ પ્રભુ ભક્તના કોઇ સાધનોનો કે ભક્તિનો વિચાર કર્યા વિના કેવળ પોતાની ઇચ્છાથી સ્વતઃ ભક્તની સામે બહાર પ્રગટ થઇ ભક્તને ભોકતા બનાવી, પોતે ભોગ્ય બની ભક્તને જે સ્વરૂપાનંદનું અને અધરામૃતનું દાન કરે છે, તે ભગવાનનો કૃપાનંદ છે. બધા પુષ્ટિભક્તોને પણ ભગવાનના કૃપાનંદની પ્રાપ્તિ દુર્લભ છે, કારણ કે ભગવાન સ્વયં તેનું દાન કરે, તો જ તે પ્રાપ્ત થાય છે.

પુષ્ટિ ભક્ત જ્યારે નિષ્કામભાવે કેવળ ભગવાનની પ્રસન્નતા માટે તેમના ગુણગાન ગાય છે, ત્યારે ભગવાન પોતાના ગુણોનાં કીર્તન સાંભળીને 'પૂર્ણ' એટલે અનેક પ્રકારે ભક્તમાં પ્રવેશ કરે છે. અથવા પૂર્ણ એટલે કૃપાથી પૂર્ણ થઇને ભક્તને અંદરથી અને બહારથી પોતાના આનંદ-રસમાં ડૂબાડી દે છે. આવા ભક્તો સ્વપ્રયત્ન કે બુદ્ધિથી ભગવાનનું કીર્તન કરી શકતા નથી. ભગવાન જ તેમની પાસે કીર્તન કરાવે છે. ભગવાનની કૃપાથી જ કીર્તન થાય છે. ભગવાન સ્વયં કીર્તન રૂપે આ ભક્તોનું સાધન બને છે અને ભગવાન જ કીર્તનરૂપે ભક્તોનું ફળ બને છે. આવાં કીર્તન અતિ દુર્લભ છે. તે ફલાત્મક નિરોધનું લક્ષણ છે. આવો નિરોધ સિદ્ધ થતાં તે ભકતની ભકિત સંપૂર્ણ બને છે. ભગવાનને જ્યારે પોતાનાં ગુણગાન સાંભળવાની ઇચ્છા થાય છે, ત્યારે ભકત પાસે ગુણગાન કરાવે છે. જ્યારે ભગવાનને એવી ઇચ્છા થતી નથી, ત્યારે ભગવાન ભક્તોને ભાવનાઓનું ભાવન કરાવે છે.

આપણા પર ખરેખર કેટલી ભગવદ્ કૃપા થઇ, તે જાણવા માટેનો આ માપદંડ છે. વગર પ્રયત્ને હૃદયમાંથી ગુણગાન થવા લાગે ત્યારે સમજવું કે ભગવાન તે કરાવી રહ્યા છે. ભગવાનની કૃપાથી તે થઇ રહ્યું છે. આવું કીર્તન કૃપાનંદ આપનારું છે.

નિરોધનાં સાધનો

શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે, ભગવાન ભક્તની ભાવ-ભાવના અને ભગવદ્ ગુણગાનથી પ્રસન્ન થઇને ભકતની ભક્તિ વધારે છે. અને ભક્તને નિરોધનું દાન કરે છે. એટલે ભાવ - ભાવના અને ભગવદ્ગુણગાન એ બંને નિરોધનાં સાધનો છે. તેમાં પણ ભાવ-ભાવના કરતાં ભગવદ્ગુણગાન અધિક છે. કારણકે ભગવદ્ ગુણગાનથી ભગવાન અધિક પ્રસન્ન થાય છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પુષ્ટિમાર્ગની રીત પ્રમાણે અવ્યાવૃત્ત બનીને સેવાકીર્તન કરતાં ભગવાનમાં પ્રેમ અને આસક્તિ થાય, તેમ કરવું જોઇએ. અવ્યાવૃત્ત ન બની શકાય, તો વ્યાવૃત રહીને પણ પ્રયત્નપૂર્વક ભગવદ્ગુણગાનનો યત્ન કરવો જોઇએ. તેથી કરીને એક દિવસ એવો આવશે કે જ્યારે ઘર, કુટુંબ, ધન વગેરેમાં રહેલી આપણી વાસનાઓ આપોઆપ નાશ પામશે. ભગવાનમાં આસકિત થશે. હૃદયમાં લીલા-સૃષ્ટિનો અનુભવ થશે. તે સ્થિતિમાં ભક્તે તન્મયતાપૂર્વક પ્રતિક્ષણ ભગવાનનાં ગુણગાન કરતા રહેવું, એવી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. આમ કરવાથી તે ભક્તોને એક અવાન્તર ફળ મળે છે. આવાન્તર ફળ એટલે વચમાં મળતું ફળ,

જે ગૌણ ફળ હોય છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે, 'આ અવાન્તર ફળ એટલે અક્ષર બ્રહ્મતા પ્રાપ્ત થવી,' 'સિદ્ધાંતમુક્તાવલિ ગ્રંથ'માં શ્રીમહાપ્રભુજીએ આ અવાન્તર ફળની સ્પષ્ટતા કરી હતી. જીવને અક્ષરબ્રહ્મતા પ્રાપ્ત થતાં, તેનાં સંસારનાં સર્વ દુ:ખોની નિવૃત્તિ થાય છે અને બ્રહ્મબોધ થાય છે. માટે, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે, 'સર્વ લૌકિક રાગનો પરિત્યાગ કરી, સર્વદા પ્રભુના ગુણોનું તન્મય બની ગાન કરવું એ જ નિરોધનું મુખ્ય સાધન છે.'

આપણને પ્રશ્ન થશે કે આ સાધન દ્વારા કોને નિરોધ પ્રાપ્ત થયો હતો? તેના જવાબમાં શ્રીમહાપ્રભુજી પોતાનો જ અનુભવ કહે છે.

શ્રીમહાપ્રભુજીનો નિરોધનો અનુભવ

શ્રીમહાપ્રભુજીને અનેક ભક્તો પ્રશ્ન કરે છે કે, 'અમારામાં ભક્તિ કેવી રીતે વધે, તેનો ઉપાય બતાવો, તેના જવાબમાં શ્રીમહાપ્રભુજી અહીં આજ્ઞા કરે છે કે, 'હું સંસારના આવેશમાંથી ઇન્દ્રિયોના નિગ્રહ દ્વારા મુક્ત થયો છું. અહંતા-મમતામાંથી મુક્ત થવા માટે ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો અત્યંત જરૂરી છે, કારણ કે ઇન્દ્રિયો જ અહંતા-મમતાને વધારનારી છે. ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવા ભક્તિમાર્ગમાં સેવાકીર્તનનાં સાધનો બતાવ્યાં. જે અહંતા-મમતાનો નાશ શક્ય નથી, તે અહંતા-મમતા ભગાવન સાથે સેવા અને કીર્તનના માધ્યમથી જોડી દઇને ભક્ત કહે છે કે, હું ભગવાનનો છું અને ભગવાન મારા છે. ત્યારે તેની બધી ઇન્દ્રિયો આપોઆપ ભગવાન સાથે જોડાઇ ભગવાનમાં આસક્ત થાય છે. જે ભગવાનમાં આસક્ત થાય છે, તેનો ભગવાનમાં નિરોધ થાય છે. શ્રીમહાપ્રભુજી કહે છે 'આ નિરોધમાર્ગથી મારો ભગવાનમાં નિરોધ થયેલો છે. તેથી મારા પોતાના અનુભવના બળે હું તમને નિરોધ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવું છું.' આમ, આજ્ઞા કરીને હવે શ્રીમહાપ્રભુજી નિરોધ પ્રાપ્ત ભક્તનું સ્વરૂપ બતાવે છે.

નિરોધપ્રાપ્ત ભક્તનું સ્વરૂપ

જ્યારે હૃદયમાં ભાવ-ભાવન કરતાં કે વાણીથી પ્રભુનું ગુણગાન કરતાં સંસારમાં ચિત્ત જાય, ત્યારે સમજવું કે હજી ભગવાને આપણો અંગીકાર કર્યો નથી. આપણને તેમના નિજ્જન તરીકે સ્વીકાર્યા નથી. દુ:ખ હરનાર શ્રીહરિએ આપણાં અલૌકિક દુ:ખો હરવાની હજી કૃપા કરી નથી.

જ્યારે સંસારમાંથી મન સંપૂર્ણ અલગ થઇ જાય, ત્યારે શુદ્ધ મનથી ભાવ-ભાવન અને ગુણગાન કરતાં ભક્તને રાત-દિવસ ભગવાનના દિવ્ય આનંદનો

અનુભવ થવા લાગે છે. આવો આનંદ સતત અનુભવાય, ત્યારે સમજવું કે, નિરોધ પામેલો એ ભક્ત છે. નિરોધ પામેલા ભકતનું આ સામાન્ય લક્ષણ છે.

આમ, આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ નિરોધ પામેલ ભક્ત અને નિરોધ નહીં પામેલ ભક્તનો ભેદ બતાવ્યો. જેમને નિરોધ થયો નથી, એમને સેવા, સ્મરણ, કીર્તન કરતાં કરતાં તેમાં ચિત્તની એકાગ્રતા રહેતી નથી. ચિત્તને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવા છતાં તે વારંવાર લૌકિક સંસારમાં ભટકી જાય છે. જ્યારે નિરોધ સિદ્ધ થાય, ત્યારે ચિત્ત એકાગ્ર થાય છે. ત્યારે જ સતત ભગવાનના આનંદનો અનુભવ થાય છે.

શ્રીમહાપ્રભુજી ભાવ-ભાવનમાં તત્પર ભક્ત ગુણગાનમાં તત્પર ભકતની વિશેષતા બતાવે છે. શ્રીયમુનાષ્ટકમાં પણ ભગવાન શ્રીકૃષ્ણને 'મુરારિ' અર્થાત્ 'મુર' નામના રાક્ષસના શત્રુ કહ્યા. ત્યાં ભગવાને મુર રાક્ષસનો સંહાર કર્યો, એ કથા જોઇ ગયા હતા. મુર રાક્ષસનું સ્વરૂપ પણ ત્યાં જોયું હતું, તેથી અહીં ફરીથી તેનો વિચાર નહીં કરીએ, પંરતુ એટલું યાદ રાખીશું કે મુર રાક્ષસ એટલે જલના દોષો જે ભગવાન સુધી આપણને પહોંચવા દેતા નથી, સંસાર-સાગરમાં આપણને ડૂબાડે છે. એ દોષો કેવળ આપણા પુષ્ટિપ્રભુ શ્રીગોવર્ધનનાથજી દૂર કરે છે. તેથી પ્રેમી પુષ્ટિ ભકતનું ચિત્ત શ્રીગોવર્ધનનાથજીના ગુણોમાં સર્વદા આસકત રહે છે.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરી કે, ભગવાનનો મહિમા જાણવાથી ભગવાનમાં સ્નેહ થાય છે. ભગવાન પ્રત્યેનો સુદૃઢ સ્નેહ ભક્તિ કહેવાય છે. સ્નેહનો સ્વભાવ ચિકાશયુક્ત હોવાથી સંસ્કૃતમાં 'સ્નેહ' શબ્દનો બીજો અર્થ તેલ થાય છે. ભગવાનનો મહિમાં જાણતાં ભગવાને આપણો ઉદ્ધાર કરવા કૃપા કરી. આપણો અંગીકાર કર્યો છે એ જાણતાં આપણને ભગવાન અને તેમના ગુણોમાં સ્નેહ થાય છે. સ્નેહનો સ્વભાવ ચિત્તને સ્નેહીમાં ચોંટાડવાનો છે. તેથી આપણું ચિત્ત શ્રીઠાકોરજીમાં આસકત બને છે. જ્યારે ચિત્ત સ્નેહીમાં ચોંટી જાય ત્યારે સ્નેહ કરનાર વ્યક્તિ પોતાનું અભિમાન છોડી દઇ સ્નેહીને વશ થાય છે. સ્નેહીને આત્મ સમર્પણ કરે છે. તે સ્નેહીમય બની જતાં તેને કોઇ વિરહ-કલેશ રહેતો નથી. તેમ જ્યારે ભકતનું ચિત્ત ભગવાન પ્રત્યેના સ્નેહથી આકર્ષાઇ ભગવાનમાં ચોંટી જાય છે, ત્યારે તેને પોતાપણાનું અભિમાન અને મારાપણાનું મમત્વ રહેતું નથી. ભગવાન મળતાં તેને વિરહકલેશ પણ રહેતો નથી. આવો ભક્ત ભગવાન પ્રત્યેના સ્નેહને લઇને ભગવાનનાં ગુણગાન ગાય છે. ત્યારે તેનામાં કોઇ લૌકિક આવેશ જાગતો

નથી. તેથી તેને કોઇ લૌકિક દુઃખ થતું નથી. પ્રભુના વિરહમાં પ્રભુનો આંતર અનુભવ થાય છે. પછી પ્રભુનો બહાર અનુભવ થતાં તે અનાયાસ ગુણગાન ગાવા લાગે છે, ત્યારે તે ગુણગાન તે ભક્તને ભગવાનની માફક જ સુખ આપે છે.

ભાવ-ભાવન કરતાં ભક્તોની ઈચ્છા લૌકિક દુઃખ દૂર થાય તેવી હોય છે. એટલે તેઓ ભગવાન પાસે તેમનું દુઃખ દૂર થાય અને તેમને સુખ મળે એવી અપેક્ષા રાખે છે. વળી તેઓ એમ પણ વિચારે છે કે, જેમ અમે ભગવાનનું સ્મરણ કરીએ છીએ, તેમ ભગવાન પણ અમારું સ્મરણ કરે. આવાં ભક્તોને ભગવાનનો વિરહ થવાથી વિશેષ દુઃખ થાય છે. વિરહના અગ્નિમાં તેમનો જલ્દી લય થાય છે. આમ ભાવ-ભાવન કરતા ભક્તો કરતાં ગુણગાન કરનારા ભક્તોનો અધિકાર ઉત્તમ છે, તે બતાવ્યું.

ગુણગાનમાં ચિત્ત ન લાગે તો? :

ઉપરના શ્લોકમાં બતાવ્યા પ્રમાણે જય ભગવાનમાં સ્નેહ વધતાં આપણે ભગવાનના ગુણગાનમાં પ્રવૃત્ત થઈએ, ત્યારે સમજવું કે આપણા ઉપર ભગવાનની કૃપા થઇ છે. પરંતુ પ્રભુના ગુણગાનમાં આપણું ચિત્ત ન લાગે, તો તેને ભગવાનની અવકૃપા કે ક્રૂરતા ન સમજવાં. ભગવાન ક્યારેય ક્રૂર થતા નથી. ત્યાં પણ ભગવાનની એ જીવ ઉપર એટલી કૃપા અવશ્ય રહે છે કે ચિત્ત લૌકિકમાં જવા છતાં તે જીવ ભકિતમાર્ગમાંથી કાયમ માટે ખસી જતો નથી. ભગવાન આ જીવનો નિરોધ નહિ જ કરે, એવી શંકા ન કરવી. સંસારનો આવેશ થવા છતાં ભક્ત પ્રયત્નપૂર્વક ભગવદ્ ગુણગાન કરતો રહે તો તેને જરૂર ભગવાનમાં આસક્તિ થશે. તેનો ભક્તિનો બીજભાવ શ્રવણ-કીર્તન અને લૌકિક ત્યાગથી દૃઢ થશે. પ્રભુ જીવની કસોટી કરવા ફલદાનમાં વિલંબ જરૂર કરે છે, પણ તે જીવને ફલદાનથી વંચિત રાખતા નથી. માટે, જેમનું ચિત્ત બીજે ભટકતું રહે, તેમણે પણ પ્રયત્નપૂર્વક શ્રવણ-કીર્તન કરતાં રહેવું. તેથી ભગવદ્ આસક્તિ જરૂર સિદ્ધ થશે.

પુષ્ટિફળ કેવી રીતે મળે?

જ્યારે આપણામાં અહંતા-મમતા વધારે હોય, ત્યારે આપણું મન તેમાં જ ડૂબેલું રહે. તેને લઇને આપણા મનની એવી ધરતીમાં ભક્તિનું બીજ ઊંડે દટાઇ જાય. તેથી તે અંકુર બનીને જલ્દી પ્રગટતું નથી. આ સ્થિતિમાં સંસારમાં ડૂબેલા રહેતા ચિત્તને તેમાંથી બહાર કાઢવા માટે આપણે આપણી દોષોથી ભરેલી ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો જોઇએ એટલે કે આપણી ઈન્દ્રિયો ઉપર સંયમ મેળવવો જોઇએ.

પરંતુ યોગ-માર્ગથી સંયમ મેળવવા ઇન્દ્રિયોનું દમન કરવું પડે છે. જેમ તોફાની ઘોડાને કાબૂમાં લેવા ચાબૂક મારવો પડે, વધુ ચાબુક મારવાથી ત્યારે તે ઘોડો વધારે તોફાને ચડે છે, તેમ દોષવાળી તે ઇન્દ્રિયોમાં વધારે ખળભળાટ થાય છે. ઇન્દ્રિયો વધારે ચંચળ અને અશાન્ત બને છે. બમણા જોરથી લૌકિક ભોગ માટે ઉછળે છે. આવી ઇન્દ્રિયોને લૌકિકમાંથી અલૌકિક તરફ વાળવાનો સરળ રસ્તો શ્રીમહાપ્રભુજી અહીં બતાવે છે. લૌકિક ભોગમાં જોડાવા થનગનતી ઇન્દ્રિયોને ભક્તે ઇન્દ્રિયોનું દમન કરવાને બદલે સર્વ વસ્તુઓ ભગવાનના સુખ માટે ભગવાનની સેવામાં વાપરવાનું નક્કી કરવું ઇન્દ્રિયોને ભગવાનની સેવામાં જોડવી. સર્વ વસ્તુઓ પ્રભુને સમર્પીને વાપરવી. જે વસ્તુઓ પ્રત્યક્ષ રીતે પ્રભુને સમર્પી ન શકાય, તેમને ભગવાન સાથેના સંબંધથી જોડવી, જેમ કે, જોડા પ્રભુને ધરી શકાય નહીં. તો નવા જોડા પહેરી પ્રભુ માટે વસ્તુ ખરીદવા કે જળ ભરવા જવું. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, 'કોઇ ઇન્દ્રિયનું કાર્ય કોઇપણ રીતે ભગવાન સાથે સંબંધવાળું ન થતું હોય તો તે ઇન્દ્રિયને તે કાર્ય કરતાં રોકવી. લગ્ન પણ વિષયભોગ માટે ન કરતાં, ભગવદ્ સેવામાં સહાયક પત્ની અને સંતાન મળે, તે હેતુથી જ કરવું અને તે હેતુથી જ લગ્નજીવન જીવવું અને પત્ની તથા સંતાનો સાથે પણ આ જ હેતુથી લાગણીનો સંબંધ રાખવો. મળત્યાગ જેવી ક્રિયાઓ પણ સેવામાં સ્વસ્થતા બની રહે, એ હેતુ વિચારીને કરવી.'

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, 'આ સમર્પણ આપણે ફલાત્મક પ્રભુને કરવાનું છે. તેમના કોઇ અવતાર વગેરેને કરવાનું નથી. આથી શ્લોકમાં ફલાત્મક પ્રભુનું સૂચન કરવા 'કૃષ્ણ' શબ્દ વાપર્યો છે. અવતારોના નિષેધ માટે 'ભૂમન્' શબ્દ વાપર્યો છે. જીવ જો આટલું સમર્પણરૂપી સાધન કરે, તો ભગવાન તેના વિષયભોગો અવશ્ય દૂર કરશે જ એ સૂચવવા માટે 'ઇશ' શબ્દ વાપર્યો છે.

શ્રીભાગવતજીમાં પણ કહેવામાં આવ્યું કે, 'મનુષ્યને યજ્ઞ, દાન, તપ, જપ, વ્રત વગેરે જે કંઇ પ્રિય હોય, તે અને સ્ત્રી, ઘર, પ્રાણ વગેરે બધું પ્રભુને નિવેદન કરી ઇન્દ્રિયોના કલ્યાણ માટે પ્રભુમાં વિનિયોગ કરાવવો. એટલે કે તેમ કરવાથી ભગવદ્ ધર્મ સિદ્ધ થાય છે ભગવદ્ ધર્મથી ભક્તિ વધે છે. ભક્તિથી તે મનુષ્ય પ્રભુપરાયણ બને છે. આવો ભકત જલદી તરી ન શકાય, એવી માયાને પણ સહેલાઇથી તરી જાય છે.

ભગવાનને અંગીકાર કરાવવા માટે ઈન્દ્રિયો, વિષયો અને વસ્તુઓનો લૌકિકમાંથી સમજપૂર્વક થતો ત્યાગ વૈરાગ્ય છે. આ વૈરાગ્ય ફળરૂપ છે. શ્રીભાગવતજીમાં કહ્યું કે, ભોજન કરનાર માણસને દરેક કોળિયે ભૂખ ઘટે છે, તથા સંતોષ અને પોષણ મળે છે. તેવી રીતે ભગવાનમાં સર્વ ઈન્દ્રિયોને જોડનાર ભક્તને એકી વખતે ભક્તિ અને ભગવાન મળે છે, તથા ભગવાન સિવાય અન્ય સ્થળે વૈરાગ્ય થાય છે, ત્યારે પરમ શાન્તિ પામે છે. આ પરથી નક્કી છે કે, સર્વ વસ્તુઓનું ભગવાનને સમર્પણ કરવાથી ભક્તિ વધતાં લૌકિક વિષયોમાં આપણો વૈરાગ્ય દૃઢ થવા રૂપી ફળ મળે છે. વૈરાગ્ય દૃઢ થતાં ભગવાનમાં સ્નેહ દૃઢ થાય છે. સ્નેહ થતાં નિરોધ સિદ્ધ થાય છે. માટે સર્વ વસ્તુઓનું પ્રભુને સમર્પણ કરવું એ ભક્તના નિરોધનું એક લક્ષણ છે.

પ્રભુને સર્વ સમર્પણ કરીને પ્રભુનું શરણ સ્વીકારનાર ભક્તો કીર્તન-ગુણગાન દ્વારા શોકમાંથી મુક્ત થાય છે. તેમને ભગવાનનું સુખ મળતાં લૌકિક દુઃખનું ભાન રહેતું નથી. આથી શ્રીભાગવતજીમાં ભગવાન સ્વયં કહે છે કે, ' જેમને મારી ભક્તિરૂપી ફળ જોઈતું હોય, તેમણે મારી અમૃતરૂપી કથામાં શ્રદ્ધા રાખવી. હંમેશા મારું કીર્તન કરવું. નિષ્ઠાપૂર્વક મારી સેવા કરવી. સ્તોત્રગાનથી મારી સ્તુતિ કરવી. મને સાષ્ટાંગ પ્રમાણ કરવાં. વાણીથી મારાં ગુણગાન કરવાં. મન મને અર્પણ કરવું. સર્વ કામવાસનાઓનો ત્યાગ કરવો. મારા માટે ધન, ભોગ, સુખનો ત્યાગ કરવો. સર્વ પ્રાણીઓ ઉપર ભગવદ્ ભાવ રાખવો. આવી રીતે આત્મનિવેદન કરનારને મારામાં અવશ્ય ભક્તિ સિદ્ધ થાય છે. આત્મનિવેદન કરનાર ભક્ત જ્યારે ભગવદ્ ગુણગાન કરે છે, ત્યારે તેમને શોક કે દુઃખ રહેતું નથી. ભગવદ્ ગુણગાનનું આ ફળ છે.

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના ગુણગાનનો તફાવત

જ્ઞાનમાર્ગમાં પણ ભગવદ્ ગુણગાન છે, અને ભક્તિમાર્ગમાં પણ ભગવદ્ ગુણગાન છે. ભગવાનના ગુણો સમજીને જ્ઞાનમાર્ગમાં ગુણગાન કરવામાં આવે તો ગુણગાન કરનારને દુઃખનું ભાન રહેતું નથી. જો સમજ્યા વિના ગુણગાન કરે, તો દુઃખનું ભાન રહે છે. જ્ઞાનમાર્ગમાં ગુણગાનથી દુઃખની નિવૃત્તિ બતાવી છે. જ્યારે ભક્તિમાર્ગમાં ગુણગાનથી દુઃખની નિવૃત્તિની સાથે સુખની પ્રાપ્તિ બતાવી છે. આમ, જ્ઞાનમાર્ગના ગુણગાનથી ભક્તિમાર્ગનું ગુણગાન વધારે ચડિયાતું છે.

જેને જેના ગુણોમાં આસક્તિ થાય, તેને તે પુરુષમાં પણ આસક્તિ થાય છે.

એ ન્યાયથી ભગવાનના ગુણોમાં આસક્તિ થવાથી ભગવાનમાં પણ દૃઢ આસક્તિ થાય છે. ભગવાનામાં દૃઢ આસક્તિ થતાં ઘર ઉપર અરુચિ જાગે છે. ઘરમાં રહેનારાં ભક્તિમાં બાધક બનતાં લાગે છે. આવી સ્થિતિનો ભકતે સર્વ પ્રકારની ઈર્ષાનો ત્યાગ કરીને અને સર્વ પ્રકારના લોભમાંથી મુક્ત થઈને કેવળ સ્નેહથી ગુણગાન કરવું. આવું ગુણગાન આસક્તિવાળા ભક્તના નિરોધનું લક્ષણ છે.

ઈન્દ્રિયોનો ભગવદ્વિનિયોગ

જે ભક્તનો બીજભાવ હજી દ્રઢ થયો નથી, અને તે વ્યસન - અવસ્થાને પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તે ભક્ત શ્રીઠાકોરજીના જે સ્વરૂપની સેવા કરતો હોય, તે સ્વરૂપ સાક્ષાત્ ભગવાન છે, એમ સમજી તે સ્વરૂપનું નિરંતર ધ્યાન કરવું. તે સ્વરૂપનાં શ્રીઅંગો સાક્ષાત્ ભગવાનનાં શ્રીઅંગો છે એમ સમજી તેમનાં દર્શન કરવાં, અને તેમનો સ્પર્શ કરવો. તેમ કરવાથી ભગવાન સાથેનો સંબંધ સિદ્ધ થાય છે. જગતમાં સર્વ કંઈ ભગવદ્ રૂપ છે, તેથી ભકતનો ઉદ્ધાર કરવાની ઈચ્છા થતાં મૂર્તિમાંથી પ્રભુ સાક્ષાત્ પ્રગટ થાય છે. ભગવાન મૂર્તિમાં બિરાજીને બહાર પ્રગટ થાય છે. માટે ભગવદ્ સ્વરૂપનાં દર્શન અને સ્પર્શ સાક્ષાત્ ભગવાનનાં જ દર્શન અને સ્પર્શ છે, એમ ચોક્કસ સમજવું.

ભગવદ્ સેવામાં હાથ સેવા માટે છે, પગ ભગવાન માટે સેવાનું કાર્ય કરવા ચાલવા માટે છે. કાન અને જીભ કથા-શ્રવણ અને કીર્તન માટે છે. જનનેન્દ્રિયનું ભગવાનમાં ઉપયોગીપણું સ્પષ્ટ ન હોવાથી તેની સ્પષ્ટતા કરતાં આજ્ઞા કરી કે, કામ સંકલ્પનો પુત્ર છે. કામ કૃષ્ણ-પ્રિય બને તો તેનું કાર્ય ભગવદ્ સંબંધી થાય છે. અર્થાત્ પુત્રપ્રાપ્તિ થતાં પુત્ર સેવામાં સહાયક બને છે. મળમૂત્રનું વિસર્જન કરનાર ઈન્દ્રિયો શરીરને શુદ્ધ કરે છે, પરિણામે શરીર સેવામાં સ્વસ્થ રહે છે. તે રીતે શરીરની સર્વ ઈન્દ્રિયોનો સેવામાં વિનિયોગ કરાવવો જરૂરી છે. આ પ્રમાણે પ્રભુમાં સર્વ સમર્પણ કરવાથી આપણા ઉદ્વેગો નિવૃત્ત થતાં આપણી સેવા આધિદૈવિકી બને છે. હીન અધિકારવાળા ભક્તોનું એ મુખ્ય સાધન છે.

નિરોધની સર્વોત્તમતા

હીન અધિકારીઓ માટે સેવા, ભાવ-ભાવન અને ગુણગાનનાં સાધનો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યાં. શાસ્ત્રગ્રંથોમાં મંત્ર-જપનું સાધન બતાવ્યું. સેવા કરતાં મંત્રજપ ઉત્તમ નથી. શ્રીઅષ્ટાક્ષર વગેરે મંત્રોના જપ સેવાના અંગરૂપ છે, તેથી

તે સેવાના અનોસરના સમયમાં કરવા જોઈએ. સેવા છોડીને મંત્રજપ ન કરાય, કારણ કે મંત્રજપનું સાધન ગૌણ છે, સેવા કરતાં ઉત્તમ નથી.

તે જ પ્રમાણે શ્રીકૃષ્ણશ્રય વગેરે સ્તોત્રોનો પાઠ પણ સેવાથી ઉત્તમ નથી, તે પણ સેવાના અંગરૂપ છે. સેવામાં શ્રીઠાકોરજી સમક્ષ શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ કરવાનો છે. વિદ્યા એટલે ઉપાસના. કોઈપણ વિદ્યા કે સ્વાધ્યાય સેવા કરતાં ઉત્તમ નથી. તેમને પણ સેવાના અંગરૂપ જાણવાં. તેમનો હેતુ સેવા માટેની સમજ મેળવવાનો જ છે. સેવા છોડીને સ્વાધ્યાય ન થાય .તીર્થયાત્રા અને તીર્થસેવન પણ સેવા કરતાં કોઇ રીતે ઉત્તમ નથી. ભગવદ્ કૃપા વિના આ બધાં સાધનો ફળ આપતાં નથી અને આપે, તો પણ બહુ વિલંબથી આપે છે. માટે, ભક્તિના હીન અધિકારવાળા ભક્તોએ નિરોધરૂપી ભક્તિ સિદ્ધ કરવા માટે સર્વસમર્પણ, ગુણગાન અને સેવામાં સર્વ ઇન્દ્રિયોના વિનિયોગરૂપી ત્રણ સાધન અવશ્ય કરવાં. તેનાથી જ ભગવાનમાં સ્નેહ, આસક્તિ અને વ્યસન ક્રમશઃ સિદ્ધ થશે. પછી નિરોધ પ્રાપ્ત થશે.

ફરીથી યાદ કરીએ

(૧) ઇન્દ્રિયોથી મણાતા લૌકિક વિષયોનો આનંદ વિષયાનંદ, ક્ષણિક, નશ્વર અને નુકસાનકારક હોવાથી ત્યાજ્ય છે.

(૨) તેમાંથી મુક્ત થવા મનને મારી નાખવાનો - દેહદમનનો માર્ગ યોગશાસ્ત્રે બતાવ્યો.

(૩) ભક્તિમાર્ગે મનને મોહનમાં મેળવી દેવાનો નિરોધનો માર્ગ બતાવ્યો.

(૪) સર્વ ઇન્દ્રિયોના વિષય ભગવાન શ્રીકૃષ્ણને બનાવી દેવાથી તેમનામાં મનનો નિરોધ થતાં, અહંતામમતાત્મક સંસારમાં થયેલો નિરોધ દૂર થાય છે.

(૫) ભગવદ્ ગુણગાન અને ભગવતલીલાઓ ભાવભાવનાથી આધુનિક સમયમાં નિરોધ સિદ્ધ થાય છે.

(૬) નિરોધ સિદ્ધ થવામાં ભગવદ્કૃપા અને ભગવદીયોની કૃપા જ કારણભૂત છે.

(૭) સર્વ ઇન્દ્રિયોનાં કાર્યો જે લૌકિકગામી છે, તેમને ભગવદ્ગામી બનાવવાં.

(૮) ભકતનો ભગવાનમાં પૂર્ણ નિરોધ થતાં, ભગવાનનો પણ ભક્તમાં નિરોધ થાય છે. તે નિરોધનું ફળ છે.

(૯) નિરોધ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે.

* * *

૧૬. સુખની સફરનું છેલ્લું સ્ટેશન

('સેવાફલ' ના આધારે)

સાચું સુખ :

શ્રીમહાપ્રભુજીની સાથે વિચારયાત્રા કરતાં કરતાં આપણે હવે છેલ્લા સ્ટેશનની નજીક પહોંચ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ એક અત્યંત મૌલિક વાત આપણને બતાવી. આમ જોવા જઇએ તો તેમાં કોઇ મૌલિકતા નથી. કારણ કે શ્રીમહાપ્રભુજીએ સ્વયં કહ્યું છે કે વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવત મારી વિચારધારાનાં મુખ્ય પ્રમાણો છે તેમનાથી અલગ મારો કોઇ વિચાર નથી. પરંતુ મૌલિકતા એટલા માટે છે કે વેદ, બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતમાં ભગવદ્સેવા એ જ સુખનો સાચો માર્ગ છે એ સિદ્ધાંત બીજા અનેક સિદ્ધાંતોની નીચે લપાઇને પડ્યો હતો, પરંતુ તેને અન્ય કોઇ આચાર્યો જગત સામે રજૂ કરી શકયા ન હતા, કેવળ શ્રીમહાપ્રભુજીએ જ કોહીનૂર હીરા જેવા ભગવદ્સેવાના અતિશય મૂલ્યવાન સિદ્ધાંતને જગત સામે પૂરા ઉત્સાહથી રજૂ કર્યો. એવી રીતે રજૂ કર્યો કે કોઇ ક્યાંય તેમાંથી ખામી બતાવી ન શકે. કોઇ તેનો વિરોધ કરી ન શકે. શ્રીમહાપ્રભુજીની આ આગવી સૂઝ-બૂઝ આપણા માટે સુખની સફર બની છે.

જીવનમાં સુખ શોધવા માટે સૌએ ફાંફાં માર્યાં છે, પણ સાચું સુખ શ્રીમહાપ્રભુજીને જ હાથ લાગ્યું અને તેમણે તે આપણા હાથમાં મૂક્યું.

શ્રીમહાપ્રભુજીએ શરણે આવેલા જીવોને જ્યારે જ્યારે બ્રહ્મસંબંધ આપ્યું, ત્યારે ત્યારે એક જ આજ્ઞા કરી - ભગવદ્સેવા કરો. ભગવદ્સેવા માટે શ્રીઠાકોરજીનું સ્વરૂપ પધરાવી આપતાં પણ દર વખતે દરેકને એક જ આજ્ઞા કરી કે આ ભગવદ્સ્વરૂપ મારું સર્વસ્વ છે, તે હું તમને સોંપું છું. આ એક વાક્યમાં શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવના માથે ઘણી મોટી જવાબદારી મૂકી દીધી, ભગવદ્સેવાની ગંભીરતા અને ગરિમા બતાવી દીધાં.

શ્રીમહાપ્રભુજીએ ભગવદ્સેવાનો સિદ્ધાંત અને પ્રકાર સમજાવવા માટે જરાય કચાશ છોડી નથી. ષોડ્શગ્રંથના સોળે સોળ ગ્રંથોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે

ભગવદ્સેવાની વાત રજૂ કરવાનું તેઓ ચૂક્યા નથી. એમ કહી શકાય કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં ભગવદ્સેવા એકડાના સ્થાને છે, બાકીની સર્વ આજ્ઞાઓ શૂન્યના સ્થાને છે. ભગવદ્સેવા સાથે સર્વ આજ્ઞાઓનું પાલન કરવાથી એકડાની ઉપર શૂન્યની સંખ્યાઓ ચડાવતા રહીએ તો પૂરી સંખ્યાનું મૂલ્ય વધતું જ રહે. એમ, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓના પાલનનું આપણું જીવનમૂલ્ય પણ વધતું રહે છે. પરંતુ એકડા વિના ગમે તેટલી શૂન્ય સંખ્યાઓ ભેગી કરીએ તો પણ તેની કિંમત શૂન્ય જ રહે. તેમ ભગવદ્સેવા છોડીને અથવા ન સ્વીકારીને બીજી આજ્ઞાઓનું પાલન કરતા રહીએ તો તેનાથી પૂર્ણ વૈષ્ણવતા વિકસતી નથી. આના પરથી સમજાય છે કે પુષ્ટિમાર્ગનો આત્મા ભગવદ્સેવા છે. પુષ્ટિપ્રભુ જ પુષ્ટિભક્તો માટે ચારે ય પુરુષાર્થરૂપ છે. પુષ્ટિપ્રભુ પોતે જ પુષ્ટિજીવો માટે પરમ ફળરૂપ છે. તનુવિત્તજા સેવા કરતાં કરતાં માનસીસેવાની સિદ્ધિ પુષ્ટિમાર્ગનું પરમ અને ચરમ શિખર છે. આથી શ્રીમહાપ્રભુજી એમ સમજાવે છે કે પુષ્ટિમાર્ગમાં સેવા સિવાય અન્ય બીજું કોઇ કર્તવ્ય પુષ્ટિજીવ માટે નથી. કોઇ એમ કહે કે પુષ્ટિમાર્ગમાં સેવા સિવાયનું અન્ય કર્તવ્ય છે અને તે સેવા દ્વારા મળતા અલૌકિક સામાર્થ્ય સિવાયનું કોઇ ફળ છે, તો તે કહેનાર કુસૃષ્ટિનો જીવ જાણવો. પુષ્ટિજીવના મગજમાં આવો વિચાર આવે જ નહીં.

ભગવદ્સેવા એ સુખનો સાગર છે. એમાંથી પ્રાપ્ત થતાં ત્રણ અત્યંત કિંમતી ફળ શ્રીમહાપ્રભુજીએ 'સેવાફલ' ગ્રંથમાં બતાવ્યાં છે.

પુષ્ટિફળ વિષેની બે મુખ્ય વિચારધારાઓ :

આપણા સંપ્રદાયમાં સર્વોત્તમ પુષ્ટિફળ કયું, એ વિષે બે વિચારધારાઓ પ્રવર્તે છે. કેટલાક મહાનુભાવો પુષ્ટિભક્તિ દ્વારા શ્રીઠાકોરજીના સંયોગ અનુભવને પરમ ફળ માને છે, તો કેટલાક ભગવાનના વિરહભાવની સ્થિતિમાં અંતઃકરણમાં થતા ભગવદ્ અનુભવને પરમ ફળ માને છે. વેદોએ ભગવાનને આનંદમય કહ્યા છે અને આનંદસ્વરૂપ પણ કહ્યા છે. એક વિચારધારા પ્રમાણે શ્રીઠાકોરજીનું બહાર પ્રકટ સાકાર સ્વરૂપ આનંદમય છે અને હૃદયમાં પ્રકટ થતું સ્વરૂપ આનંદ છે. શ્રીઠાકોરજીનું બહાર પ્રકટ સાકાર સ્વરૂપ શૃંગાર રસના આલંબનવિભાવરૂપ છે. વિરહ દશામાં હૃદયમાં ભગવાનનું જે ધર્મી સ્વરૂપ પ્રકટ થાય છે, તેમાં ભગવાનના અન્ય કોઇ ધર્મ પ્રકટ હોતા નથી, કેવળ ધર્મી સ્વરૂપ હોય છે, જે માત્ર શુદ્ધ આનંદસ્વરૂપ છે. બહાર પ્રકટ સ્વરૂપને પરમાનંદસ્વરૂપ કહે છે. હૃદયમાં અનુભવાતા સ્વરૂપને આનંદસ્વરૂપ કહે છે.

અંતઃકરણમાં ભગવદ્ અનુભવ એ આનંદનો અનુભવ અને તે પુષ્ટિમાર્ગમાં પરમ ફળ છે, તેવું કેટલાક મહાનુભાવોનું માનવું છે.

બીજી વિચારધારા પ્રમાણે આનંદમય અને આનંદ એ બંને શબ્દો એક જ અર્થના છે. શ્રીઠાકોરજી અનંત પૂર્ણાનંદ છે. પ્રકટ અને અંતઃકરણ - બંનેમાં એમનો થતો અનુભવ આનંદનો જ અનુભવ છે. શ્રીઠાકોરજી જેમને પ્રકટ સ્વરૂપ અનુભવ કરાવવા ઇચ્છે, તેમને તે સ્વરૂપે તે સ્વરૂપે આનંદનું દાન કરે છે. બંને પ્રકારમાં થતો સ્વરૂપાનંદનો અનુભવ જુદો નથી, એક જ છે.

સેવાનાં મુખ્ય ત્રણ ફળ :

શ્રીમહાપ્રભુજીના મતે સેવાનાં મુખ્ય ત્રણ ફળ છે. : (૧) અલૌકિક સામર્થ્ય (૨) સાયુજ્ય (૩) વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ.

અલૌકિક સામર્થ્ય એટલે સેવા કરતાં કરતાં આપણું બાહ્ય શરીર અને આંતર ઇંદ્રિયો ભગવદ્મય બને. જેમ લાકડાને અગ્નિનો સ્પર્શ થતાં લાકડું અગ્નિમય બને, તેમ શ્રીઠાકોરજીના સ્પર્શથી અને સેવનથી તન, મન અને ઇન્દ્રિયો ભગવદ્મય બનતાં ભગવાનના છ ગુણો આપણા તન, મનમાં આવે, તેના પરિણામે ભગવાનનું સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય. તે સ્થિતિને ભગવદીયતા અથવા તનુનવત્વ કહેવામાં આવે છે. બહારથી અન્ય લોકોને ભૌતિક દેહ દેખાય, પરંતુ એ દેહમાં દિવ્યતાનું આરોપણ થયું હોય.

દિવ્ય અલૌકિક શ્રીઠાકોરજી લૌકિક આંખોનો વિષય ક્યારેય બનતા નથી. જ્યારે શ્રીઠાકોરજી કોઇપણ વ્યક્તિને પોતાના સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન આપવા ચાહે છે, ત્યારે સૌ પહેલાં તેની આંખોને અને મનને દિવ્ય બનાવે છે, તેના દેહને દિવ્ય બનાવે છે અને પછી જ પોતાના સાક્ષાત્ સ્વરૂપનાં દર્શન કરાવે છે. પંચમહાભૂતોના લૌકિક દેહથી ન તો શ્રીઠાકોરજીનાં સાક્ષાત્ દર્શન કરી શકાય છે કે ન તો તેમને સ્પર્શ કરી શકાય છે. આથી શ્રીઠાકોરજીની કૃપાથી આપણને અને બીજાઓને ન સમજાય એ રીતે આપણા શરીરનું બહારથી અને અંદરથી અલૌકિક પરિવર્તન થાય છે, જાણે એ શરીરમાં અલૌકિક નવીનતા પ્રવેશે છે ! એમ થાય ત્યારે તેને તનુનવત્વ કહે છે. તનુનવત્વ પ્રાપ્ત કરેલ ભક્ત શ્રીઠાકોરજીનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે, એમની સાથે વાત કરી શકે છે, એમને સ્પર્શ કરી શકે છે.

સેવા દ્વારા તનુનવત્વ પ્રાપ્ત થવું અને તનુનવત્વ પ્રાપ્ત થતાં સાક્ષાત્ ભગવદાનુભવ થવો તે અલૌકિક સામર્થ્યનો જ એક ભાગ છે.

ત્યારબાદ જ્યારે એ ભક્તને તેનાં નેત્રોથી શ્રીઠાકોરજીનાં સાક્ષાત્દર્શન ન થાય ત્યારે તે વિરહાતુર બને છે. એનો વિરહ અતિ ઉત્કટ બનતાં મનમાં વિપ્રયોગની સ્થિતિ જાગે છે, તેનાં તન-મન વિકળ બની જાય છે, પ્રાણ ધારણ કરવા તેના માટે દુષ્કર બને છે. એવી સ્થિતિમાં શ્રીઠાકોરજી કૃપા કરીને તેનાં અંતરચક્ષુ ખોલી દે છે, પરિણામે, તે તેના હૃદયમાં સાક્ષાત્ શ્રીઠાકોરજી અને તેમની સાક્ષાત્ લીલાઓનો અનુભવ કરવા લાગે છે. તેમાં ડૂબી જતાં બાહ્ય રીતે જગતનું અનુસંધાન ગુમાવી બેસે છે, ક્યારેક બેશુદ્ધ બની જાય છે. આવી ભાવસ્થિતિને વ્યસન અવસ્થા કહેવામાં આવી છે. વ્યસન અવસ્થામાં અંતઃકરણમાં સતત પ્રાપ્ત થતો સ્વરૂપાનંદનો અનુભવ એ પણ અલૌકિક સામ્ર્થ્યનો જ એક ભાગ છે.

આમ, બાહ્ય અને ભીતર - બંને પ્રકારે સાક્ષાત્ ભગવદ્સ્વરૂપાનંદનો અનુભવ પ્રાપ્ત થતાં તે ભક્તને માનસીસેવા સિદ્ધ થઈ હોય છે, જેમાં જગતના કોઈપણ પદાર્થોની મદદ વિના નિત્યલીલાના સર્વ અલૌકિક પદાર્થો દ્વારા તે શ્રીઠાકોરજીની સેવા કરતો હોય છે. આ તેને પ્રાપ્ત થયેલું અલૌકિક સામર્થ્ય છે.

આવો ભક્ત જ્યારે આ દેહ છોડી દે છે, ત્યારે તેનો દિવ્ય બનેલો આત્મા ગોલોકમાં જાય છે. ત્યાં તેને શ્રીઠાકોરજીની સેવા માટે અલૌકિક સખીદેહ પ્રાપ્ત થાય છે. આત્માને પ્રાપ્ત થયેલો આ અલૌકિક દેહ એટલે નવતનુ-નવું જ શરીર, જે પંચમહાભૂતનું નથી, પણ અલૌકિક આનંદરસનું છે. આવા નવતનુથી ગોલોકધામની નિત્યલીલામાં શ્રીઠાકોરજીની સેવા કરતાં કરતાં તેમની સાથે સતત રમણ કરવું અને તેમની અલૌકિક લીલાઓનો રસાનુભવ કરવો એ પરમ અને ચરમ ફળ છે.

આમ, આ જીવનમાં અને આ જીવન બાદ અલૌકિક સ્વરૂપાનંદના અનુભવમાં ડૂબેલા રહેવાનું જે સામર્થ્ય પુષ્ટિજીવને મળે છે, તેને શ્રીમહાપ્રભુજી અલૌકિક સામર્થ્ય કહે છે. તે જ પુષ્ટિમાર્ગનું અને ભગવદ્સેવાનું પરમ અને ચરમ ફળ છે.

આ ફળ જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગના જીવોના ભાગ્યમાં હોતું નથી, તે પુષ્ટિજીવોનો જ વિશેષ અધિકાર છે. અન્ય કોઈ સંપ્રદાયની સાધના, ઉપાસના કે આરાધનાથી આ પુષ્ટિફળ મળી શકતું નથી. શ્રીભાગવતજીમાં પણ ભગવદ્ભક્તો

અનેક છે, પરંતુ આ અલૌકિક સામર્થ્યનું દાન તો કેવળ વ્રજવાસીઓને જ થયું છે, અન્ય કોઇ ભક્તોને થયું નથી. શ્રીમહાપ્રભુજીમાં જ આ અલૌકિક સામર્થ્યરૂપી ફળ મેળવી આપવાનું સામર્થ્ય છે, અન્ય કોઇ ધર્માચાર્યમાં આ સામર્થ્ય પણ નથી.

સાયુજ્ય :

સાયુજ્ય શબ્દનો અર્થ છે ઓગળી જવું. એકરસ થઇ જવું પાણીમાં ખાંડ કે મીઠું ઓગળી જાય, તે ખાંડ કે મીઠાનું સાયુજ્ય કહેવાય. આવું સાયુજ્ય થતાં ખાંડ કે મીઠું અલગ મળી શકે નહીં. એવી રીતે જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગની સાધનાથી જ્યારે કોઇ જીવાત્મા મોક્ષ પ્રાપ્ત કરે, એટલે અક્ષરબ્રહ્મમાં ઓગળી જાય, તેનું અલગ અસ્તિત્વ રહે નહીં, ત્યારે તે મોક્ષને સાયુજ્યના નામથી ઓળખવામાં આવે છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગમાં આવા સાયુજ્યને પરમ અને ચરમ ફળ માનવામાં આવ્યું છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગથી પ્રાપ્ત થતા સાયુજ્યમોક્ષ કરતાં પુષ્ટિમાર્ગમાં સેવા દ્વારા પ્રાપ્ત થતો સાયુજ્યમોક્ષ અલગ સ્વરૂપનો છે. પુષ્ટિજીવને જ્યારે સાયુજ્યરુપી ફળ મળે છે, ત્યારે તેનો આત્મા ગોલોકમાં બિરાજતા પૂર્ણપુરુષોત્તમ શ્રીઠાકોરજીના શ્રીઅંગમાં લય પામે છે. કેટલાક ભક્તોના આત્મા શ્રીઠાકોરજીના કેશમાં, તો કેટલાકના આત્મા શ્રીઠાકોરજીના હૃદય પર રહેલા કૌસ્તુભમણિમાં, તો કેટલાકના આત્મા શ્રીઠાકોરજીનાં ચરણકમળમાં લય પામે છે.

આવા સાયુજ્ય પ્રાપ્ત કરેલા પુષ્ટિજીવો પર શ્રીઠાકોરજી અવારનવાર કૃપા કરે છે. સાયુજ્ય પ્રાપ્ત કરેલા જીવોને શ્રીઠાકોરજીના સ્વરૂપમાં લય થવાથી શ્રીઠાકોરજીના સ્વરૂપાનંદનો અનુભવ થતો નથી. પાણીમાં ડૂબેલા માણસને પાણીનો સ્વાદ આવતો નથી. આથી શ્રીઠાકોરજી સાયુજ્ય પ્રાપ્ત થેયલા જીવોને ક્યારેક ક્યારેક પોતાના સ્વરૂપાનંદનો આસ્વાદ કરાવવા માટે પોતાના શ્રીઅંગમાંથી પ્રકટ કરે છે, તેમને નવતનુ આપે છે અને તેમની સાથે રમણ આદિ વિવિધ લીલાઓ કરી, તેમને રસદાન કરે છે. જેમ કરોળિયો મોંમાંથી લાળ કાઢી જાળું બનાવે અને ઇચ્છે ત્યારે તેને ફરી મોંમાં સમેટી લે, તેમ, શ્રીઠાકોરજી સાયુજ્ય પામેલા જીવોને બહાર પ્રકટ કરી, રસદાન કરાવી, ફરી તે લીલા સંકેલી લે છે, તેમને પોતાના તે તે શ્રીઅંગમાં પાછા લય કરી દે છે.

આવી રીતે સાયુજ્ય પામેલા પુષ્ટિજીવોને સમયાંતરે ભગવદાનંદરસનો અનુભવ થાય છે, નિત્ય થતો નથી. પરંતુ જ્ઞાન કે કર્મમાર્ગના સાયુજ્યમાં તો

ભગવદ્‌રસનો અનુભવ ક્યારે ય, કોઇને થતો નથી. તે જીવાત્માઓનો તો ભગવદ્‌સ્વરૂપમાં લય પણ થતો નથી, તેમનો લય અક્ષરબ્રહ્મમાં થાય છે. આમ, જ્ઞાન અને કર્મમાર્ગીય સાયુજ્ય કરતાં પુષ્ટિમાર્ગીય સાયુજ્ય ઘણું ઉત્તમ છે, પરંતુ અલૌકિક સામર્થ્યરૂપી ફળ જેટલું સાયુજ્યનું ફળ ઉત્તમ નથી. અલૌકિક સામર્થ્યમાં નિત્ય ભગવદ્‌સ્વરૂપાનંદનો અનુભવ છે, સાયુજ્યમાં સમયાંતરે એ અનુભવ છે. માટે, સાયુજ્યને શ્રીમહાપ્રભુજીએ મધ્યમ ફળ કહ્યું છે. આ ફળ ભગવદ્‌સેવા કરનાર પુષ્ટિજીવોને જ મળે છે, અન્ય કોઇને મળતું નથી.

વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ :

સેવાનું ત્રીજું અને હીન ફળ એટલે વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ. અહીં વૈકુંઠ એટલે વ્યાપિવૈકુંઠ, જેને આપણે ગોલોકધામ કહીએ છીએ. કેટલાક પુષ્ટિજીવોને શ્રીઠાકોરજી આ ત્રીજા પ્રકારનું ફળ આપે છે. સેવોપયોગી દેહ એટલે માનવેતર યોનિની પ્રાપ્તિ, જેમાં પશુ, પક્ષી, વૃક્ષ વગેરેનો સમાવેશ થાય. આ પશુ, પક્ષી, કે વૃક્ષ લૌકિક હોતાં નથી, તે પણ ગોલોકધામનાં દિવ્યદેહવાળાં હોય છે. જે પુષ્ટિજીવોને આ ફળ મળે તે મૃત્યુ બાદ ગોલોકધામમાં એના અધિકાર પ્રમાણે પશુ, પક્ષી, વૃક્ષ પૈકી કોઇ એક સ્વરૂપ ધારણ કરે છે. તે સ્વરૂપ દ્વારા દૂરથી તેને શ્રીઠાકોરજીનાં દર્શનનું અને લીલાઓના અવલોકનનું સુખ મળે છે, તે પરોક્ષ રૂપે શ્રીઠાકોરજીની સેવા કરી શકે છે, જેમ કે પક્ષી સ્વરૂપે કલરવ કરી, શ્રીઠાકોરજીને જગાડવા, ગાય સ્વરૂપે શ્રીઠાકોરજીને પ્રિય દૂધ આપવું, વૃક્ષ સ્વરૂપે શ્રીઠાકોરજીને છાયા આપવી. ગોપીજનોને જે લીલાનું સુખ મળે છે તે સુખ સેવોપયોગી દેહ ધારણ કરનારા જીવોને મળતું નથી, તેમને સ્વરૂપાનંદનો સીધો લાભ કદી પ્રાપ્ત થતો નથી, તેમને શ્રીઠાકોરજીની અધરસુધા પરોક્ષ રૂપે મળે છે, જેમ કે શ્રીઠાકોરજી વેણુ વગાડે ત્યારે તેમાં પૂરાતી અધરસુધા આ સર્વ જીવો સુધી પહોંચે છે અને તેઓ કાન દ્વારા તેને હૃદયમાં ધારણ કરે છે.

ફળ મળવા માટેનો કોઈ નિયમ ખરો ?

આપણને પ્રશ્ન થશે કે કોણ કેવી સેવા કરે તો તે સેવાના બદલામાં ઉપર પૈકીનું કોઇ એક ફળ તેને મળે ? એનો જવાબ એ છે કે ફળ આપવાનો અધિકાર શ્રીઠાકોરજીએ પોતાના હાથમાં રાખ્યો છે. એના માટે કોઇ કાયદો બનાવ્યો નથી. અમુક પ્રકારે સેવા કરનારને અમુક પ્રકારનું ફળ મળે, એવો કોઇ કાયદો પુષ્ટિમાર્ગમાં

નથી. શ્રીઠાકોરજી ક્યારે, કોની સેવાથી, કેટલા પ્રસન્ન થશે, એનો કોઇ નિયમ નથી. એક ભગવદીયે કહ્યું છે કે શ્રીઠાકોરજી ક્યારેક કોઇ જીવ ઉપર એટલી બધી કૃપા વરસાવી દે છે કે તેણે રાઇના દાણા જેટલી સેવા કરી હોય તો તે સેવાને ઊંચામાં ઊંચા મેરુપર્વત જેવી સેવા માની લે છે અને તેનું ફળ આપી દે છે. સેવામાં કૃતિ ઓછા મહત્ત્વની છે, પ્રીતિ વધારે મહત્ત્વની છે. શ્રીઠાકોરજી સેવા કરનાર ભક્તની પ્રીતિ કેટલી વધુ છે અને સાચી છે, એ જોઇને તે પ્રકારે તેના પર કૃપા કરે છે.

સેવામાં નડતા પ્રતિબંધો :

શ્રીમહાપ્રભુજી જાણે છે કે બધા પુષ્ટિજીવો એકસરખી રીતે સેવા કરી શકતા નથી. સેવા કરવામાં પુષ્ટિજીવોને કેટલાક પ્રતિબંધો નડતા હોય છે. તેને લઇને પણ ફળ મળવામાં વિલંબ થાય છે અથવા પરમ ફળ મળી શકતું નથી.

આ પ્રતિબંધો મુખ્યત્વે ત્રણ છે. : (૧) ભોગ (૨) ઉદ્વેગ (૩) પ્રતિબંધ.

ભોગ બે હોય છે. લૌકિક ભોગ અને અલૌકિક ભોગ. રૂપ, શબ્દ, ગંધ, સ્વાદ અને સ્પર્શ - આ પાંચ વિષયોના ભોગ લૌકિક ભોગ છે. શ્રીઠાકોરજીના અલૌકિક સ્વરૂપ, અધરામૃત અને ગુણગાનનો ભોગ અલૌકિક ભોગ છે. લૌકિક ભોગ સેવામાં વિઘ્નરૂપ છે, અલૌકિક ભોગ સેવામાં સહાયરૂપ છે. ભક્ત જો લૌકિક ભોગમાં ફસાઇ જાય તો તેની સેવા છૂટી જાય છે.

લૌકિક ભોગના પરિણામે માણસમાં પ્રમાદ અને પ્રમોદની વૃત્તિઓ વધે છે, જે તેને શ્રીઠાકોરજી તરફ જતો રોકે છે, તેને સેવામાં રુચિ જાગતી નથી, સેવા ભારરૂપ લાગે છે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે સેવા માટે તત્પર બનવા ઇચ્છતા પુષ્ટિજીવોએ સમજપૂર્વક પાંચ લૌકિક વિષયોના ભોગોને છોડવા જોઇએ. પાંચ ઇંદ્રિયોના લૌકિક વિષયો છોડી, તે ઇંદ્રિયોને શ્રીઠાકોરજીરૂપી અલૌકિક વિષયોમાં જોડવી જોઇએ. શ્રીઠાકોરજીનાં દર્શન, ગુણગાન, પ્રસાદી પુષ્પોની સુગંધ, મહાપ્રસાદનું ભોજન અને શ્રીઠાકોરજીને સ્પર્શ એ પાંચ અલૌકિક ભોગ છે.

સેવામાં નડતો બીજો પ્રતિબંધ ઉદ્વેગ છે. ઉદ્વેગ એક જ પ્રકારનો છે અને તે લૌકિક ઉદ્વેગ છે. સેવા દરમ્યાન અને સેવા પહેલાં આપણને ઘણી ચિંતાઓ સતાવે છે. તેને કારણે મનમાં ઉદ્વેગ થાય છે. મન ક્યારેક લૌકિક તરફ ખેંચાય છે, ક્યારેક સેવા તરફ ખેંચાય છે. લૌકિક તરફ મન ખેંચાય અને સેવા કરવાની હોય ત્યારે ઉદ્વેગ થાય છે. સેવા કરતા હોઇએ અને મન લૌકિકમાં જાય તો પણ ઉદ્વેગ થાય

છે. શ્રીઠાકોરજીને ઉદ્વેગ જરા પણ પ્રિય નથી. આથી ઉદ્વેગ કરનાર પુષ્ટિજીવની સેવા શ્રીઠાકોરજી છોડાવે છે. ઉદ્વેગના કારણે સેવામાં ચિત્ત લાગતું નથી. ચિત્ત સેવામાં ન લાગે તો સેવા સરખી રીતે થતી નથી. માટે ઉદ્વેગ સેવામાં બાધક બને છે.

ત્રીજું નડતર પ્રતિબંધ છે. પ્રતિબંધ એટલે અડચણ અથવા અટકાવ. પ્રતિબંધ બે પ્રકારના છે. જીવકૃત પ્રતિબંધ અને ભગવદ્‌કૃત પ્રતિબંધ. આપણા કુટુંબના કેટલાક લોકો કે આસપાસના લોકો આપણને સરખી રીતે સેવા ન કરવા દે, સેવામાં મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ થાય ત્યારે તેમને કારણે સેવામાં પ્રતિબંધ આવે છે. આપણે સરખી રીતે મન પરોવીને સેવા કરી શકતા નથી. કેટલીકવાર નોકરી અને ધંધાને લઇને પણ સરખી રીતે સેવા નભતી નથી અને સેવા છૂટી જતી હોય છે. આ બધા જીવકૃત પ્રતિબંધ છે.

ક્યારેક અચાનક માંદગી આવી જાય, શરીર પથારીવશ થઇ જાય, સૂતક આવી જાય, સેવામાં સહાયક સ્વજન હરિશરણ થાય. આવા પ્રતિબંધો આવતાં સેવા છૂટી જાય છે. એમાં આપણો કોઇ ઇલાજ ચાલતો નથી. આ પ્રતિબંધો આપણા કારણે કે અન્ય કોઇ મનુષ્યના કારણે ઊભા થયેલા નથી. ભગવદિચ્છાથી જ આ પ્રતિબંધો આવતા હોય છે. શ્રીઠાકોરજી કોઇપણ કારણસર જેની સેવા લેવા ન ઇચ્છતા હોય, એની સેવા છોડાવવા આવા પ્રતિબંધો આપે છે. ક્યારેક શ્રીઠાકોરજી તે જીવના મનની દઢતાની કસોટી કરવા પણ આવા પ્રતિબંધ આપે છે.

જીવકૃત પ્રતિબંધ દૂર કરવા માટે યથાશક્તિ ઉપાયો અવશ્ય કરવા જોઇએ. તે આપણા હાથની વાત છે. પરંતુ ભગવત્કૃત પ્રતિબંધો આપણા પ્રયત્નોથી દૂર થઇ શકતા નથી. આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યારે ભગવત્કૃત પ્રતિબંધ આવે ત્યારે તેમાં ભગવદિચ્છા સમજીને, સેવા માટેનો હઠાગ્રહ ન રાખવો. એ સ્થિતિમાં કથાશ્રવણ, કીર્તન અને સ્મરણથી શેષ જીવન વીતાવવું.

લૌકિક ભોગ અને લૌકિક ઉદ્વેગના નડતરો આપણી બુદ્ધિ અને આપણા પ્રયત્નોથી હટાવવા. સેવામાં તેમની રુકાવટ ન થાય તે માટે સદા સજ્જ રહેવું આવી રીતે જે સેવામાં તત્પર બનીને રહે છે, ધીમે ધીમે શ્રીઠાકોરજીમાં પ્રેમ વધારે છે અને એકચિત્ત બનીને સેવા કરે છે, તેમને શ્રીઠાકોરજી ઉપર બતાવેલ પૈકી કોઇપણ એક ફળનું અવશ્ય દાન કરે છે. આ ફળનું દાન એટલે સાચા સુખની સફરનું છેલ્લું સ્ટશન. તે મળ્યા પછી કશું જ મેળવવાનું બાકી ન રહે. આપણું એ

જ લક્ષ્ય હોય. એ લક્ષ્યે પહોંચવા માટે આપણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ચાલતાં ચાલતાં સેવા કરતા રહેવાની છે. સેવાનો અન્ય કોઈ વિકલ્પ નથી, એ વાત જો સમજાઈ જાય તો સુખની સફરની યાત્રા જરૂર પૂરી થઈ શકે.

ફરીથી યાદ કરીએ

(૧) પુષ્ટિજીવનું મુખ્ય કર્તવ્ય ભગવદ્સેવા છે.

(૨) શ્રીઠાકોરજી આનંદસ્વરૂપ હોવાથી, તેમની સેવા પણ આનંદપ્રદ છે.

(૩) આજીવન સેવા કરનારને શ્રીઠાકોરજી અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને વૈકુંઠાદિમાં સેવોપયોગી દેહ પૈકી કોઈપણ એક ફળ, પોતાની ઈચ્છા પ્રમાણે આપે છે.

(૪) અલૌકિક સામર્થ્ય સર્વોત્તમ ફળ છે. તેમાં આ જીવનમાં અને મૃત્યુ બાદ ગોલોકમાં દિવ્ય દેહથી સાક્ષાત્ ભગવદ્ અનુભવ અને સ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે.

(૫) સાયુજ્ય મધ્યમ ફળ છે. મૃત્યુ બાદ આપણો આત્મા શ્રીઠાકોરજીના શ્રીઅંગમાં વિલીન થાય છે. શ્રીઠાકોરજી કૃપા કરીને ક્યારેક તેને બહાર પ્રકટ કરી, સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે.

(૬) ત્રીજું ગૌણ ફળ વૈકુંઠાદિમાં સેવાપયોગી દેહની પ્રાપ્તિ છે. મૃત્યુ બાદ ગોલોકમાં મનુષ્યેતર યોનિથી શ્રીઠાકોરજીના દર્શન અને પરોક્ષ સેવાનું ફળ મળે છે.

(૭) સેવામાં નડતરરૂપ ત્રણ બાબતો છે - ભોગ, ઉદ્વેગ અને પ્રતિબંધ.

(૮) લૌકિક વિષયોના ભોગથી સેવા છૂટે છે, માટે પ્રયત્નપૂર્વક લૌકિક ભોગ છોડવા.

(૯) સેવા અને લૌકિક ભોગ એ બંનેમાંથી શું છોડવું અને શું રાખવું, એ નક્કી ન થવાને કારણે મનમાં ઉદ્વેગ રહે છે. ઉદ્વેગ વધતાં સેવા છૂટે છે. માટે, લૌકિકમાંથી મનને હટાવી ઉદ્વેગ દૂર કરવો.

(૧૦) પ્રતિબંધ બે પ્રકારના છે - જીવકૃત અને ભગવદ્કૃત. જીવકૃત પ્રતિબંધો પ્રયત્નપૂર્વક હટાવવા, ભગવદ્કૃત પ્રતિબંધો ભગવદિચ્છાથી જ આવે છે, તે હટાવી શકાતા નથી. ભગવદ્કૃત પ્રતિબંધ આવે ત્યારે સેવા છૂટે છે. એ સ્થિતિમાં કથાશ્રવણ, કીર્તન અને સ્મરણ કરતા રહેવું.

* * *

વાંચકો સાથે નાની શી વાત

વૈષ્ણવો, આ પુસ્તક વાંચવામાં રસ પડ્યો? શ્રી મહાપ્રભુજીની વાત સમજાઈ? જીવનમાં ઉતારવી જરૂરી છે એનું બુદ્ધિને લાગ્યું?

આ પુસ્તક વાંચ્યા પછી, આવાં અન્ય પુસ્તકો વાંચવા જિજ્ઞાસા થાય છે? અન્ય પુસ્તકો વસાવવા ઈચ્છા થાય છે?

તમે સ્નેહી સ્વજન કે મિત્રને મળવા જાવ છો, ત્યારે તેમના માટે કોઈ સ્મૃતિ ભેટ લઈ જાવ છો. ભૌતિક વસ્તુ ભેટમાં આપવાને બદલે આવું એક પુસ્તક આપો તો કેવું? તમને લાગેલો ભક્તિનો રંગ સૌને ન લગાડો?

આવાં પુસ્તકો છપાય અને વૈષ્ણવોના ઘરઘર સુધી, વિશ્વભરમાં પહોંચે તે વાત તમને ગમે? તમારી બચતમાંથી થોડીક રકમ પુસ્તકપ્રકાશન કાર્ય માટે ભેટ ન આપી શકો? પ્રસાદ લેવડાવ્યા બાદ સાંજ પડતાં પ્રસાદ લેનાર ફરી ભૂખ્યા થાય છે. પુસ્તકો મનનો પ્રસાદ છે. મન પુસ્તકોના પ્રસાદથી સદા તૃપ્ત થશે. વાંચનાર અનેક વૈષ્ણવોના તમને આશીર્વાદ મળશે. પુષ્ટિમાર્ગની નામસેવાનું ફળ પણ મળશે જ.

નેતાજી સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું - તમે મને લોહી આપો, હું તમને આઝાદી આપીશ. મારે તમને કહેવાનું છે - તમે પુસ્તકપ્રકાશન માટે દ્રવ્યસહાય આપો. શ્રીહરસાનીજી ટ્રસ્ટ તમને આ જીવન અને પર જીવનના કલ્યાણ માટેનું ભાથું આપશે.

પુસ્તકની શરૂઆતના પાને પ્રકાશનું સરનામું છે. તે સરનામે તમારા પત્રો અને સહાય આવકારવાની આશા રાખુંને?

દાસાનુદાસ

રમેશનાં સદૈન્ય જયશ્રીકૃષ્ણ

* * *

અમૃતનું આચમન

સ્વર્ગનું અમૃત શરીરને અમરતા બક્ષે છે. ભગવદ્વાણીનું અમૃત આત્માને ભગવાનનો ભેટો કરાવી, જન્મ મરણના ચક્રવ્યૂહમાંથી મુક્તિ અપાવે છે. વેદ, ગીતા, ભાગવત ભગવદ્વાણીનું અમૃત છે. જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજી ભગવાનના મુખારવિંદનું સ્વરૂપ છે.

તેમની વાણી ભગવદ્વાણી છે.

ભાગવતના અમૃતનું પાન કરવાથી પરીક્ષિતનો મોક્ષ થયો.

શ્રીમહાપ્રભુજીની વાણીના અમૃતનું આચમન કરવાથી વૈષ્ણવોને આલોકમાં અને પરલોકમાં સાક્ષાત શ્રીઠાકોરજીની પ્રાપ્તિ થાય છે. સાચો આનંદ મળે છે. શ્રીમહાપ્રભુજીની વાણી તેમના 'ષોડશગ્રંથો', 'નિબંધ', 'અણુભાષ્ય', 'સુબોધિની' આદિ સ્વરૂપે પ્રકટ છે. તેમાંથી 'ષોડશગ્રંથો'માંના શ્રીવલ્લભ વિચારનો પરિચય આ પુસ્તકમાં છે.

શુકદેવજીએ ભાગવતના બે જ શ્લોક સાંભળ્યા. સીધા પિતા પાસે પૂરું ભાગવત જાણવા દોડી આવ્યા.

ષોડશગ્રંથોનો આ પરિચય જિજ્ઞાસુઓને શ્રીવલ્લભનું તત્ત્વજ્ઞાન અને ધર્મદર્શન સમજવા, મૂળ ગ્રંથોના અભ્યાસ તરફ પ્રેરે, તે જ આ પ્રકાશનનો હેતુ છે.

- રમેશભાઈ વિ. પરીખ